Akram Vignan History Series Book-2




# શ્રી દાદા ભગવાનના અંતેવાસી

## મહાત્મા શ્રી રસિકભાઈ કે. પટેલ ની અધ્યાત્મ ડાયરી

સંપાદન : લાલાભાઈ ડી. પટેલ અને સુરેશભાઈ એન. પટેલ





# શ્રી દાદા ભગવાનના અંતેવાસી

## મહાત્મા શ્રી રસિકભાઈ કે. પટેલ ની અધ્યાત્મ ડાયરી

સંપાદન : લાલાભાઈ ડી. પટેલ અને સુરેશભાઈ એન. પટેલ

***Editing Associates***

Ela Patel and Bhagirath Patel

***Word Processing***

Sohini Shah, Alpa Bharuchwala

***Graphics & Design***

Pradeep K. Patel, Ramesh Thakor, Sandip Patel & í™ignesh Patel

***Editorial Team***

Lalabhai D. Patel & Sureshbhai N. Patel

© VVCRF 2020

*All rights reserved. No part of this publication may be reproduced, stored in a retrieval system, or transmitted, in any form or by any means, electronic, mechanical, photocopying, recording or otherwise, without the prior permission of the Publisher.*

*Copies : 1000*

*Date : 14th Oct., 2020*

***Published by:***

Vasantbhai U. Patel
Founder Trustee,

HOLISTIC SCIENCE RESEARCH CENTER

Vitrag Vignan Charitable Research Foundation

Near Mahavideh Teerth Dham,
Kamrej Char Rasta, N.H. 8, Surat 394185 India
TEL: +91-2621-250750; Email: hsrcsurat@gmail.com
www.holisticscience.org

***Printed by:***

Hari Om Offset- Himatnagar.

## મહાત્મા શ્રી રસિકભાઈ કે. પટેલ : અક્રમમાર્ગના ઈતિહાસના મૂક સાક્ષી

શ્રી દાદા ભગવાનને ઈ.સ. ૧૯૫૮ માં જ્ઞાન પ્રગટ થયું એ વાતને ૬૨ વર્ષ વીતી ગયાં. કાળનો પ્રવાહ દરેક વસ્તુને જીર્ણ કરે છે અને ઈતિહાસ પણ એમાં બાકાત નથી. સમય જતાં પ્રત્યક્ષદર્શી તટસ્થ સાચી માહિતીના અભાવે ઈતિહાસનાં લખાણોની તટસ્થતા જોખમાય છે એ બાબત અધ્યાત્મના ક્ષેત્રમાં, મહાપુરુષોના અને એમનાં કાર્યોને લગતા ઈતિહાસમાં પણ બનતી જ હોય છે. મહત્વાકાંક્ષીજનો ઈતિહાસને તોડી મરોડી, મરજી મુજબની કલ્પનાના રંગો ભરી, selective presentation કરી ઈતિહાસ તરીકે રજૂ કરતા હોય છે. આ સંજોગોમાં જિજ્ઞાસુઓ સુધી આધારભૂત માહિતી પહોંચે તે જોવાની જવાબદારી સંશોધકોએ અને સંશોધન સંસ્થાઓએ બજાવવાની હોય છે.

વીતરાગ વિજ્ઞાન ચૅરિટેબલ રિસર્ચ ફાઉંડેશન સંચાલિત હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સૅન્ટર દ્વારા HSRC History Series પ્રકાશન માળા અંતર્ગત આ બીજું પુસ્તક 'શ્રી દાદા ભગવાનના અંતેવાસી મહાત્મા શ્રી રસિકભાઈ કે. પટેલની અધ્યાત્મ ડાયરી' રજૂ કરતાં આનંદ અનુભવું છું. આ અગાઉ શ્રી દાદા ભગવાનના કૃપાપાત્ર અંતરંગ મહાત્માશ્રી 'કવિરાજ નવનીતભાઈ સંઘવીની જીવન ઝરમર અને શ્રદ્ધાંજલિ' પુસ્તક નવેમ્બર-૨૦૧૯ માં આ સંસ્થા મારફતે પ્રકાશિત થયેલ.

શ્રી અંબાલાલ મૂળજીભાઈ પટેલ (દાદા ભગવાન) ના ઈ.સ. ૧૯૩૦ થી ધંધાકીય ભાગીદાર અને એમના જ ગામ ભાદરણના વતની એવા શ્રી કાંતિભાઈ આપાભાઈ પટેલ હતા કે જેઓ મહાત્મા શ્રી રસિકભાઈ કે. પટેલના પિતાશ્રી થાય. આ રીતે શ્રી રસિકભાઈને પોતાના બાળપણથી જ દાદા ભગવાનનો વ્યવહાર પરિચય રહ્યો. શ્રી રસિકભાઈએ B.Sc., B.Pharm સુધી અભ્યાસ કરેલો. તેઓ શ્રી દાદા ભગવાનના અંગત કુટુંબીજન તરીકે જ હતા અને દાદાશ્રી અને એમનાં પત્ની હીરાબા પોતાના જીવનકાળનાં આખરી પાંચેક વર્ષ શ્રી રસિકભાઈના ઘેર જ રહ્યાં હતાં અને એમનો બંનેનો દેહવિલય પણ એ જ ઘરમાં થયેલ જે ઘર અત્યારે 'દાદાલય' તરીકે ઓળખાય છે. દાદા ભગવાનની તબિયત ઑગસ્ટ ૧૯૮૭ માં લથડી ત્યારે લૉસ ઍન્જલસમાં એમણે કહેલું કે અહીંથી અમને એક દિવસ શ્રી મનુભાઈ મહેતાને ઘરે મુંબઈ રહીને સીધા જ ભાઈજી દરોગાની પોળ આપણા ઘરે લઈ જવાના એ ધ્યાન રાખશો. લોહીનો સંબંધ ન હોવા છતાં શ્રી રસિકભાઈ તથા તેમનાં ધર્મપત્ની રંજનબેને એક પુત્ર-પૂત્રવધૂ તરીકે પૂ. દાદા ભગવાન અને પૂ. હીરાબાની અલૌકિક સેવા અને ફરજ બજાવી છે, જે માટે આખું જગત એમનું ઋણી રહેશે.

દાદાશ્રીનો અંતિમ સંસ્કાર તથા સમાધિ પ્રકલ્પનું બાંધકામ પણ દાદાશ્રી અને શ્રી રસિકભાઈ તથા એમના પરિવારની કેલનપુર (વડોદરા) ખાતેની જમીનમાં જ થયાં. દાદા ભગવાન સત્‌સ્થાનક-સમાધિક્ષેત્ર-કેલનપુરમાં ભોજનાલયનું જે મકાન છે, તે પણ રસિકભાઈએ અર્પણ કરેલ છે.

શ્રી રસિકભાઈના મોટાભાઈ શ્રી કનુદાદાજીએ પણ દાદાશ્રીને આખું ય જીવન દાદા ભગવાનની સેવામાં રહી, એમના વ્યવહારો સંભાળી જગત કલ્યાણ માટે એમને મુક્ત કર્યા અને પોતાના જીવનનાં આખરી ૩૨ વર્ષો દાદાશ્રીની આજ્ઞા મુજબ એમના ઉત્તરાધિકારી જ્ઞાનીપુરુષ તરીકે ફરજ બજાવી, સમગ્ર ભારત તેમ જ વિશ્વભરમાં વિહાર કરી, હજારો લોકોને આત્મજ્ઞાન આપ્યું અને લૉસ ઍન્જલસ ખાતે જૂન-૨૦૨૦ માં આખરી શ્વાસ છોડ્યો. એમની રાહબરી હેઠળ જય સચ્ચિદાનંદ સંઘના વિવિધ પ્રકલ્પોનો અભૂતપૂર્વ વિકાસ થયો.

શ્રી રસિકભાઈના નાનાભાઈઓ પૈકી એક શ્રી મહેન્દ્રભાઈ પણ એવા મહાત્મા હતા કે જેમણે પૂ. દાદા ભગવાનના પુત્ર સમાન અને સંનિષ્ઠ બિઝનેસ પાર્ટનર તરીકે જીવન જીવી જાણ્યું છે એમનો દેહાંત પણ રસિકભાઈના અવસાન પછી નવેમ્બર-૨૦૧૯ માં અમેરિકા ખાતે થયો. શ્રી દાદા ભગવાનને ૧૯૫૮ માં જ્ઞાન પ્રગટ થયું તેની આગલી રાત્રે દાદાશ્રી એમની કંપનીની રાણીઆંબા ખાતેની સૉ મીલના સ્થળે રોકાયેલ હતા જે સ્થળ પણ હવે જ્ઞાનની પૂર્વ સંધ્યાના પવિત્ર સ્મારક તરીકે ખ્યાતિ પામી રહ્યું છે.

દાદા ભગવાનનો જાન્યુઆરી-૧૯૮૮ માં દેહવિલય થયો ત્યારબાદ ૧૯૯૦ માં શ્રી રસિકભાઈ પરિવાર સાથે અમેરિકા સ્થળાંતર થયા અને એમનો દેહવિલય ડેટ્રોઈટ ખાતે ૧૪ નવેમ્બર, ૨૦૧૯ના રોજ થયો. ડેટ્રોઈટમાં સ્થાયી થવા અગાઉ ન્યુયોર્ક-ન્યૂજર્સી ખાતે તેમના રોકાણ દરમ્યાન એમણે ઘણાં મહાત્માઓને જ્ઞાનની સાચી સમજ આપી છે. વધુમાં અમેરિકા ખાતે ઉજવાતી ગુરુપૂર્ણિમાના પ્રસંગો વખતે પણ મહાત્માઓને સત્સંગનો સારો એવો લાભ આપ્યો છે. વળી રસિકભાઈ પ્રસંગોપાત્ ભારતમાં પણ અવારનવાર આવતા અને મહાત્માઓ સાથે સત્સંગ કરતા. એમના મુખે દાદાશ્રીના પ્રાગટ્યને લગતું કવિરાજનું પદ 'સોનું મઢ્યા હીરા જડિત, દરવાજા તોતિંગ ....' પદ સાંભળવું એક લહાવો હતો.

મહાત્મા શ્રી રસિકભાઈના દાદાશ્રી સાથેના અધ્યાત્મ પરિચયની વાત કરીએ તો શ્રી દાદા ભગવાનને ૧૯૫૮ માં જ્ઞાન પ્રગટ થયું અને શ્રી ચંદ્રકાંતભાઈ આર. પટેલની વિનંતીથી એમને ૧૯૬૨ માં દાદાશ્રીએ સૌ પ્રથમવાર અક્રમજ્ઞાન આપ્યું. અને એ જ વર્ષમાં શ્રી ભાનુભાઈ પટેલ, પંડિત રતનચંદ્ર જોશી તેમજ શ્રી રસિકભાઈ કે. પટેલને પણ જ્ઞાન આપ્યું. આમ અક્રમજ્ઞાન પ્રાપ્ત કરનાર સૌ પ્રથમ પાંચ મહાત્માઓમાં શ્રી રસિકભાઈ કે. પટેલનો સમાવેશ થાય છે જેથી એમની નોંધપોથી અને લખાણોની પ્રમાણભૂતતા અને મહત્ત્વ ઘણું વધી જાય છે.

આમાંથી કેટલીક ડાયરી ટાઈપ કરવાનું કાર્ય મહાત્માશ્રી રસિકભાઈની રૂબરૂમાં જ એમની સંમતિથી ભગીરથ પટેલ (હિંમતનગર) દ્વારા કરવામાં આવેલ. એમના અવસાન બાદ કવિરાજ શ્રી નવનીતભાઈ સંઘવીએ શ્રી સુરેશભાઈ એન. પટેલને પ્રેરણા કરેલ કે રસિકભાઈની ડાયરી છપાવજો. મહાત્મા શ્રી સુરેશભાઈ (જેઓ શ્રી રસિકભાઈના સાઢુભાઈ થાય)એ રસિકભાઈનાં પરિવારજનો પાસેથી બાકીની બધી નોંધો મેળવી, કેટલાક ફોટા મેળવી સંકલન કાર્ય મહાત્માશ્રી લાલાભાઈ ડી. પટેલ (હિંમતનગર) ને સોંપ્યું જેના ફળ સ્વરૂપ આ સુંદર પુસ્તક જિજ્ઞાસુઓ સમક્ષ રજૂ કરતાં આનંદ અનુભવું છું.

શ્રી દાદા ભગવાન અને એમના અનુગામી જ્ઞાનીપુરુષ શ્રી કનુદાદાજી પ્રેરિત જગત કલ્યાણ યજ્ઞમાં આ પ્રકાશન કાર્ય પણ નિમિત્ત રૂપે કાર્ય કરી વર્તમાન તેમજ આવનારી પેઢીઓની અધ્યાત્મ યાત્રામાં યથાયોગ્યપણે સહાયભૂત થાય એ જ અભ્યર્થના.

વસંતભાઈ યુ. પટેલ,
પ્રમુખ,
હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સૅન્ટર,
વીતરાગ વિજ્ઞાન ચૅરિટેબલ રિસર્ચ ફાઉંડેશન,
મહાવિદેહ તીર્થધામ પાસે, કામરેજ, જી. સુરત.
તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૦.



# સંપાદકની નોંધ

શ્રી દાદા ભગવાનનાં દર્શન કરવા ૧૯૮૫-૧૯૮૬-૧૯૮૭માં અમે સપરિવાર જતાં ત્યારથી મહાત્મા શ્રી રસિકભાઈનો પરિચય થયો. નોકરીમાં મે-૧૯૮૬ બાદ મારી બદલી જ્યારે આણંદ નજીક સારસા ગામે થઈ અને ત્યાંથી માર્ચ-૧૯૮૭માં વડોદરા બદલી થઈ તે છેક દાદાશ્રીના જાન્યુઆરી, ૧૯૮૮ ના રોજ દેહવિલય સુધી તો દાદા ભગવાન જ્યારે વડોદરા હોય ત્યારે દર્શનાર્થે દરરોજ રસિકભાઈને ઘેર અમારે જવાનું થતું. દાદાશ્રીના જીવનના આખરી ત્રણ માસ તો મારાં ધર્મપત્ની લક્ષ્મીબેન દાદાશ્રીની સેવામાં ડૉ. નીરુબેન અને રસિકભાઈનાં ધર્મપત્ની રંજનબેનની મદદ માટે દિવસના મોટા ભાગનો સમય એમના ઘેર રોકાતાં જેથી એમના પરિવારનો વધુ પરિચય અમોને થયો જે ઉત્તરોત્તર ગાઢ પ્રેમમાં પરિણમ્યો અને આજીવન ટકી રહ્યો. અત્યંત સાલસ સ્વભાવ, ઉદાર અને કોમળ હૃદયવાળા એવા શ્રી રસિકભાઈએ અમોને પૂ. દાદા ભગવાનનાં ચરણની કંકુમય છાપ ભેટ તરીકે આપેલ જે અમારા માટે અતિ મૂલ્યવાન સંભારણું બની ગયું છે.

જ્ઞાનીપુરુષના ઘરના પોતે એક સભ્ય હોવા છતાં એમનો દાદાશ્રી પ્રત્યેનો નિરંતર પરમ વિનય અને સેવાભાવ એમની ઉંચી અધ્યાત્મ દશાનું સૂચક હતાં. દાદાશ્રીના દર્શનાર્થીઓ અને મુલાકાતી મુમુક્ષુઓ પ્રત્યેનો એમનો તેમ જ એમનાં ધર્મપત્ની રંજનબેનનો વ્યવહાર અત્યંત નમ્ર અને પ્રેમપૂર્ણ રહેતો અને સૌને દર્શન-સત્સંગની અનુકૂળતા કરી આપતાં. દરેકને હસતા ચહેરે આવકાર આપે અને મહેમાનોની સરભરા પણ કરે. એમના ચહેરા પર કદી અણગમો કે કંટાળો જોવા મળ્યો નથી અને એટલે જ સૌને હોંશે-હોંશે એમના ઘેર દાદાશ્રીનાં દર્શને જવાનું મન થતું. આવા શ્રી દાદા ભગવાનના કૃપાપાત્ર અને સંતાન સમાન અને મારા ઉપકારી મહાત્માશ્રી રસિકભાઈ કાંતિભાઈ પટેલની અધ્યાત્મ ડાયરીનું સંપાદન મારા માટે જ્ઞાનવર્ધક અને સ્વાન્તઃ સુખાય કાર્ય બની રહ્યું.

તેમની ડાયરીઓમાંની સળંગ નોંધોનો અભ્યાસ કરી, એમાંથી દાદાશ્રીની જીવનઝાંખી, પ્રસંગો, સત્સંગ નોંધો અને અનુભવ નોંધ વર્ગીકરણ કર્યા બાદ, સત્સંગ નોંધોને તારીખવાર ગોઠવેલ છે જેથી વાંચકને અભ્યાસની અનુકૂળતા રહે. શક્ય હોય ત્યાં ફોટા પણ મૂકેલ છે જેથી વાંચકને સંબંધિત વ્યક્તિઓનો ખ્યાલ આવે.

ઉપરાંત શ્રી રસિકભાઈના જે પાંચ સત્સંગ-પત્રો ઉપલબ્ધ થયા તે આ પુસ્તકમાં સામેલ કર્યા છે જે એમની અધ્યાત્મ દશા અને કલ્યાણભાવનો પરિચય આપે છે.

પુસ્તકના અંતમાં રસિકભાઈના પત્રોથી પ્રેરાઈને શ્રી સુરેશભાઈ દાદા ભગવાનને મળ્યા અને જ્ઞાનપ્રાપ્તિ થઈ તે સમયે દાદાશ્રીએ સમજાવેલ પાંચ આજ્ઞાની સ્ક્રીપ્ટ જિજ્ઞાસુઓના સ્વાધ્યાય માટે સામેલ કરેલ છે.

અક્રમ માર્ગના ઐતિહાસિક પરમ ભક્ત એવા દાદા ભગવાનના કૃપાપાત્ર કવિરાજ નવનીતભાઈ સંઘવી કે જેમણે રસિકભાઈના તા.૧૪ ઑક્ટોબર, ૨૦૧૯ ના રોજ અવસાન બાદ સંદેશ મોકલી આ ડાયરી પુસ્તકરુપે પ્રકાશિત કરવા સૂચવેલ તેમનો આ સૂચન બદલ ખૂબ ખૂબ આભાર. જોગાનુજોગ કવિરાજશ્રીનો દેહવિલય પણ મહાત્માશ્રી રસિકભાઈની

વિદાય બાદ ૨૨ ઑક્ટોબર, ૨૦૧૯ના રોજ થઈ ગયો. આ પુસ્તકના પ્રારંભે કવિરાજશ્રીનો સંદેશ મૂકેલ છે. હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સૅન્ટર દ્વારા કવિરાજની જીવન-ઝરમર અને શ્રદ્ધાંજલિનું પુસ્તક પણ નવેમ્બર-૨૦૧૯ માં પ્રકાશિત થઈ ચૂક્યું છે.

મહાત્મા શ્રી રસિકભાઈના સમાધિમરણ અગાઉ એમના જ્યેષ્ઠ બંધુ એવા જ્ઞાનીપુરુષ શ્રી કનુદાદાજીએ એમની જોડે ફોન પર કરેલ વાતચીત-સંદેશ તથા એમના અંતિમ સંસ્કાર સમયે કરેલ ઉદ્‌બોધન પણ આ પુસ્તકમાં સામેલ કરેલ છે. જ્ઞાનીપુરુષ કનુદાદાશ્રીનો પણ ૯ જૂન, ૨૦૨૦ ના રોજ દેહવિલય થતાં અક્રમમાર્ગનો એક મહાતેજસ્વી જ્યોતિર્ધર પણ વિદાય થયો.

આશા છે કે ઈતિહાસમાં અજોડ એવા અક્રમ વિજ્ઞાની શ્રી દાદા ભગવાનના જીવનની આ પુસ્તકમાં મહાત્માશ્રી રસિકભાઈએ વર્ણવેલ બોધપ્રદ ઘટનાઓ અને જ્ઞાન-વિજ્ઞાનનું સંકલન જિજ્ઞાસુઓને પોતાની આધ્યાત્મિક વિકાસયાત્રામાં સહાયભૂત થશે. શ્રી રસિકભાઈના દિવંગત આત્માની પ્રથમ પુણ્યતિથિએ પ્રકાશિત થઈ રહેલ આ પુસ્તકાંજલિ સાદર સમર્પણ કરતાં હૃદયાનંદ અનુભવું છું.

પુસ્તકના સંકલનમાં સતત સહાયભૂત એવા સહસંપાદક શ્રી સુરેશભાઈ, તેમનાં ધર્મપત્ની સુશ્રી ઈલાબેન, શ્રી રસિકભાઈનાં ધર્મપત્ની સુશ્રી રંજનબેન, તથા ફોટોગ્રાફને લગતી સહાય માટે શ્રી રમેશભાઈ ઠાકોરનો ખૂબ-ખૂબ આભાર.

લાલાભાઈ ડી. પટેલ,
વાઈસ પ્રેસિડન્ટ (ઍકેડેમિક & રિસર્ચ)
હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સેન્ટર,
કામરેજ, જી. સુરત.
તા.૧૪ ઑક્ટોબર, ૨૦૨૦.




## કવિરાજશ્રીનો સંદેશ

સુરેશભાઈ, તમે રસિકભાઈ માટેના ઘણા પ્રસંગો લખી શકો તેમ છો. સિનિયર સિટીઝનમાં આ પેઢીના દાદા ભગવાન સાથેના એમના અનુભવો તો ગજબના હતા. તમારી સાથે પણ જે કાંઈ વાત થઈ હોય તે બધું લખી રાખો. આપ વસંતભાઈ સાથે મળીને એક વખત છપાવો. Please તમે આટલું કામ કરજો હોં, Please. સુરેશભાઈ, રસિકભાઈ એક નોંધપોથી જેવું પણ રાખતા હતા. દાદા લખાવતા એ ઘણું નોંધ પણ કરતા હતા. ઉપરાંત સુરતમાં જે અખંડ દીવડો છે એનું પણ નિમિત્ત કવિરાજ, ખેતશીભાઈ અને રસિકભાઈ બન્યા હતા. દાદાનો દેહાંત થયો ને એ દિવસથી અમે corpus fund કર્યું હતું. આપણે સુરત માટે એમાં ૨૦૦ રૂપિયાથી શરૂઆત કરી કે રોજનો અખંડ દીવો ત્યાં પ્રગટે. અને એ દીપક દાદાના દેહવિલય પછી તે દિવસથી અખંડ રાખ્યો હતો. અને ૪-૬ મહિના પછી મોટા સંઘ સાથે સુરત પધરાવવા ગયા હતા બધા.

બધા પ્રસંગો ખરેખર નોંધ કરવા જેવા છે. બધી ઐતિહાસિક નોંધ છે. એ તમને ક્યાંકથી મળશે તો પૂછી જોજો. રંજનબેનને પૂછી જોજો એ નોંધપોથી મળે તો હોં. આ બધું સંઘરી રાખવા જેવું છે. આપણો ઈતિહાસ એમાં પડેલો છે બધો.

(Kaviraj on phone message to Sureshbhai on Oct. 15th 2019. Rasikbhai passed away on Oct, 14, 2019.  Kaviraj passed away on Oct. 22, 2019)



દાદા ભગવાન, રસિકભાઈ, કવિરાજ નવનીતભાઈ

# અનુક્રમણિકા


૧. દાદાશ્રીની જીવનઝાંખીઃ મહાત્મા શ્રી રસિકભાઈની નોંધપોથી ........ ૦૧

૨. દાદાશ્રીના જીવન પ્રસંગોઃ મહાત્મા શ્રી રસિકભાઈની નોંધપોથી ........ ૧૭

૧. દાદાશ્રીની વીતરાગતા : અગાસ આશ્રમનો પ્રસંગ ........ ૧૮

૨. નૉર્માલિટી ........ ૧૯

૩. ખુશાલભાઈ ........ ૧૯

૪. દાદાશ્રીને ફ્રેક્ચર થયું ........ ૨૪

૫. અક્રમવિજ્ઞાનનું લવાજમ ........ ૨૮

૬. ભાવનાં ભજીયાં ........ ૨૯

૭. મનુભાઈ રિક્ષાવાળા ........ ૨૯

૮. છોટાઉદેપુર આરસની ખાણ અને કન્યાશાળા શાળાની મુલાકાત ........ ૩૦

૯. કાર ઍક્સિડેન્ટ : દાદાની સાહજીકતાનો અનુભવ ........ ૩૨

૧૦. ચંદુભાઈની ઉઘરાણી : દાદાની કરુણા ........ ૩૬

૧૧. અહિંસા : રૂમ હીટર ........ ૩૯

૧૨. શ્રીમદ્ રાજચંદ્રના ભક્તની મુલાકાત ........ ૪૦

૩. શ્રી દાદા ભગવાન સત્સંગઃ મહાત્મા શ્રી રસિકભાઈની નોંધપોથી ........ ૪૩

- વર્ષઃ૧૯૬૪ ........ ૪૪
- વર્ષઃ૧૯૬૫ ........ ૪૮
- વર્ષઃ૧૯૬૮ ........ ૫૧
- વર્ષઃ૧૯૬૯ ........ ૫૫
- વર્ષઃ૧૯૭૦ ........ ૫૮
- વર્ષઃ૧૯૭૧ ........ ૬૦

- વર્ષ:૧૯૭૩ ............................................................૬૨
- વર્ષ:૧૯૭૪ ............................................................૬૭
- વર્ષ:૧૯૭૫ ............................................................૮૫
- વર્ષ:૧૯૮૨ ............................................................૮૭
- વર્ષ:૧૯૮૩ ............................................................૯૬
- વર્ષ:૧૯૮૫............................................................૧૧૨
- વર્ષ:૧૯૮૬............................................................૧૧૪

૪. મહાત્મા શ્રી રસિકભાઈની અનુભવ નોંધ.............................................૧૧૬

૧. વાદ-વિવાદ-સમાધાન ..................................................૧૧૭

૨. પાંચ આજ્ઞા ............................................................૧૧૭

૩. દાદાના મહાત્માઓ .....................................................૧૧૮

૪. અક્રમ માર્ગ ............................................................૧૧૯

૫. પૂજ્ય કનુભાઈ સાહેબ..................................................૧૧૯

૬. દાદાને પ્રશ્ન કરનારાઓ ...............................................૧૨૦

૭. અહંકાર ...............................................................૧૨૦

૮. વિરાધનાઃ .............................................................૧૨૦

૯. મહાત્માઓની ઉદાર સખાવતો..............................................૧૨૧

૧૦. સ્વ. સકળ સંઘપતિ મહાત્મા શ્રી ખેતશીભાઈ.................................૧૨૧

૧૧. જય સચ્ચિદાનંદ સંઘ, અમેરિકાના સંઘપતિ વસંતભાઈ પટેલ ..........................૧૨૨

૫. ઓક્ટોબર ૧૧, ૨૦૧૯ પૂ. કનુદાદાજી ફોન પર.........................................૧૨૪

૬. મહાત્માશ્રી રસિકભાઈના અંતિમ સંસ્કાર સમયે પ.પૂ. કનુદાદાશ્રી એ આપેલ શ્રદ્ધાંજલિ ...............૧૨૫

૭. મહાત્માવર્ય શ્રી રસિકભાઈને એમનાં ધર્મપત્ની રંજનબેનની સ્મરણાંજલિ..........................૧૨૮

૮. મહાત્માશ્રી રસિકભાઈ પ્રત્યે પ્રતિક્રમણ ..................................................૧૩૦

૯. મહાત્મા શ્રી રસિકભાઈના પત્રો ..........................................................૧૩૧
- શ્રી જશુભાઈ શાહ, વડોદરા (તાઃ ૨૧.૪.૧૯૯૫) ..............................................૧૩૨
- શ્રી સુરેશભાઈ એન. પટેલ, ડેટ્રોઈટ (તા. ૨૩-૫-૮૪) ......................................૧૩૪
- શ્રી સુરેશભાઈ એન. પટેલ, ડેટ્રોઈટ (તા. ૧૮-૩-૧૯૮૭)....................................૧૩૮
- શ્રી સુરેશભાઈ એન. પટેલ, ડેટ્રોઈટ (તા. ૨-૬-૧૯૮૭).......................................૧૪૨
- શ્રી સુરેશભાઈ એન. પટેલ, ડેટ્રોઈટ (તા. ૩૦ ઓગસ્ટ,૧૯૯૦) ................................૧૪૫

૧૦. દાદા ભગવાને મહાત્મા સુરેશભાઈ તથા ઈલાબેન અને અન્ય મુમુક્ષુઓને જ્ઞાન આપ્યા બાદ સમજાવેલ પાંચ આજ્ઞાઓ (જુન-૧૯૮૪) ........................................૧૪૭

૧

# દાદાશ્રીની જીવનઝાંખીઃ
# મહાત્મા શ્રી રસિકભાઈની નોંધપોથી



# દાદાશ્રીની જીવનઝાંખીઃ મહાત્મા શ્રી રસિકભાઈની નોંધપોથી



આશરે ૧૯૩૩-૩૪ ના વર્ષમાં મારા પિતાજી દાદા સાથે ભાગીદાર થયા. ત્યાર પહેલાં દાદા તેમના એક મિત્ર જેઓ પણ કૉન્ટ્રાકટર હતા તેમના ભાગીદાર હતા. આ ભાગીદારભાઈની ઑફિસ જ્યુબિલી બાગ નજીક હતી. જ્યાં દાદા તેમના મિત્રો સાથે રોજ બપોર પછી આશરે ૪-૫ વાગ્યે બેસતા ને વિચારોની આપ-લે કરતા. મારા પિતાજી પણ ત્યાં બેસતા. મારા પિતાજી તથા પૂ. દાદાને સારો પરિચય અને મનમેળ હતો. મારા પિતાજી પણ કૉન્ટ્રાક્ટનાં નાનાં-નાનાં કામ લેતા. પાછા બંને એક જ ગામના-ભાદરણ ગામના.

દાદાજીને અને એમના ભાગીદારને આગલા વર્ષના ધંધાના નફા પેટે ભાગીદાર સાથે કાંઈક વાતચીત થઈ હશે. દાદાને અમુક રકમ મળવી જોઈએ તે ભાગીદારે કબૂલ ન કરી અને આપવાની ના પાડી. બીજે દિવસે દાદાએ તેઓની ઑફિસમાં બધા મિત્રો બેઠા હતા અને જ્યારે બધા ઘરે જવા ઉઠ્યા અને મિત્રોએ એક પછી એક વિદાય લીધી ત્યારે દાદાએ ભાગીદારને કહ્યું કે ''આજથી આપણી ભાગીદારી બંધ.''

મારા પિતાજી નજીક જ ઊભા હતા તેમણે આ વાતચીત સાંભળી. ત્યારબાદ મારા પિતાજી તથા દાદા ઑફિસેથી નીકળ્યા અને રસ્તો ક્રૉસ કરી જ્યુબિલિ બાગ બાજુ ગયા એટલે મારા પિતાજીએ દાદાને જણાવ્યું કે ''અંબાલાલ, આજથી આપણે ભાગીદાર.'' દાદાએ તરત જ હા પાડી. દાદાની ઉંમર તે વખતે આશરે ૨૫ થી ૨૭ વર્ષની હશે. અને મારા પિતાજી દાદા કરતાં બે વર્ષ ઉંમરમાં મોટા. તેમની આશરે ૨૭-૨૯ વર્ષની હશે. ત્યારથી દાદાનો દેહવિલય ૧૯૮૮ની જાન્યુઆરીએ થયો ત્યાં સુધી ભાગીદાર રહ્યા. કોઈપણ જાતનું લખાણ નહીં. અને મારી-તારી નહીં. બંનેના દેહ જુદા પણ આત્મા એક જ. વિચારો એક સરખા. કોઈ જાતનો ખટરાગ નહીં. પિતાજીનો દાદા માટે અભિપ્રાય ખૂબ જ ઉચ્ચ હતો. એક વખતે મને Site પરથી પોસ્ટકાર્ડ લખ્યું હતો, તેમાં લખેલું કે **''આ કાળમાં અંબાલાલકાકાનો સંગ એ જ મોટી શ્રીમંતાઈ છે એમ જાણજો.''**




શ્રી કાંતિભાઈ આપાભાઈ પટેલ

મારા પિતાજીએ મુંબઈમાં ધંધો શરૂ કરેલો જેથી દાદર-માટુંગા વચ્ચે એક મકાનમાં બે રૂમ ભાડે રાખીને રહે. અમારું કુટુંબ વડોદરા રહેતું. મુંબઈ એક રસોઈયો

રાખ્યો હતો, તે રસોઈ બનાવે. મારા પિતાજીના માતૃશ્રીનો નાની ઉંમરમાં દેહવિલય થયો હતો. પરંતુ દાદાનાં માતૃશ્રી ઝવેરબાએ મારા પિતાજીને માતાજીની ઉણપ જરા પણ સાલવા નહોતી દીધી. ઝવેરબા કહેતાં કે અંબાલાલ અને મણિભાઈ એવો જ અમારો ત્રીજો દીકરો કાંતિલાલ.


મારા પિતાજી એક વખત કામ પ્રસંગે મુંબઈ ગયા હતા પરંતુ બીજી ટ્રેનમાં પાછા વડોદરા આવ્યા. દાદાને ખબર પડી એટલે દાદા પિતાજીને મળવા ઘરે આવ્યા. દાદાએ તરત જ પાછા આવવાનું કારણ પૂછ્યું તો મારા પિતાજીએ જણાવ્યું કે "હું જેમની ભક્તિ કરું છું તે સ્નાન કરીને, ભક્તિ કરીને પછી નાસ્તો કરું છું.પણ મુંબઈ ગયો ત્યારે પુસ્તકો વડોદરા ભૂલી ગયો હતો. જેથી ખાધા-પીધા વગર વડોદરા પાછો આવ્યો. હવે આજે ભક્તિનાં પુસ્તકો લઈ મુંબઈ જઈશ."




દાદાને આ વાત સાંભળી આશ્ચર્ય થયું અને સાથે પિતાજી અને તેઓશ્રીની ભક્તિ અને ધર્મની નિષ્ઠા માટે માન ઉપજ્યું. 'અહોહો ! ભક્તિનાં પુસ્તકો ના લઈ ગયા એટલે કાંઈ જ ખાધા વગર પાછા આવી, ભક્તિ કરી જમ્યા. ધન્ય છે કાંતિલાલ તમને !' આટલી બધી તેમની ધર્મ અને ભક્તિની નિષ્ઠા જોઈ દાદાએ જાણકારી મેળવવા પિતાજીને પૂછ્યું કે "કોની ભક્તિ કરો છો ?"

એટલે મારા પિતાજીએ દાદાને શ્રીમદ્ રાજચંદ્ર-કૃપાળુદેવનું પુસ્તક આપ્યું તથા તેમના શિષ્ય લઘુરાજ સ્વામી ઉર્ફે પ્રભુશ્રીનું પુસ્તક આપ્યું. પુસ્તકમાં પૂ. કૃપાળુદેવનાં તથા પૂ. પ્રભુશ્રીનાં ચિત્રપટ કાઢી બતાવ્યાં અને જણાવ્યું કે ગાદી ઉપર તકીયા આગળ આ ચિત્રપટો ખુલ્લાં રાખી, સાષ્ટાંગ નમસ્કાર પાંચ વખત કરી રોજનો જે નિત્યક્રમ ભક્તિ કરવાનો હતો તે બતાવ્યો. અને શ્રીમદ્જીનું વચનામૃત પુસ્તક દાદાને મારા પિતાજીએ અધ્યયન કરવા આપ્યું અને જણાવ્યું કે "અંબાલાલ, આ પુસ્તક વાંચવા જેવું છે. આખો આત્મા સમાયો છે. આત્મા શું છે ? કેવો છે ? મોક્ષ અને મોક્ષના ઉપાય તથા આત્મ અનુભવની વાણી છે. જરૂરથી વાંચજો." દાદાએ તો તરત જ વિનયથી પુસ્તક હાથમાં લીધું અને ઘરે જઈ જોયું તો દાદાને જે સમજવું હતું તે બધું જ તેમાંથી પ્રાપ્ત થયું.





દાદાને ખૂબ રસ પડ્યો. એટલે રોજ પુસ્તક વાંચે અને મનન કરે. આખો દિવસ બીજો કોઈ ઉપયોગ જ નહીં. અને પુસ્તકમાંથી શ્રીમદ્‌નાં લખાણોનો ઊંડો અભ્યાસ કરી ખૂબ મનન કર્યું. છેક ૧૯૫૮ સુધી દાદાએ આ પુસ્તકનો ખૂબ ઊંડો અભ્યાસ કર્યો અને અમે (હું અને પૂ.કનુદાદા) નાના હતા પણ અમારી પાસે અમુક પત્રો વંચાવતા અને દાદા સમજાવતા. પૂ. ચંદ્રકાંતભાઈ પણ મામાની પોળે દાદા પાસે આવે અને સત્સંગની વાતો કરે અને દાદા ખુલાસા કરે. પૂ.ચંદ્રકાંતભાઈને પણ શ્રીમદ્‌નાં લખાણોમાં પુષ્કળ રસ પડ્યો અને દાદા પાસે હવે નિયમિત આવી વિગતવાર શ્રીમદ્‌ના પત્રોના ખુલાસા કરી લેતા.

શ્રીમદ્‌જીનો આશ્રમ અગાસ પૂ. પ્રભુશ્રીએ બાંધેલો. એટલે દાદા અને મારા પિતાજી અમને લઈ અગાસ દર્શન કરવા જતા. પૂ. ચંદ્રકાંતભાઈ પાસે Car હતી એટલે કોઈકવાર એમની Car માં અગાસ જતા. આમ છેક ૧૯૫૮ સુધી ચાલ્યું. ૧૯૫૮માં સુરત સ્ટેશન પર પૂ. દાદાને પ્લેટફોર્મ પર ગાડીની રાહ જોતા હતા ત્યાં જ આત્મપ્રકાશ થયો. આત્માનો સાક્ષાત્કાર થયો. ‘જગત શું છે?’ ‘કેવી રીતે ચાલે છે?’ ‘આપણે ક્યાં હતા?’ ‘ક્યાં જઈશું?’ ‘કર્મ શું છે? તેનું ફળ કેવી રીતે આવી ભોગવટો કરાવે છે?’ વિગેરે-વિગેરે ખૂબ Detail અનુભવ થયા.

દાદાને ૧૯૫૮માં જ્ઞાન થયું ત્યાર પછી પણ અમને કાંઈ દાદાની દૈનિક ક્રિયામાં ઝાઝો ફરક દેખાયો નહીં. કોઈનેય ખબર ના પડે! બે એક વર્ષ સુધી પૂ. ચંદ્રકાંતભાઈ જેઓ તેમના પૂ. પિતાશ્રીના દેહવિલય પછી દાદા પાસે મામાની પોળે નિયમિત આવે અને શ્રીમદ્‌ના પુસ્તકના ખુલાસા ખૂબ ઝીણવટથી કરી લેતા એટલે એમને પણ એમના જીવનમાં એ પુસ્તકના જ્ઞાનની અને દાદાની ઊંડી સમજનો અનુભવ થયો અને પૂ. દાદામાં કાંઈ ફેરફાર દેખાયો. એટલે ૧૯૬૨માં એક દિવસ તેઓએ દાદાને આ બાબતમાં પૂછ્યું અને કહ્યું કે “મારી ઠોકીને દાદા આ ચંદ્રકાંતને સીધો કરો.” ત્યારે દાદાએ કહ્યું, “તને જ્ઞાન આપું છું જેથી તને બધા જ ખુલાસા થઈ જશે. જીવનમાં શાંતિ થઈ જશે.” દાદાએ ચંદ્રકાંતભાઈની દશા જોઈ અને લાગ્યું કે ચંદ્રકાંત મને જે જ્ઞાનનો અનુભવ થયો છે તે જ્ઞાન સારી રીતે સમજી શકશે અને અનુભવશે.



જેથી પહેલ વહેલું જ્ઞાન ૧૯૬૨માં દાદાએ પૂ. ચંદ્રકાંતભાઈને આપ્યું. ચંદ્રકાંતભાઈમાં ત્યારપછી ઘણો



ફેરફાર થયો. અને શ્રીમદ્‌નાં લખાણોમાંથી ઘણું દાદા પાસેથી સમજ્યા-ધારણ કર્યું. તેમની ધારણશક્તિ ઘણી સરસ હતી. તેમના થકી તેમનાં માતુશ્રી પૂ.સવિતાબાને પણ રસ પડ્યો અને તેઓ પણ દાદા પાસે મામાની પોળે અવારનવાર આવે. પછી તેમનાં બે કાકીઓ પૂ. કમળાબા તથા પૂ. શાંતાબા પણ આવવા લાગ્યાં. દાદા મારી પાસે અને પૂ. કનુદાદા પાસે શ્રીમદ્‌નું ખૂબ વાંચન કરાવે, અર્થ કરાવે. આમ ને આમ ચાર-પાંચ વર્ષ એટલે ૧૯૬૮ સુધી દસેક જણ જેઓ દાદાની ખૂબ નજીક હતા તેઓને જ્ઞાન મળ્યું. મને ૧૯૬૨માં જ્ઞાન મળ્યું. પછી પૂ. કનુદાદાને પણ ૧૯૬૩માં મારી હાજરીમાં જ્ઞાન મળ્યું.

પૂ. કનુદાદાએ જ્ઞાનને બીજે દિવસે પૂ. દાદાને જણાવ્યું કે દાદા સાચું કહું? દાદા કહે, "હા."



કનુદાદા : આપે જ્ઞાન આપ્યું તે પહેલાં હું માછલી પાણીની બહાર કાઢી મૂકી હોય અને તરફડે તેમ તરફડતો હતો. આજે તમે તરફડાટમાંથી મારો ઉદ્ધાર કર્યો. ખૂબ મોટો ઉપકાર કર્યો. જીંદગીભર આ અનુભવ નહીં વિસરાય.

વર્ષ ૧૯૬૫ : હું અને મારા પિતાજી, કનુદાદા, પૂ. ચંદ્રકાંતભાઈ અને અન્ય કુટુંબીજનો મુંબઈમાં બેઠા હતા ત્યારે શ્રીમદ્‌ના જ્ઞાન વિશે તથા તેમનાં લખાણો વિશે ચર્ચા ચાલતી હતી, ત્યારે પૂ. દાદાને મારા પિતાજીએ પૂછ્યું, "આવતી ચોવીસીમાં આમાંથી કોણ તીર્થંકર થશે?" ત્યારે પૂ. દાદાએ તરત જ પૂ. ચંદ્રકાંતભાઈ તથા પૂ. કનુદાદા તરફ અંગુલિ નિર્દેશ કરી કહ્યું કે, "આ બંને ભાવિ તીર્થંકર થશે." અને પૂ. દાદા ૧૯૬૮થી સીમંધર સ્વામીની નમસ્કારવિધિ બોલાવે ત્યારે 'દાદાના ભાવિ તીર્થંકર સાહેબોને નમસ્કાર કરું છું' પણ બોલાવે. અને ક્યારેક બંને ભાવિ તીર્થંકરોનાં નામ લઈ બોલાવે.

પૂ. ચંદ્રકાંતભાઈ તથા કનુદાદા બંને પૂ. દાદાનો અંતરઆશય દાદા વાત કરે તેટલામાં તો સમજી લેતા. ધારણ શક્તિ ગજબની હતી. બંનેનો વ્યવહારિક જીવનમાં ફેર હતો પણ આધ્યાત્મિક બાબતમાં આત્મદર્શન ઉચ્ચ પ્રકારનું હતું. દાદા કોઈ એક વિષય પર જ્ઞાન ચર્ચા કરે કે તરત જ હૃદયસ્થ થઈ જતું. કનુદાદા તો દાદા સાથે જ્ઞાન થતાં પહેલાંનાં ઘણાં વર્ષોથી રહેલાં અને ઉચ્ચ પ્રકારની દાદાની સેવા કરતા હતા. દાદાને કોઈ વસ્તુ જોઈતી હોય તે માંગવી ના પડે. કનુદાદા બધી જ દાદાની જરૂરિયાતો પહેલેથી જ પૂરી કરી દેતા. કોઈ વાતની ઊણપ નહોતા આવવા દેતા.

**કનુદાદા વિશે દાદાનાં વચનો :**



દાદા : "કનુભાઈ નિર્મોહી છે. મારો આત્મા કબૂલ કરે છે કે તે સાચો છે. મારા વિના એ જીવી શકે તેમ નથી. ઉત્તમ સેવા તો મારી કનુ જ કરે છે. બહુ ઊંચો આત્મા છે. બહુ ઊંચું દર્શન છે. બહુ ત્યાગી છે. તેને જરા મોહી થવાની જરૂર છે. ત્યાગવીર પુરુષ છે. મારાં અને એનાં લટીઆં ગૂંથાયાં છે. તેનું મારા તરફનું લક્ષ જ બદલાતું નથી." (લટીઆં ગૂંથાયાં એટલે વાળની લટોને ગૂંથીએ તે)

દાદાને તેમનામાં આ બધા ગુણોનાં દર્શન થયાં છે જેથી તો આવી સ્વાભાવિક વાણી નીકળી છે.



દાદા પોતાનાં કપડાં માટે અમુક પ્રકારનો જ આગ્રહ રાખતા. બંડીઓ એક જ જાતની અને એક જ કંપનીની: બાંયવાળી- V shape-સહેજ પીળા કલરની તથા શર્ટ સફેદ સારામાં સારી qualityના કાપડમાંથી. દરજી પણ એક જ અને તે ય મહાત્મા. કોટના કાપડનો કલર વર્ષો સુધી એક જ. ધોતિયું લાલ કિનારનું ઊંચી મિલનું. ટોપી કાળા રંગની, વડોદરામાં ટોપી બનાવનાર કારીગરો હતા તેમાંના એકની પાસેથી વર્ષો સુધી એક જ પ્રકારની સીવડાવવાની. બૂટ બ્રાઉન ટૅન કલરના અને સદા પોલિશવાળા. આ બધું વર્ષો સુધી, એક જ પ્રકારનો પહેરવેશ. મીનમેખ ફરક નહીં. શિયાળામાં લાંબી બાંયનું ગરમ સ્વૅટર.

જ્ઞાન ૧૯૫૮માં પ્રગટ થયું ત્યાર પહેલાં અને ત્યારપછી દાદાનું જીવન, રહેણી-કરણી બધુ એકસરખું જ અને કોઈનેય કાંઈ દેખાડો કરવા કે સામાને આંજી દેવા જેવું જીવન નહોતું. અને જાણે કે બધું ખપાવવા આવ્યા હોય તેવું જ જીવન હતું. કોઈ જાતનો ભરાવો કે રાગ કરીને ઘરમાં અમુક મનગમતી વસ્તુઓ વસાવવી એવું કાંઈ જ જોવા ના મળે. ઘર ચલાવવા જે ખપ પૂરતી વસ્તુઓ જોઈએ તે જ હોય. હાથમાં રકમ વધુ હોય તો 'ચાલો કે બજારમાં જઈને મનગમતી વસ્તુ ખરીદી લાવીએ' એવું કદી હતું નહીં. પૂ. હીરાબાને પણ એવી કશી જ માગણી નહીં. ખૂબ સંતોષી. દાદાને તેઓએ ક્યારેય કહ્યું નથી કે આ લાવી આપો. દાદા તેમને ઘર ખર્ચમાં જે કાંઈ ખરીદવું હોય તે રકમ આપી દેતા. પછી તેનો હિસાબ નહીં માગવાનો. દાદા ક્યારેય હીરાબાના ઘર ખર્ચમાં દખલ ના કરે.

દાદાની જરૂરિયાતની દરેક વસ્તુ પૂ. કનુદાદા લાવી રાખે. ધોતિયાં, ખમીસ, કોટ સીવડાવવા, કાપડ લાવવાનું, ટોપી, બૂટ, બંડી, બીડી પીવાની અને એમની જે દવા હોય તે બધુ જ કનુભાઈ લાવી રાખે. દાદાએ કનુભાઈને કહેવું ના પડે કે 'કનુભાઈ, આ વસ્તુ લાવજો.' એટલે દાદા પોતાની Personal વસ્તુની ખરીદી પર લક્ષ ના આપે. એવું સુંદર સાહજિક જીવન. એટલે સુધી કે ઘર પણ ભાડાનું.

**દાદાનું મકાન**

મારા પિતાજીએ અમે હાલ જ્યાં રહીએ છીએ વડોદરામાં, ત્યાં બે સરખાં ઘર ખરીદ્યાં હતાં. તેને તોડીને એક અમારે બાંધવું અને એક દાદાને બાંધવું તેવું નક્કી મારા પિતાજીએ કર્યું હતું. દાદાને ખબર પડી કે કાંતિલાલે તેમના માટે ઘર બાંધવાનું નક્કી કર્યું છે ત્યારે દાદાએ કહ્યું કે "મારે ઘર નથી જોઈતું." મારા પિતાજીએ ઘણો આગ્રહ કર્યો. ત્યારે દાદાએ એવું કહ્યું કે "મારે આ જગ્યાએ નથી બાંધવું. હું તો વાણિયાઓ ભેગો રહેવા જઈશ. જેથી તેમની પાસેથી કરકસરથી કેવી રીતે રહેવાય તે જાણવાનું મળશે."



રસિકભાઈનું ઘર (ભાઈજી દરોગાની પોળ, વડોદરા)

આ પ્રસંગ દાદાને જ્ઞાન થતાં પહેલાંનો છે.

એટલે મારા પિતાજીએ બંને મકાન તેમણે બાંધ્યાં. અને દાદા મામાની પોળે રહેવા ગયા. દાદા મામાની પોળમાં વાણિયાઓની પાડોશમાં છેક ૧૯૮૨ સુધી રહેલા. ૧૯૮૨-૮૩ માં સત્સંગ એપાર્ટમૅન્ટમાં કનુદાદાજીને ઘેર રહેલા. ત્યાર પછી હું જ્યાં રહેતો હતો મારા પિતાજીએ બાંધેલા મકાનમાં, ત્યાં (ભાઈજી દરોગાની પોળમાં) દાદા અને હીરાબા રહેવા આવ્યાં. હીરાબા શરીરે અપંગ થઈ ગયેલાં જેથી અમે તેઓને મારા ઘરે લઈ આવેલાં જેથી તેમની સેવા થાય. દાદા પણ રહેવા આવ્યા હતા અને બંનેનો દેહવિલય પણ અમારા ઘેર થયો.



મામાની પોળે દાદા રહેતા ત્યારે ઘણી વ્યક્તિઓ દાદા સાથે સત્સંગ કરવા આવે. પૈસાવાળા આવે, ભણેલા આવે, ના ભણેલા પણ આવે, સ્ત્રી, પુરુષો, બાળકો, સગાંવહાલાં, પ્રૉફેસરો વિગેરે આવે.

એક દિવસ દાદાના એક મિત્ર જેઓ ખૂબ પૈસાવાળા હતા તે પોતાની ગાડી લઈને દાદાને મળવા આવ્યા. આમ અવાર-નવાર તેઓ દાદાને મળવા આવતા અને ધંધા અર્થે સલાહ-સૂચન માટે પણ આવતા. એક દિવસ તેમણે દાદાને કહ્યું કે " અંબાલાલ, કમાયા છો તો હવે આ ઘર છોડી બંગલો બાંધી સારી રીતે રહો ને." પેલા ભાઈ દાદાના મિત્ર પણ દાદા પોતે આ ભવ કેવી રીતે જીવતા તે કળી નહોતા શક્યા. એટલે તેમણે આવું કહ્યું કે "બંગલો સરસ બાંધી ત્યાં સારી રીતે રહો."

એટલે દાદાએ એક જ વાક્ય કહ્યું કે "ભાઈ, તમારે રડવાનો સમય આવશે તો આ ઘર છે. તમે અહીં આવી શકશો. હું બંગલામાં રહેવા ગયો હોઈશ તો ત્યાં તમે નહીં આવી શકો."

કેવું સૂચક દાદાનું પેલા મિત્રને કહેવાનું ?

દાદાને એવો કોઈ સંકોચ ભાડાની નાની જગ્યામાં રહેવાનો હતો નહીં, કે 'કોઈ મોટરકારવાળા કે શેઠીયા અહીં આવશે તો કેવી રીતે બેસાડીશું ? અથવા તો તેઓ મારું આવું જીવન જોશે તો તેમની સામે હું કેવો ભોંઠો પડીશ ?'

દાદાને તો આવો ખ્યાલ પણ નહોતો. એમને તો કોઈપણ આ ઘરમાં આવે તો ભલે, પછી તે પૈસાવાળા હોય, ગાડીવાળા હોય કે ગરીબ હોય. અહીં તો સત્સંગ સિવાય બીજી કોઈ વાત જ નહીં. આત્મકલ્યાણની જ વાતો.

આવા દાદાને એક દિવસ કનુભાઈએ કહ્યું કે "દાદા, સાંભળ્યું છે કે આ મકાન માલિકને ઘર વેચવું છે. તો આપણે તમારા નામ પર આ ઘર ખરીદી લઈએ. હીરાબા ખુશ થઈ જાય." દાદાની જરાય ઈચ્છા નહીં. તેમણે તો પોતાના નામનો કોઈપણ Account હોય તે તરફનું ય લક્ષ જ નહીં. આ ભવમાં બધો જ Account શૂન્ય કરવો હતો !

પણ કનુભાઈને ના કહે તો કનુભાઈને ખોટું લાગે તેવું પણ દાદા જાણે. એટલે દાદાએ રસ્તો કાઢ્યો અને પૂછ્યું, "કેટલામાં વેચવા માગે છે ?" કનુભાઈએ કહ્યું કે "રૂ. 46000/- માં." એટલે દાદાએ કહ્યું કે, "કનુભાઈ રહેવા દો ને. આ મકાન 46000/- નું નથી. આપણે બીજું બાંધીશું." પણ દાદા ઘણાં વર્ષ આ મકાનમાં રહેલા જેથી તેઓને તો દાદા માટે મકાન ખરીદવું જ હતું. દાદાએ જોયું તો કનુભાઈને નારાજ કરવાનું યોગ્ય ના લાગ્યું. સાથે મકાન તેમના નામ પર તેમને નહોતું જોઈતું. જેથી કનુભાઈને જણાવ્યુ કે "વાણિયાભાઈ 42000/- માં આપે તો ખરીદી લો." જેથી દાદાએ ખરીદવાની સંમતિ આપી એટલે કનુભાઈ રાજી થઈને મકાનમાલિક પાસે ગયા.

મકાન માલિકને મળીને તેમણે જણાવ્યું કે "અમારે મકાન ખરીદવું છે."

મકાન માલિક : ભલે સોદો કરીએ.

કનુભાઈ કહે "અમારી ઓફર રૂા. 42000/- ની છે. હું રકમ લઈને કાલે તમને આપીશ. જેથી દસ્તાવેજ કરીએ."

મકાન માલિક : રૂપિયા 46000/- ના 45500/- પણ નહીં. 46000/-માં જ વેચવું છે.

કનુભાઈએ બહુ આગ્રહ કર્યો કે 42000/-માં આપો. મકાન માલિકે સીધી ના જ પાડી. જેથી કનુભાઈ ઉદાસ ચહેરે

દાદા પાસે આવ્યા અને હકીકત જણાવી કે વાણિયાભાઈ તો માનતા નથી. એટલે દાદાએ કહ્યું કે ''આ મકાન રૂા. 46000/-નું નથી. આપણે બીજું બાંધી લઈશું.''

આમ કરી પોતાને નામે કશું જ રાખવું નહીં તે દાદાનો નિયમ અકબંધ રહ્યો.

દાદા કાયમ કહેતા કે ''અમે અમારું કમાઈએ છીએ. ટેક્ષ ભરીએ છીએ અને ખાઈએ છીએ, પીએ છીએ. એટલે અમારે કોઈની કશી વસ્તુનો ખપ નથી.'' તેમ છતાં મહાત્માઓને પૂ. દાદા માટે કાંઈને કાંઈ વસ્તુ લાવવાનો ભાવ થાય. કોઈ ધોતિયું લાવે, કોઈ સ્વેટર લાવે, કોઈ સોનાની ચૅન લાવે, જાત-જાતનું લાવે. દાદા ખૂબ પ્રેમથી હાથ અડાડી પ્રેમથી સ્વીકારે અને એક વખત થોડીવાર પહેરી પાછું, લાવનારને આપી દે. લાવનાર પ્રસાદી રૂપે રાખી મૂકે.

એક ભાઈએ કહ્યું કે ''દાદા, હું car લાવી આપું. આપ સત્સંગ માટે વાપરજો.'' દાદાએ તેમને ખુલાસો કર્યો કે ''હું જ ભાડાના મકાનમાં રહું છું. તો હું આપ જે car આપો તે કયા ગમાણમાં બાંધું ? ગમાણની ( ઢોર બાંધવાની) જગ્યા જ નથી.''

હા, દાદા, જય સચ્ચિદાનંદ સંઘની સ્થાપના પછી 1983 થી સુરત હાઈવે-કામરેજ ચાર રસ્તા નજીક, તીર્થંકર ભગવાન શ્રી સીમંધર સ્વામીનું દેરાસર વચમાં તથા આજુબાજુ વાસુદેવ ભગવાન, શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રી તિરુપતિ બાલાજી ભગવાન તથા શ્રીનાથજી ભગવાનનું મંદિર અને બીજી બાજુ શ્રી કલ્યાણ સ્વરૂપ શિવજી ભગવાનનું મંદિર-ત્રણે મંદિર દાદાના ત્રિમંત્રો આધારિત બાંધવાનું શરૂ કર્યું એટલે જય સચ્ચિદાનંદ સંઘ માટે કોઈ રકમ આપે તો લે પણ કોઈના ય નામની તકતી નહીં મૂકવાની.

**બીડીની વિદાય**



દાદા શરૂઆતમાં બીડીઓ '30 નંબર'ની બીડી પીતા. પણ પછીથી પાઈપ પીવાનું શરૂ કર્યું. તે Macropolo ની તમાકુ વાપરે. કનુદાદા ડબીઓ લાવી રાખે. મહાત્માઓએ દાદાને કફ થાય તે ઓછો કરવા પાછળથી નાનો હુક્કો વાપરવા જણાવ્યું. હુક્કામાં Macropolo ની તમાકુ ભરે અને પાણીમાંથી આવેલો ફિલ્ટર્ડ દમ લે. છેલ્લાં વર્ષોમાં આવું ચાલ્યું.


પણ પછી તબિયત પ્રકૃતિ વધુ કફવાળી થઈ જેથી ડૉકટર કીકાણીની ટ્રીટમૅન્ટ લેવાનું શરૂ કર્યું. દસેક દિવસ ટ્રીટમૅન્ટ ચાલી. દાદાને સારું થયું. એટલે ડૉકટરે હોસ્પિટલમાંથી રજા આપવા દાદાને જણાવ્યું. દાદાએ ડૉકટરનો ખૂબ આભાર માન્યો. અને ડૉકટરને પૂછ્યું, ''ડૉકટર, શું ફી આપું તમારી ?'' ડૉકટરે કહ્યું કે, ''આપશો ? Promise આપો.'' ડૉકટરે Promise માટે હાથ દાદા આગળ કર્યો. એટલે દાદાએ કહ્યું કે ''ચોક્કસ આપીશું'', કહી ડૉકટરના હાથ સાથે હાથ મેળવ્યા.

એટલે ડૉકટર કીકાણીએ કહ્યું કે, ''દાદા, આ હુક્કો પીવાનો છોડી દો.'' દાદાએ તરત જ Promise આપ્યું કે, ''આજથી અમે હુક્કો નહીં પીએ.'' દાદાએ ડૉકટરને ધન્યવાદ આપ્યા અને મહાત્માઓને જણાવ્યુ કે ''ધન્ય છે આ ડૉક્ટરને કે તેમણે Promise માંગ્યું- ફીની અવેજીમાં અને અમે પણ Promise આપ્યું. તે હવે Promise કેમ તોડાય ? ડોક્ટરે કેટલો બધો ઉપકાર કર્યો કે આ Promise થી હવે દાદાનું સ્વાસ્થ્ય સારું રહેશે જેથી કેટલી બધી વ્યક્તિઓને દાદાના જ્ઞાનનો લાભ મળશે !''

**નટુકાકા**

વર્ષ: 1968

પૂ. નટુકાકા તેઓશ્રીના ભાદરણના નાનપણના મિત્ર પૂ. ચીમનભાઈ જેઓશ્રી દાદા પાસે નિયમિત સત્સંગમાં આવતા અને પૂ. દાદા પાસે જ્ઞાન દીક્ષિત થયા હતા તેમના આગ્રહથી તેઓની સાથે દાદાને મળવા મામાની પોળમાં આવ્યા હતા. પૂ. નટુકાકાનો સ્વભાવ કોઈનું આંધળું અનુકરણ નહી કરવાનો. દાદા આ જાણે. એટલે દાદાએ તેઓશ્રીને જે પ્રશ્નાવલી કરી સત્સંગ કર્યો, તેનું મનન બે-ત્રણ દિવસ ઘરે જઈ કર્યું. પાછા ત્રણેક દિવસ પછી મામાની પોળમાં આવ્યા અને વધુ સત્સંગ કર્યો. તેઓને દાદાની આત્માની વાતમાં રસ પડ્યો અને બીજા સંતો કરતાં જુદું છે તેવો અનુભવ કર્યો. એટલે તેઓ રોજ નિયમિત દાદા પાસે વહેલી સવારે આવવા લાગ્યા. પૂ. ચંદ્રકાન્તભાઈ પણ અવાર-નવાર આવે. નટુકાકા દાદા પાસે અનેક પ્રશ્નો પૂછી વ્યવહાર સંબંધી તથા આત્મા સંબંધી પૂછે અને ખુલાસા કરે.



પૂ. ચંદ્રકાંતભાઈ પૂ. દાદાને 'દાદા' કહીને સંબોધન કરે કારણ કે પૂ. ચંદ્રકાન્તભાઈના પિતાશ્રી રણછોડભાઈ પૂ. દાદાના ભત્રીજા થાય. ત્રીજી પેઢીએ ભાઈઓ થાય. જેથી ચંદ્રકાંતભાઈ દાદાને હંમેશાં 'દાદા' કહીને સંબોધન કરે. નટુભાઈએ દાદાને ફૂલ ફૉર્મમાં એકદમ કડક પાટીદારિયા ભાષામાં સત્સંગ કરતાં જોયા. 'જગત રચનાર ઉપર કોઈ બાપોય નથી.' આ શબ્દ સાંભળી નટુકાકાની પાટીદારિયા વૃત્તિ ખૂબ-ખૂબ ગલગલિયાં થાય. અને નટુકાકા ખૂબ ખીલે. તેમને દાદા જગતમાં જે ધર્મ સંબંધી પ્રવચનો ચાલે છે તેની કડક શબ્દોમાં આલોચના કરે એટલે તેઓને સોંસરું હ્રદયમાં ઊતરે કે દાદા પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષ છે. તેનું કારણ કોઈ વ્યક્તિ ખુલ્લં-ખુલ્લી રીતે એમ ના કહે 'અમારો અહંકાર બિલકુલ ઓગળી ગયો છે અને અમે તમારો અહંકાર પણ કાઢી આપીએ છીએ. જગતમાં અહંકાર વગરની કોઈપણ વ્યક્તિ હોય તો શોધી લાવો. હું તેને નમસ્કાર કરું. સાધુ, સંન્યાસીઓ, આચાર્યો, બાવા, બાવલી બધા જ અહંકાર સહિતની પ્રરૂપણા કરે, પોતે ડૂબે અને

બીજાને ડૂબાડે.'

જ્ઞાનીપુરુષની ઓળખાણ શી રીતે પડે ? અને તેય પાછા કોટ, ટોપી, બૂટ સહિત ગૃહસ્થી અવસ્થામાં, ધંધો કરતા જ્ઞાનીપુરુષને કોણ ઓળખી શકે ? એ તો આવી કડક વાણી કાઢે ત્યારે વિચાર કરતો થાય. 'મેર મૂવા' કહીને સંબોધે.

દાદા કહેતા કે "આ દાદો ચૌદ લોકનો નાથ છે, માંગો-માંગો, જે માંગશો તે આપીશ. આ દાદા કોઈના ઉપરી નથી અને વર્લ્ડમાં કોઈપણ એમના ઉપરી નથી અને અબુધ છે."

નટુકાકાને આવી કડક વાણી સાંભળવી બહુ ગમે. આવી તેઓએ કોઈની પાસેથી સાંભળેલી જ નહીં. તેમને તો ખાત્રી થઈ ગયેલી કે આ દાદા જ સાચા માર્ગદર્શક અને જેમ છે તેમ અનુભવગમ્ય વાણી બોલવાવાળા છે. એટલે એક દિવસ ચંદ્રકાંતભાઈ સવારે મામાની પોળ આવેલા, સંઘપતિ રસિકભાઈ બેઠેલા, ચીમનકાકા હતા; ત્યારે તેમણે તો પૂ. દાદા માટે ફૂલ લઈ આવ્યા હતા તે પૂ. દાદાના શિરે ચઢાવ્યાં અને 'દાદા ભગવાનને નમસ્કાર' કહી તેમના ચરણોમાં નમ્યા. દાદાએ વિધિ કરી આપી.

ત્યારથી દાદા 'દાદા ભગવાન' તરીકે ઓળખાવા લાગ્યા. ત્યાં સુધી અમે કુટુંબીજનો તથા દાદાના કુટુંબીજનો તેમને અંબાલાલકાકા કહીને સંબોધતા. પણ હવે ૧૯૬૮થી દાદાને બધા 'દાદા ભગવાન' તરીકે સંબોધે.

દાદા પોતાની પર ફૂલ ના ચઢાવવા દે, ફૂલના હાર પહેરાવવાની ના કહે. અને કોઈને સત્સંગ નોટમાં લખવા ના દે. ફોટા પણ ના પાડવા દે. પરંતુ નટુકાકા સ્પેશ્યલ ફૂલ લઈ આવે અને દાદાને માથે મૂકે. જેથી બીજા મહાત્માઓ પણ ફૂલના હાર લઈ દાદાને પહેરાવે. રોજ સત્સંગ ખૂબ થાય પણ નટુકાકાને બેચેની લાગે કે દાદાના સત્સંગમાં નીકળેલી પ્રત્યક્ષ જ્ઞાન સરસ્વતીનો શું જગતના લોકોને લાભ નહીં મળે ? એટલે એક દિવસ નટુકાકાએ પૂ. દાદાને વિનંતી કરી કે "દાદા, મને સત્સંગ યાદ નથી રહેતો, તો હું તો સત્સંગ નોટબુકમાં ઉતારીશ."

એટલે દાદાએ તેમને સત્સંગ લખવાની છૂટ આપી. પણ નટુકાકાને દાદાએ કહ્યું કે તમારી નોટ લાવો કે ડાયરી લાવો તેમાં ઉપર પહેલું વાક્ય લખો કે, "નટુભાઈ, તમારે માટે આ વાણી હિતકારી છે પરંતુ બીજાને માટે ઝેર છે." જે નટુકાકાએ લખ્યું. કારણ કે બીજા આ વાણી સમજે નહીં અને વિરાધના કરે. નટુકાકાએ પૂ. દાદાની વાણી નોટબુકમાં લખવાનું શરૂ કર્યું. એટલે રોજ વહેલી સવારે મામાની પોળે આવે અને બપોરે દાદા ભોજન માટે ઊઠે ત્યાર સુધી કેટલાંય પાનાં સત્સંગનાં લખી કાઢ્યાં હોય.

પછી ઘરે જઈ રાત્રે બે વાગ્યા સુધી બધો જ ઉતારેલો સત્સંગ સ્વચ્છ અક્ષરોમાં ત્રણ કૉપીઓમાં ઉતારે. એક કૉપી પોતાની દીકરી મહાત્મા હર્ષિલાબેન જેઓ California માં અમેરિકા રહે તેમને મોકલે. બીજી કૉપી મુંબઈ કવિરાજ નવનીતભાઈ સંઘવીને પદ લખવા મોકલે.

૧૯૬૮માં ઘણા બધા સત્સંગીઓ દાદાને મળ્યા અને જ્ઞાન પણ લીધું. તેમાંના એક કવિરાજ નવનીતભાઈ સંઘવી હતા. તેઓ મુંબઈ રહે અને ધર્મે જૈન અને સારું ગાય. તેઓ પૂ. દાદા મુંબઈ આવે ત્યારે સત્સંગમાં આવે. આમ જૈન એટલે

દેરાસરોમાં જાય. મહારાજશ્રીઓને મળે. શ્રીમદ્‌નો સ્વાધ્યાય થતો હોય ત્યાં જાય અને શ્રીમદ્‌નાં પદો ગાય.

પણ દાદા પાસે આવ્યા અને દાદાની વાણી સાંભળી દાદાનો શુદ્ધ પ્રેમ જોઈ તેમને બીજા સત્સંગ કરતાં જુદો જ અનુભવ થયો. અને દાદાની તળપદી પાટીદારિયા સત્સંગની વાણીમાં ખૂબ રસ પડ્યો. અને સત્સંગ જે કાંઈ સાંભળે તેમાંથી પદ લખવાની શરૂઆત કરી. શરૂઆતમાં બે-ત્રણ પદ લખ્યાં તે દાદા પાસે ગાયાં. દાદા સાંભળીને ખુશ થઈ ગયાં અને દાદા પણ ગાવા લાગે એટલે દાદાએ કવિરાજને એક દિવસ વિધિ કરી માથે હાથ મૂકી આશીર્વાદ આપી કહ્યું કે "જાઓ, રોજ એક પદ લખજો."

એટલે દાદા વડોદરા આવે ત્યારે નટુકાકાના લખેલા સત્સંગની copy કવિરાજને મુંબઈ પહોંચી જાય કે તરત જ એક પદ આવવું જ જોઈએ એવો આગ્રહ નટુકાકા રાખે. પદ ના મળે તો કવિને ટૈડકાવી નાખે. આવી રીતે કવિરાજના હસ્તે જ્ઞાનનાં, ભક્તિનાં એકાદ હજાર પદ લખાયાં હશે અને ઘણાં ખરાં કવિરાજે ગાઈને Cassetteમાં બહાર પાડ્યાં. અમેરિકાના મહાત્માઓએ કવિરાજના પદોની કેસેટો બનાવી બધાને કોઈપણ મૂલ્ય લીધા વિના મહાત્માઓને આપી. પાછળથી નવી ટેકનોલોજીનો લાભ લઈ તેઓએ CD બનાવી બધાને વિના મૂલ્યે આપી. સત્સંગમાં આવતા મહાત્માઓને આનાથી ઘણો લાભ થયો. દાદાના સત્સંગમાં નીકળેલાં આપ્તસૂત્રો જે શાસ્ત્રમાં પણ ના હોય તેવાં ઉચ્ચકોટિના આત્માનુભવની શ્રેણીનાં સૂત્રો કવિરાજ પોતાના પદોમાં સુંદર welding કરી લખે. અને જ્યારે પણ ગવાય ત્યારે સીધાં હૃદયસ્થ થઈ જાય. રાગ પણ સરસ ગવાય એવો, દરેક જણ ગાઈ શકે એવો.

દાદાશ્રીએ મહાત્માઓ સાથે જાત્રાઓ પણ કરેલ. ઑગસ્ટ-સપ્ટેમ્બર-૧૯૭૩માં ૩૮ દિવસનો એક અદ્‌ભુત યાત્રા પ્રવાસ ગોઠવેલ જેમાં રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, નેપાળ, બિહાર-ઝારખંડ અને મધ્યપ્રદેશનાં વિવિધ યાત્રાધામોનાં દર્શન કરેલ. (યાત્રાનો તારીખવાર પ્રોગ્રામ આ પ્રકરણને અંતે આપેલ છે.) એક દિવસ જાત્રામાં દાદા સાથે ગયા હતા. ત્યારે કેસરિયાજી (રાજસ્થાન) મુકામે મંદિરમાં રસ્તા પર ચાલતા હતા ત્યારે કવિરાજે "દાદા ભગવાનના અસીમ જય જયકાર હો" ગવડાવે. પછી સત્સંગ કરે.



આ વાક્ય માટે એક દિવસે દાદાએ સત્સંગમાં પ્રશ્ન કર્યો કે "કયા દાદા ભગવાનના અસીમ જય જયકાર હો બોલાવો છો ?"

ત્યારે એક મહાત્માએ કહ્યું કે "આપના."

ત્યારે દાદાએ ખુલાસો કર્યો કે આ દાદા ભગવાન ન્હોય. આ તો A. M. Patel નામના જ્ઞાનીપુરુષ છે. ભાદરણના પાટીદાર છે. અને ૩૫૬° ડિગ્રીએ અટકેલા છે

પણ અંદર જે પ્રગટ થયા છે ફૂલ સ્વરૂપે, તે દાદા ભગવાન છે ૩૬૦° એટલે અમે પણ અમારી ચાર ડિગ્રી પૂરી કરવા અંદરના ૩૬૦° વાળા દાદાને નમસ્કાર કરીએ છીએ જેથી અમારી પણ ૩૬૦° પૂર્ણ થાય. આ તો અમે ૩૫૬° એ અટકેલા જેથી તમને કામે લાગ્યા અને કહીએ કે આવો જ્ઞાન લઈ લો. આ જ્ઞાનીપુરુષનો ભેટો થયો છે તો લાભ લઈ લો. નહીં તો ફરી આ જ્ઞાનાવતાર ભેગા થવા મુશ્કેલ છે. એટલે દાદા જે કોઈ આવે તેને જ્ઞાન લઈ કામ કાઢી લેવા જણાવે. આવી રીતે હજારો મુમુક્ષોઓને જ્ઞાન આપ્યું છે.



: ૐ :

**નમો દાદા વીતરાગાય**

**શ્રી સમ્મેતશીખરજી જાત્રા સંઘ**

**મંગલ પ્રયાણ : - મુંબઈથી વી. સં. ૨૦૨૯ ના શ્રાવણ વદ ૫ ના રવિવાર,**

**તા. ૧૯-૦૮-૧૯૭૩ ના મળસ્કે ૫-૦૦ વાગ્યે.**

**: પ્રવાસની વિગત :**

| અંતર કિ.મી. | તારીખ | આવશે | ગામનું નામ | અંતર માઈલ | તારીખ | ઉપડશે. |
|---|---|---|---|---|---|---|
| - | - | - | મુંબઈ | - | ૧૯-૮-૭૩ | મળસ્કે ૫ વાગ્યે. |
| ૪૧૫ | ૧૯-૮-૭૩ | સાંજે | વડોદરા | ૨૫૦ | ૨૦-૮-૭૩ | સવારે |
| ૨૧૫ | ૨૦-૮-૭૩ | સાંજે | વાયા ડાકોર, અમદાવાદ, મધુમહુડો, મહેસાણા (શ્રી સીમંધરસ્વામીનાદર્શન) | ૧૩૦ | ૨૧-૮-૭૩ | બપોરે ૨ વાગ્યે |
| ૮૦ | ૨૧-૮-૭૩ | સાંજે | વાયા પાટણ, સિદ્ધપુર, અંબાજી | ૫૦ | ૨૨-૮-૭૩ | સવારે |
| ૧૨૫ | ૨૨-૮-૭૩ | સાંજે | વાયા સીરોહી, બ્રાહમણવાડા, કેસરીયાજી, ઋષભદેવ | ૭૫ | ૨૩-૮-૭૩ | સવારે |
| ૧૫૦ | ૨૪-૮-૭૩ | સાંજે | અજમેર | ૯૦ | ૨૫-૮-૭૩ | સવારે ૧૦ વાગ્યે |
| ૧૨૫ | ૨૫-૮-૭૩ | સાંજે | વાયા પુષ્કરરાજ, જયપુર | ૭૫ | ૨૬-૮-૭૩ | બપોરે ૨ વાગ્યે |

| અંતર કિ.મી. | તારીખ | આવશે | ગામનું નામ | અંતર માઈલ | તારીખ | ઉપડશે. |
|---|---|---|---|---|---|---|
| ૨૦૫ | ૨૬-૮-૭૩ | રાત્રે | વાયા ફતેહપુર, સીક્રી, આગ્રા (દયાળબાગ, રાધાસ્વામીમાં રહેવું) | ૧૨૫ | ૨૭-૮-૭૩ | બપોરે ૨ વાગ્યે. |
| ૮૫ | ૨૭-૮-૭૩ | સાંજે | વાયા મથુરા, વૃંદાવન | ૫૦ | ૨૮-૮-૭૩ | સવારે |
| ૧૭૫ | ૨૮-૮-૭૩ | બપોરે | દિલ્હી | ૧૦૦ | ૩૦-૮-૭૩ | સવારે |
| ૪૧૫ | ૩૦-૮-૭૩ | રાત્રે | વાયા મોરાદાબાદ, રામપુર, બરેલી, શાહજહાંપુર, સીતાપુર, લખનૌ | ૨૫૦ | ૩૧-૮-૭૩ | બપોરે ૨ વાગ્યે |
| ૧૨૫ | ૩૧-૮-૭૫ | રાત્રે | વાયા બારાબાંકી, ગોંદા અયોધ્યા, રત્નપૂરી | ૭૫ | ૧-૯-૭૩ | બપોરે |
| ૩૦૦ | ૧-૯-૭૩ | રાત્રે | રકઝોલ(નેપાલ બાઉન્દરી) રાતવાસો | ૧૭૫ | ૨-૯-૭૩ | સવારે |
| ૧૨૫ | ૨-૯-૭૩ | બપોરે | વીરગંજ, આમેલખગંજ થઈને ખટમંડુ. | ૭૫ | ૪-૯-૭૩ | સવારે |
| ૩૦૦ | ૪-૯-૭૩ | સાંજે | વાયા રકઝોલ, મોતીહારી, મુઝફ્ફરપુર, પટણા | ૧૭૫ | ૫-૯-૭૩ | બપોરે ૨ વાગ્યે |
| ૩૫ | ૫-૯-૭૩ | સાંજે | રાજગૃહી | ૨૦ | ૭-૯-૭૩ | સવારે |
| ૪૦ | ૭-૯-૭૩ | સવારે | પાવાપુરી (નાલંદા) | ૨૫ | ૭-૯-૭૩ | બપોરે ૩ વાગ્યે |
| ૨૫ | ૭-૯-૭૩ | સાંજે | ગુણીયાજી | ૧૫ | ૮-૯-૭૩ | સવારે |
| ૨૫ | ૮-૯-૭૩ | સવારે | ક્ષત્રીયકુંડ(લરછવાડ) | ૧૫ | ૯-૯-૭૩ | બપોરે ૪ વાગ્યે |
| ૪૦ | ૯-૯-૭૩ | સાંજે | (જ્યોર્તિલિંગ) સમ્મેતશિખરજી મધુબન | ૨૫ | ૧૨-૯-૭૩ | સવારે |
| ૧૦૦ | ૧૨-૯-૭૩ | બપોરે | પારસનાથ | ૬૦ | ૧૪-૯-૭૩ | સવારે |
| ૧૭૫ | ૧૪-૯-૭૩ | બપોરે | બુદ્ધગયા | ૧૦૦ | ૧૫-૯-૭૩ | સવારે |
| ૨૦૫ | ૧૫-૯-૭૩ | બપોરે | બનારસ (વારાણસી)ભેલપુર, ભદૈની, શૌર્યપુરી, ચંદ્રપુરી | ૧૨૫ | ૧૭-૯-૭૩ | સવારે |

| અંતર કિ.મી. | તારીખ | આવશે | ગામનું નામ | અંતર માઈલ | તારીખ | ઉપડશે. |
|---|---|---|---|---|---|---|
| ૧૨૫ | ૧૭-૯-૭૩ | સવારે | અલાહાબાદ | ૭૫ | ૧૮-૯-૭૩ | સવારે |
| ૩૪૦ | ૧૮-૯-૭૩ | રાત્રે | વાયા રેવા, સતના, પન્ના, હાટા, સાગર. | ૨૦૦ | ૧૯-૯-૭૩ | સવારે |
| ૩૦૦ | ૧૯-૯-૭૩ | સાંજે | વાયા ભોપાલ, દેવાસ, ઉજ્જૈન | ૧૮૦ | ૧૯-૯-૭૩ | રાત્રે |
| ૧૭ | ૧૯-૯-૭૩ | રાત્રે | મક્ષીજી | ૧૦ | ૨૦-૯-૭૩ | બપોરે |
| ૧૦૦ | ૨૦-૯-૭૩<br>૨૦-૯-૭૩ | સાંજે<br>રાત્રે | વાયા ઈન્દોર, ધાર (ભોપાવલ) | ૬૦ | ૨૧-૯-૭૩ | બપોરે ૨ વાગ્યે |
| ૨૫ | ૨૧-૯-૭૩ | સાંજે | માંડવગઢ | ૧૫ | ૨૪-૯-૭૩ | સવારે |
| ૩૦૦ | ૨૪-૯-૭૩ | રાત્રે | નાસિક, ત્રંબક | ૧૭૫ | ૨૫-૯-૭૩ | બપોરે |
| ૨૦૦ | ૨૫-૯-૭૩ | રાત્રે | મુંબઈ | ૧૨૦ | ------ | ------ |

: સંચાલક :

શ્રી દાનમલ ડી. જૈન,

શ્રી જય સચ્ચિદાનંદ સત્ સંઘ,

શાંતાક્રુઝ - મુંબઈ.



૨

# દાદાશ્રીના જીવન પ્રસંગોઃ
# મહાત્મા શ્રી રસિકભાઈની નોંધપોથી



## દાદાશ્રીના જીવન પ્રસંગો: મહાત્મા શ્રી રસિકભાઈની નોંધપોથી

### ૧. દાદાશ્રીની વીતરાગતા : અગાસ આશ્રમનો પ્રસંગ

દાદાને પણ તેમને જ્ઞાની તરીકે નહીં ઓળખનારાઓના અનુભવ થયા હતા. પોતાના જ્ઞાનનું નિમિત્ત શ્રીમદ્ રાજચંદ્ર ભગવાન હતા જેથી દર દેવદિવાળીને દિવસે (કૃપાળુદેવના જન્મદિવસે) અગાસ દર્શન કરવા જતા. એક દેવદિવાળીના દિવસે અમે બધા મહાત્માઓ દાદા સાથે ચાર-પાંચ કારમાં અગાસ ગયા. મંદિરના પગથિયાં પર જ અગાસ આશ્રમના એક મુખ્ય સ્વાધ્યાય કરનાર સજ્જન ભક્ત (આ ભાઈ ચાલીસ વર્ષથી અગાસ રહેતા) દાદાને જોતાં જ દાદા પર કષાયના વરસાદનો ધોધ વરસાવ્યો. દાદાને કહે, "ભગવાન કહેવડાવો છો ? પૂજાવ છો ? પુસ્તકો છપાવડાવો છો ?" તેમના અનુયાયીઓ પણ ત્યાં આવીને દાદાને ગમે તેમ ભાષામાં ભાંડવા લાગ્યા. આ બધા શ્રીમદ્ કૃપાળુદેવના પરમ ભક્તો હતા. દાદાએ ખૂબ સમતાભાવથી અત્યંત કરુણા કરી કહ્યું કે "ભાઈ, અમારી સ્ટીમર કયા માઈલે ડૂબવાની છે તે આપ કહો તો અમે ચેતીએ". પેલા ભાઈ તો આક્રોશમાં કશું સાંભળવા જ તૈયાર નહોતા. દાદાએ ફરી કહ્યું કે "૪૦ વર્ષથી આશ્રમમાં રહો છો તો આ કષાય શેના કારણે ?" પણ કષાય જેની પર ફરી વળ્યા છે તેવી આગ્રહી વ્યક્તિને બોધના બે શબ્દો કાન પર ના પડે. એમણે તો સખત શબ્દોમાં કહી દીધું કે તમારે ફરીથી અગાસ આવવું નહીં. કૃપાળુદેવ પણ જો ત્યાં આવીને આ ભાઈને સમજાવત તો પણ કષાયના કારણે તેમનું શરીર એટલું બધું ધ્રુજતું હતું કે કશું હૃદયમાં ના ઉતરત-કારણ કે બધી જ બારીઓ બંધ.

અગાસ આશ્રમથી દાદાએ વડોદરા મામાની પોળ પાછા આવી પેલા ભાઈની જબરજસ્ત વિધિ મૂકી જેથી કે તે પડે નહીં. જ્ઞાનીની વિરાધના તેમને કઈ જગ્યાએ મૂકે તેની કલ્પના જ ના થાય ! આ ભાઈએ તો ૪૦ વર્ષ અગાસ આશ્રમમાં રહી ખૂબ અભ્યાસ કરેલો અને આ પ્રસંગ પહેલાં જ્યારે દાદા અને મારા પૂ. પિતાશ્રી અગાસ આશ્રમમાં જાય ત્યારે તેમની રૂમ પર લઈ જઈ ખૂબ આગતા સ્વાગતા કરતા. પોતે આગ્રહથી ચા બનાવી આપતા - પણ તેમણે જાણ્યું કે અંબાલાલ ભાઈ 'દાદા ભગવાન' કહેવડાવે છે, જ્ઞાની કહેવડાવે છે એટલે અંદરનો ભારેલો અગ્નિ ભભૂક્યો અને કષાય ઊભા થયા કે શા માટે જ્ઞાની કહેવડાવે ? શા માટે ભગવાન કહેવડાવે ? શા માટે પુસ્તકો છપાવે ?

દાદાએ અત્યંત કરુણા કરી તેમની વિધિ કરી રક્ષણ મૂક્યું.

આ ભાઈએ તો ફક્ત શાસ્ત્રોનું અધ્યયન કર્યું હતું. શ્રીમદ્ કૃપાળુદેવનાં પુસ્તકોનો અભ્યાસ કર્યો હતો. પોતે પણ પુસ્તકો લખતા, પણ દાદા કોણ છે તે જાણવાની કોશિશ નહીં કરેલી. એટલે દાદા કોણ છે ? વીતરાગ વિજ્ઞાન શું છે ? તે તેમને સમજાય નહીં અને નહીં જાણવાથી વિરાધના કરે. શ્રીમદ્ વખતે પણ ફક્ત ૭ મુમુક્ષુઓ જેઓ શ્રીમદ્‌ને વળગી રહ્યા તે પામી ગયા. પ્રમાદ થઈ જાય તો શ્રીમદ્‌નો ઠપકો સાંભળી બાજી સુધારી લેતા.

પણ આપણે દાદાના મહાત્માઓ તો દાદાના અક્રમ વિજ્ઞાનને પામેલા. કોઈ કાળે, કોઈ ક્ષેત્રે, કોઈ દ્રવ્યે, કે કોઈ ભાવે ક્યારેય ના થાય તેવું વીતરાગોનું દરઅસલ આત્મઅનુભવ જ્ઞાન પામ્યા-તે પણ આ કળિયુગના કાળમાં - અમેરિકા કે

મુંબઈની મોહમયી ક્ષેત્રમાં અને જે દ્રવ્ય દાદાને મળ્યા પહેલાં અત્યંત નુકસાનકારી હતું અને બીજાને પણ નુકસાન કરાવનારું હતું તેવા દ્રવ્ય સહિત આવું અલૌકિક જ્ઞાન પામ્યા. અને આપણા ભાવની વાત શી પૂછવી? નિરંતર વિભાવ ભાવને વરેલા એવા આપણે દાદાના જ્ઞાનને પામ્યા. તો વિરાધના ના કરી બેસીએ તેનું કેટલું બધું ધ્યાન રાખવું જોઈશે?

તો હવે આપણો નિશ્ચય અને ઉપયોગ કેવો હોવો ઘટે? તો કહે કે હવે આપણા મન, વચન, કાયાના પુદ્‌ગલથી કોઈપણ મહાત્માની કે કોઈપણ જીવ તે ગમે તે ધર્મ કે સંપ્રદાયમાં જતો હોય તો તેની વિરાધના ના થાય. સર્વે જ્ઞાનીઓ પ્રત્યે સંપૂર્ણ આરાધક ભાવ રહે, કોઈના ય આનંદમાં અંતરાય ન પડે. કોઈની ક્રિયામાં ડખો ડખલ ન થાય. સર્વે જીવો અમારો આત્માનંદ પામે તેવી જ ભાવના હો!

## ૨. નૉર્માલિટી

એક દિવસ દાદા મહાત્માઓ સાથે સત્સંગ કરતા હતા. ત્યારે ભાદરણ ગામના (દાદાના ગામના) એક ભાઈ પણ ત્યાં બેઠા હતા. વાત-વાતમાં પેલા ભાઈએ દાદાને કહ્યું કે, "કમાઈને બેઠા છો એટલે આ બધી ધર્મની અને સત્સંગની વાતો કરો છો." એટલે દાદાએ તરત જ પેલા ભાઈને કહ્યું કે અમારે ભીડેય નથી અને ભરાવો પણ નથી, અમે Normality માં છીએ. એટલે કે અમે ખૂબ પૈસા કમાયા પણ નથી અને ખેંચથી રહેવું પડે એવું પણ કમાતા નથી. અમે Normality માં કમાઈએ છે.

ભીડવાળો કંતાઈ ગયેલો હોય અને ભરાવાવાળાને સોજા ચઢ્યા હોય, અમે તો Normal છીએ. શરીરનું temperature ૯૮.૪° એ Normality કહેવાય. એની નીચે temperature જાય તો Below Normal fever કહેવાય. અને ઉપર temperature જાય તો Above Normal fever કહેવાય.

દાદાની આખી life બિલકુલ Normality માં વીતેલી. દરેક બાબતમાં-ખોરાક લેવામાં, બોલવામાં, પહેરવા-ઓઢવામાં, રહેવામાં, ઘર ચલાવવામાં, મુસાફરી કરવામાં, જીવનના પ્રત્યેક સમયે દાદા Normality ની બહાર નથી.

## ૩. ખુશાલભાઈ

પૂ. દાદા વડોદરા મુકામે હોય ત્યારે મહાત્મા શ્રી બાબુભાઈ પટેલ (વકીલ)ના રાવપુરાના નિવાસ સ્થાને નીચે હૉલમાં સાંજે ૬ વાગ્યે સત્સંગ કરવા પધારે. હૉલ આમ મોટો પણ મહાત્માઓ અને મુમુક્ષુથી ભરાઈ જાય.

એક દિવસનો આ પ્રસંગ છે.

નિયમિતપણે બધા મહાત્માઓ હૉલમાં પહેલાં આવી જાય. જ્યારે દાદા હૉલમાં પધારે ત્યારે ઊભા થઈ 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' ના કીર્તનથી પૂ. દાદાનું સ્વાગત કરે. પૂ. દાદા પણ સાથે બોલવા લાગે. અને દરેકની આંખોમાં અમીભરી દૃષ્ટિ નાખી નમસ્કાર કરે. પછી દાદા આસન પર બિરાજે.

મહાત્માઓ પૂ.દાદાની ચરણવિધિ કરવા હાથમાં હાર લઈ લાઈનમાં ઊભા રહે. પોતાનો વારો આવે એટલે હાર

દાદાને પહેરાવી ચરણવિધિ કરે. ઘણાં મહાત્માઓ-મુમુક્ષુઓ હાર ના પણ લાવ્યા હોય. દાદાની ચરણવિધિમાં જબરજસ્ત શક્તિ. વિશ્વની સમસ્ત સંપત્તિની કિંમત એના પડછાયાની પણ તોલે ના આવે એવી આ દાદાની ચરણવિધિની કિંમત. મન, વચન, કાયા તથા અંતઃકરણના સીમિતપણાથી અસીમ એવી આ દાદાની ચરણવિધિનું મૂલ્ય આંકવામાં આપણે મપાઈ જઈયે. મન, વચન, કાયાનું અસ્તિત્વ વિસરાવી દે અને આત્માના અનંત પ્રદેશને ખુલ્લા કરે. આત્માના અનંત વૈભવને પ્રકાશિત કરે એવું પ્રબળ સામર્થ્ય આ દાદાની ચરણવિધિમાં. સંસાર પરિભ્રમણના અનંતકાળમાં જવલ્લેજ આવી ચરણવિધિનો સુયોગ પ્રાપ્ત થાય. કળ ના વળે એવા કળિયુગમાં પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષનાં ચરણોની પ્રાપ્તિ અને ચરણવિધિ કરનાર મહાત્માનો સુયોગ એટલે જાણે મહાવીર ભગવાન અને ગૌતમ સ્વામીનો સુયોગ ! ચરણવિધિ પૂરી થાય એટલે દાદા 'જય સચ્ચિદાનંદ' બોલી જેણે હાર પહેરાવ્યો હોય તેમનો જ હાર દાદા પ્રસાદીરૂપે પાછો પહેરાવે. માથા પર હાથ મૂકી આશીર્વાદ આપે.

વિધિ ચાલતી હતી ત્યાં તો ખમીસ અને પાયજામો પહેરેલા-તે ય ઈસ્ત્રી વગરના એવા સાદા વેશમાં હાર લઈ ઊભા રહેલા એક મહાત્મા પર પૂ. દાદાની દૃષ્ટિ પડી. નામ તેમનું ખુશાલભાઈ. સાવલી તાલુકાના મંજુસર ગામના વતની. મંજુસર ગામ વડોદરાથી આશરે વીસેક કિલોમીટર દૂર, ત્યાંથી તે પૂ. દાદાના સત્સંગમાં આવે. ખુશાલભાઈ પર દૃષ્ટિ પડતાં જ પૂ. દાદાએ ખુશાલભાઈને તેમની નજીક બેસવા જણાવ્યું. તેઓ દાદાની આજ્ઞા મુજબ ત્યાં બેઠા. એટલે દાદાએ સર્વે ઉપસ્થિત મહાત્માઓને જણાવ્યું કે આજે બધા જ હાર ખુશાલભાઈને પહેરાવો.

સત્સંગ હૉલમાં સ્તબ્ધતા છવાઈ ગઈ. બધાને આશ્ચર્ય થયું.

દાદાના સત્સંગમાં દરેક વ્યક્તિ આવે. વિદ્વાનો, પ્રોફેસરો, શિક્ષકો, ધર્માચાર્યો, તત્વવેત્તાઓ, સમાજ સુધારકો, રાજકારણીઓ, ડૉક્ટરો, વકીલો, પત્રકારો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, અર્થશાસ્ત્રીઓ, ચાર્ટડ એકાઉન્ટન્ટો, જુદા જુદા ધર્મ પાળનારાઓ, સ્કૂલમાં અને કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ખેડૂતો, થોડુંક ભણેલાઓ કે કશુંય નહીં ભણેલાઓ, લખતાં-વાંચતાં ના આવડતું હોય તેવાં પણ-સર્વ પ્રકારની વ્યક્તિઓ આવે. આવનાર બધા જ એક બાબતમાં સરખા. પ્રશ્ન થાય કે કઈ બાબતમાં સરખા ? જવાબ મળે-બધા જ દુઃખી. સંસાર સુખની અપેક્ષાની ઝંખનામાં નર્યાં દુઃખો જ પ્રાપ્ત થાય એટલે દુઃખી-સાચું સુખ ખોળવા-પ્રાપ્ત કરવા પૂ. દાદા પાસે આવે. દાદાની કૃપાથી આત્મજ્ઞાન પ્રાપ્ત કરી-દાદાની પાંચ આજ્ઞાધર્મ જાગૃતિપૂર્વક પાળવાની ભાવના કરતાં-કરતાં શાશ્વત સુખનો અનુભવ કરે.



સત્સંગમાં આવેલા ખુશાલભાઈ ગામડાના, કાંઈ ઝાઝું ભણેલા નહીં. સત્સંગમાં કોઈ ખાસ ઓળખે પણ નહીં. પૂ. દાદાનું જ્ઞાન ખુલાસા સહિત સમજવા જેવા પ્રશ્નો તેમણે ક્યારેય પૂછેલા નહીં અને તે અંગે ક્યારેય કોઈ સાથે ચર્ચા પણ નહીં કરેલી. સમજવાનો આડંબર પણ નહીં. અને જે તેઓ સમજ્યા તે કોઈનેય બતાવવાનો પણ આડંબર નહીં. દાદાનું અક્રમજ્ઞાન પામ્યા પછી દાદાએ પાંચ આજ્ઞા આપી તે જ પાળવાનો પુરુષાર્થ કરવો-નિદિધ્યાસન કરવું. 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' ની કીર્તનભક્તિ કરવી અને સત્સંગ હૉલમાં આવી દૂર એક ખૂણામાં બેસી ફક્ત દાદાને નિહાળવા. મન, વચન, કાયાથી દાદાને સર્વસ્વ અર્પણ.

શબરી મા એ મોટા-મોટા જટાધારી ઋષિ મુનિઓ જેવાં તપ નહોતાં કર્યાં, શાસ્ત્રોનું જ્ઞાન નહીં. ફક્ત એક જ લગની -ભગવાન શ્રી રામ મારા આંગણિયામાં જરૂર પધારશે-રોજ પોતાનું આંગણું ચોખ્ખું કરે, ફળ લાવે અને પ્રતિક્ષા કરે. ભગવાન આજે નથી પધાર્યા તેથી જરાય નિરાશ નહીં. ગઈકાલે આંગણું કર્યું હતું તેથી આજે નહીં કરીએ તો ચાલશે તેવી શિથિલતા નહીં. ફરીથી આંગણું ચોખ્ખું કરે (પોતાનું અંતઃકરણ શુદ્ધ સ્ફટિક સમું ચોખ્ખું રાખે), ફળ રાખે. ભગવાન શ્રી રામ એક શુભ દિવસે પધાર્યા. શબરી માતાનો આનંદ સમાતો નથી. ભગવાનની આંખોમાં દૃષ્ટિ કરી. મન, વચન, કાયાને પરમ વિનયથી ભગવાનનાં સુચરણોમાં સમર્પણ કરી જે મુક્તિસુખનો અનુભવ કર્યો, તે મોટા સમર્થ ઋષિમુનિઓને પણ પ્રાપ્ત નહોતો થયો.

પાર વગરનું દુઃખ, પગમાં બેડી-માથે મુંડન-આત્મ અનુભવ થાય. ભગવાનનાં દર્શન થાય એવા ભાવ સિવાય મૂડીમાં કશું જ નહીં, એવી ચંદનબાળાએ પોતાની પાસે જે કાંઈ લૂખું સૂકું અન્ન હતું તે ભગવાન મહાવીરને વહોરાવી હું ખાઈશ એવો સ્વપ્નમાં પણ ફળીભૂત ના થાય એવો અભિગ્રહ કર્યો. મૃત્યુને ભેટવા જેવો અભિગ્રહ. પણ આ તો ચંદનબાળાનો શુદ્ધાત્માનો ભાવ. જ્યાં મોહ-માયા-અહંકારનું એક પરમાણું નથી, શું પ્રાપ્ત ના થાય ? ભગવાન મહાવીર વિહાર કરતા ત્યાંથી જ પસાર થાય છે. ભગવાનની દૃષ્ટિ ચંદનબાળા પર પડે છે. આંખમાં આંસુ જુએ છે. તેનું શુક્લ અંતઃકરણ જોઈ; તેની ભગવાન પ્રત્યેની અર્પણતા અને ભક્તિ જોઈ ભગવાન મહાવીરની કરુણા છલકાય છે. ધન્ય છે આ શુભ ઘડી. ધન્ય છે આ અવસર-જે મોટા-મોટા તપસ્વીઓને, ત્યાગીઓને પણ પ્રાપ્ત ના થાય. ભગવાન અન્ન વહોરવા હાથ ધરે છે. અન્ન સ્વીકાર કરે છે. ચંદનબાળા ધન્યતા અનુભવે છે. જીવનમાં ક્યારેય પ્રાપ્ત નહીં થઈ હોય તેવી પરમશાંતિનો અનુભવ કરે છે. બંધનની દશામાં પણ અબંધ એવા આત્માનો-મુક્તપણાનો અનુભવ કરે છે.

સ્તબ્ધતા અને શાંતિથી છવાઈ ગયેલા હૉલના વાતાવરણમાં દરેક ઉપસ્થિત મહાત્માને પ્રશ્ન થયો કે ખુશાલભાઈએ એવું કયું પુણ્ય ઉપાર્જન કર્યું કે આજે તેમની ઉપર પરમાત્માનો પ્રેમ વરસ્યો, જ્ઞાનીનો રાજીપો વરસ્યો, ખુદાની ખુદાઈ વરસી. આનું રહસ્ય શું ?

મહાત્મા બાબુભાઈ વકીલને ત્યાં આવા જ એક સત્સંગને દિવસે વાસુદેવ મહાત્મા શ્રી પૂ. નટુભાઈએ પૂ. દાદા પાસે પ્રસ્તાવ મૂક્યો અને કહ્યું 'દાદા, શારદાપુર થોડાક દિવસ પધારો. મહાત્મા નટુભાઈની સાવલી તાલુકામાં શારદાપુર ગામે ખેતીની જમીન હતી. કપાસની સીઝન આવી એટલે નટુભાઈને ત્યાં જવાનું થયું. દાદાથી દૂર જવાનું થાય એટલે

નટુભાઈને જરાય ના ગમે. કોને ગમે ? એટલે નટુભાઈએ દાદાને શારદાપુર પધારવા આગ્રહ કર્યો.

દાદા સંપૂર્ણ વીતરાગ દશામાં રહે. પોતાપણું જ નહીં. વીતરાગને એવું કશું ના થાય કે 'ચાલો, આજે અહીં જઈએ અને કાલે પાછા બીજે જઈએ.' ખાવું, પીવું, ફરવું એ પોતાના અંતઃકરણ મુજબ ના હોય. એ તો નિરંતર પોતાના શુદ્ધાત્માના ઉપયોગમાં રહે. દાદા વડોદરામાં હોય એટલે વડોદરાના સંઘપતિ શ્રી પૂ. રસિકભાઈ (પૂ.દાદા એમને ભાણાભાઈ કહેતા) જ્યાં પણ વ્યવહારમાં કે સત્સંગમાં કે જાત્રા જવાનું હોય તો તે નક્કી કરે. પૂ. દાદા એમનો કોઈ પણ કાર્યક્રમ નક્કી કરવાનો હોય તો સંઘપતિ શ્રી રસિકભાઈને મળીને નક્કી કરવાનું કહે. પૂ.દાદાને જ્ઞાન પ્રગટ થયું તે પહેલાં ઘણા સમયથી તેઓશ્રીનો એક નિયમ-અચૂક તે નિયમ પાળે. રોજ સવારે પરવારી બહાર નીકળે એટલે સીધા પૂ. દાદાના ઘરે મામાની પોળે જાય. નિયમિત જે કામ કરવાનું હોય તે કરે. પૂ.દાદા સાથે વાતો કરે અને પૂ. દાદાનો જમવાનો પાટલો મૂકી પૂ. હીરાબા દાદાની થાળી પીરસે તે મૂકે. પૂ. દાદા જમી રહ્યા સુધી બેસે, પછી જાય. પૂ. દાદાએ વર્ષો સુધી તેમની નિષ્ઠા જોઈ જેથી પૂ. દાદાનો કોઈપણ કાર્યક્રમ નક્કી કરવાનો હોય તે પૂ. સંઘપતિને પૂછીને નક્કી થાય. એટલે પૂ. દાદાએ શારદાપુર જવા ભાણાભાઈને પૂછી નક્કી કરો એવું કહ્યું એટલે સંઘપતિ શ્રી રસિકભાઈએ દિવસ નક્કી કર્યો. કોણ-કોણ કારમાં બેસશે તે પણ નક્કી કર્યું.

મહાત્મા ખુશાલભાઈ જેઓ સત્સંગમાં દૂર બેઠા હતા તેમણે દાદાનો શારદાપુર જવાનો કાર્યક્રમ નક્કી થયો તે સાંભળ્યો. ખુશાલભાઈનું ગામ મંજુસર શારદાપુર જતાં રસ્તામાં આવે. પણ એવી વિનંતી ના કરી કે 'મારું ગામ રસ્તામાં જ આવે છે તો દાદા મારા ઘરે થોડોક સમય પધારશે ?' અને કદાચ તેમની વિનંતિનો અસ્વીકાર થાય તેના કરતાં મૌન રહેવું સારું. નક્કી કર્યું કે આપણને તો દાદાના દર્શન સાથે જ કામ છે ને !!

જે દિવસે પૂ. દાદા શારદાપુર જવાના હતા તે દિવસે ખુશાલભાઈ વહેલી સવારે આશરે ૭ વાગ્યે-પત્ની, બાળકો તથા અન્ય વ્યક્તિઓને લઈ જ્યાંથી પૂ. દાદાની કાર જવાની હતી તે રસ્તા પર બેસી-"દાદા ભગવાનના અસીમ જય જયકાર હો" ની કીર્તનભક્તિ શરૂ કરી. ક્યારે દાદાની ગાડી અહીંથી જશે તેની ખબર નહીં. પણ જશે તો અહીંથી જ. અહીંથી ગાડી પસાર થશે અને દાદાનાં દર્શન કરીશું તે જ ભાવ.

એક કલાક વીત્યો-બે કલાક વીત્યા. કીર્તનભક્તિ ચાલુ છે. તાપમાં બધા બેઠા છે. ત્રણેક કલાક પછી દાદાની ગાડી આવીને પસાર થઈ. બધાએ જોયું અને દર્શન કર્યાં. પણ તેઓના આશ્ચર્ય વચ્ચે ગાડી થોડેક દૂર ઊભી રહી. બન્યું એવું કે દાદાએ "દાદા ભગવાનના અસીમ જય જયકાર હો" નું ગુંજન સાંભળ્યું એટલે દાદાએ તરત જ ગાડી ઊભી રખાવી. ખુશાલભાઈનો પૂ. દાદાનાં દર્શન કરવાનો મૂળ ભાવ સફળ થયો.

બધા આનંદથી દોડ્યા. દાદાનાં દર્શન કર્યાં. દાદાએ જોયું તો ખુશાલભાઈ ! નમસ્કાર કર્યા. દાદા તો ગાડીની બહાર ઊતર્યા. બધાંને આશ્ચર્ય થયું. એટલામાં દાદાએ જ બધાને નમસ્કાર કરી "દાદા ભગવાનના અસીમ જય જયકાર હો" બોલવાનું શરૂ કર્યું. બધાંએ ઝીલવા માંડ્યું.

ખુશાલભાઈએ તો પૂ. દાદાના ચરણોમાં માથું મૂકીને વિધિ કરી. દસેક મિનિટ થઈ ગઈ. કોઈએ સૂચન કર્યું કે

‘દાદા, હવે જઈએ.’

ત્યાં જ દાદાએ પૂછ્યું, ‘‘ક્યાં રહો છો ? ઘર કેટલે દૂર છે ?’’ એટલે ખુશાલભાઈએ કહ્યું કે ‘‘દાદા, નજીક જ છે.’’ દાદા કહે છે કે ‘‘ચાલો’’ ..

અહોહો-ખુશાલભાઈનો આનંદ સમાતો નથી. ભગવાન મારે ઘરે ? તેમને માન્યામાં નથી આવતું.

એક ભાઈને પૂ. દાદાને ઘરે લઈ આવવાનું સોંપીએ તો દોડ્યા સીધા ઘરે-ઘરે જઈને જે કાંઈ હાથમાં પાથરવાનું આવ્યું તે એક ખુરશી સાફ કરીને તેની પર પાથર્યું. નીચે બેસવા પણ પાથરણાં પાથર્યાં.

દાદા આવ્યા-ઘરમાં પધાર્યા. દાદાની બેસવાની વ્યવસ્થા કરી હતી ત્યાં દાદા બિરાજ્યા. આવનારા બધા બેઠા- ‘‘દાદા ભગવાનના અસીમ જય જયકાર હો’’નું કીર્તન ચાલુ કર્યું. દસેક મિનિટ થઈ ગઈ. ત્યાં સુધી દાદાએ ઘરમાં નજર ફેરવી લીધી.

નાનું સાધારણ ગામડાનું ખેડૂતનું ઘર-નહીં સોફા કે નહીં રાચરચીલું કે નહીં એવી શોખવાળી વસ્તુ. ઘરમાં કોઈ પ્રકારના શણગાર નહીં.

ખુશાલભાઈના ખબર અંતર દાદાએ પૂછ્યા. થોડોક સત્સંગ કર્યો. અડધો કલાક વીત્યો હશે એટલે ખુશાલભાઈને કહ્યું કે ‘‘ચા બનાવી લાવો.’’ ખુશાલભાઈએ અંદર જઈ પત્નીને ચા મૂકવાનું કહ્યું. ત્યાં સુધી દાદાએ સત્સંગ કર્યો. પંદરેક મિનિટમાં ચા આવી. દાદાએ ચા રકાબીમાં પીધી અને બીજાઓએ પણ પીધી.

હવે, દાદાએ ખુશાલભાઈને કહ્યું, ‘‘અમે બધાંની રજા લઈએ ?’’

અત્યાર સુધી કોઈ જ પ્રકારની દાદા પાસેથી માગણી ન કરનાર- એવું પણ નહીં કે ‘દાદા, રસ્તામાં જ મારું ગામ આવે છે તો આપ પધારો’ - તે ખુશાલભાઈએ પહેલી જ વાર દાદાને હાથ જોડી વિનંતી કરી કે ‘‘દાદા, થોડું થોભી જાવ.’’

દાદાએ પૂછ્યું, ‘‘કેમ ?’’

ખુશાલભાઈ અંદર રૂમમાં ગયા. અને થોડીક મિનિટો બાદ પાછા આવ્યા. પૂ. દાદાના ચરણોમાં માથું મૂકી વિધિ કરી- દાદાએ વિધિ પૂરી કરી ‘‘જય સચ્ચિદાનંદ’’ બોલ્યા-ત્યારે સામે અત્યંત વિનયથી બેસીને એક કવર પૂ. દાદાના હસ્તકમળમાં મૂક્યું.

દાદાએ ધીરેથી કવર ખોલી અંદરથી રૂપિયા કાઢ્યા-પૂરા એક હજાર એક.

દાદાએ પૂછ્યું, ‘‘આ શાના માટે ?’’

ખુશાલભાઈએ જવાબ આપ્યો, ‘‘જય સચ્ચિદાનંદ સંઘ માટે.’’

દાદાને ખુરશીમાં બેસતાં જ તેમના ઘરની સ્થિતિનો ખ્યાલ આવી ગયો હતો. દાદાએ ખુશાલભાઈનાં પત્નીને

બોલાવ્યાં અને પૂછ્યું, ''ઘરમાં કાંઈ તકલીફ છે ? આ તો આટલી બધી રકમ આપે છે ? તમને તકલીફ હોય તો અમે તમને કાંઈક મદદ કરીએ.''

પત્નીએ જવાબ આપ્યો કે, ''દાદા, આપ મળ્યા, હવે અમને શાની તકલીફ ? અમારો ખૂબ ભાવ છે એટલે અમે આપીએ છીએ.''

ખુશાલભાઈએ કહ્યું કે, ''દાદા અમને તો આપની પાસેથી બધું જ મળ્યું છે. અમારાં એવાં કેવાં ભાગ્ય કે આપ અમારી આ નાની ભેટ સ્વીકારો ?''

ખુશાલભાઈ પાસે પૌદ્ગલિક સુખ મળે તેવી વસ્તુઓ ખરીદવા પૈસા નહોતા. નિર્ધન હતા. પણ જે આનંદ અને સુખ દાદાને મળી, તેમની પાસેથી જ્ઞાન લીધા પછી પ્રાપ્ત કર્યું તેવું જ સુખ બીજાઓ કેમ કરીને પામે તેવી શુદ્ધ અંતઃકરણની ભાવનાથી આ રકમ દાદાને ચરણે ભેટ ધરવામાં કુબેરથી પણ અધિક હતા.

દાદાએ ખુશાલભાઈ તથા તેમનાં પત્નીનો ભાવ-તેમનો આનંદ-તેમની સમર્પણતા, ભક્તિ, નિઃસ્વાર્થ ત્યાગની ભાવના જોઈ.

દાદાથી ખુશાલભાઈનું અંતર વંચાય ગયું. દાદાએ રકમનો સ્વીકાર કર્યો. બધાંને ખૂબ આશીર્વાદ આપ્યા અને રજા લઈને શારદાપુર જવા નીકળ્યા.

દાદા તેમના જ ગામ નજીક જવાના હતા ત્યારે ખુશાલભાઈની દર્શનની તીવ્ર ઝંખના, તેમનો સમર્પણ ભાવ, તેમની અનન્ય ભક્તિના બદલામાં દાદા નિષ્કારણ કરુણા વરસાવી એક ગુંઠાણાથી વધુ સમય તેમના ઘરે રોકાયા તેનું કદાચ કોઈને લક્ષ ના પણ હોય. પરંતુ પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષના એક ગુંઠાણાની હાજરીમાં જે ત્યાગની ભાવના બતાવીને પોતે શું પ્રાપ્ત કર્યું, શું કમાયા તે તો દાદા જ જાણે.

### ૪. દાદાશ્રીને ફ્રેક્ચર થયું



જાન્યુઆરી-૧૯૭૯ માં પૂ. દાદા મારા ઘરે બીજે માળે રાત્રે સૂતા હતા. દાદાનું સૂવાનું એટલે ગાઢ નિંદ્રા નહીં, જાગતાં જ આરામ કરવાનો અને વિધિઓ કરવાની. શિયાળાનો સમય એટલે થોડીક ઠંડી રાત્રે વધી. જેથી રાત્રે પૂ. દાદા અંધારામાં ઊઠ્યાં અને બારી બંધ કરવા ગયા. બારી બંધ કરી અને પાછા પાટ નજીક આવતાં જ પગલું ચૂક્યા જેથી પડી ગયા.

હું પાછળની રૂમમાં સૂતો હતો. એટલે મને થયું કે ઉતરાણ નજીક આવતી હતી જેથી છોકરાઓ ઉપર અગાસીમાં પતંગ ચઢાવવા ગયા હશે ત્યારે કાંઈક વસ્તુ પાળી ઉપર મૂકી હશે તે પડી જેનો અવાજ આવ્યો હશે.

પણ ફરી પાડવાનો અવાજ આવ્યો અને તે જ સમયે દાદાએ બૂમ મારી “ રસિકભાઈ ?” એટલે હું તરત જ ઊઠી બહારની રૂમમાં આવ્યો. લાઈટ કરી તો પૂ. દાદા પલાંઠી વાળી બારી નજીક બેઠાં હતા. તેમણે જણાવ્યું કે તેઓ પડી ગયા હતા અને ઊઠાતું નહોતું.

એટલે મેં દાદાને કહ્યું કે “દાદા, બેસી રહેજો હું ‘આયોડેક્સ’ લઈ આવું છું.”

નીચે જઈ હું ‘આયોડેક્સ’ લઈ આવ્યો. અને દાદાને ડાબે પગે થાપામાં ઘસી આપ્યું. પણ ઘસતાં જણાયું કે થાપામાં સોજા જેવું થવા આવ્યું છે. એટલે મેં દાદાને ઊંચકીને પાટ પર સુવાડયા. ડાબો પગ થોડો હલાવ્યો અને સીધો કરવા ગયો કે તરત જ પૂ. દાદાએ જણાવ્યું કે દુઃખે છે. (સમય રાત્રિના ૧૧:૩૦-૧૨:૦૦ વાગ્યા હશે.)

એટલે મેં પૂ. દાદાને કહ્યું કે “હું કનુભાઈને-ચંદ્રકાંતભાઈને વિગેરેને ઊઠાડી બોલાવું છું. ડૉક્ટર ને બોલાવું?”

તો દાદાએ તરત જ ના કહ્યું અને જણાવ્યું કે, “તમે ‘લખતરીઆ’ ને બોલાવો.”

લખતરીઆ જેમનું નામ પ્રાણલાલ લખતરીઆ હતું. તે પૂ. દાદાના મહાત્મા અને કોઈ અખાડાના સંચાલક પાસેથી, હાડકું ખસી ગયું હોય તો બેસાડી આપવાની કળા શીખ્યા હતા. અને ઘણા લોકોને હાડકાં બેસાડીને સારું કર્યું હતું. દાદાને આ વાતની ખબર એટલે દાદાએ મને જણાવ્યું કે કોઈને ય બોલાવવાની જરૂર નથી. ફક્ત લખતરીઆને બોલાવી લાવો.

મે કહ્યું કે, “દાદા, મને તેઓ ક્યાં રહે છે તેની ખબર નથી.”

દાદાએ સાહજિકતાથી કહ્યું કે, “શોધી કાઢજો. એટલે રાત્રે ૧૨:૩૦ વાગ્યે હું સ્કૂટર લઈને મહાત્મા વાસુદેવ નટુકાકાને ઘરે ગયો. નટુકાકા વડોદરાના બધા જ જ્ઞાન લીધેલાની નામ તથા સરનામા સાથે નોંધ રાખતા.

એટલે એમને ઘરે જઈ તેમને ઊઠાડી લખતરીઆ ક્યાં રહે છે તે તેમની નોંધમાંથી કાઢી આપવા જણાવ્યું.

તેમની પાસેથી લખતરીઆનું સરનામું લઈને હું લખતરીઆ રહેતા તે જગ્યાએ ગયો. ટાવર પાસે રહે, ત્યાં જઈ રાત્રે ૧-વાગ્યે લખતરીઆ-લખતરીઆ કરીને બૂમ પાડી, કારણ ઘરની ખબર નહોતી.

થોડાક સમયમાં લખતરીઆ બારણું ખોલી બહાર આવ્યા-તેમને જણાવ્યું કે, “પૂ. દાદા પડી ગયા છે અને સાથળમાં દુઃખે છે. જેથી તમને લેવા આવ્યો છું.” એમણે તો એમનો જોઈતો સામાન લઈ લીધો-પાટાપીંડી કરવા ઘરે આવ્યા. દાદા તો જાણે કાંઈ જ બન્યું ના હોય તેમ પાટ ઉપર બેઠેલા હતા. લખતરીઆએ પૂ. દાદાનો ડાબો પગ સીધો કરી સહેજ વાંકો ચૂકો કર્યો એટલે દાદાએ કહ્યું કે થાપામાં દુઃખે છે.

લખતરીઆએ જણાવ્યું કે “દાદા, થાપામાં fracture થયું છે.”

લખતરીઆએ દાદાનો પગ સીધો કરી સહેજ ખેંચી Position માં કરી થાપા પર પટ્ટી બાંધી-અને થાપાની બાજુમાં વજન જેવી વસ્તુ મૂકી. અને દાદાને કહ્યું કે, “દાદા, આમ જ પગ રાખજો. હલાવશો નહીં.” દાદા તો બેઠાં હતા તે જ

સ્થિતિમાં પાછળ તકિયાના ટેકા મૂકી બેસાડ્યા.

રાત્રિના લગભગ ૨:૦૦ થી ૨:૩૦ થયા હશે એટલે દાદાએ અમને કહ્યું કે હવે સૂઈ જાવ.

મે કહ્યું ,''દાદા ફ્રૅક્ચર હોય તો ડૉક્ટરને બોલાવવા પડે, તો હું બોલાવું.''?

દાદાએ ખાસ ના કહી, ''અત્યારે કાંઈ નહીં. તમે સૂઈ જાવ.''

એટલે હું અને લખતરીઆ સૂઈ ગયા.

સવારે છ વાગ્યા એટલે મેં કનુભાઈ, ચંદ્રકાન્તભાઈ અને બીજા મહાત્માઓને ફોન કર્યા.

સયાજી હૉસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ ડૉ. ત્રિવેદી સાહેબ જે દાદાના મહાત્મા હતા-તેમને ફોન કરી બોલાવ્યા.

સવારે બધા ભેગા થયા-ડૉક્ટર આવ્યા-ત્રિવેદી સાહેબે સહેજ પગ હલાવ્યો - પૂ. દાદાને સાથળ આગળ દુખ્યું - ડૉક્ટર સાહેબે જણાવ્યું કે ''દાદા, થાપામાં ફ્રૅક્ચર છે. હૉસ્પિટલમાં લઈ જવા પડશે.''

ડૉક્ટર સાહેબે ફોન કરી 'ઍમ્બ્યુલન્સ' બોલાવી અને દાદાને સયાજી હૉસ્પિટલમાં દાખલ કર્યા. સયાજી હૉસ્પિટલમાં બ્લડ Test વિગેરે ચૅકિંગ કર્યું.

દાદાની તબિયત થોડી વધુ બગડી હતી.

બે દિવસ પછી ડૉ. ત્રિવેદી સાહેબ હૉસ્પિટલના એક હાડકાંના સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરને લઈને આવ્યા - હાડકાંના ડૉક્ટરે પૂ. દાદાને જણાવ્યું કે ''દાદા, એક-બે દિવસમાં ઑપરેશન કરીશું.''

પૂ. દાદાએ ડૉક્ટરને પૂછ્યું કે, ''બેભાન કરવાની દવા સૂંઘાડવાની કે ? અને લોહી આપવાનું ?''

ડૉક્ટરે કહ્યું કે ''હા-ઘેનની દવા આપવાની તથા લોહી પણ આપવાનું. એકાદ મહિનામાં સારું થઈ જશે.''

દાદાએ મક્કમતાથી કહ્યું કે ''અમારે ઑપરેશન નથી કરાવવું. અમને જ્ઞાનીપુરુષને બહારના કોઈના પરમાણુ ના ખપે (લોહી આપવા બાબતે) અને ઘેનની દવાથી આત્મા પર આવરણ આવે તે અમે ના ઈચ્છીએ. એટલે ઑપરેશન નથી કરાવવું.''

ડૉક્ટરે કહ્યું કે ''એક-બે દિવસ વિચાર કરીને જણાવજો.'' ડૉક્ટરો ગયા એટલે પૂ. દાદાએ મહાત્માઓ ઊભા હતા ત્યારે કહ્યું કે, ''અમારો અહંકાર બિલકુલ ખલાસ થઈ ગયો હોય એટલે અમારી સહનશક્તિ ન હોય. અમને આવા ઑપરેશનની જરૂર નથી. અમારે દેહની પડી નથી. અમે તો ઉપવાસ કરી શરીર ત્યજી દઈશું.''

એટલામાં પૂ. રાવજીકાકા (પૂ.દાદાના ભત્રીજા અને ભાવિ તીર્થંકર પૂ.ચંદ્રકાન્તભાઈના કાકા) પૂ. દાદાની ખબર જોવા આવ્યા. ડૉક્ટર સાથે થયેલી વાત તથા પૂ.દાદાએ તેઓશ્રીના નિર્ણયની વાત કરી. એટલે પૂ. રાવજીકાકાએ ત્યાં જ પ્રસ્તાવ મૂક્યો કે ચાલો આપણા બંગલે, ત્યાં ઉપચાર કરીશું અને પૂ. દાદાએ તરત જ હા કહી. એટલે બીજે દિવસે પૂ.

રાવજીકાકાને ત્યાં જવાનું નક્કી કર્યું.

બીજે દિવસે પૂ. રાવજીકાકાને ત્યાં ગયા. એક અલગ રૂમ પૂ. દાદા માટે કાઢી આપ્યો. દાદાશ્રીને ફ્રેક્ચર થયાના સમાચાર જાણી મહાત્મા ડૉ. નીરુબેન પણ સેવા માટે હાજર થઈ ગયાં (અને ત્યારથી છેક દાદાશ્રીના દેહવિલય સુધી પૂરાં નવ વર્ષ દાદાજીની સેવામાં રહી ઘણી કાળજીપૂર્વક સેવા કરી). દિવસના ટાઈમે નીરુબેન સેવામાં રહેતાં અને અમુક આપ્તપુત્રો પણ મોટા ભાગનો સમય રહેતા. હું અને મારાં શ્રીમતી રાતની સેવામાં જતાં.



**ડૉ. નિરુબેન (દાદાશ્રી સાથે)**

હવે દાદાએ લખતરીઆને કહ્યું કે ''તમારી ટ્રીટમૅન્ટ શરૂ કરો.'' એટલે લખતરીઆએ દાદાનો પગ ખેંચી ભાંગેલા હાડકાંને બરાબર ગોઠવી પાટા પિંડી કર્યાં અને સાથળ નીચે મીઠાની કોથળીનાં વજન મૂક્યાં જેથી પગ હાલી ના જાય.

એકાદ અઠવાડિયું થયું અને મહાત્મા મહેતા સાહેબ X-ray વાળાને મશીન લઈને બોલાવી લાવ્યા. X-ray કઢાવ્યો. લખતરીઆ આવ્યા એટલે પૂ. દાદાએ X-ray તેમને જોવા આપ્યો. લખતરીઆ X-ray જોતા હતા એટલામાં તેમના હાથમાંથી પૂ. નીરૂબેને X-ray લઈ લીધો અને તે જોવા લાગ્યાં. પૂ. દાદાએ નીરુબેનના હાથમાંથી X-ray લઈને લખતરીઆના હાથમાં મૂક્યો. લખતરીઆ જોતા હતા ત્યાં જ ફરીથી નીરુબેને તેમના હાથમાં લઈ લીધો અને દાદાને જણાવ્યું કે તેમણે X-ray ઊંધો પકડ્યો હતો. આ સાંભળી પૂ. દાદાએ ફરીથી તેમના હાથમાં લઈને ફરીથી લખતરીઆને આપ્યો.

અહીં દાદાની સાહજિકતા જોવા મળી. પોતાને પગે ફ્રેકચર છે. એમના એક મહાત્મા હાડકાં બેસાડવાનું જાણે છે, તેમના હાથે જ પોતાની ટ્રીટમૅન્ટ થાય તેવો આગ્રહ રાખે છે. પછી તે ઉપચાર કોઈ નિષ્ણાત કે ડૉક્ટરની નજરમાં યોગ્ય ના પણ હોય પણ પૂ. દાદાને તે વાતનો ખપ નથી. તેમને મન તો પોતાના એક જ્ઞાની મહાત્માને હાથે જે ટ્રીટમૅન્ટ થાય તેનું જે પરિણામ આવે તે ભલે હો, તે જ માન્ય છે. કારણ કે પૂ. દાદાની કૃપાથી તે મહાત્માનો સ્પર્શ જ તેમને મન ઉપચાર છે. તે ઉપચાર યોગ્ય છે કે અયોગ્ય છે તેની દાદાને કાંઈ પડી નથી.



**શ્રી કે. સી. મહેતા (દાદાશ્રી સાથે)**

જે કાંઈ થાય પોતાને તે પોતાના જ્ઞાની મહાત્માથી થાય તે જ દૃષ્ટિ છે. શરીરમાં ના રહેતા હોય તેવા જ્ઞાનીની દશા છે, આ આખા પ્રસંગમાં.

છેવટે પૂ. મહેતા સાહેબ તેમના જાણીતા હાડકાંના ડૉક્ટર મર્ચન્ટ સાહેબને બોલાવી લાવ્યા. ડૉ.મર્ચન્ટ સાહેબ ખૂબ સેવાભાવી ડૉક્ટર અને ઘણાં સાધુ સંતના સમાગમમાં આવેલા અને પૂ. દાદા વિશે પણ સાંભળ્યું હતું. તેમણે પૂ. દાદાને જણાવ્યું કે "દાદા, તમારે ઑપરેશન નથી કરાવવું ? તો કાંઈ નહીં, આપણે ઑપરેશન વગર ઉપચાર કરીએ. સંધાતાં બે મહિના વધુ થશે." પૂ. દાદાએ અનુમતિ આપી.

એટલે ડૉ. મર્ચન્ટ સાહેબે પદ્ધતિસર પૂ. દાદાનો પગ સરખો અને સીધો કરી, પટ્ટી મારી, દોરીથી ખેંચી ટ્રેકશન માટે વજન મૂક્યો, જેથી પગનું તૂટેલું હાડકું ખસી ના જાય. આવી રીતે અમુક દિવસ રાખી, વજન ઓછાં કરતાં જવાનું અને X-ray ચૅક કરી હાડકું સંધાય છે કે નહીં તે ચકાસી લેવાનું.

છેવટે ત્રણ મહિને દાદાનું પગનું હાડકું બિલકુલ સંધાય ગયું છે તેવું X-ray માં ખબર પડી કે ડૉક્ટરે બધાં જ વજન ઊઠાવી લઈ, પૂ. દાદાનો પાટો છોડી નાખ્યો. અને એકાદ મહિનો મસાજ કરવાનું જણાવ્યું અને તેની ગોઠવણ કરી.

છેવટે પૂ. દાદાને પગે સારું થયું. પણ પગ સહેજ ટૂંકો થઈ ગયો એટલે તે પગના સ્પેશિયલ બૂટ બનાવડાવ્યા જેથી બંને પગે સરખું ચલાય.

આ પ્રસંગનું તાત્પર્ય એ જ કે જ્ઞાની પોતાના કર્મનો ઉદય કેવી રીતે વેદે છે તે જાણવાનું છે. સામાન્ય મનુષ્ય તો દેહને જરા સરખી પીડા થાય એટલે તરત જ તેના ઉપચાર માટે ડૉક્ટર પાસે જાય અને ડૉક્ટરને વિનંતી કરે કે 'ડૉક્ટર સાહેબ, કાંઈ કરો, સહન નથી થતું.'

દાદાએ અડધી રાત્રે ફ્રૅક્ચર થયું ત્યારે અત્યંત સાહજિકતાથી કોઈને ય ઊઠાડવાની ના પાડી. ડૉક્ટરને પણ બોલાવવાની ના પાડી. દાદાને પોતાના મહાત્માને હાથે જે કાંઈ થાય તે મંજૂર હતું કારણ કે મહાત્માનો સ્પર્શ હતો.


### ૫. અક્રમ વિજ્ઞાનનું લવાજમ

દાદા ભગવાનના શ્રીમુખે પ્રત્યક્ષ જ્ઞાન સરસ્વતી વહ્યાં હતાં તેનું અવતરણ આપ્તવાણીમાં કે બીજા પુસ્તકોમાં કરી હોય તો તે પુસ્તકો છપાવવા માટે જે કોઈ દાન આપે તે લે. દાદાનો દૃઢ મત હતો કે પ્રત્યક્ષ જ્ઞાન સરસ્વતી વેચાય નહીં જેથી પુસ્તકોમાં મૂલ્ય છાપ્યું કે, 'મૂલ્ય : પરમ વિનય અને હું કાંઈ જ જાણતો નથી એ ભાવ.'

ફક્ત અક્રમ વિજ્ઞાન માસિક જેમાં દરેક માસિક અંકમાં પૂ. દાદાની જ્ઞાનવાણી છપાય તેના લવાજમની રકમ લે. જ્યારે આ માસિક શરૂ કર્યું ત્યારે કેમ કરીને તેના વધુ ઘરાક થાય અને દરેકને લાભ થાય તે જ ટ્રસ્ટીઓનો હેતુ.

એક દિવસ ઘણાં બધા મહાત્માઓ દાદા પાસે બેઠાં હતા, ત્યારે અક્રમ વિજ્ઞાન માસિક વિશે વાતો ચાલતી હતી. તે વખતે દાદાએ મને સૂચન કર્યું, "રસિકભાઈ, મારા નામનું આજીવન લવાજમ ભરી દો અને સાથે તમારું પણ ભરી દો."

જેથી મેં અમારા બન્ને નામનું લવાજમ ભર્યું.



એટલે ત્યાં બેઠેલા બીજા જેટલાએ આજીવન લવાજમ નહોતું ભર્યું તે બધાએ ફટાફટ ભરી દીધું !

## ૬. ભાવનાં ભજીયાં

દાદા કોઈપણ મહાત્મા કાંઈક નાસ્તાની વસ્તુ બનાવીને લાવે તે અત્યંત ભાવથી આરોગે. અને બાજુમાં મહાત્મા બેઠેલા હોય તેને પણ ખાવા આપે. એક મહાત્મા બહેન ખૂબ જ ભાવથી ભજીયાં પૂ. દાદા માટે બનાવી લાવેલાં. દાદાએ ચાખ્યાં અને બાજુમાં બેઠેલા એક મહાત્માને દાદાએ ખાવા આપ્યાં. પેલા મહાત્માભાઈએ ભજીયું ખાધું અને તરત જ બોલી ઊઠ્યાં કે, 'દાદા, ભજીયું બળેલું છે.' દાદાએ સાંભળ્યું કે તરત જ પેલાં બહેન જે બનાવી લાવ્યાં હતાં તેમને કહ્યું કે, 'લાવો જોઈએ', બીજું ભજીયું દાદાએ ખાધું. દાદાએ ફરી માગ્યું. ફરી ખાધું. આવી રીતે ચાર-પાંચ ભજીયાં ખાધાં.

અહીં દાદા કોઈપણ પ્રકારની ખોડ કાઢયા વગર એક બહેન કેટલા ભાવથી બનાવી લાવ્યાં છે અને 'દાદા ખાશે' તે જ દૃશ્ય દાદા સમક્ષ છે. જેથી દાદા ભજિયાં બળી ગયાં છે તેવો અભિપ્રાય બોલીને નથી આપતા. કારણ લાવનાર વ્યક્તિ કેટલા ભાવથી લાવે છે અને આપણે તરત જ તેનો અભિપ્રાય આપીએ તો લાવનારને કેટલું દુઃખ થાય કે 'દાદાને મે આવું ખાવાનું આપ્યું ?'

પરંતુ દાદા પોતાનું મન સામાને કળવા ના દે, જેથી સામાનો ભાવ પણ ના બગડે.

## ૭. મનુભાઈ રિક્ષાવાળા

હસ્તિનાપુરની રાજસભામાં રાજકારણની ચર્ચા પછી શ્રીકૃષ્ણ ભગવાન પાંડવો પાસે પાછા જવાની તૈયારી કરે છે. દુર્યોધને પોતાના મહેલમાં વિવિધ ભોજન આરોગવા આમંત્રણ આપ્યું. આમંત્રણ ઘાટવાળું હતું. ઉપર છલ્લું હતું. ભાવ નહોતો. શ્રીકૃષ્ણની દૃષ્ટિ મહાત્મા વિદુરજી પર પડે છે. એક ક્ષણ પણ ભગવાનથી દૂર હોય એવો કિંચિત્‌માત્ર ભાવ નથી અને ભગવાન પ્રત્યેની સર્વસ્વ અર્પણતા એમની આંખોમાં ભગવાને નિહાળી. હસ્તિનાપુરના ડહોળાયેલા રાજકારણમાં રહેતા હોવા છતાં સ્ફટિક સમાન નિર્મળ એવા તેમના શુદ્ધ અંતઃકરણને ભગવાને નિરખ્યું અને સામેથી ભગવાને કહ્યું કે, 'અમે વિદુરજીને ત્યાં ભોજન લઈશું' વિદુરજીએ તો ભગવાન શ્રીકૃષ્ણની કૃપા અને કરૂણાથી કરુણા ધન્યતા અનુભવી અને ભગવાનને પોતાના નિવાસ સ્થાને લઈ ગયા-ભગવાને ભોજનમાં ભાજી આરોગી-પણ વિદુરજીએ ભગવાનના એક દિવસના સત્સંગથી-તેમના સામીપ્યથી આત્માના પરમસુખનો અનુભવ કર્યો.

ફક્ત એક જ લગની ભગવાનનાં દર્શન કરું અને આત્મ અનુભવ કરું.

પૂ. દાદાના એક મહાત્મા-નામ મનુભાઈ-પણ ઓળખાણ મનુભાઈ રિક્ષાવાળા, કિલ્લાપારડીના. તેમણે તથા ગામના બીજા મહાત્માઓએ પૂ. દાદા પાસેથી અક્રમજ્ઞાન પ્રાપ્ત કર્યું-નિરંતર દાદાની ભક્તિ કરે. મહાત્માઓને જ્યાં પણ જવું હોય તો પોતાની રિક્ષામાં લઈ જાય. ભાડું નહીં લેવાનું. દાદાના મહાત્માઓ મળે એટલે પૂ. દાદા મળ્યા એવો ભાવ. ગામના મહાત્માઓને અને મનુભાઈને મનમાં એવું કે દાદા કિલ્લાપારડી પધારી સત્સંગ કરે તો કેટલો આનંદ થાય. પણ, બધાની સ્થિતિ સાધારણ. દાદાને ક્યાં ઉતારીશું ? કેવી સગવડ આપીશું ? એવો મનમાં ક્ષોભ રહે. એક દિવસ મનુભાઈને નવસારી સત્સંગમાં પૂ. દાદાએ કહ્યું કે અમે કિલ્લાપારડી આવી બે-ત્રણ દિવસ સત્સંગ આપીશું. મનુભાઈનો આનંદ નથી સમાતો. નક્કી કરેલા દિવસે પૂ. દાદા કિલ્લાપારડી ગયા. મનુભાઈએ અને ગામના બીજા મહાત્માઓએ તો દાદાનાં દર્શન કરી, પોતાના ઘરે ત્રણ દિવસ દાદાની સેવામાં ખડે પગે રહી પરમ ધન્યતાનો અનુભવ કર્યો.

જેમ ઠાકોરજીને ભોજનથાળ ધરાવતી વખતે 'થાળ'નું ભજન ગાવાનો રિવાજ છે એમ કિલ્લાપારડીના મહાત્માઓએ દાદા ભગવાન જમવા બેઠા ત્યારે થાળ ગવડાવ્યો.

"મારી ઝૂંપડીએ પધાર્યા રે મૂળજી ઝવેરબા ના લાલા,

મારા મનમાં આનંદ ના માય રે......હો....ઓ....ઓ

એક બાજુ થાળનું ભજન ગવાય ને એક બાજુ દાદા જમે ! અદ્દ્ભુત દશ્ય ખડું થયું.

## ૮. છોટાઉદેપુર આરસની ખાણ અને કન્યાશાળા સ્કૂલની મુલાકાત



વર્ષ : ૧૯૮૫

અમે થોડાક મહાત્માઓ દાદા સાથે છોટાઉદેપુર મ. મનહરભાઈ શાહને ત્યાં સુરત મંદિરના બાંધકામ માટે ડોલોમાઈટ પત્થરની ખાણ ઉપર ગયા હતા.

સીમંધર સ્વામીનું મંદિર બાંધવાનું સુરત-કામરેજ ચાર રસ્તા નજીક હાઈવે ઉપર શરૂ કર્યું હતું. આ બાંધકામની દેખરેખ પૂ. દાદા પોતાની આગવી સૂઝથી કરતા અને કેમ કરીને દાનમાં આવેલી રકમનો ઉપયોગ યોગ્ય રીતે થાય અને ખોટો ખર્ચ ના થાય તેની દાદા ખાસ તકેદારી રાખતા.

મ. મનહરભાઈ શાહનું રહેઠાણ છોટાઉદેપુરમાં હતું અને તેમનું ડોલોમાઈટ દળીને તેનો પાવડર કરી વેચવાનું કારખાનું હતું. બીજા કેટલાયનાં તેવાં કારખાનાં ત્યાં હતાં.

આ ડોલોમાઈટ પત્થરનો ઉપયોગ મંદિર બાંધવામાં થાય તો સસ્તું પડે તેવું દાદાના લક્ષમાં આવ્યું અને મ. મનહરભાઈની મદદથી ખાણમાંથી ખાણકી કાઢી ત્યાં છોટાઉદેપુર પત્થર કટિંગનું કારખાનું પણ નાખ્યું. જેથી ત્યાં Tiles બનાવી મંદિરની સાઈટ પર સુરત મોકલી શકાય. આ કામ દાદાએ મનહરભાઈને સોપેલું. તથા મોટા બ્લૉક કાપવા માટે દાદાએ બીજી મશીનરી સુરત મંદિર જ્યાં બંધાતું હતું ત્યાં મૂકી કાપવાનું શરૂ કર્યું.

એટલે દાદા છોટાઉદેપુરની ખાણ પર અવારનવાર પત્થરની તપાસ કરવા જતા. જ્ઞાનીપુરુષ બપોરે તાપમાં ખાણમાં ઊભા રહે અને જાતે પત્થરની તપાસ કરે. તેવી રીતે એક વખત અમે પણ થોડાક મહાત્માઓ પૂ. દાદા સાથે છોટાઉદેપુર ગયા હતા. રસ્તામાં બોડેલી નજીક કકરોલીયા ગામે દાદાના મહાત્મા ભાદરણના શ્રી ચતુરકાકાને ઘરે દાદા થોડોક આરામ કરી, જમી કરી, સત્સંગ કરી પછી છોટાઉદેપુર જવા નીકળ્યા.

છોટાઉદેપુર પહોંચી ખાણ પર દાદા ગયા અને જે પત્થર કાઢવાનો હતો તેની તપાસ કરી, મ.મનહરભાઈને યોગ્ય માર્ગદર્શન આપી પત્થર કાઢી Block માટે મોટા પત્થર સુરત મોકલવા સૂચન કર્યું. તથા બાકીના પથ્થરનાં પાટિયાં કાઢી size કરી સુરત મોકલવા જણાવ્યું.

છોટાઉદેપુર ભાદરણના ચંદુભાઈ પટેલ રહે, જે આદિવાસીઓની સેવા કરતા અને આદિવાસી છોકરીઓની કન્યાશાળા ચલાવતા. તેઓશ્રીએ દાદાને તેમની કન્યાશાળામાં પધારવા આમંત્રણ આપ્યું. દાદાએ તે સ્વીકાર્યું. અને બપોરે ચારેક વાગ્યે કન્યાશાળામાં જવાનું નક્કી કર્યું. જમી પરવારી થોડોક આરામ કરી દાદા ચંદુભાઈના સંચાલન હેઠળની આદિવાસીની કન્યાશાળામાં ગયા. સાથે અમે મહાત્માઓ પણ હતા.

કન્યાશાળામાં પહોંચ્યા અને જોયું તો એક હૉલમાં ૧૦ થી ૧૨ વર્ષની છોકરીઓ સુંદર વેશમાં વિનયથી ઊભી હરોળમાં લાઈનસર બેઠેલી. દાદાએ જઈને "દાદા ભગવાનના અસીમ જય જયકાર હો" બોલાવવાનું શરૂ કર્યું. દસેક મિનિટ કીર્તનભક્તિ બોલાવી. પછી એક આપ્તપુત્રને નાની કોરા કાગળની કાપલીઓ દરેકને આપવાની કહી. તે પ્રમાણે દરેક છોકરીને કાપલીઓ આપી. પછી દાદાએ જણાવ્યું કે જે બહેનોને જે કાંઈ પ્રશ્નો પૂછવા હોય તે આપેલી કાપલીમાં લખી મોકલાવે તો તેના ખુલાસાભેર જવાબ મળશે.

જેને-જેને પ્રશ્નો હતા તે બધાએ કાપલી પર લખી દાદા પાસે મોકલાવ્યા. દાદાએ દરેકની કાપલીઓ એકસરખી ગોઠવી અને વાંચવાનું શરૂ કર્યું. પહેલી જ કાપલીમાં એક કન્યાએ પૂછ્યું હતું "દાદા, 'જીવો જીવસ્ય ભોજનમ', તો અમારે ખાવું શું?"

જુઓ, આપણે મોટા શહેરમાં રહેનારા, સારી સ્કૂલમાં ભણનારા જે વિચારી ના શકીએ તે આ ગામડાની આદિવાસીની દીકરીએ સંસ્કૃતમાં પૂછ્યું. જીવ જીવને જ ખાય છે તો તેમાં હિંસા નથી?

જુઓ, દાદાએ શું જવાબ આપ્યો. તેમણે કહ્યું કે, "બેન, જે જીવને તું હાથ અડાડું અને નાસી ના જાય તે જીવ ખાવાનો ભગવાને તને અધિકાર આપ્યો છે. પણ જે જીવને હાથ અડાડું અને ભયના માર્યા નાસી જાય તો તે ખાવાનો

અધિકાર ભગવાને નથી આપ્યો.'' કેટલી સાદી અને સરળ સમજ દાદાજીએ આમીષ ભોજન નહીં લેવાની સમજાવી જે દરેકને તરત જ સમજી શકાય. નાના, યુવાન, મોટી ઉંમરના સર્વેને સમજી શકાય.

આમ, એકેન્દ્રિય જીવો જેવા કે વનસ્પતિકાય જીવોને ખાવાની છૂટ છે. આ ક્રિયામાં આપણને જીવવા માટે સાધન મળી રહે છે અને એકેન્દ્રિય જીવની ઊર્ધ્વગતિ થાય છે. પણ બે-ઈંદ્રિયથી પંચેન્દ્રિય જીવને ખાવાનો અધિકાર નથી આપ્યો, એટલે ત્રસ જીવોને ખાવાનો અધિકાર નથી આપ્યો. કારણ કે તે જીવો develop થયેલા છે. અને પાંચ ઈંદ્રિયવાળા વધુ Develop થયેલા હોય. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર સહિત હોય, ભલે લિમિટેડ હોય. એટલે આ જીવોની હિંસા ના થાય અને તેમને આહાર તરીકે ના ખવાય.

### ૯. કાર ઍક્સિડેન્ટ : દાદાની સાહજીકતાનો અનુભવ

૧૯૮૬: લાભપાંચમનો દિવસ.

હું લાભપાંચમના દિવસે આશરે ૫.૦૦ - ૫.૩૦ વાગ્યે સાંજે ફૅક્ટરી પરથી ઘરે આવ્યો. મોઢું ધોતો હતો તેવામાં જ પૂ. દાદાને ખુરશીમાં બેસાડી આપ્તપુત્રો બીજા માળેથી ઉતારતા હતા. પહેલે માળે આવી મને જોયો એટલે પૂ. દાદાએ કહ્યું કે ''રસિકભાઈ, ચાલો અમારી સાથે ખંભાત. એક ભાઈને ત્યાં મહારુદ્રનો યજ્ઞ થવાનો છે. ત્યાં આપણને બોલાવ્યા છે. અમે જઈએ છીએ તો તમે પણ સાથે ચાલો.'' મે કહ્યું કે, ''દાદા, હું હજુ તૈયાર નથી થયો.'' ત્યારે દાદાએ કહ્યું કે, ''અમે પંદરેક મિનિટ બેસીએ છીએ તમે તૈયાર થઈ જાવ.''

દાદા જ્યાં પણ બહાર જવાના હોય ત્યારે આગલે દિવસે નક્કી કરે કે ગાડીમાં કોણ સાથે જવાનું છે. આ યાત્રામાં મારું નામ નહોતું જેથી હું તૈયાર નહોતો થયો. પણ પૂ.દાદાએ જણાવ્યું એટલે જલદીથી તૈયાર થઈને પૂ. દાદા સાથે નીચે ઊતર્યો અને અમે બધા car માં બેઠા. હું, નીરુબેન, અંજલિબેન, તેમનો ભાણો(અપૂર્વ), આપ્તપુત્ર ભરતભાઈ, દાદા તથા ડ્રાઈવર. ફિયાટગાડી હતી.

ગાડીના ડ્રાઈવર હતા એક ભાઈ તેમનું નામ દત્તુરાવ. રીટાયર્ડ હતા. દાદાના ભાવિ તીર્થંકર પૂ. ચંદ્રકાંતભાઈના પહેલાંના ડ્રાઈવર એટલે અનુભવી, પણ હાલ રીટાયર્ડ થઈ ગયેલા. બધાં ગાડીમાં ગોઠવાઈને બેઠાં. પૂ.દાદા તથા ભરતભાઈ આગળ બેઠા અને અમે બીજાં પાછળ બેઠાં.

આશરે સાંજે ૬-૩૦ વાગ્યે ગાડી સ્ટાર્ટ કરી.

ગાડી છાણીથી આગળ નીકળી વાસદના બ્રિજ પાસે આવી ત્યારે અંધારું થવાની શરૂઆત હતી ત્યારે દત્તુરાવ ગાડી રોડની વચ્ચે ચલાવતા હતા અને સામે પીપડાં મૂક્યાં હતાં તે તરફ ચલાવતા હતા. એટલે મે દત્તુરાવને કહ્યું કે ક્યાં આ બાજુ ગાડી લઈ જાવ છો. એટલે એમણે ગાડી ડાબી બાજુ side માં ચલાવી. મે કહ્યું કે આપણે ઉતાવળ નથી, જરા સાચવીને જોઈને ચલાવજો.



વાસદનો બ્રિજ ઓળંગી અમે બોરસદના રસ્તે વળ્યા એટલે મારી આંખ મીંચાઈ. અને ત્યાં જ મને ખબર ના પડી કે શું થયું ? પણ જ્યારે આંખ ખોલીને જોયું તો બધે ઘોંઘાટ સંભળાયો. એટલે સમજ ના પડી કે શું થયું છે. એટલે થોડાક સ્વસ્થ થઈ ફરી મેં આંખ ખોલી જોયું તો હું રોડ પર નીચે બેઠેલો. પૂ. દાદા, નીરુબેન,ભરતભાઈ પણ રોડ પર બેઠાં હતાં અને આજુબાજુ માણસો ભેગા થયા હતા. એટલે મને ખ્યાલ આવ્યો કે car ને એક્સિડન્ટ થયો છે. દાદાને મોઢા પર વાગ્યું હતું. નીરુબેનને માથામાં વાગ્યું હતું. મને સાધારણ વાગ્યું હતું, એટલે હું ઊભો થઈ અને કોઈ વાહન વડોદરા જતું હોય તેની તપાસ કરવા ગયો.

બન્યું એવું કે સામેથી એક માલ-સામાન ભરેલી ટ્રક આવતી હતી તેની સાથે અમારી ગાડી સીધી અથડાઈ. ડ્રાઈવર બાજુ સારી એવી અથડાઈ હતી જેથી દત્તુરાવને સારું એવું વાગ્યું હતું.

વડોદરા બાજુ જતી એક car વાળા ભાઈએ પોતાની ગાડી ઊભી રાખી, એમ્બેસેડેર ગાડી હતી. તેમણે કહ્યું કે હું પાછળની સીટ ખાલી કરી આપું છું. મારું ફેમિલી આગળ બેસશે અને પાછળ તમે જેને વાગ્યું છે એ બધા બેસી જાવ. જેથી અમે પૂ. દાદાને હાથ પકડી ઊભા કર્યા અને ધીરે-ધીરે ચલાવી પેલા ભાઈની ગાડીમાં પાછળ બેસાડ્યા પછી નીરુબેન અને અંજલિબેન અને તેમનો ભાણો બધાં જ બેઠાં. હું પણ પૂ. દાદા સાથે બેઠો.

ત્યાં ભેગા થયેલા કેટલાકને જણાવ્યું કે બીજું કોઈ વાહન વડોદરા જતું હોય તો ઊભું રખાવી બીજા બે ભાઈઓને જેમને વાગ્યું છે તેમને વડોદરા સયાજી હૉસ્પિટલમાં આવવાનું જણાવો.

અમારી ગાડી પૂ. દાદાને લઈ વડોદરા જવા નીકળી. પેલા ભાઈને મેં જણાવ્યું કે વડોદરા સયાજી હૉસ્પિટલમાં લઈ લો.

દાદા આંખો બંધ કરી શાંત બેઠા હતા. અને હું 'શુદ્ધાત્મા છું. શુદ્ધાત્મા છું' બોલતો-બોલતો દાદાને પીઠ પર હાથ ફેરવતો હતો. દાદાએ પીઠ પર હાથ ફેરવતો હતો તે ના પાડી અને જણાવ્યું કે ''તમે જે બોલો છો, બોલ્યા કરો.'' દાદા બિલકુલ સ્વસ્થ હતા પણ મોઢા પર સારું એવું વાગ્યું હતું. મોઢા પર સોજો આવ્યો હતો. અંજલિબેનને વધુ વાગ્યું હતું. રાત્રે આશરે દસ-સાડા દસ વાગ્યે અમે સયાજી હૉસ્પિટલમાં ઈમરજન્સી વૉર્ડમાં આવ્યાં.

મેં સ્ટાફના એક ભાઈને કહ્યું કે સુપરિન્ટેન્ડન્ટ ડૉ. ત્રિવેદી સાહેબને ફોન કરી જણાવો કે દાદા ભગવાનને Car Accident થયો છે તો આપ તરત જ આવો. મહાત્માઓને ફોન કરી હકીકત જણાવી સયાજી હૉસ્પિટલ આવવા જણાવ્યું.

દાદાને બે દિવસ પછી હૉસ્પિટલમાંથી રજા આપી. પૂ.દાદા ઘરે આવ્યા. પણ જીભમાં દાંત પેસી ગયો હતો, જેથી ચીરો પડ્યો હતો. તેથી જમવામાં તકલીફ પડતી જેથી મહાત્મા ડૉ. પૂજારીને બતાવ્યું. ડૉ.પૂજારીની હૉસ્પિટલમાં લઈ ગયા અને ડૉક્ટરે ટાંકા લીધા. એકાદ અઠવાડિયા પછી ટાંકા કાઢી લીધા.

દાદાના અકસ્માત પછી મહાત્માઓને જેમ-જેમ ખબર પડી તેમ-તેમ મહાત્માઓ પૂ. દાદાની ખબર અંતર પૂછવા તથા દર્શન કરવા ઘરે આવતા.

પૂ. સંઘપતિએ બધાને શિસ્ત રાખવા જણાવ્યું અને જાહેર કર્યું કે દાદાજીને આરામ મળે તે હેતુથી કોઈ મહાત્મા થોડાક દિવસ પૂ. દાદાના દર્શને ના આવે. એટલે બધા આવતા બંધ થયા એટલે પૂ. દાદાને ખબર પડી કે સંઘપતિના આદેશથી મહાત્માઓ આવતા નથી. જેથી દાદાએ મને બોલાવી જણાવ્યું કે, “શા માટે અપશુકન કરો છો ? બધા મહાત્માઓને દર્શન કરવા આવવા દો.” જેથી મેં બધા મહાત્માઓને દાદાના દર્શન કરવા આવવા દીધા.

દાદા તો મહાત્માઓને મળી તેમની તબિયત સુધરવા લાગી. અને મોઢા પરનો મૂઢ માર ધીરે-ધીરે વિખરાવા લાગ્યો અને દાદા પહેલાંના જેવા જ સ્વસ્થ થવા લાગ્યા તથા મોઢા પરની લાલાશ દૂર થવા લાગી.

અકસ્માતના બે-ત્રણ દિવસ પછી અમદાવાદના મહાત્માઓ આખી બસ કરી દાદાના દર્શને આવ્યા. પૂ. દાદાને ખબર પડી એટલે તેમણે મહાત્માઓ માટે જમવાની સગવડ કરવા એક મહાત્માને જણાવ્યું. જેથી તે પ્રમાણે વ્યવસ્થા કરી. અમદાવાદથી બસ આવી. મહાત્મા કસ્તુરભાઈએ તથા અમદાવાદના સંઘપતિ મહાત્મા રમેશભાઈએ બધી ગોઠવણી કરી બસમાં લાવવાની વ્યવસ્થા કરી હતી.

બધા મહાત્માઓ પૂ. દાદાનાં દર્શન કરી કૃતાર્થ થયા. બધાને ખૂબ આનંદ થયો પણ મનમાં એક વાત ઘોળાયા કરે કે જલ્દીથી જવું છે. જેથી પૂ. દાદાની રજાની મંજૂરી માગી. પૂ.દાદાએ કહ્યું કે જમવાની વ્યવસ્થા કરી છે માટે જમી કરી થોડોક આરામ કરી અમદાવાદ જશો.

મહાત્મા કસ્તુરભાઈએ દાદાને જણાવ્યું કે “દાદા, અમે બસમાં અહીંથી નારેશ્વર જવાના છીએ અને પછી ત્યાંથી અમદાવાદ પાછા જઈશું. આ તો અમને મનમાં થયું કે દાદાની ખબર કાઢી, બસ કરી છે તો નારેશ્વરમાં પણ દર્શન કરી પાછા અમદાવાદ આવીશું.”

પૂ. દાદાએ માર્મિક રીતે જણાવ્યું કે, “જુઓ, આ લોકોએ કેવી ચાલાકી કરી કે દાદાનાં દર્શન કરતા જઈશું અને નારેશ્વર પણ જઈ આવીશું. આ બંનેમાથી એકેયનું ફળ ના મળે !”

દાદાએ ઠપકાપૂર્વક જણાવ્યું કે, “દાદાનાં દર્શને આવ્યા છો કે સહેલ કરવા ? જ્ઞાનીપુરુષના દર્શને જાવ તો ફક્ત તે જ લક્ષ હોવું જોઈએ, પછી બીજું લક્ષ ના હોવું જોઈએ; તો જ જ્ઞાનીપુરુષના દર્શનનો લાભ મળે, નિષ્ઠાપૂર્વકનો દર્શનનો લાભ મળે. અને એકની સાથે બીજો લાભ લઈએ તો બેભરમું થઈ જાય. માટે લક્ષ એક જ હોવું જોઈએ જેથી તેનો લાભ મળે. આ તો એવું નક્કી કરીને નીકળે કે બજારમાં શાક લેતા જઈશું અને મામાની પોળે દાદાનાં દર્શન કરતાં આવીશું. તો તે

ઘાટવાળાં દર્શન કર્યાં.''

જણાવવાની જરૂર નથી કે બધા મહાત્માઓ પાછા અમદાવાદ ગયા અને થોડાકે તો બીજે દિવસે પાછા વડોદરા આવી પોતાની ભૂલની અને અવિનયની દાદાની ક્ષમા માંગી.

દાદા હૉસ્પિટલમાંથી ઘરે આવ્યા એટલે મહાત્મા રામમોહન જેઓ દાદાની જન્મજયંતી નવસારી મુકામે ઉજવવાના હતા તેઓ નવસારીથી વડોદરા દાદાને મળવા આવ્યા. દાદાના મોઢા પર સોજા જોયા અને જનરલ હાલત દાદાની જોઈ તેમણે પૂ.દાદાને વિનંતી કરી કે ''દાદા, નવસારી જન્મજયંતીની ઉજવણી મોકૂફ રાખીએ.''



દાદાએ એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર જણાવ્યું કે, ''જન્મજયંતીની ઉજવણીની તૈયારી કરો. અમે આવીશું.'' દાદાની શારીરિક હાલત તે વખતે એવી હતી કે દાદાથી દસેક દિવસ પછીની ઉજવણી કરવાની દાદાની જન્મજયંતીમાં નવસારી જઈ શકાય તેમ નહોતું. પણ દાદાએ ભારપૂર્વક મહાત્મા રામમોહનભાઈને જણાવ્યું કે ''તમે નવસારી પાછા જાવ અને જન્મજયંતીની ઉજવણી કરવાની તૈયારી કરો. દાદા ત્યાં જરૂરથી આવશે અને બહુ સુંદર રીતે જન્મજયંતી ઉજવાશે.''

જે જ્ઞાનીપુરુષ પોતાના દેહમાં એક ક્ષણ પણ ના રહેતા હોય તે જ આવો દૃઢ નિર્ણય લઈ શકે. નિશદિન જેને આત્મામાં જ ઉપયોગ છે અને ક્ષણવાર પણ દેહાત્મબુદ્ધિ નથી તેઓને મન, વચન, કાયાની કોઈ જ પીડા ભોગવવી ના પડે. અર્થાત્ 'દાદાને જે અકસ્માત નડ્યો તે દાદાએ ભોગવ્યો જ નથી ફક્ત પોતાનું ઉદયકર્મ જોયું પણ તેમાં Involve ના થયા.'



પૂ. દાદાની દૃઢતા જોઈ મ. રામમોહનભાઈ અતિ ઉત્સાહ સાથે જન્મજયંતીની ઉજવણી માટે પાછા નવસારી ગયા. કારતક સુદ ચૌદશના દિવસ એટલે જન્મજયંતીના દિવસ પહેલાં પાંચેક દિવસ વહેલા દાદા નવસારી ગયા અને બહુ જ ભવ્ય રીતે જન્મજયંતીની ઉજવણી કરી મહાત્માઓને દર્શનનો તથા શોભાયાત્રાનો લાભ આપ્યો. આ પ્રસંગે દાદાને જેઓએ નિહાળ્યા હશે તેઓને ખ્યાલ પણ નહીં હોય કે આ જ દાદાને દસેક દિવસ પર ભયંકર car અકસ્માત થયો હતો. દાદાનું આત્મબળ જોવાનો, પ્રતિકૂળ સંજોગોમાં પણ તેમની સાહજીકતાનાં દર્શન કરવાનો અપૂર્વ અવસર મહાત્માઓને પ્રાપ્ત થયો.

### ૧૦. ચંદુભાઈની ઉઘરાણી : દાદાની કરુણા

દાદાનો વ્યવહાર ઊંચામાં ઊંચો અને આદર્શ વ્યવહાર હતો. ઘણી બધી વ્યક્તિઓ સાથે દાદા રોજ વ્યવહાર કરે. દાદા પાસે આવેલી વ્યક્તિ મૂંઝવણમાં આવી હોય કે મુક્ત-મનથી આવી હોય પણ, દાદા પાસેથી સંતોષ અને આનંદ પ્રાપ્ત કરીને જાય. કોઈ, કોઈ ભેટ આપવા આવ્યું હોય કે, કાંઈ લેવા આવ્યું હોય, પઝલ લઈને આવ્યું હોય કે દર્શન અર્થે આવ્યું હોય, દાદાના પ્રેમનો પ્રવાહ એકધારો અને એકસરખો. તેમ છતાં દરેક વ્યક્તિ સરખી નથી હોતી. કોઈને ક્વચિત્ કોઈ વ્યવહાર પ્રસંગમાં દાદાથી સંતોષ ના પણ થાય. પોતાનાં દૃષ્ટબિંદુથી તે પોતાને સાચો જ માને. દાદાના વ્યવહાર સાથે કોઈનેય અનુકૂળતા ના આવી તો દાદા શા આધારે તેને જે કાંઈ કહે છે, તે સમજવાની શક્તિ આવનાર વ્યક્તિ પાસે ક્યાંથી હોય? કારણ કે, તે પુદ્ગલના નફા ખોટમાં નિરંતર રહે છે. બુદ્ધિ-આગ્રહ વિગેરે નડે છે.

વડોદરામાં કોઠી ચાર રસ્તા પર આવેલી એક ખુલ્લી જમીનમાં ચાર જાણ સરખે ભાગે ભાગીદાર હતા. તેમાં ૧/૪ ભાગ પૂ. દાદા ભગવાનને નામે - ૧/૪ ભાગ દાદા ભગવાનના ભાગીદાર કાન્તિભાઈ તથા તેમના દીકરાઓનો તથા ૧/૪ ભાગ દાદાના મામાના દીકરાનો અને ૧/૪ ભાગ અન્ય એક વ્યક્તિ (નામ આપીશું 'ચંદુભાઈ') જેઓએ પૂ. દાદા પાસેથી જ્ઞાન લીધું હતું તેમનો હતો. 'ચંદુભાઈ' સાથે દાદાનો વર્ષો જૂનો પરિચય. વ્યવહારથી દાદાને ઘરે મળવા આવે. ખાનદાન કુટુંબના. મકાન બાંધવાનું નક્કી કર્યું. ભાઈ પાસે પોતાના ભાગનું જેટલું મકાન બંધાય તેના પૈસા રોકવા માટે તે ભાઈ પાસે નહીં. પરંતુ દાદાએ તે સમજી ગોઠવણ કરી આપી. અને તે ભાઈને મકાનનું બાંધકામ થાય ત્યાં સુધી વહીવટ તેમને સોંપ્યો. અને મકાન પૂરું થાય ત્યારે તેમના ભાગનો હિસ્સો તેમણે લેવાનો.

આ જમીન પર પૂ. કનુદાદાએ મકાન બાંધવાનો પૂ. દાદાની અનુમતિથી નિર્ણય લીધો. 'ચંદુભાઈ' પાસે પોતાના ભાગનું જેટલું મકાન બંધાય તેના પૈસા રોકવા માટે તે ભાઈ પાસે નહીં. પરંતુ દાદાએ તે સમજી ગોઠવણ કરી આપી. અને તે ભાઈને મકાનનું બાંધકામ થાય ત્યાં સુધી વહીવટ તેમને સોંપ્યો. અને મકાન પૂરું થાય ત્યારે તેમના ભાગનો હિસ્સો તેમણે લેવાનો.

કામ પૂરઝડપથી ચાલ્યું અને ચાર માળનું મકાન બંધાયું. જેથી, શરૂઆત કરતાં પહેલાંની શરત મુજબ દરેકને ભાગ બાંધકામનો ૧/૪ હિસ્સો આવતો, જે દરેકે વહેંચી લીધો. જે ચોથા ભાગીદાર હતા ('ચંદુભાઈ') તે પણ કૉન્ટ્રાકટનો ધંધો કરતા પણ કામના અભાવે નાણાની તંગીમાં હતા. પણ તેઓને ૧/૪ ભાગ તરીકે તેમના ભાગે જે બાંધકામ કરેલો ભાગ આવ્યો હતો તેમાંથી તેઓએ વેચ્યો જેમાંથી તેઓને સારી એવી રકમ મળી.

મકાનનો પ્રોજેક્ટ પૂરો થયો એટલે પેલા ભાઈને તો વગર મૂડીના રોકાણથી બાંધકામમાં પોતાનો હિસ્સો મળ્યો. પણ, જગત ઉપકાર નથી જોતું. પણ, જ્યારે લોભની ગાંઠ ફૂટી નીકળે છે, ત્યારે કેમ કરીને વધુ મળે ભલે ને પછી તે અણહક્કનું હોય, તેવું ઇચ્છે. આવો જ વિચાર પેલા ભાઈને દાદા તથા દાદાના ભાગીદાર પાસેથી વધુ પડાવી લેવાની વૃત્તિ જાગી. આ ભાઈએ દાદા પાસેથી જ્ઞાન પણ લીધું હતું. પણ, ભરેલો માલ ખાલી કરવામાં કાચા પડ્યાં અને વિભાવિકતાની

સત્તામાં દાદાનો ઉપકાર ભૂલ્યા. દાદાને પત્ર લખ્યો કે, એવોએ મકાન બાંધવામાં જે વહીવટ કર્યો તેના મહેનતાણા પેટે અમુક રકમની માંગણી કરી અને જણાવ્યું કે ''દાદા, આ બે વર્ષ મેં કનુભાઈની ગેરહાજરીમાં બાંધકામ પર દેખરેખ રાખી તે બદલ મારો પગાર આટલો થાય છે (રકમ તેમણે પૂ. દાદાને કહી ) તે આપો.''

દાદા કહે કે, ''એ કેવી રીતે બને ? તમે પોતે જ કામ કરવા સ્વેચ્છાએ તૈયાર હતા. વળી મકાન બાંધવા કનુભાઈ વ્યાજ પર રકમ લાવ્યા હતા અને તમે તો કશું ય રોકાણ કર્યું નથી અને બાંધકામ પછી તમારા ભાગનું બાંધકામ તમને મળી ગયું છે અને કશા જ રોકાણ વગર સારી એવી રકમ મળી છે. તે ઓછું છે ?''

પણ પેલા ભાઈ માને જ નહીં. પૂ. દાદાની પાસે અવારનવાર પહેલેથી આવતા અને જ્ઞાન પણ લીધેલું પણ પાંચ આજ્ઞા પાળવાની અજાગ્રતિને લીધે કષાયોથી ઘેરાઈ ગયેલા. લોભ ઉત્પન થયો અને ખોટો લાભ ઊઠાવવાની વૃતિ જાગી. મનુષ્યને જ્યારે કષાયનું આવરણ આવે છે ત્યારે, હિતા-હિતનું ભાન ખોઈ નાખે છે. તેને પોતાના સ્વાર્થ વગર કશું જ દેખાતું નથી. જ્ઞાન લીધું હોવા છતાં શું નફો થયો તે લોભવૃત્તિ જાગ્રત થતાં, અને તે કષાયની સત્તામાં જ વિચરવાથી સાચી હકીકતનો વિવેક મનુષ્ય ભૂલી જાય છે અને તે પણ પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષની સમક્ષ. કેવી કર્મની વિચિત્રતા ?

દાદાએ તેમને કહ્યું કે ''કાંતિભાઈએ આ જમીન વીસ વર્ષ પહેલાં ખરીદેલી અને ત્યારથી કનુભાઈએ આ જમીનની દેખરેખ રાખી (બીજા કોઈ ભાગીદાર જમીન જોવા પણ નહોતા આવતા) તેની રકમ મૂકો અને તે રકમની ૧/૪ ભાગની તમારી રકમ તમે કનુભાઈને આપો.''

પેલા 'ચંદુભાઈ' કહે, ''એ તો કેવી રીતે અપાય ?''

એટલે દાદાએ કહ્યું કે, ''તો આ તમારી રકમ પણ કેવી રીતે અપાય ?''

પણ આ 'ચંદુભાઈ' ને કષાયનું વાતાવરણ ફરી વળ્યું હતું જેથી તેમને કાંઈ સ્વચ્છ દેખાતું નહોતું. માણસને લોભની ગાંઠ ફરી વળે ત્યારે આંધળો થઈ જાય.

દાદાએ આ ગેરવ્યાજબી માંગણીને પોષી નહીં અને પેલા ભાઈને સમજાવ્યા. પેલા ભાઈ તો સમજે જ નહીં અને ઊલટું દાદા અને દાદાના વ્યવહાર માટે કષાય વધ્યા. તેમણે પૂ. દાદા પાસે આવવાનું બંધ કર્યું. પરંતુ પત્રથી તેમની માંગણી ચાલુ રાખી. અને વધુ પત્રો લખ્યા અને ભાષા પણ આક્ષેપવાળી અને કષાયવાળી પત્રોમાં લખે. સમય જતાં તેમણે પૂ. દાદાને રજિસ્ટર્ડ પત્રો લખ્યા. આ ભાઈએ દાદા પાસે અને આ પ્રોજેક્ટના બીજા બે ભાગીદારો પાસે પણ પૈસા માંગ્યા. કુલ ચાર ભાગીદારો, જેથી દાદાને અને તેમના ભાગીદારને ભાગ જે રકમ આપવાની થાય તે તેમની પાસે માંગે.

પરંતુ દાદાએ કાંઈ જવાબ ના આપ્યો એટલે સાવ છેલ્લી કક્ષામાં ઉતરી તેમણે પૂ. દાદાને ધમકી આપી કે ''હું છાપામાં છપાવીશ''.

આ ભાઈએ પૂ. દાદાની ભયંકર વિરાધના કરી કર્મની ભયંકર ગાંઠ બાંધી. મને આ પ્રસંગ પરથી ખ્યાલ આવ્યો કે

આ ભાઈએ જ્ઞાનીની જે વિરાધના કરીને મહાત્મા થઈને કર્મ બાંધ્યું છે તે ઠીક નથી કર્યું અને આનો ઉકેલ આવે તેવી ઇચ્છા કરી.

થોડોક સમય ગયો, દાદા ૧૯૮૭માં અમેરિકા સત્સંગ માટે ગયા અને ભારત પાછા આવ્યા અને આવીને બીજે જ દિવસે (કદાચ ધનતેરસનો દિવસ હશે.) પૂ.દાદાએ મને કહ્યું કે ''રસિકભાઈ, આપણે પેલા 'ચંદુભાઈ'નો કેસ ઉકેલવો છે.''

''મારો પણ આવો જ વિચાર છે'' મેં જણાવ્યું.

પૂ. દાદાને કે કોઈ ભાગીદારે પેલા 'ચંદુભાઈ'ને કોઈ જ રકમ આપવાની નહોતી થતી, પણ જ્ઞાનીપુરુષ તો સર્વ જીવનું કલ્યાણ જ ઇચ્છે અને આ 'ચંદુભાઈ' તો પાછા દાદાના મહાત્મા તે જો જ્ઞાનીપુરુષ સાથે કષાય કરી કર્મની ગાંઠ બાંધે તો ક્યાં ગતિ થાય ?

દાદાએ મને જણાવ્યું કે તેઓશ્રી તેઓના ભાગની (૧/૪ ભાગની રકમ જે મને દાદાએ જણાવી અને મને પણ યોગ્ય લાગી) રકમ પેલા 'ચંદુભાઈ'ને આપવા માંગે છે. બીજા ભાગીદારોને જે કરવું હોય તે કરે. અને મેં પણ દાદાને કહ્યું કે '' દાદા બરાબર છે'' જેથી દાદાએ મને એ રકમ તૈયાર રાખવા જણાવ્યું.

બેસતું વર્ષ આવ્યું એટલે પેલા ભાઈ 'ચંદુભાઈ' દર વર્ષે બેસતા વર્ષના દિવસે પૂ. દાદાને પગે લાગવા આવે, તેમ આ વર્ષે પણ આવ્યા. એટલે પૂ. દાદાએ મને બોલાવ્યો અને પેલી રકમ જે નક્કી કરી હતી તે લઈ આવવા જણાવ્યું. મેં તે રકમ લાવીને પૂ. દાદાના હાથમાં કવર મૂક્યું. એટલે પૂ. દાદાએ પેલા 'ચંદુભાઈ'ને તે રકમ આપી જણાવ્યું કે, ''લો, તમે જે ઉઘરાણી કરતા હતા તે રકમ, અમે અમારા ભાગની આપીએ છીએ. હવે સંતોષ થયો ?''

પેલા ભાઈએ જણાવ્યું કે તેમને સંતોષ છે અને જણાવ્યું કે, 'દાદા, મારાં પત્ની આવે તેમને આપજો.'

દાદાએ ફરીથી પૂછ્યું, ''રાજી છો ને ?''

પેલા 'ચંદુભાઈ'એ કહ્યું કે, ''હા, દાદા રાજી છું.''

પૂ. દાદાએ 'ચંદુભાઈ'નો હાથ પોતાના હાથમાં લઈ અને દાદાએ પોતાના માથા ઉપર મૂકી ફરી પૂછ્યું , ''રાજી છો?''

'ચંદુભાઈ'એ કહ્યું કે ''હા, દાદા રાજી છું.''

તેમનાં પત્ની બેસતા વર્ષે પૂ. દાદાને દર્શને આવી પગે લાગ્યાં ત્યારે પૂ. દાદાએ તેમને પેલી રકમ આપી.

આ રીતે જ્ઞાનીપુરુષ પૂ. દાદા ભગવાને એક મહાત્માને કર્મના બંધનમાંથી અત્યંત કરુણા કરી છોડાવ્યા તથા પોતે પણ તેનાથી ૠણમુક્ત થયા અને તેમની સાથે સમતાથી નિકાલ કર્યો. Account ચોખ્ખું કર્યું.

દાદા કહેતા હતા કે, એક પણ વ્યક્તિનો ક્લેઈમ તમારી સામે ઊભો હોય તો મોક્ષે ના જઈ શકાય. બધાની જ લીલી ઝંડી હશે તો જ મોક્ષે જઈ શકશે. કોઈને પણ, કિંચિત્‌માત્ર દુઃખ ના થાય, આપણા પ્રત્યે અભાવ ના થાય અને રાજીપો તેના તરફથી પ્રાપ્ત થાય તો જ સમભાવે નિકાલ થઈ શકે.

## ૧૧. અહિંસા : રૂમ હીટર



ડિસેમ્બર : ૧૯૮૭

પૂ. દાદા મારે ઘરે નાજુક તબિયતને કારણે આરામ કરતા હતા.

એક દિવસે કમોસમી વરસાદ પડ્યો અને ઠંડી વધી. જેથી પૂ.દાદાની રૂમની બારીઓ બંધ કરી હતી. જેથી ઠંડી ઓછી લાગે. દાદાને વૈદ્યની દવા ચાલુ હતી. ખોરાક પણ બહુ લેવાતો નહોતો અને તેમાં પાછી ઠંડી વધી હતી. જેથી મેં મારાં પત્ની મ. રંજનબેનને જણાવ્યું કે ઠંડી છે તો દાદા માટે સગડી ઉપર મોકલી આપો. જેથી રંજનબેને સગડી(કોલસાની) શેકવા મોકલી આપી.

બપોરે ફરીથી સગડી મોકલી આપવા જણાવ્યું. જેથી ફરીથી મોકલી આપી.

આમ કરતાં સંધ્યાકાળે મહાત્માઓ દર્શન કરવા આવ્યા, ત્યારે બધા બેઠા હતા ત્યારે સાધારણ રીતે ઠંડી બાબતની વાત નીકળી. જેથી મેં જણાવ્યું કે વાર- વારે સગડી સળગાવીએ છીએ તેના કરતાં જો કોઈ ઇલેક્ટ્રિક હીટર હોય તો સારું જેથી થર્મોસ્ટેટને લીધે થોડી-થોડી વારે ગરમી મળે. ત્યાં મ. જશુભાઈ વકીલ સાહેબ બેઠા હતા તેમણે કહ્યું કે મારે ત્યાં છે. જેથી મેં જણાવ્યું કે "હું કોઈને તમારે ઘરે મોકલું છું તો તે ભાઈને ઇલેક્ટ્રિક હીટર આપશો ?" મ. જશુભાઈએ હા પાડી.

જેથી એક ભાઈને મોકલી મ. જશુભાઈને ત્યાંથી હીટર રાત્રે લગભગ ૯ વાગ્યે મંગાવ્યું.

પૂ. દાદા પાટ પર બેસી as usual આપ્તપુત્રો સાથે સત્સંગ કરતા હતા. રૂમનું બારણું તથા બારીઓ ઠંડીને લીધે બંધ હતી. તે સમયે લગભગ ૧૦:૩૦ વાગ્યે રાત્રે રસિકભાઈએ ઉપર દાદાની રૂમમાં જઈ સામી દીવાલ નજીક એક સ્ટૂલ પર ઇ. હીટર મૂકી કનેક્શન કરી ચાલુ કર્યું.

થોડાક સમયમાં ઇ.હીટરના એલિમૅન્ટ્સ ગરમ થવા લાગ્યા અને લાલચોળ થવા માંડ્યા. દાદાએ દૂરથી બેઠાં આ જોયું અને તરત જ મને પૂછ્યું કે પેલું શું છે ? એટલે મેં જણાવ્યું કે દાદા ઠંડી વધી છે જેથી ઇ. હીટર મૂક્યું છે જેથી આપને તકલીફ ના પડે.

દાદાએ બીજી જ ક્ષણે જણાવ્યું કે, ‘‘બંધ કરી દો, મારે જરૂર જ નથી. મને ઠંડી નથી લાગતી.’’ મેં આગ્રહ રાખ્યો કે ‘‘દાદા, છો ને રહ્યું, રૂમ ગરમ રહેશે.’’ એટલે દાદાએ વિના વિલંબે કહ્યું કે, ‘‘કાઢી નાખો એને. મારે તેની જરૂર નથી. કોનું છે આ હીટર ?’’ એટલે મેં જણાવ્યું કે, ‘‘મ. જશુભાઈ વકીલનું છે.’’ એટલે દાદાએ તરત જ જણાવ્યું કે, ‘‘હમણાંને હમણાં જ તેઓને પાછું આપી આવો.’’ મેં કહ્યું કે, ‘‘દાદા, અત્યારે રાત્રે મોડું થયું છે. લગભગ ૧૧-૩૦ વાગ્યા છે જેથી સવારે આપી આવીએ’’. તો દાદાએ જણાવ્યું કે, ‘‘હમણાં જ આપી આવો.’’ મેં ફરીથી કહ્યું કે, ‘‘દાદા, અત્યારે તેઓ સૂઈ ગયા હશે, માટે સવારે આપી આવીશું.’’

એટલે પૂ. દાદાએ નજીક ઊભેલા આપ્તપુત્ર મ. દીપકભાઈ મહેતાને કહ્યું કે, ‘‘હમણાં જ જશુભાઈને આ હીટર આપી આવ.’’ જેથી મ. દીપકભાઈ મહેતા ઇ. હીટર લઈ મ. જશુભાઈને ઘરે આપવા ગયા. તે ગયા પછી મેં દાદાને પૂછ્યું કે ‘‘દાદા, કેમ અત્યારે જ હીટર પાછું આપવા જણાવ્યું ?’’ ત્યારે દાદાએ ફોડ પાડતા કહ્યું કે, ‘‘આ હીટરની ગરમીમાં કેટલા બધા જીવોની હિંસા થાય છે ?’’ જેથી મેં જણાવ્યું કે ‘‘દાદા, મેં આજે બે વખત સગડી તાપવા મોકલી હતી તેનું શું ? તેમાં પણ જીવોની હિંસા થાય જ ને ?’’ દાદાએ તરત જ જણાવ્યું કે, ‘‘મેં ક્યાં તાપી છે ? મેં તો સગડી દૂર ખસેડી બીજાને ત્યાં બેઠેલા તેમને તાપવા આપી દૂર કરી હતી.’’

એટલે મેં પૂછ્યું કે, ‘‘દાદા, પણ અત્યારે ને અત્યારે જ હીટર જશુભાઈને પાછું કેમ મોકલાવ્યું ?’’ તો દાદાએ જણાવ્યું કે, ‘‘જો બીજે દિવસે મોકલીએ તો જશુભાઈને રાત્રે એવો જ વિચાર આવે કે પૂ. દાદાએ હીટરથી તાપવાનો લાભ લીધો છે. એટલે દાદાને તેનો વાંધો નથી. જેથી આપણે તેનો ઉપયોગ કરીએ તો વાંધો નહીં. તો જશુભાઈ આ પ્રમાણે પોતાનો અભિપ્રાય બાંધી હીટરનો ઉપયોગ કરે તો તેની જવાબદારી મારી ગણાય, અને તેમાં જે જીવોની હિંસા થાય તેનો નિમિત્ત હું જ બનું.’’

અહોહો, કેટલી બધી સૂક્ષ્મ દૃષ્ટિ !!

મહાત્માઓ વિચાર કરજો કે આવા રોજના રોજ આપણે કેટલા દોષ કરતાં હોઈશું ? સૂક્ષ્મ રીતે જોઈએ તો સવારના ઊઠીને તે સાંજના સૂતા સુધી કેટલાય દોષોનું પ્રતિક્રમણ કરવું પડે. બોલો મહાત્માઓ જાગૃતિ રાખશો ?

### ૧૨. શ્રીમદ્ રાજચંદ્રના ભક્તની મુલાકાત

દાદાએ કૃપાળુદેવના લખાણનો એટલો બધો ઊંડો અભ્યાસ કર્યો છે કે દરેક શબ્દ દાદાએ અનુભવની એરણ પર ચઢાવ્યો છે. ખાસ તો શ્રીમદ્જીના દરેક પત્રમાં પ્રત્યક્ષ સદ્ગુરુ પર જે ભાર આપ્યો છે તે અને સ્વચ્છંદ પર.

શ્રીમદ્‌ના લખાણમાં એટલી બધી ગંભીરતા અને સૂચકતા હતી કે દરેકને અસર કરે પણ દાદા જેવા કોઈક જ તેનો જ્ઞાનાર્ક સમજે. બાકી બધા શ્રીમદ્‌નાં પદો કે આત્મસિદ્ધિ શાસ્ત્રની ૧૪૨ ગાથાઓ ગોખી, મોઢે કરી, રોજ બોલે. પણ અર્થ પૂછીએ કે, ‘કૃપાળુદેવ શું કહેવા માગે છે ?’ તો રામ તારી માયા !

આવા જ કૃપાળુદેવના એક ભક્ત દાદા પાસે સત્સંગ અર્થે આવ્યા હતા. શ્રીમદ્‌ના પત્રો વિશે તથા પદો વિશે ઘણું

બધું દાદાને કહ્યું અને જણાવ્યું કે, ''દાદા, ૪૦ વર્ષથી શ્રીમદ્દનાં લખાણો વાંચું છું.''

દાદાએ પૂછ્યું, ''આત્મસિદ્ધિ શાસ્ત્ર વાંચ્યું હશે.'' ત્યારે પેલા ભાઈએ કહ્યું કે, ''૧૪૨ ગાથાઓ મોઢે છે અને કઈ ગાથા કયા પાના પર છે તે બધું જ કંઠસ્થ છે.'' દાદાએ ભાઈને સાહજીકતાથી પૂછ્યું કે, ''શ્રીમદ્દે આત્મસિદ્ધિ શાસ્ત્રમાં ચેતવણીના સૂર મૂક્યા છે તે બોલો.'' એટલે પેલા ભાઈ મૂઢની જેમ દાદા તરફ જોઈ રહ્યા. પાંચેક મિનિટ સુધી કાંઈ જવાબ ના આપ્યો. એટલે દાદાએ ફરી પૂછ્યું કે, ''શ્રીમદ્દના ચેતવણીના સૂર આત્મસિદ્ધિ શાસ્ત્રમાં કયાં છે ? આખી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં આટલું જ જાણવાની જરૂર છે - ચેતવણીના સૂર. બીજા કશાની જરૂર નથી.'' પણ પેલા ભાઈને કાંઈ ખબર ના પડી કે દાદા શું કહેવા માગે છે ? એટલે પેલા ભાઈએ દાદાને પૂછ્યું કે, ''આપ, દાદા કહો.'' દાદાએ તેમને કહ્યું કે, ''તો ૪૦ વર્ષ સુધી શું કર્યું ? ગોખ-ગોખ કર્યું ?''

દાદાએ કહ્યું કે શ્રીમદ્દે લખ્યું છે કેઃ

''રોકે જીવ સ્વચ્છંદ, તો પામે અવશ્ય મોક્ષ;

પામ્યા એમ અનંત છે, ભાખ્યું જીન નિર્દોષ.''

પેલા ભાઈ કહે, ''હા, હા દાદા, શ્રીમદ્દે બહુ સરસ લખ્યું છે.''

એટલે દાદાએ ભાઈને પૂછ્યું કે ''સ્વચ્છંદ ગયો ?''

ત્યારે પેલા ભાઈને કાંઈ સમજણ ના પડી. દાદા કહે કે, ''કૃપાળુદેવ સ્વચ્છંદ કાઢવાનો કહે છે, પણ કેટલાએ કાઢ્યો? ઊલટો વધ્યો.'' દાદાએ કહ્યું કે કૃપાળુદેવે બીજી ગાથામાં ચોખવટ કરી છે કેઃ

'' પ્રત્યક્ષ સદ્દગુરુ યોગથી, સ્વચ્છંદ તે રોકાય;

અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય.''

પેલા ભાઈ કહે કે, ''હા, હા દાદા, કેટલું સુંદર લખ્યું છે !'' એટલે દાદાએ કહ્યું કે, ''કૃપાળુદેવે તો બમણો થાય એવું લખ્યું છે પણ હાલ મોંઘવારી વધી છે એટલે બાવીસ ગણો થાય. બોલો, ક્યારે પાર આવે ? અને સ્વચ્છંદ ના ગયો તો કૃપાળુદેવનું વાંચ-વાંચ કરો કે ગોખ-ગોખ કરો, કશું વળે નહીં. માટે કૃપાળુદેવે જે અંગુલિ નિર્દેશન કર્યું છે કે પ્રત્યક્ષ સદ્દગુરુ શોધજો, બીજું કશું જ કરવાની જરૂર નથી.''

પેલા ભાઈ કહે કે, ''શ્રીમદ્ મળ્યા છે ને ?''

દાદા કહે, ''શ્રીમદ્ તો ગયા. હવે કશું વળે નહીં. હતા ત્યારે લોકોએ કામ ના કાઢ્યું અને હવે તેમનું ગોખ-ગોખ કરે છે.'' દાદા કહે છે કે ''આ કોના જેવી વાત છે ? કહું ?''

પેલા ભાઈ કહે ,''કહોને દાદા.''

દાદા કહે, ''દર્દી ડૉક્ટર પાસે ઉપચાર કરાવવા જાય એટલે ડૉક્ટર તેને મિક્ષ્ચર બાટલીમાં ભરી આપે અને ઉપર ત્રણ કાપાવાળું લેબલ મારી સૂચના લખી આપે-'દવા હલાવીને પીવી'. તે પેલો દર્દી ઘરે જઈને બાટલી પકડી બોલ-બોલ કરે 'દવા હલાવીને પીવી, દવા હલાવીને પીવી.' બોલ્યા જ કરે પણ બાટલીનો બૂચ ખોલીને દવા પીવે નહીં. તેવું આ કૃપાળુદેવના ભક્તો કરે છે. પણ શ્રીમદ્ શું કહેવા માંગે છે તે સમજતા નથી. અને પોતાની મેળે જે સમજે છે તે પ્રમાણે વર્તે છે. પછી ક્યાંથી ઉદ્ધાર થાય?''

શ્રીમદ્ કહેતા કે 'રામ અને મહાવીર તો થઈ ગયા. તેમને ભજવાથી કાંઈ તમને માર્ગદર્શન નહીં મળે. પુણ્યાઈ બંધાશે. પણ માર્ગદર્શન નહીં મળે.' પણ ભક્તોને સમજણ ના પડે એટલે અત્યંત કરુણાસભર કહ્યું કે 'અમે આ કાળના બીજા રામ કે મહાવીર છીએ. અમે તમારી મુક્તિ માટે માર્ગદર્શક બની રહીશું.'

પણ મુખ્યપણે કૃપાળુદેવના લખાણોમાં જે ભાર તેઓશ્રીએ 'સ્વચ્છંદ' અને 'પ્રત્યક્ષ સદ્ગુરુ' પર મૂક્યો છે તે સમજવા જેવો છે. અંતરમાં ઊતારવા જેવો છે. અને 'પ્રત્યક્ષ સદ્ગુરુ'ની શોધ કરવી જોઈએ. 'પ્રત્યક્ષ સદ્ગુરુ'ની પ્રાપ્તિ પછી જ 'સ્વચ્છંદ' જાય અને સદ્ગુરુના માર્ગદર્શન પર ચાલી બધી જ જાતના ખુલાસા પ્રાપ્ત કરી શકાય. જ્યાં સુધી પ્રત્યક્ષ સદ્ગુરુ ના મળે તો પછી જ સદ્ગુરુના લખાણોમાંથી માર્ગદર્શન સ્વાધ્યાય કરીને મેળવી શકાય. પણ આપણી ભાવના તો 'પ્રત્યક્ષ સદ્ગુરુ' પ્રાપ્ત થાય તેની જ હોવી જોઈએ.

૩

# શ્રી દાદા ભગવાન સત્સંગઃ
# મહાત્મા શ્રી રસિકભાઈની નોંધપોથી



## શ્રી દાદા ભગવાન સત્સંગઃ મહાત્મા શ્રી રસિકભાઈની નોંધપોથી

ૐ

॥ નમો વિતરાગાય ॥ ॥ નમો ભગવતે વાસુદેવાય ॥ ॥ નમઃ શિવાય ॥

॥ દાદા ભગવાનના અસીમ જય જયકાર હો ॥

વર્ષઃ ૧૯૬૪

તારીખઃ ૯ જૂન, ૧૯૬૪



☆ કોઈ જીવ જ્યાંથી દેહ છોડવાનો હોય ત્યાંથી અને જ્યાં આવવાનો હોય તેના ઋણાનુબંધને લઈને આવે છે. વીર્ય અને રજ-ના જે જીવો છે તે શરીરના બીજા જીવો જેવા જ પ્રવર્તે છે(લોહીના જીવો જેવા જ). પુરુષનું વીર્ય અને સ્ત્રીનું બીજ છૂટાં હોય ત્યારે કશું કરવાને સમર્થ નથી હોતાં અને દેહ ઉત્પન્ન કરી શકતાં નથી. પણ, જે આત્મા તે બંનેના સંયોગથી (વીર્ય અને રજના) જે સ્ત્રીમાં આવવાનો હોય તો, તે જ વખતે પહેલા દેહનો ત્યાગ કરે છે અને તે વીર્ય અને રજ-ના સંયોગમાં પ્રવેશે છે અને દેહને બાંધે છે. તે યોગ બંનેના-પુરુષ અને સ્ત્રીના પૂર્વના ઋણાનુબંધ ને લઈને, તેટલું જ લઈને તેઓને ત્યાં અવતરે છે.

☆ આત્માએ જેટલું બીજા જીવોમાં બાંધ્યું હશે(પૂર્વ જન્મમાં) તેટલું આ જન્મમાં ફળ મળશે અને તેટલા પ્રમાણમાં જીવ તે બંનેના સંયોગમાં આવશે. પોતે ગયા જન્મમાં જેટલું-જેટલું જેની સાથે ઋણ બાંધ્યું હશે, તેટલું તે ભોગવાવવા (ભોગવવા) ત્યાં જન્મ લેશે. જેટલું પૂર્વ જન્મમાં ઓછું કર્યું હશે તેટલું આ જન્મમાં ઉપાધિ વગરનું રહેશે.

☆ આખા દેહમાં આત્મા પ્રવર્તે છે. જેટલો ભાગ બહેરો થઈ જાય, તેટલા ભાગમાંથી આત્મા ખસી જાય છે.

☆ જેવા ભાવ કરીયે તેવા પરમાણુઓ શરીરમાં આવે અને તે પરમાણુંને ખાવા તેવી જ જાતના જીવો દેહ ઉપર બેસે અને દુઃખ થાય. પૂર્વ જન્મનાં બંધન તે જીવો સાથે કર્યાં હશે એટલે ચોપડે લખાયું છે, તે પ્રમાણે તે પાનું ખુલશે એટલે તે દુઃખ થવાનું. દા.ત. દરાજ થાય છે તે, એટલે કે તેવો ભાવ કર્યો પછી પરમાણું આવ્યા અને તે પરમાણુને ખાવા તે પ્રમાણેના જીવો આવ્યા.

☆ શરીરના જીવો બીજા જીવો કરતાં જરા ઊંચા.

## ૨ જુલાઈ, ૧૯૬૪

પરમ સત્સંગ વખતે ગ્રહણ કરેલું:

☆ દેહમાં જે ખોરાક આપણે નાખીએ છીએ તેની કાંઈ આપણે ચિંતા કરવાની હોતી નથી. એ તો તેમાંથી જે પ્રમાણે જે થવાનું છે તે આપણી જાણ વગર થયે જ રાખે છે. જેવું કે તેમાંથી રક્તનું થવું, શરીરના બીજા ભાગોને પોષણ કરવું, મળ થવું, મૂત્ર થવું, વિગેરે. કોઈ તેનું કાંઈ કરતું નથી. આ બધું થવું તેમાં ફક્ત દેહમાં આત્માની હાજરીની જ જરૂર છે. તેથી કાંઈ આત્મા સર્વે કામ કરતો નથી. તેની હાજરીની જ જરૂર છે. ને તે જ પ્રેરણા કરતો હોત તો પછી દરેકને એક જ પ્રકારનું પાચન થાત.



☆ ભમરડા ઉપર દોરી વીટીને તેને ફેંકીને ફેરવ્યા તેથી કરીને ભમરડા જમીનમાં ફરશે. એટલે કાંઈ તમે ભમરડાને જમીન ઉપર દોરવણી નથી આપતા. તમે તો ફક્ત દોરી વીંટી છે અને ફેરવ્યો છે, પણ જમીન ઉપરથી કઈ બાજુએ ક્યાં ખસવું તે તો ભમરડો જ, જે પ્રમાણે ભમરડો ફરવાનો હશે તે પ્રમાણે ફરશે. દોરી વીંટીને, કર્મોથી આત્માને વીંટીને ફેરવવો કે તેને દોરી વીંટ્યા વગર રાખવો તે તો તમારા હાથમાં છે.

☆ કારણદેહ પૂર્વજન્મમાં બાંધ્યો હતો તેનું ફળ આ જન્મે કાર્યદેહે ભોગવીએ છીએ. તેવી રીતે આ જન્મમાં જે પ્રમાણે કારણદેહ બાંધીશું તે પ્રમાણે આવતો ભવ કાર્યદેહ થઈને ભોગવશે. આ ભવે તો એટલે કે કાર્યદેહમાં તો તમે ફક્ત આત્માને જાણ્યાં પછી નવાં કર્મો ન બાંધી શકવાનો નિશ્ચય કર્યો અને ન બાંધો અથવા તો જે બાંધ્યાં હોય તે પ્રમાણે ઉચ્ચ ગતિએ જવાય. પણ જે પહેલાં, આગલા ભવમાં કારણદેહમાં પરમાણુ બાંધ્યા છે તે આ કાર્યદેહમાં કર્મોથી ભોગવ્યે જ છૂટકો છે. તેમાં આપણું કાંઈ જ વળવાનું નથી. જે પ્રમાણે આપણે પૂર્વજન્મમાં કારણદેહ બાંધ્યો તે પ્રમાણે આપણને આ (મનુષ્યદેહ) કાર્યદેહ મળ્યો અને તે પ્રમાણે તે દેહમાં થતી ક્રિયાઓ આત્માની હાજરીમાં થયા જ કરવાની. ફક્ત શુદ્ધ આત્મસ્વરૂપને ઓળખીને તેના વિશે સદા ચિત્તવૃત્તિ રાખીને વર્તે તો નવાં કર્મો બાંધે નહીં અને જૂનાં કર્મો સમભાવે ભોગવે.

☆ કોઈપણ વસ્તુમાં અતિશય ચિત્ત હોય તો મનમાં ગાંઠ વાળવી કે જ્યારે-જ્યારે તે વસ્તુમાં વારંવાર ચિત્ત જાય ત્યારે-ત્યારે તે વસ્તુને ફરી યાદ ન કરવાનો નિશ્ચય કરવો અને મન શુદ્ધાત્મા તરફ વાળવું.

ઉદાહરણ-૧: એક નાટકનો નટ હોય અને ઘણાં વખતથી કામ કરતો હોય તો તેને આપણે ઘણા પ્રયાસથી નાટકની ભૂમિકા ન ભજવવાનું કહીએ અને તે રસ્તેથી પાછો વાળીએ અને તત્ક્ષણ તે ભૂલી જાય પણ જો રસ્તામાં ફરવા

નીકળીએ અને તે જો સિનેમાનું કે નાટકનું બૉર્ડ જુએ તો તેને તરત જ સ્મરણ થઈને ગલગલિયાં થઈ જાય અને વૃત્તિ તે તરફ બધું ભૂલી ને જાય.

તો તેવી રીતે આપણી વૃત્તિ, ચિત્ત એક જ વસ્તુમાં વારંવાર જાય તો તરત જ તેનો દઢ નિશ્ચય કરવો કે ફરીથી તે વસ્તુ પ્રત્યે હવે વધુ ચિત્ત નહીં જાય અને તેમ કરીને શુદ્ધાત્મામાં મન વધુ સ્થિર કરવું. જ્યારે-જ્યારે તે વસ્તુ પ્રત્યે ચિત્ત જાય ત્યારે પહેલાંથી મનમાં ન વિચારવાની ગાંઠ વાળવી.

☆ ઉદાહરણ-૨: જેવી રીતે એક વાણિયો બહાર જાય ત્યારે અમુક રૂપિયા (ધારો કે આઠ રૂપિયા) ધોતીની ઓટીમાં રાખીને (વધુ નહીં વાપરવાનો) નિશ્ચય કરીને જ નીકળે. કોઈ કહે કે, 'અલ્યા, તારી પાસે ખરીદવાના કેટલા રૂપિયા છે ?' ત્યારે કહે કે 'ત્રણ જ આના છે'. પણ વધુ ના કહે કે, 'ઓટીમાં ભરી રાખ્યા છે તે કાઢવા નથી.' તેવી રીતે જે બાજુ જ્યારે આપણું ચિત્ત જે-જે સમયે જવા પ્રયત્ન કરે અને શુદ્ધાત્માના ધ્યાનમાં વિક્ષેપ પડાવે ત્યારે તે જ સમયે યાદ કરી લેવું અને નિશ્ચય કરવો કે મારું વધુ તે તરફનું ચિત્ત વધુ કામનું નહીં.

☆ પોતાનો આત્મા પોતાનો જ સ્વામી છે. આપણે પરના સ્વામી થવાનું નથી. ખાવું, પીવું, ફરવું, સૂવું, વિગેરે વસ્તુઓ 'પર' છે. આત્મા 'સ્વ' છે. તો આપણે પરક્ષેત્રના સ્વામી થવાનું નથી. પોતાના જ ('સ્વ' ના જ) સ્વામી થવાનું છે. જગત આખું તેનાથી વિરુદ્ધ વર્તે છે. જગત 'પર'નું સ્વામી થાય છે.

☆ દરેક વસ્તુમાં જે પ્રમાણે માન્યતા હોય તે પ્રમાણે થવાય. જેવી માન્યતા તેવું વર્તન થાય. શુદ્ધાત્મામાં માન્યતા દઢ હોય તો પછી મોક્ષ મળે જ, માટે માન્યતા (belief) 'એક-મને' રાખવી અને પરમ વિનય રાખવો કે સદ્ગુરુ વિના જ્ઞાન ન હોય. કોઈપણ સમકિતી પાસેથી, આપણે જે જ્ઞાન આત્મા માટે ગ્રહણ ના કર્યું હોય(આપણાં આત્માને ઓળખવામાં) તેમની પાસેથી ગ્રહણ કરવું. ભલે પછી તે આપણા કરતાં વધુ સમજ્યા ન હોય પણ તેમની પાસેથી જ્ઞાન ગ્રહણ કરવાનો વિનય રાખવો. અને સદ્ગુરુનો પરમ વિનય રાખવો જેથી જ્ઞાનની પ્રાપ્તિ જલદી થાય.

☆ જ્ઞાન અને દૃષ્ટાનો ભેદ સમજવો. હું કોણ છું ? હું શુદ્ધ આત્મસ્વરૂપ છું તેનું 'જ્ઞાન' રહેવું જોઈએ અને સર્વ 'દૃષ્ટિ'માં આવે (જેવું કે આ જગત છે, તેમાં દરેક પ્રકારના જીવ છે ને તે પ્રમાણે સુખ દુ:ખ છે; પણ તેમાં વધુ ચિત્ત ના પરોવવું. તેને જાણવા ખરા પણ જ્યાં છે ત્યાં જ રાખવા- તેમાં મન વધુ ના દોડાવવું, નહીં તો આત્મા તે પ્રમાણે કર્મ બાંધી લેશે.)

આપણને થાળીમાં સર્વ વસ્તુ પીરસે એટલે એક નજર નાખીને ભાવતી, ના ભાવતી સર્વ વસ્તુ વિના સંકોચે ખાઈ લેવી. પણ એક વસ્તુમાં કાંઈ મીઠું વધુ પડી જાય તેથી કરીને મોઢું બગાડીને રસોઈ કરનારને ઠપકો ના આપવો, ઝગડવું નહીં. સમભાવે, ના ખાવું હોય તો બાજુએ મૂકવું પણ તેથી કરીને તેમાં વધુ રાગ પેદા ના કરવો, નહીં તો બીજી સારી વસ્તુઓ પણ મનથી બગડશે. જે જ્યાં છે તે જાણી ત્યાં જ રાખવું.

અંધારામાં એક વસ્તુ હોય અને જુદા-જુદા માણસો હાથ અડાડીને નિર્ણય ઉપર આવે કે, 'કાંઈ વસ્તુ છે'. પછી ભલે બધા જુદી-જુદી રીતથી કહે પણ અંધારામાં જે વસ્તુનો ભાસ થયો હતો તેથી દરેકને પ્રતીતિ થઈ કે, 'ગમે તે હોય પણ

કાંઈ વસ્તુ છે ખરી'. પણ જ્યારે પ્રકાશ થાય ત્યારે ખબર પડે કે જે વસ્તુની પ્રતીતિ થઈ હતી તે શી વસ્તુ હતી. તેથી કરીને 'જ્ઞાન' પ્રાપ્ત થયું.

તો દરેક વસ્તુ જે જગ્યાએ છે તે જ જગ્યાએ તે પ્રમાણમાં ઠીક છે. જ્ઞાન અને જ્ઞેય તેની જગ્યાએ જ ઠીક છે. વધુ તેમાં બદ્ધિથી મન દોડાવવું નહીં. જેવું કે, એક સોફા છે, લાકડાનો બન્યો છે, બેસવા જેવો છે, એ બધું જ્ઞાન ખરું પણ તેમાં વધુ મન દોડાવીને 'આ કેટલો સરસ છે', 'પૉલિશ કેવી સરસ છે', તેની 'design કેટલી સરસ છે' તેવો વધુ પડતો ભાવ ના રાખવો.

☆ શરીર ઉપરથી કોટ કાઢીએ એટલે દેહ રહે. તેવી રીતે દેહ છોડીએ એટલે આત્મા જ રહે. અને તેનાં કર્મો પ્રમાણે ગતિ ભોગવે.

☆ આત્મા 'છે' તે નિશ્ચયથી જાણો. જ્ઞાન થયું એટલે પ્રતીતિ થઈ કે 'આત્મા છે' અને 'અનુભવ' થયો એટલે 'પરમાત્મા થયો'.

☆ સ્યાદ્વાદ એટલે કે એક હાથીને છ આંધળાઓ જે રીતે કલ્પીને જુદી-જુદી રીતે વર્ણવે તે રીતે. પણ, એક દેખતો માણસ તો કહે કે 'તમે બધા કહો છો તે તમારી દૃષ્ટિએ બરાબર જ છે. પણ હું કહું છું કે આ બધુ ભેગું થાય તો હાથી છે'.

☆ આલોચના, પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન જયારે-જયારે દોષો દેખાય ત્યારે-ત્યારે કરી જવાં એટલું કર્મથી તાત્કાલિક છૂટાય. આલોચના એટલે દોષોને જોવા, પ્રતિક્રમણ એટલે જે રીતે આવ્યા હતા (મન, વચન, કાયાથી) તે રીતે શુદ્ધ આત્માને યાદ કરીને અને પ્રગટ શુદ્ધાત્માને નમીને પાછા કાઢવા અને પ્રત્યાખ્યાન એટલે ફરીથી એવા વિચારો ન આવે તેનો દૃઢ નિશ્ચય લેવો.

પૂર્વજન્મમાં કરેલાં કર્મો તો ભોગવ્યા સિવાય છૂટકો જ નથી. આ ભવમાં કરેલાં કર્મોને પૂટ(પૂંઠ) આપી પાછાં ફેરવી શકાય અને તત્ક્ષણે તેમાંથી આલોચના, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન કરી છૂટી શકાય અને તે પ્રમાણે નવાં કર્મો ન બાંધીએ તેટલું બીજા ભવમાં ઊંચી ગતિમાં જવાય પણ તેમાં પણ જે કર્મો બાંધ્યાં હશે તે પણ ભોગવ્યે જ છૂટકો.

**તારીખ: ૧ ઑગસ્ટ, ૧૯૬૪**

☆ તિરોભાવનો સદાય આગ્રહ કરવો તેનું નામ અહંકાર. તિરોભાવ એટલે જ્યાં જે વસ્તુ નથી તેમાં 'હું'-પણાનો આરોપ કરવો તેવો ભાવ. અને તેમ વધુ ને વધુ આરોપ કર્યા કરવો કે હું ચોક્કસ તે જ છું. જેમાં પોતે ના હોય તેમાં માની બેસવું એટલે અહંકાર.

☆ આપણે સમકિતી થયા એટલે 'કારણ-વીતરાગ' થયા. વીતરાગીઓ ગાડીમાં બેઠેલા હોય એટલે 'કાર્ય-વીતરાગીઓ' કહેવાય. આપણે તે જ રસ્તે જઈ રહ્યા છીએ એટલે 'કારણ-વીતરાગી' ખરા.

☆ શારીરિક ચેષ્ટાઓ જે કરીએ છીએ તે ફક્ત જોયા જ કરવી પણ તેમાં વૃત્તિ ન રાખતાં અંતરમાં વૃત્તિ રાખીએ એટલે

સહજ સુખ રહે. એમાં મન વર્તે તો પછી બંધાઈ જવાય.

ભમરડાને દોરી વીટી, નાખવાનો નથી. દોરી વીટવાની જ નથી. અને જો વીટીને નાખ્યો હોય તો તે જ્યાં સુધી ફરે ત્યાં સુધી ફરવા દેવો અને આપણે જોયા કરવું. એ એની મેળે ચાહ પૂરો થશે એટલે પડી જશે. આપણે બંધ થવાનું કહીશું તો બંધ નહીં થાય. માટે આપણે તો ફક્ત આપણી ક્રિયાઓ અને ભાવ જોયા જ કરવા, પણ તે રૂપ ના થવું. ભાવ બંધ કરીએ તો દ્રવ્ય પણ બંધ થાય. દ્રવ્ય બંધ કરાય નહીં, ભાવ બંધ કરવો જોઈએ. ભાવ એટલે કૃતિ-દ્રવ્ય એટલે પ્રકૃતિ (action & reaction). એક માઈલ લાંબી પાઇપ હોય તો તેનો કૉક (valve) બંધ કરીએ તો એક માઇલમાં રહેલું પાણી નીકળી જઈ બંધ થશે. પણ પાઇપના છેડાને બંધ કરવાની જરૂર નથી. ફક્ત valve જ બંધ કરવાની જરૂર છે. તેવી રીતે ભાવ બંધ કરવો જોઈએ; દ્રવ્ય આપોઆપ બંધ થઈ જશે.

આત્મા અને દેહ સદા ભિન્ન જ જુઓ અને અનુભવો.

☆ સંસાર અશરણ છે કારણ કે જ્યારે આપણને કાંઈક થાય તો તે દુઃખ દૂર કરવા આપણાં સગા-સંબંધીઓ કે કોઈપણ વ્યક્તિ અશક્તિમાન છે એટલે આપણને સર્વ વસ્તુ સંસારમાં અશરણ જ છે.

## વર્ષ:૧૯૬૫

### તા. ૦૭ જૂન, ૧૯૬૫

ૐ

॥ દાદા ભગવાનના અસીમ જય જયકાર હો ॥

☆ પ્રેમની વ્યાખ્યા કબીરે એવી કરી છે કે ‘‘પ્રેમ કોઈ દિવસ ચઢ-ઊતર ના થાય’’. કોઈની ઉપર આપણને પ્રેમ હોય તેનો અર્થ એ છે કે નિરંતર તેની ઉપર એકસરખો જ પ્રેમ રહ્યા કરે. કોઈ દિવસ વધઘટ ના થાય. વધઘટ થાય તો તાવ (તાપ) કહેવાય-આસક્તિ કહેવાય. આસક્તિ વધઘટ થાય. પ્રેમ નહીં.

☆ કબીર સાહેબે એમ પણ કહ્યું છે કે આ જગતમાં માણસો ઘણા છે. માણસોનો સુકાળ છે પણ તેમાં સત્પુરુષનો દુકાળ છે.

‘‘માનુસ ખોજત મૈં ફીરા, માનુસ કા બડા સુકાલ;
જાકો દેખી દિલ ઠરે, ઉસકા પડીઆ દુકાલ’’.

☆ **દાદાએ આહાર લેવા પર કહ્યું:**

દાદા મુંબઈ ધંધાર્થે જતા ત્યારે ક્યારેક તેમને એક ગુજરાતી ભાઈની વીશીમાં જમવાનું થાય. દાદા તે વખતે યુવાન વયના, જેથી ખોરાક સારો - અને રોટલી કરતાં ભાત વધુ લેતા. પણ એક દિવસે દાદા જમવા ગયા ત્યારે ભાત લિમિટેડ મળ્યો. દાદાએ કારણ પૂછ્યું તો વીશીવાળાએ જણાવ્યું કે હવે રેશનીંગ થયું છે જેથી જમવાનું Fixed પ્રમાણમાં જ

મળશે. તેથી દાદાને વિચાર આવ્યો કે આટલી જ Quantityમાં જો વધુ ચાવી-ચાવીને ખાઈએ (અણુ જેવા ટુકડા કરીને) તો ઓછો ખાધો છે તેમ નહીં લાગે. જેથી દાદાએ તેટલો જ ભાત ખૂબ ચાવી-ચાવીને ખાધો, જેથી ઊલટું પહેલાં વધુ Quantityમાં જે ભાત ખાતા હતા તે કરતાં વધુ સારું લાગ્યું. પેટ ભરાઈ ગયેલું લાગ્યું.

તેથી દાદા કહે છે કે ખાવામાં Quantity ના જોવી. Quantity વધુ હોય તો તે હાનિકારક છે. ઓછું પણ ચાવીને ખાવાથી પેટ ભરેલું લાગે છે અને સારું રહે છે.

☆ શુક્લપક્ષી મનુષ્યો ફક્ત એક જ પંથે જાય છે. જે યોગ્ય લાગ્યું તે. કારણ તેઓમાં સરળતા છે. જ્યારે કૃષ્ણપક્ષી દરેક બાજુએ વિચાર કરે છે. જેથી તેની સાથે શુક્લપક્ષીનો ભેટો થાય તો તેને (કૃષ્ણપક્ષી સાથે) અનુકૂળ થઈને 'પોતાના' પંથે જવું. શુક્લપક્ષી દરેક જાતના Arguments કરે પણ સદ્‌પંથને ગ્રહણ કરે.

કૃષ્ણપક્ષ તથા શુક્લપક્ષ વગરના મનુષ્યો વિચાર જ ના કરી શકે.

**તા. ૧ સપ્ટેમ્બર, ૧૯૬૫**

☆ પાંચ જાતના અંતરાય છે : (૧) ભોગાન્તરાય (૨) ઉપભોગાન્તરાય (૩) લાભાન્તરાય (૪) દાનાન્તરાય (૫) વીર્યાન્તરાય (આત્મવીર્યાન્તરાય)

**તા. ૫ સપ્ટેમ્બર, ૧૯૬૫**

☆ સ્યાદ્‌વાદ : દરેકના વિચારને (ધર્મમાં) અનુકૂળ થવું. આપણું લેવલ ઊંચું હોય એટલે તરત જ નીચેના લેવલવાળા સાથે તે પ્રમાણે અનુકૂળ થઈને તે પ્રમાણે તેના ધર્મની વાત કરવી. ખોટો ન કહેવો. જે વસ્તુ જ્યાં છે ત્યાં બરાબર જ છે. દરેક જણ જુદું-જુદું તેઓને દેખાય તે પ્રમાણે કહે. આપણે કહીએ કે દરેક જણ જે પ્રમાણે કહે છે તે તેઓના પ્રમાણમાં (અપેક્ષાએ) સાચું છે. પણ આપણે એમ કહીએ કે આ વસ્તુ આમ છે (જેવી રીતે હાથી અને છ આંધળાનો દાખલો).

**તા. ૦૭ સપ્ટેમ્બર, ૧૯૬૫**

ૐ

॥ નમઃ શિવાય ॥ નમો વીતરાગાય ॥ નમો ભગવતે વાસુદેવાય ॥

॥ દાદા ભગવાનના અસીમ જય જયકાર હો ॥

☆ **બુદ્ધિનો આશય**

પૂર્વભવમાં જે પ્રમાણે ભાવેલું (ભાવના કરેલી) તે પ્રમાણે બુદ્ધિના આશયમાં જે ભરેલું છે તે પ્રમાણે મળી રહે છે. તેથી કરીને જગતના સર્વે મનુષ્યોમાં અસમાનતા હોવા છતાં દરેકને પોતાની સ્થિતિમાં સુખ રહે છે. મજૂર હોય કે પછી તેનાથી દ્રવ્યથી (પૈસાથી) સારો એવો પટાવાળો હોય કે પછી ભણેલો કે નોકરિઆત-કે પછી વેપારી હોય કે લાખોપતિ, કે પછી રાજા હોય કે રંક હોય-દરેકને પોતાની categoryમાં સુખ રહે છે. તેનું કારણ બુદ્ધિનો આશય છે.

કોઈ વિદ્યાર્થીને દરેક વસ્તુનો અભ્યાસ કરવા માટેનો યોગ હોય તેમ છતાં તે ના ભણે તો તેનું કારણ બુદ્ધિનો આશય છે. પૂર્વભવમાં જેવું ભાવેલું તેવું જ બુદ્ધિના આશયમાં રહે છે. તે પ્રમાણમાં જે કાંઈ પ્રાપ્ત થાય તે ભોગવવામાં સમતા રાખવી અને આ ભવે જેટલું વધુ આત્મસ્વરૂપમાં રહેવાય તેવું ભાવીએ, તો તે પ્રમાણે આવતા ભવમાં તેની બુદ્ધિના આશયમાં રહેલા આત્મસ્વરૂપની પ્રતીતિ-અનુભવ થાય. આ ભવે આપણને કદાચ ચાર આની કે છ આની આત્મ-સ્વરૂપની પ્રતીતિ (ગયા ભવમાં જે પ્રમાણે ભાવ્યું હોય તે પ્રમાણે બુદ્ધિના આશયથી થાય) અને બાકીનું સંસાર માટે જે ભાવ્યું હોય તે સંસારમાં મળે. તો હવે આ ભવે બાર આની આત્મસ્વરૂપમાં રહીને, 'આત્મસ્વરૂપનો અનુભવ થાય, સદ્‌ગુરુનો-આત્મઅનુભવ કરાવનાર જ્ઞાનીનો પરિચય થાય' તેવું ભાવીએ તો આવતા ભવમાં તે પ્રમાણે બુદ્ધિના આશયથી મળે-પ્રાપ્ત થાય. બાકી સંસારની અને સંસારના બાહ્ય સુખની ભાવના કરીએ તો તે પ્રમાણે મળશે જ.

રાજાને ત્યાં જન્મ લીધો એટલે તે જીવે કાંઈ મહેલ મેળવવા માટે કે ગાડીઓ માટે-ઉપભોગ્ય વસ્તુઓ મેળવવા માટે પ્રયત્ન ન કરવો પડે. તેને જેવું ગયા ભવમાં ઈચ્છયું હતું તે પ્રમાણે મળી રહે છે. પછી ભલે ગયા ભવમાં તમે ઈચ્છા કરેલી વસ્તુ તે ભવમાં સારી લાગે અને પછીના ભવમાં દુઃખદાયી નીવડે, પણ તે પ્રમાણે બુદ્ધિના આશયમાં ભર્યું એટલે પ્રાપ્ત થશે જ.

"ગયા ભવમાં જે કાંઈ ભાવ્યું હશે અને આ ભવમાં આવતા ભવ માટે જે ભાવ્યું હશે તેનું દર્પણ બુદ્ધિનો આશય છે. ટૂંકમાં," બુદ્ધિના આશય પ્રમાણે આપણો ગત ભવ કેવો હતો તે અને આવતો ભવ કેવો હશે તે કહી શકાય - દૃષ્ટિ મળે તો.

અમુક વસ્તુ ભાવીને (ભાવના કરીને) તેની દૃઢ ઈચ્છા ના રાખી અને ખાલી વિચાર કરીને મૂકી દીધી તો તેનું પરિણામ આવતા ભવમાં નહીં મળે. ફક્ત દૃઢ ઈચ્છા કરવાથી જ તેનું ફળ પરિણમે.

☆ પહેલાં એવું કહેવાતું કે પારસમણિ લોખંડના ટુકડા સાથે ઘસીએ તો લોખંડનો ટુકડો સોનાનો થઈ જાય. પણ તે ઘસવા સાથે જરાય પણ અંતરપટ રહે તો ના થાય. જો અંતરપટ ના હોય તો સોનામાં પરિણમે. તેવી જ રીતે જ્ઞાની પાસેથી સદ્‌ઉપદેશ લેવામાં જરાપણ અંતરપટ રાખીએ તો સ્વસ્વરૂપની પ્રતીતિ ના થાય.

જ્ઞાની સાથે જેટલી સરળતા રાખીએ તેટલું ગ્રહણ કરી શકાય. સચોટ બેસી જાય-અનુભવી શકાય. પણ જેટલી સરળતા ઓછી એટલું (જ્ઞાની ગમે તેટલું સારું બોલે પણ) ઓછું પ્રાપ્ત થાય. માટે આત્મજ્ઞાનની અનુભવવાણી સચોટ બેસી જાય, ગૅડ બેસી જાય, બરાબર ફીટ થઈ જાય તે માટે વધુમાં વધુ સરળતા રાખવી જોઈએ.

☆ સ્ત્રીમાં સહજતા ઘણી હોય છે, જ્યારે પુરુષમાં અસહજતા વધુ હોય છે. સ્ત્રીને જે કાંઈ કરવું હોય તો તે સહેજે વિચારે છે. જ્યારે પુરુષ તેની ઉદીરણા કરીને અસહજ વર્તશે.

### તા. ૮ સપ્ટેમ્બર, ૧૯૬૫

☆ કોઈપણ વ્યક્તિ આપણને ગાળો ભાંડી જાય, આપણા મનને અસ્વસ્થ બનાવે, તો પણ સમકિતીએ 'પોતાને' કહેવું જોઈએ કે ''આ તો મારો ઉપકારી છે''. આટલું કહેશે તો સમકિતી તે વ્યક્તિને તત્કાલ ત્યાં જ છોડશે. અને જો તેની સાથે ગાંઠ બાંધશે તો દિવસો સુધી તે તેની પાછળ વિચારરૂપે પડશે અને વધુ ફસાશે. માટે ''આ તો મારો ઉપકારી છે'' તેટલું બોલવાથી તેની સાથે કાંઈ જ લાગે વળગશે નહીં. એટલું જ નહીં પણ જે પહેલાં બાંધ્યું હશે તે પણ છૂટી જશે.

**'વિચારોમાં મધ્યસ્થીપણું ના છોડવું.'**

☆ સંસારના મનુષ્યોને માર્ક આપીએ તો ગધેડાને ૩૨% અપાય અને અત્યારના મનુષ્યોને ૩૩% અપાય. ફક્ત ૧% ફેર રખાય તેવું બધે સંસારમાં દેખાય છે. મનુષ્ય એ ભલે તે યોનિમાં જન્મ લીધો હોય પણ પોતાને મનુષ્યપણું નથી રહ્યું, તેવું સર્વત્ર દેખાય છે.

ફક્ત મનુષ્યનું પેકિંગ છે એટલે કાંઈ તેને મનુષ્ય ના કહેવાય. મનુષ્યના ગુણ હોવા જોઈએ.

☆ ''અવસ્થા માત્ર કુદરતી રચના છે જેનો કોઈ બાપો ય રચનાર નથી અને તે વ્યવસ્થિત છે. ''Everything is But-natural''. કુદરતી રીતે જ બધું થયા કરે છે.

### વર્ષ: ૧૯૬૮

### તારીખ: ૧૪ એપ્રિલ, ૧૯૬૮ રવિવાર : પરમ સત્સંગમાંથી

☆ પ્રશ્ન: ક્રોધ-માન-માયા વિગેરે એ કોના ગુણ છે ? આત્માના ? અનાત્માના ? આત્માના ના હોય અને અનાત્માના પણ ના હોય. અને 'અનાત્મા' જો દેહને માન્યો હોય તો, દેહને ક્રોધ આવતો હોય તો બીજા અનાત્માઓ જેવા કે, ટીપોઈ-ટેબલ-ખુરશી વગેરેને પણ ક્રોધ આવવો જોઈએ, જે બનતું નથી તે પ્રત્યક્ષ છે. તો પછી તે ગુણો અનાત્માના પણ નથી. ક્રોધ વગેરે ગુણ એ આત્માના બે ગુણ છે તેમાંનો વ્યતિરેક નામનો ગુણ છે, તેથી છે.

આત્માના, જ્યાં સુધી તે છૂટે અને મોક્ષે ના જાય ત્યાં સુધી બે ગુણ રહે છે : એક તો એને પોતાના ગુણ છે, જેવા કે અગુરુ-લઘુ સ્વભાવવાળો-આનંદમય-અવ્યય-અખૂટ પરમાનંદ સ્વભાવવાળો, અસંગ-અરૂપી વગેરે છે. તે અન્વય ગુણ છે. બીજો ગુણ આત્માનો, વ્યતિરેક નામનો ગુણ છે. જેનાથી તે જ્યાં સુધી છૂટે નહીં-મોક્ષે ના જાય ત્યાં સુધી, તેની આજુબાજુ તેની હાજરીથી જે પરમાણું રહે તે તેના ગુણધર્મ બતાવે જેવા કે, ક્રોધ-માન-માયા-લોભ-મોહ વિગેરે.

આત્મા જ્યારે છૂટે અને મોક્ષે જાય ત્યારે આ વ્યતિરેક ગુણ તેની સાથે ના હોય. મોક્ષે જવાનો હોય ત્યારે ગતિકાય(ગતિસહાયક તત્ત્વ) તેની સાથે રહે છે અને તેને લીધે તે પોતાને સ્થાને જાય છે. બીજું તેની સાથે સ્થિતિકાય (સ્થિતિસહાયક તત્ત્વ) આવે છે તે તેને સ્થિર રાખે છે.

☆ એક સમયે ૧૦૮ જીવો મોક્ષે જાય છે અને તેટલા જ ઊર્ધ્વગતિ થઈ વ્યવહાર ગતિમાં આવે છે. તેમાંય પાછા સૂક્ષ્મકાય

જીવ બને, અતિ નાના જીવ બને. વળી, તેમાંથી એકેન્દ્રિય નાના છોડ તથા ઝાડ પાનમાં આવે અને ત્યાંથી બે-ત્રણ-ચાર-પાંચ-ઇન્દ્રિયમાં આવે અને છેવટે મનુષ્યમાં પરિણામે. તેમાં તેને પુણ્યાઈના અભાવે ધર્મ ના મળ્યો-સદ્‌ગુરુ ના મળ્યા તો પાછો ચોરાસી લાખ યોનિમાં અટવાઈ જાય.

**તારીખઃ ૭ જુલાઈ, ૧૯૬૮, શનિવાર, વડોદરા રાત્રે : ૯:૦૦ થી ૧૧:૦૦**

પરમ સત્સંગમાંથી

☆ આજે પાંચ જણને પાવાગઢ સ્વરૂપજ્ઞાન આપવા જવાનું હતું. પરંતુ, પૂ. ચંદ્રકાંતભાઈ ન આવવાથી ન જવાયું અને જે સત્સંગ નીકળ્યો તે.

આજે સ્વરૂપજ્ઞાન આપવાની તૈયારીઓ હતી અને તે પણ પાંચ જણને, તો પણ અપાયું નહીં તો કોણ કાચું પડ્યું ? બધા જ ? 'ના', વ્યવસ્થિતમાં એવું જ હતું. સવારે પૂ.ચંદ્રકાંતભાઈ આવ્યા ત્યારે પૂછવામાં આવ્યું કે આજે સાંજે કેટલાં વાગ્યે આવશો ? ત્યારે at any time કહ્યું.

At any time એટલે તેમણે જ્યારે વ્યવસ્થિતપણામાં અવકાશ મળે ત્યારે આવી શકે. તે વ્યવસ્થિતપણાનો અવકાશ ૯:૦૦ વાગ્યે પણ હોય અને ૧૦:૦૦ વાગ્યે પણ હોય. ૮:૦૦ વાગ્યે કહીને ગયા હોય ત્યારે સહેજ આઘાપાછા આવે તો તે 'વ્યવસ્થિત' છે, પણ at any time કહ્યું હોય તો વ્યવસ્થિતનો અવકાશ મળે ત્યારે જ બને.

તો પછી ધારો કે વ્યવસ્થિતનો અવકાશ ના મળે તો શું સમજવું ? આવવાનું કહી ગયા છે એટલે ભારે કામમાં, પણ લક્ષ્ય તો સત્સંગમાં; શલ્ય(*)ની માફક ખૂંચે છે. અને પોતે શલ્ય તો લીધું છે(at any time આવવાનું કહીને) તેમ છતાં ના આવી શકે તો ? તો આ ફિલ્મમાં(સ્વરૂપ આપવાની) કદાચ તે ના પણ હોય-આપણે માની બેસીએ કે તે છે પણ ના હોય તો તે ફિલ્મમાં ક્યાંથી દેખાય ? (શલ્યઃ એટલે આ શરીર ઉપર બહારથી કોઈ ઈજા દુઃખ પહોંચાડે જેમ કાંટો પગમાં ખૂંચે તેમ તેવી રીતે અંદર પણ શલ્યની માફક ખૂંચે).

☆ દિગંબરીઓ, શ્વેતાંબરી તથા ઈતર ધર્મવાળાને કહે છે કે જો અમે જ સાચા મહાવીરના શિષ્યો, કારણ કે મહાવીરની માફક અમે પણ બધી જ વસ્તુઓ ત્યાગીને (અપરિગ્રહી થઈને-કપડાં, વાસણ, ઘર, વહુ વિગેરે) નવસ્ત્રા રહ્યા છીએ એટલે મોક્ષ અમને જ મળવાનો. પણ, તે ખોટું છે. દેહ ને નાગો કરવા કરતાં, આત્માને નાગો કર. કપડાં-ઘર-વહુ વગેરે નડતું નથી. નડે છે તારી આડાઈ. મનુષ્ય સિવાય જાનવરો પણ દિગંબરી જ છે. મનુષ્યે વિવેક રાખી કપડાં પહેર્યાં તેથી કાંઈ તેના આત્માને ઓળખવામાં વિઘ્ન નથી આવતું.

☆ દરેક પ્રાણીને પોતાની સત્તા છે. એ સત્તાનો ઉપયોગ તે પોતે કરે છે. જેવી રીતે વાઘ તેની સત્તાનો ઉપયોગ કરી બીજા ને મારી નાંખે છે-ખાઈ જાય છે. જે કોઈને પણ પોતાની સત્તા હોય તેમ છતાં પણ તેનો ઉપયોગ ના કરે તો તેને દેવગતિ મળે. જાનવરોમાં તેવું ઓછું જોવાનું મળે છે. પણ મનુષ્ય (સાધુઓ) પોતાની સત્તા હોવા છતાં (બુદ્ધિની પણ) સારું ભોગવવાનું-ખાવાનું-પહેરવાનું વગેરે છોડીને જંગલમાં પડ્યા રહે છે (પણ, અણસમજે), તેને દેવગતિ મળે. અહીં

તપ કર્યાં હોય એટલે ત્યાં સારું ભોગવવાનું મળે.

☆ કોઈ એક વ્યક્તિને બીજા ઉપર રાગ રહેવો એટલે જેવી રીતે લોહચુંબક લોખંડની ટાંકણીને ખેંચે છે-સોનાની નહીં. કારણ કે, લોહચુંબકના પરમાણુનો ગુણધર્મ ફક્ત લોખંડને ખેંચવાનો છે. તેમ, તે વ્યક્તિના અંદરના પરમાણું (જે વ્યક્તિ તરફ ખેંચાણ થાય) બીજાના પરમાણુઓને ખેંચાણ કરે એટલે રાગ થાય, તેને આકર્ષે-આને આકર્ષણ કહેવાય. અથવા તો તે જ વ્યક્તિને બીજા પ્રત્યે દ્વેષ હોય-કારણ કે તેના પરમાણુઓ બીજી વ્યક્તિના પરમાણુને આકર્ષી શકતા નથી. પરંતુ વિકર્ષણ કરે છે એટલે તેને દ્વેષ થાય છે.

હવે, આ પરમાણુની ખેંચતાણને સમભાવે ખાલી જોયા કરવી અને જાણવી કે, 'જો પરમાણુનું આકર્ષણ કે વિકર્ષણ આવ્યું' એટલે તેનું તેવું ના થાય. તે સમભાવે નિકાલ કરવો અને ફરી તેવું ના થાય તેવો નિશ્ચય કરવો. આ ગનેગારી પદ છે. મોક્ષે બેઠેલા આ ગનેગારી પદમાંથી છૂટેલા છે. જ્યારે, આપણે સમકિતીઓ-જ્ઞાનીઓ હજુ 'ગનેગાર પરમાત્મા' છીયે. સમભાવે, આકર્ષણ-વિકર્ષણ (રાગ-દ્વેષ) જોવાથી-નિકાલ કરવાથી અને ના થાય તેવો નિશ્ચય કરવાથી ગનેગારી પદમાંથી છૂટાય છે અને મોક્ષ પમાય છે.

જે પાંચ તત્ત્વો અશુદ્ધ રહ્યાં છે (આપણે તો શુદ્ધિકરણ પામ્યા છીએ) તે પણ આ સમભાવે જોવાથી અને નિકાલ કરવાથી-ન કરવાનો નિશ્ચય કરવાથી ગનેગારી પદમાંથી છૂટાય છે.

☆ જ્ઞાનીઓ અને સહજ સ્વભાવવાળા જીવો ઉદીરણા at any time ના કરે. જેવું કે, આજે સ્વરૂપજ્ઞાન આપવાનું ના બન્યું, કારણ કે પૂ. ચંદ્રકાંતભાઈ આવી ના શક્યા. તેમની જગ્યાએ શૂરવીર હોય કે 'ના, બીજું બધું પડી રહે, હું તો કાલે સ્વરૂપજ્ઞાન આપવાને બદલે આજે જ અપાય તેમ કરું', તો ઉદીરણા કરી કહેવાય. તેઓ તેમ કરી શકે. પણ, તે આંબા ઉપરથી શાખ પડ્યા વગરની કાચી કેરીઓ ઊતારી લાવે અને ખાય તેમ બને. કાચી કેરી ખાધી તે કેરીની સંખ્યામાં ઘટાડો તો થશે જ, પણ ખાટી નીકળે અને ફેંકી દેવી પડે. અને જે આંબા ઉપર શાખ થવા દે અને પછી ઊતારે (ઉદીરણા કર્યા વગર) ત્યારે તેનામાંથી પણ ખલાસ તો થાય છે જ, પણ સ્વાદ આવે છે કારણ કે તેને જેમ થવું જોઈતું હતું તેમ થવા દીધું.

'સહજ મિલા સો દૂધ બરાબર, માંગ કે લિયા સો પાની;
ખીંચ લિયા સો રક્ત બરાબર, ગોરખ બોલા બાની'

લોકો તો એવાં છે કે, માંગીને લે તેવાં છે. અને માંગતા તેઓ ના આપે તો તેનું ઝૂંટવી લે.

☆ સત્સંગમાં તો ગનેગાર પણ હસે, અને બીન-ગનેગાર પણ હસે. જ્યારે બીજે તો ગનેગારનું મોઢું પડી જાય, બીજા હસે ત્યારે.

**તારીખ: ૪ નવેમ્બર, ૧૯૬૮- કાર્તિક સુદ ૧૪**

પ.પૂ. દાદાજી (ગુરુદેવની) જન્મતિથિ વખતના પરમ સત્સંગમાંથી :

☆ શુદ્ધાત્મા એ ગ્રહણીય છે, પાંચ વાક્યો એ નિકાલી બાબત છે. જો કાંઈ ગ્રહણ કરવાનું હોય તો તે જ્ઞાન, શુદ્ધ આત્માનું સતત સ્મરણ અને પાંચ વાક્યો. નિકાલી બાબત છે તે ક્રિયા છે. મહાવીર ભગવાને કહ્યું કે, ''જ્ઞાન ક્રિયાભ્યામ્ મોક્ષ''. શુદ્ધ આત્મા (પરમજ્ઞાન)ને બીજાં વાક્યો રક્ષણ કરે છે અને તે આત્માને પોતાના સ્વરૂપમાં જ રાખે છે.

તે વાક્યો તેઃ

☞ 'તમામ લેપાયમાન ભાવોથી હું નિર્લેપ છું.'

☞ તમામ સંગીક્રિયાઓથી હું તદ્દન અસંગ છું. સંસારનાં મહાકષ્ટોમાં હું અવ્યાબાધ સ્વરૂપ છું.

☞ દ્રવ્યે કરીને હું સંપૂર્ણ શુદ્ધ છું, સર્વાંગ શુદ્ધ છું.

☞ જ્ઞાન-દર્શનાદિ અનંતા ગુણો થકી હું સંપૂર્ણ શુદ્ધ છું, સર્વાંગ શુદ્ધ છું.

☞ અનંતા જ્ઞેયોને જાણવામાં પરિણમેલી અનંતી અવસ્થાઓમાં હું સંપૂર્ણ શુદ્ધ છું, સર્વાંગ શુદ્ધ છું.

☞ સ્થૂલતમ થી સૂક્ષ્મતમ સુધીના તમામ પૌદ્ગલિક પર્યાયોનો હું જ્ઞાતા દ્રષ્ટા છું, ટંકોત્કીર્ણ છું, આનંદ સ્વરૂપ છું.

☞ આહારી આહાર કરે છે, હું નિરાહારી માત્ર તેને જાણું છું.

☞ મન-વચન-કાયાની ટેવોને હું જાણું છું, તેના સ્વભાવને હું જાણું છું અને મારા સ્વ-સ્વભાવને પણ હું જાણું છું.

☞ અવસ્થામાત્ર કુદરતી રચના છે જેનો કોઈ બાપોય રચનાર નથી અને તે વ્યવસ્થિત છે.

☞ સ્થૂળ સંયોગો-સૂક્ષ્મ સંયોગો અને વાણીના સંયોગો પર છે અને પરાધીન છે.

આ વાક્યો શુદ્ધાત્માનું રક્ષણ કરે છે અને તેને પરસત્તામાં જવા દેતાં નથી. સદાય જાગ્રત રાખે છે.

☆ ભગવાન આદિમ (ઋષભદેવ) થકી અક્રમ માર્ગનું જ્ઞાન રાજા ભરતને થયું હતું. તે બધુ ભોગવતાં જ, લડાઈઓ લડતાં, તે જ ભવે મોક્ષે ગયા. તેવો અક્રમ માર્ગ આજે હજારો વર્ષે દાદાએ પ્રગટાવ્યો છે. દાદા જગતનું એક પણ પરમાણુ એવું નથી કે જેમાં ફર્યા નથી.

☆ દાદા પોતાને ગુરુ કેમ ગણાવે છે. તો તે કાંઈ જાતે લઈને નથી બેઠા. આત્મજ્ઞાનીને સંતાવા ના જવું પડે. હિમાલય કે ગુફાઓમાં સંતાવા ના જવું પડે. એમને એ પદ પર કુદરતના નિયમો આધીન કુદરત જ બેસાડે છે. જેમ એક પોલું પણ ચારે બાજુથી બંધ વાસણ, પાણીમાં ડૂબાડીએ તો ડૂબે નહીં અને તેની મેળે જ બહાર આવે. તેમ જ્ઞાનીપુરુષ છુપાયા રહે નહી.

(સયાજીરાવનો દાખલો-રાજા કેવી રીતે થયા) સયાજીરાવ જન્મ્યા હતા રબારીને ત્યાં પણ તેમનું રાજા પદ ભોગવવું હતું. એટલે તેમને તે પદ પર બિરાજમાન કર્યે છૂટકો જ નહીં.

☆ ભગવાન મહાવીર કહે છે કે જ્ઞાનીપુરુષના વચનનું ઉલ્લંઘન થાય જ નહીં. પછી ગમે તે હો. દુશ્મનોય કુદકા મારે.

## વર્ષ:૧૯૬૯

### ૫ જાન્યુઆરી, ૧૯૬૯, ફૅક્ટરી, સવારે.

☆ અજ્ઞાનીને અભાનપણામાં પોતાના એકેય દોષ ના દેખાય. બીજાના દોષ પહેલા જુએ, પણ પોતાના ના દેખાય. જ્ઞાનીને સ્થૂળ દોષો દેખાય, પણ થોડા ઘણા દેખાય. સંપૂર્ણ જ્ઞાનીને સૂક્ષ્મમાં સૂક્ષ્મ દોષો પણ દેખાય; તેને જાણે અને જુએ એટલે નિકાલ થાય-સમભાવે.

જ્ઞાની માટે) પોતાના જેટલા દોષો જોવાય તેટલા જોવા તો ઘણો નિકાલ થઈ જાય.

☆ વિચારોને આંતરશો નહીં. ગમે તે જાતના હોય પણ તેને આંતરશો નહીં. નહીં તો તે તમોને બંધન કરશે. પણ વિચારોને કહો કે જેટલા આવવા હો તેટલા આવો, એટલે થોડો સમય જશે પછી તરત જ બંધ થઈ જશે. પછી તે વિચાર લાવવો હશે તો પણ નહીં આવે. જ્ઞાનીને આનો સમભાવે નિકાલ કરવાનો કહ્યો છે. ૬ ઈંચની પાઈપમાંથી પૂરજોશમાં પાણીનો ધોધ નીકળે અને હાથથી આંતરવા જઈએ તો હાથ પણ ફેંકાઈ જાય, પણ તેને જેટલું નીકળવા દેવું હોય તેટલું નીકળવા દઈએ તો પછી અમુક સમય પછી જેટલો જથ્થો હતો તેટલો ઑટોમૅટીક નીકળી જશે.

### ૬ જાન્યુઆરી, ૧૯૬૯

મરણ સાથે પણ જો શુદ્ધાત્માનું સ્મરણ રહે તો સમાધિમરણ થાય અને અતિ ઉચ્ચ ગતિમાં જાય. અતિ અલ્પ ભવમાં મોક્ષે જવાય. પણ સંસારને યાદ કરીને દુઃખ પામીને હાય-હાય કરીને, 'મારું શું થશે ?', 'બૈરી-છોકરાંનું શું થશે ?', 'પૈસાનું શું થશે ?' તે યાદ કરે (મરણ પથારીએ) તો તે અનંત બંધનું કારણ છે અને તેને માટે જેવો ભાવ કર્યો હોય તે પ્રમાણે જન્મ જન્માંતર કરવા પડે છે.

આ જગતમાં દરેક જીવને મૃત્યુ અનિવાર્ય છે. મનુષ્યને પણ મૃત્યુ અનિવાર્ય છે. પણ તેને ભાવ કરવાની, વૃત્તિ બદલવાની શક્તિ છે. એટલે વિચાર કરીને ફક્ત મરણ સમયે શુદ્ધાત્મામાં વૃત્તિ વર્તે તો કલ્યાણ થઈ જાય. આખી જિંદગી ઘણા અનંત વિચારો કર્યા, વૃત્તિઓ સંસારમાં જ રાખી પણ એક સમય માત્ર શુદ્ધાત્મામાં, મૃત્યુ સમયે રાખે તો અનંતા અનંત ભવ રઝળપાટ કરવી ના પડે. માટે ભાવ એવો રાખવો કે જગતની વિસ્મૃતિ હો અને કેવળ શુદ્ધાત્માની જ સ્મૃતિ હો.

☆ કેટલી બધી મોટી ભૂલ કે પોતે જ પોતાને ભૂલી ગયો છે. પોતે કોણ છે તે જ ના જાણ્યું ? અવતાર એળે ગયો. સર્વ જીવમાં ફક્ત એક મનુષ્યપણામાં જ સમજશક્તિ આવી, વિચાર કરવાનો સમય આવ્યો તે પણ કેટલો સમય ? અગાધ

સમુદ્રમાં કેટલું ય દુઃખના માર્યા તર્યા ત્યારે શાંતિ અને વિચારવાનું એક સ્થળ નાનું સરખું, સમુદ્રમાં ઢેફા જેટલી જગ્યામાં, વિશ્રામનું સ્થાન મળ્યું ત્યારે મુઆએ વિચાર જ ના કર્યો કે હવે આટલા દુઃખના માર્યા તર્યા અને સહેજ શાંતિ (મનુષ્યપણામાં) મળી ત્યારે વિચાર ના કરીએ કે આટલું દુઃખ શા માટે વહોરીએ ? ભલે જાતે કાંઈ ના કરી શકાય તો આજુબાજુ કોઈ હોડકું કે કોઈ વહાણ કે કોઈ સ્ટીમર જાય છે તેની શોધ કરવી. જે મળે તેમાં બેસી જવું જેથી કાંઈક ઉકેલ આવે. ઘણા ઉતાવળિયા લાકડું શોધે, ઘણાં હોડકું શોધે, ઘણાં વહાણમાં બેસે. કોઈક સ્ટીમરમાં બેસે. પણ સ્ટીમરમાં બેસવાનો વિચાર બિચારાને ક્યાંથી આવે ? એમ સમજે કે....આ ઘણી વજનવાળી ચીજ છે, ક્યાંક ડૂબી જશે! તો પણ કંઈ શોધે અને તેમાં બેસી જાય તો પણ કંઈક ઉકેલ આવશે આ તો ત્યાં જ બેસી રહેશે ! સમુદ્રમાં ભરતી આવશે તો ક્યાંય તણાઈ જઈશ !

**૧૯૬૯**

ॐ

॥ દાદા ભગવાનના ભગવાનના અસીમ જય જયકાર હો ॥

☆ જ્ઞાન આપતી વખતે

☞ "હું કર્તા કર્મની પ્રવૃત્તિથી જુદો એવો શુદ્ધાત્મા છું".

☞ "હું કર્તા કર્મની ભ્રાંતિથી રહિત એવો શુદ્ધાત્મા છું".

☞ "હું પાપ-પુણ્ય અને ભગવાનની સર્વ રિલેટિવ માયાથી તદ્દન જુદો એવો શુદ્ધાત્મા છું".

☞ "હું પાપ-પુણ્ય અને ભગવાનની સર્વ માયાથી તદ્દન જુદો એવો શુદ્ધાત્મા છું".

☞ "ભગવાનની સર્વ માયા રિલેટિવ સ્વરૂપ છે, તેનાથી તદ્દન જુદો એવો રીઅલ શુદ્ધાત્મા છું".

☞ "મન-વચન-કાયા અને ભગવાનની સર્વ માયા ગુરુલઘુ સ્વભાવની છે, અગુરુલઘુ સ્વભાવવાળો શુદ્ધાત્મા છું".

☞ "હું સર્વ પર-તત્ત્વોથી ટંકોત્કીર્ણ એવો સ્વ-તત્ત્વવાળો શુદ્ધાત્મા છું".

☞ "મન-વચન-કાયાનો જન્મ થાય છે અને મરણ થાય છે. હું અજન્મા, અમરણવાળો એવો શુદ્ધાત્મા છું".

☞ "પર તત્ત્વે કરીને આ મારું રિલેટિવ સ્વરૂપ છે અને તે સાચું સ્વરૂપ નથી. મારું સાચું સ્વરૂપ શુદ્ધાત્મા છે".

☞ "અવસ્થા માત્ર કુદરતી રચના છે તેનો કોઈ ભગવાન નામનો બાપોય રચનાર નથી અને તે વ્યવસ્થિત છે".

☞ "આખા જગતના તમામ પ્રકારના સંજોગો પર છે અને પરાધીન છે." "આખા જગતના તમામ પ્રકારના સંજોગો પરસત્તામાં રહેલા છે". "હું સ્વ સત્તાવાળો એવો શુદ્ધાત્મા છું".

☞ "જગતનું જે સુખ દેખાય છે તે ભ્રાંતિવાળું છે, કલ્પિત છે અને રિલેટિવ (Relative) છે. મારું ખરું સુખ મારા

રીઅલ (real) આત્મામાં છે. મારું સાચું સુખ મારા રીઅલ(Real) આત્મામાં છે.''

☞ ''હું અનંત સુખનો સ્વામી છું''. ''હું કોઈની પાસે રિલેટિવ (Relative) સુખની ભીખ માગું નહીં''.

☞ ''હું જગતમાં કોઈની પાસે કલ્પિત સુખની ભીખ માગું નહીં.''

**તા.૧૭ સપ્ટેમ્બર,૧૯૬૯-બુધવાર**

ૐ

॥ નમો વીતરાગાય ॥ ॥ નમો ભગવતે વાસુદેવાય ॥ ॥ નમઃ શિવાય ॥

॥ દાદા ભગવાનના અસીમ જય જયકાર હો ॥

☆ મન એ વિચારોનું ગૂંચળું છે. એક વિચાર કરે અને બદલી નાખે (દાખલા તરીકે - '૧૦ વાગ્યે સ્ટેશને જાઉં' એવું વિચારે અને પછી તરત જ વિચારે 'ના, સ્ટેશને નહીં, બીજે જઈશ') તો તે સાધારણ અવસ્થા કહેવાય. બહુ ના કહેવાય. પણ એકી સાથે ઘણા વિચારો કરે અને ગૂંચવાય.

☆ બુદ્ધિ અને અહંકાર એ બંને પ્રતિષ્ઠિત આત્મામાં રહેલાં છે. કોઈ કહે પુણ્યાઈને આધારે લક્ષ્મી મળે છે કે દેહવર્ણ સારો મળે છે, પણ બુદ્ધિના આશયમાં જે ભર્યું છે તે પ્રમાણે મળે છે. પૂર્વે બુદ્ધિના આશયમાં ફક્ત દેહ સારો મળે તેવું ભર્યું હોય તો તે પ્રમાણે મળે, ત્યારે બીજામાં ખૂટે.

બુદ્ધિના આશયમાં પૈસા ભર્યા હોય તો પૈસા મળે અને પુણ્યાઈ બધે વહેંચાઈ જાય, જેવું કે બંગલા, મોટર, રેડિયો વિગેરે; ત્યારે બીજામાં ખૂટતું હોય.

બુદ્ધિના અંતરાશયમાં પહેલાંના ભવે ઘણા ભાવે ભર્યું હોય પણ આ ભવે તે ઉદયમાં નીકળે અને કદાચિત્ વિશેષ જ્ઞાન થાય તો તેને ઉદયમાં નીકળેલું જે પૂર્વે ભરેલું હતું તે ના ગમતું હોય તો પણ ભોગવવું પડે, કરવું પડે - પગે લાગીને પણ કરવું પડે. વિશેષ જ્ઞાન ઉત્પન્ન થવાથી તેને ગમતું નથી, પણ છૂટકો નથી કારણ કે ભરેલું છે.

બુદ્ધિના આશયમાં ભર્યું હતું તે ''Link'' આવે તે પ્રમાણે નીકળે. અંધારામાં પણ એક પછી બે પછી ત્રણ એમ ક્રમબદ્ધ આંકડા આવે. ના આવે ત્યારે ૧ પછી ૫૭ આવે ત્યારે રડવા બેસે.

જ્ઞાનીના બુદ્ધિના આશયમાં ફક્ત જ્ઞાન હોય, જગત કલ્યાણની ભાવના હોય, ધર્મ હોય, તેમને દ્રવ્યની પડી ના હોય.

**તા. ૨૨ નવેમ્બર,૧૯૬૯**

☆ 'વ્યવસ્થિત'માં 'Regulator of the World' એક 'one of the part' છે.

બે સાધુઓ સામાયિક કરે છે. ભગવાન મહાવીર સામે બેઠેલા છે. પણ એકની પરિણતી તેને મોક્ષે લઈ જાય છે જ્યારે બીજાની પરિણતી તેને બીજે લઈ જાય છે. કારણ કે તેની પરિણતી તેના 'Regulator' પ્રમાણે ચાલે છે. અને

'Regulator' 'વ્યવસ્થિત' ને આધીન છે. પણ 'Effect' શું થશે તેનો અંદાજ 'Regulator' પરથી આવે. ભગવાન 'Effect'ને ના જુએ - 'Causes'ને જુએ.

'Causes' થી 'Effect' ઉત્પન્ન થાય, અને તેમાંથી ફરી 'Causes' થાય. બાહ્યાચાર એ અંતઃકરણનો ફોટો છે. ભગવાન બંનેને ના જુએ. પૂર્વના 'Causes' રૂપેની 'Effect' આ ભાવે દેખાય છે. હવે 'Effect'ને જોયા કરવી, 'Causes' ઓછાં થઈ જશે.

કોઈના 'Regulator'ની 'Needle' બરાબર હોય તો જ્ઞાનીપુરુષ ભેગા થાય, પણ તે જ્ઞાની પુરુષની કોઈપણ ક્રિયાને શંકાથી જુએ (બીડી પીતાં દેખે વિગેરે) તો તેના 'Regulator'ની 'Needle' ફરી જાય અને પામે નહીં કારણ કે તેના સંયોગી પુરાવા રૂપે 'Regulator' બરાબર હોવા છતાં બીડી દેખાઈ તે 'Needle' ફરી ગઈ. અને કોઈની 'Needle' ફરી ગયેલી હોય અને સંયોગી પુરાવાથી જ્ઞાનીનાં બે વાક્યો સાંભળીને જ 'Regulator' ની 'Needle' સીધી થઈ જાય તો પામી જાય.

વર્ષ:૧૯૭૦

ૐ

॥ દાદા ભગવાનના અસીમ જય જયકાર હો ॥

☆ આ જ્ઞાન મળ્યા પછી દેહાચાર ઊંચો હોવો જોઈએ, નહીં તો શાસન દેવતાઓ ખસી જાય. 'જ્ઞેય જ્ઞાતા સંબંધ' મનના તથા વાણીના આચાર માટે છે, ત્યાં સુધી ચાલે; દેહાચારમાં ના ચાલે. દેહાચાર તો અજ્ઞાન અવસ્થામાં ય લોકનિંદ્ય ના હોવું જોઈએ. બહુ બહુ સાચવવા જેવું છે. અહીં જ વધુ જાગૃત રહેવાની જરૂર છે. ભયંકર જોખમવાળું કામ છે આ. સંસાર જોખમ નથી.

દેહાચાર સારો હોય તો દેવલોકોની કૃપા ઠેઠ સુધી રહે. કોઈ પીડા ના રહે. દુઃખ ના આવે. નહીં તો અધોગતિમાં લઈ જાય. અહંકાર કરીને પણ દેહાચાર અશુદ્ધ ના થાય તે સાચવવું. અહંકાર કરવો સારો. તે પછી નીકળશે.

બાહ્યાચાર એક ખાસ બ્રહ્મચર્ય સબંધ સમજાવવા માટે છે. મોટામાં મોટું જોખમ બાહ્યાચારનું છે. દેવલોકો ખુશ થઈ જાય તેવો બાહ્યાચાર હોવો ઘટે. તે ના હોય તેને ભગવાને અનાચાર કહ્યો છે. 'બ્રહ્મચર્ય સબંધી દુરાચાર ના થવો જોઈએ'.

**તારીખ: ૮ સપ્ટેમ્બર, ૧૯૭૦- ઘરે**

☆ અવ્યક્તમાંથી વ્યક્ત થાય.

☆ **ત્રણ જાતના પરમાણુ :**

☞ પ્રયોગસાઃ અવ્યક્ત પરમાણુ, તેને પ્રકૃતિ કહે છે.

☞ મિશ્રસા બને તે રૂપકમાં આવે.

☞ વિશ્રશા : શુદ્ધ થઈને નીકળતા પરમાણુ પાછા વ્યક્ત દશામાં હોય. તેના ગુણધર્મો વપરાઈ જાય એટલે શુદ્ધિકરણ થઈને નીકળે અને પાછા ફરી પ્રયોગસામાં જાય છે. આખું જગત શુદ્ધ પરમાણુંથી જ ભરેલું છે. પણ કાંઈ વિચાર કર્યો કે તે પરમાણુ ખેંચાય અને તે પ્રકૃતિમાં આવે-પછી મિશ્રસામાં આવે એટલે દેખાય-રૂપકમાં આવે એટલે અશુદ્ધ થાય. પછી વિશ્રસા થાય એટલે પાછા પોતાનાં ગુણધર્મો ખર્ચાઈ જાય એટલે શુદ્ધ થઈને નીકળે.

☆ **વિચારઃ**

☞ ખર્ચાઈ જતા વિચાર : Reactionary વિચાર , Disposed વિચારો.

☞ નવા વિચારઃ proposed વિચાર.

'હું ચંદુલાલ છું' એ અધિષ્ઠાન અને અધિષ્ઠાનમાં બેઠો એટલે જગત ઊભું છે. 'હું ચંદુલાલ છું', ત્યારે proposed વિચાર આવે, man proposes કહે છે તે. પણ વ્યવસ્થિત disposed છે. અધિષ્ઠાન તરીકે હોય ત્યાં સુધી proposed હોય, નહીં તો disposed વિચાર - મિશ્રસાની ગાંઠો છે તે ફૂટી નીકળે છે. મન-વચન-કાયાથી disposed થાય છે.

**૯ સપ્ટેમ્બર, ૧૯૭૦, રસિકભાઈ ને ઘરે.**

☆ ખૂટતું ના હોય તે ખરું કહેવાય-આ તો રોજ ખાઈએ - પીએ તોય ભિખારી ના ભિખારી. જેટલા દિવસ સત્સંગમાં ગયા તે બધા દિવસો સજીવન ગયા.

☆ અવસ્થામાત્ર કુદરતી રચના છે-તે કુદરત કોણ ? વ્યવસ્થિત ભેગું કરી આપે. 'કુદરત' નો અર્થ સ્વાભાવિક - ગરમીમાં ઠંડુ મોજું આવ્યું તો ઓઢવું પડે, તે કુદરતી રચના - તે સ્વાભાવિક છે. આ લોકોને સ્વાભાવિક કહીયે તો કુદરત ના સમજે. એટલે કુદરતી રચના કહેવું પડે છે.

**તારીખ : ૪ નવેમ્બર, ૧૯૭૦**

☆ જ્ઞાન એટલે સ્વ-પર જ્ઞાન.

☆ સંસારનો ઘણો ખરો ભાગ બાધક જ હોય, સાધક બહુ ઓછો હોય. બાધક એકાંતિક નથી દ્વંદ્વ સ્વભાવ છે. એટલે જે બાધક હોય તે થોડોકે ય સાધક હોય. હું જ્ઞાન આપું ત્યારે સાધક અવસ્થા ઉત્પન્ન થાય.

☆ Egoism નિર્લેપ છે. જેમ આત્મા નિર્લેપ છે તેમ egoism નિર્લેપ છે. Egoism કશું કરતો નથી પણ કહે છે કે 'આ મેં કર્યું' જેથી ઈફેક્ટ લાગે છે, તેમ egoism થી થાય છે. સ્ટેપ માર્ગમાં egoism નિર્લેપ કરતાં-કરતાં જવાનું છે. નહીં તો જ્ઞાની મળી જાય તો egoism તદ્દન નિર્લેપ કરી આપે.

☆ જે મોક્ષને માટે લાયક હોય-બીજી વસ્તુઓમાં ય લાયક છે તે ઈશ્વર કહેવાય અને જેને મોક્ષ થાય તે પરમેશ્વર.

☆ આ બધી રિદ્ધિ મળે છે તે ચઢવા માટે છે અને પડે ય છે. પણ, પડે તો જે તે પછડાટ અનુભવે તે તેને કરી ઊંચે લઈ જાય. કારણ કે તે સ્વચ્છતા જ જુએ છે. બહાર લોકો જે સિદ્ધિ કહે છે તેને સાપેક્ષ સિદ્ધિ કહેવાય. જ્ઞાનીને જ નિરપેક્ષ સિદ્ધિ હોય.

પ્રકૃતિની હાજરીમાં સિદ્ધ થયા છે આ જ્ઞાનીઓ.

અમે જે સિદ્ધિ મેળવી તે અનંત કષ્ટ કર્યાં, પછડાટો ખાધી ત્યારે મળી છે. પછડાટ ખાધા વગર સ્વચ્છ તરફ ના દેખાય. પછડાટ ખાય ત્યારે જ ઉપર જવા માટે પ્રયત્ન કરે.

રાજ રિદ્ધિ-તપ રિદ્ધિવાળા તેમની રિદ્ધિ વાપરે ખરા. તે બીજાને લાભ આપે પણ પોતે ખલાસ થઈ જાય-ત્યારે પછડાટ ખાય-માર ખાય; ત્યારે તે સ્વચ્છ જુએ અને ફરી ઊભો થઈ ઊંચે જવા પ્રયત્ન કરે. રિદ્ધિ પૂરણ ગલન સ્વભાવવાળી છે.

## વર્ષ:૧૯૭૧

### ૨૪ જાન્યુઆરી, ૧૯૭૧

☆ હવે, જ્ઞાન મળ્યા પછી કદાચ એકાદ બે ભવ વધુ થશે પણ આવી ગયેલો ઉકેલ ક્યારેય નહીં જાય.

☆ કરવાનું હોય ફરજિયાત અને કહે છે કે મેં પુરુષાર્થ કર્યો; તે ખોટું છે, મરજિયાત ક્યારે થાય? પુરુષાર્થ પ્રાપ્ત થાય ત્યારે. જન્મ્યો ત્યારથી મર્યો ત્યાં સુધી બધું જ ફરજિયાત છે. શુદ્ધાત્મા જાણે અને તે જાણવાનો પુરુષાર્થ કરે ત્યારે મરજિયાત કહેવાય.

☆ જે ઇન્દ્રિયનો દુરુપયોગ કર્યો તે ઇન્દ્રિય બીજા અવતારમાં પ્રાપ્ત ના થાય. કોઈપણ વસ્તુનો દુરુપયોગ ના કરાય. પૈસાનો પણ દુરુપયોગ ન કરવો, નહીં તો લક્ષ્મીજી પ્રાપ્ત ના થાય. દુરુપયોગ તે circumstantial evidence થી થાય.

☆ શુદ્ધાત્માને એક જ વૃત્તિ હતી- ચિત્તવૃત્તિ હતી. ચિતવૃત્તિ એટલે જોવું અને જાણવું. પણ તેમાંથી સસરો ને સાસુ કરવા ગયો એટલે વૃત્તિઓ વધી અને પછી નિવૃત્તિ કરવા ગયો. પછી તેમાંથી ઉકેલ આવે?

☆ ચઢવાની વિદ્યા જાણ્યા વગર ઊતર્યો તો ફસામણ ફસામણ.

☆ પહેલાં તો કરોડો રૂપિયા છતાં સંસાર કદરૂપો દેખાય. માણસ કદરૂપો હોય તો ચલાવી લેવાય, પણ સંસાર જ કદરૂપો હોય તો ક્યાંથી ચલાવી લેવાય?

☆ આ કવિને એક સેકંડે સેકંડ અમારી લગની લાગી છે. પછી તે જે કાંઈ કરે તેની જોખમદારી અમારી છે. આટલા જ્ઞાનીઓમાં એના જેવી લગની કોઈની નથી.

☆ મોક્ષના ચાર પાયા-જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ. કવિને આ પૂછ્યું ત્યારે કહે કે એ કશું હું જાણું નહીં. મેં તો મૂળાક્ષર

તમને જાણ્યાં અને મૂર્તામૂર્ત અક્ષર જાણ્યાં અને તે મૂળાક્ષર સાથે તાર જોડ્યો છે. દાદાનો તાર જોડ્યો અને તે આત્મા નિર્લેપ હું છું. તમે તપ કરવાનું કહેતા હતા તે, હૃદય અનાદિથી ઊકળતું હતું.

☆ સંપૂર્ણ જાણ્યું તેનું નામ જ્ઞાન. લક્ષમાં રહે તે દર્શન. જ્ઞાન-દર્શનનું ફળ ચારિત્ર. દર્શન આવે એટલે તપ થાય. જ્ઞાન મળ્યું પણ પ્રકૃતિ જરાય ઓછી નથી થઈ. મોક્ષમાર્ગ તો મળી ગયો. અંદરનું અદીઠ તપ શરૂ થાય. હૃદય અંદરથી તપે - બહારથી ના દેખાય - અને આત્મા અંદરથી પોકાર કરે કે મોક્ષનો માર્ગ મળી ગયો.

મોટો આચાર્ય થયો તો ય વિકલ્પ વધ્યા કરે. પહેલાં ચંદુલાલ હતો, હવે આચાર્ય થયો. આપણને તો નાટકના સસરા અને નાટકના સાળા. જ્ઞાન મળ્યું એટલે પ્રકૃતિ ભરેલી હોય તે કોઈ સળી કરે ત્યારે નીકળે. પણ જ્ઞાન મળ્યું તે તેને ફક્ત જોવાની. જોવાથી તપ થાય તે અદીઠ તપ.

☆ સંન્યસ્ત મંત્ર એટલે એ નવકાર મંત્રને કહેવાય, સંન્યસ્ત એટલે પૌદ્‌ગલિક રમણતા જેને બંધ થઈ ગઈ હોય અને આત્મરમણતા જેને ચાલુ હોય તે.

☆ જે જ્ઞાન ફળીભૂત ના થાય તે વાંઝિયું જ્ઞાન કહેવાય. પપૈયાંની જેમ.

☆ પાર્શ્વનાથ ભગવાનના વખતમાં ચાર મહાવ્રત હતાં. ચોરી, જૂઠ, હિંસા, પરિગ્રહ ના કરવા. એ લોકો સમજતા હતા કે અબ્રહ્મચર્ય આમાં બધું આવી ગયું. પણ મહાવીર ભગવાને આ કાળના લોકોને હિસાબે પાંચમું કરી, ઉઘાડું આપ્યું.

☆ ક્રિયાકાંડ એ ફળ છે. બીજ નથી. ફળ લાવવું ના પડે, એની મેળે જ આવે. કર્મકાંડનું આવતા ભવમાં કશું જ નહીં મળે. કર્મકાંડ ભગવાન મહાવીર સુધી ચોથા આરા સુધી જ ફળ આપે. આ કાળમાં તો મન, વાણી, વર્તન એકાકાર ના હોય.

☆ અવળું થાય તેનું નામ કળિયુગ.

☆ 'મિથ્યા'માં અસર ના હોય. વહુએ જમતી વખતે કહ્યું હોય કે, 'તમારામાં તો અક્કલનો છાંટોય નથી', તો જો મિથ્યા હોય તો તરત જ ભૂલી જવાય. પણ તેની તો ઊંઘતી વખતે પણ અસર(effect) રહે એટલે તે મિથ્યા નથી. મિથ્યામાં અસર ના હોય.

☆ Relative સંબંધમાં જીદ ના પકડીએ. Real સંબંધમાં જીદ કરીએ. Relation સંબંધને Real સમજીને જીદ કરે એટલે ફ્રેક્ચર થઈ જાય, તૂટી જાય. આ નહીં સમજવાથી આખા જગતમાં ઘેર-ઘેર ઝઘડા થાય છે. એક ફક્ત દાદા જ Relation શું છે તે સમજાવે ત્યારે તેટલું સંધાય.

☆ અમે 'નાચલણી નાણું' એટલે ભગવાન થઈ ગયા. 'ચલણી નાણું' દરેક જગ્યાએ હોય.

☆ કમાણી ક્યારે વધે ? જ્યારે પોતાને પોતાની ભૂલ દેખાય ત્યારે કમાણી વધે.

☆ રાગ - ''હું ચંદુભાઈ તે રાગ'' - પણ કોઈની તરફ ખેંચાણ થાય તે રાગ ના કહેવાય. તે આકર્ષણ કહેવાય.

☆ કંઈપણ ડખો થયો ત્યાં પોતાની ભૂલ છે. ન્યાય-અન્યાય જોવાના નથી. ન્યાય-અન્યાય જગત જુએ. આપણે ડખો ના થાય તે જોવાનું છે.

☆ "કરમ વગરનો કરશનીઓ જાને શાં જાવાં?
કરમમાં લખ્યાં ડોળીઆં, ઘીઆં શાં ખાવાં"

☆ જ્ઞાનીની બધી જ ક્રિયાઓ ઓળંબાવાળી હોય. વર્લ્ડમાં (world) અમારા જેવો કોઈ પાકો ના હોય છતાંય અમારા જેવો કોઈ કાચોય નહીં. આ બધા મારા પુદ્‌ગલના ગુણ છે. ગુરુત્તમ હોય, લઘુતમ પણ હોય. વચ્ચે લટકીએ નહીં. અમારી બધી જ ક્રિયા ઓળંબાવાળી (Plumb) હોય. બીજાની ક્રિયા "Tower of Pisa" જેવી હોય. બધું જ "Out of Plumb" (ઓળંબા વગરની) હોય. અમારું સર્વ ઓળંબાવાળું હોય. જ્ઞાન સહેલું છે; અજ્ઞાન અઘરું છે. એક કડીઆને વાંકું (ઓળંબા વગરનું) ચણવાનું કહો તો તેને અઘરું લાગે (કારણ તેવું કામ કરવામાં તે અજ્ઞાની છે.) પણ ઓળંબાવાળું તરત જ ચણે કારણ કે તેને તેવું જ્ઞાન છે (જ્ઞાન સહેલું છે પણ અજ્ઞાન અઘરું છે.)

## વર્ષ:૧૯૭૩

### ૨૨ ફેબ્રુઆરી, ૧૯૭૩-વડોદરા:

☆ 'વ્યવસ્થિત'નું દાદા-જ્ઞાન એ નિષ્પક્ષપાતી જ્ઞાન છે-વ્યવહારનું, કારણ કે આપણામાં એક 'ચેતન' છે અને બીજી 'પ્રકૃતિ' છે માટે જે કાંઈ પણ બન્યા પહેલાં જ વ્યવહારમાં એમ બોલીએ કે 'બધું વ્યવસ્થિત જ છે ને', તો એમાં 'પ્રકૃતિ'નો પક્ષ લીધો કહેવાય અને સહજ બૅલૅન્સ તૂટે અને તેથી 'વ્યવસ્થિત' જ્ઞાનનો નિષ્પક્ષપાત ઉપયોગ ના થયો એમ કહેવાય. માટે પ્રાકૃત કંઈ પણ બને -ચેતનની સહજ હાજરીમાં, તે બન્યા પછી જેવું બન્યું હોય-સારું કે ખોટું-તે 'વ્યવસ્થિત' છે. અને કોક પ્રસંગે કંઈ પણ સંયોગ બની ગયા પછી સમાધાન માટે અવલંબન લેવું જરૂરી લાગે ત્યારે જ, તે સંયોગ તથા સંયોગી નિમિત્તો વિશે 'બધું જ વ્યવસ્થિત છે' એમ બોલવું.

### તારીખ : ૨૫ ફેબ્રુઆરી, ૧૯૭૩, રસિકભાઈને ત્યાં.

☆ "સૌને ઠરો રે અગન" - આ કવિની તો અગન ખરી ઠરી ગઈ છે.

☆ આપણા આ 'ચાર્જ - ડિસ્ચાર્જ' ના જ્ઞાને તો બધાં શાસ્ત્રો સહેલાં થઈ ગયાં.

☆ જ્ઞાનના હતું તે પહેલાં આશ્રવ દ્વાર ખુલ્લાં હતાં- જ્યાં જાય ત્યાં તેને તેવું જોઈએ. તેવું મન બાંધે. ઉત્પાત ઊભો થાય. આત્માના representationમાં અહંકાર ઊભો કરે છે. ઉત્પાત ક્યારે બંધ થાય કે, તેને તે મળે ત્યારે ઉત્પાત બંધ થાય. કોઈ કારખાનું જુએ ત્યારે મનમાં થાય કે કારખાનું બાંધું. જમીન જુએ તો વિચારે કે જમીન ખરીદું વગેરે.

☆ પ્રકૃતિનો સ્વભાવ એવો છે કે ઠેઠ મોક્ષે લઈ જાય-પણ પ્રકૃતિ પૂરણ ગલનવાળા સ્વભાવની હોવાથી ઉઘાડી પડી જાય છે.

☆ આપણી વાત સમજે તો સર્વ સ્વ દુઃખો મટી જાય.

☆ આ પરમહંસની સભામાં અમથો કલાક બેસે તોય ફેરફાર થઈ જાય. આત્મા પરમાત્મા સંબંધી જ વાત હોય. સંસારની વાત ના હોય.

☆ અંતરાત્મા ઉત્પન્ન ક્યારે થાય ? કે પ્રજ્ઞા ઉત્પન્ન થાય. આપણે અંતરાત્મા દશામાં છીએ. શુદ્ધાત્મા મેળવવાનો પ્રયત્ન છે. પ્રતીતિ થઈ છે પણ અનુભવ કરવાનો છે. અંતરાત્મા ભાગ એ પ્રજ્ઞા ઉપર જ રહ્યો છે. તે પરમાણુનો ભાગ નથી. પ્રાકૃત ભાગ એ પરમાણુનો ભાગ છે. અહંકાર, બુદ્ધિ, ચિત્ત એ પ્રાકૃત, એ પરમાણુનો ભાગ છે.

☆ અંધાની લાકડી-આપણું જે અજ્ઞાન 'હું રસિકભાઈ છું' તે નિરાધાર થઈ ગયું. પહેલાં તો માલિક થઈ બેઠો હતો.

☆ ધર્મ તો અપંગ થઈ ગયો છે. તેથી દુઃખ સિવાય બીજું શું હોય? ભગવાને કહ્યું કે ધર્મ રાખજે, નહીં તો અધર્મ પેસી જશે. ધર્મ એટલે કોઈને દુઃખ ના દેવું. કોઈ દુઃખ દે તો સહન કરવું. કારણ કે સહન કરવાનોય અંત છે. 'પૂરું થવાનું છે' તેવું ભાન થાય તોય માણસ સહન કરે. Revenge (વેર) થી જ જગત બંધાયેલું છે. કેટલાક પ્રેમવાળા હોય આ જગતમાં, અને પ્રેમમાં ય ઝેર છે આજે તો.

ધર્મ નહીં હોય તો ઓરડીમાં વેક્યૂમ ઉત્પન્ન થશે અને અધર્મ પેસી જશે. એક પગ આખોય નથી અને બીજો અડધો છે એવો આજનો ધર્મ થઈ ગયો છે; ક્યાંથી ચાલી શકે ?

☆ મને જ્ઞાન થયું ત્યારે પણ જ્ઞેયો દેખાતા હતા. લાંબો કોટ પહેર્યો ત્યારે કોઈ ઉપરથી થૂંક્યું. જ્ઞેયો દેખાય એટલે દોષ ના દેખાય-puzzle ઊભા ના થાય-જ્ઞાન આપ્યા પછી પઝલ ના આવે-થયેલું પઝલ પણ ઉકલી જાય.

☆ હવે તો વ્યવહાર ધર્મે ય સારો નીકળશે.

☆ આ કળિયુગના લોક બગડી નથી ગયા- આ લોક તો કણસાના કણસાયેલા છે એટલે developed થયેલો માલ છે. ફક્ત ઊલટું થઈ ગયું. બુદ્ધિ ફક્ત વાળવાની જરૂર છે. પહેલાંના કાળમાં તો કોઈ અપમાન કરે તોય સહન ના થાય. જ્યારે આ કાળમાં કણસાયેલા લોક છે એટલે સહન કરે.

☆ અલૌકિક એટલે આત્મા પરમાત્માથી સીધી વાત.

☆ જગતના બધા ધર્મો ધોરણમાં છે અને આ ધોરણાતીત છે.

☆ આધાર ગયો એટલે અજ્ઞાન ગયું. અજ્ઞાનના આધારથી આખું જગત 'હું ચંદુલાલ છું' એમ બોલે છે. સાધુ સંન્યાસીઓ તે ટેકાને શી રીતે ખસેડે ? તેના આધારે તો તે જીવે છે.

☆ 'પરાર્થી' તો બધાય છે. જગતના જે બહુ સ્વાર્થી હોય તે બેવકૂફ 'પરાર્થી' છે. એક જ્ઞાનીપુરુષ જ 'સ્વાર્થી' હોય. (સંસારના) સ્વાર્થી હોય તો પ્રેમ ઉત્પન્ન થાય ખરો ? નિઃસ્વાર્થી પર પ્રેમ ઉત્પન્ન થાય. આ દુનિયામાં કોણ સ્વાર્થી ? (વ્યવહારથી) પરમાર્થી છે તે બધાં 'સ્વાર્થી' કહેવાય.

☆ કૂતરીને બચ્ચાં ધાવે છે, તે નેચરલ મોહ છે. કૃત્રિમ મોહ છે. તેને મોહ નથી કહેવાતો. તે attraction છે. આ જગતમાં

unnatural મોહ છે. જ્યાં સુધી નિજસ્વરૂપનું ભાન ના થાય ત્યાં સુધી બધાં દુધિયાં જ છે ! દૂધી થયા જ કરે-વેલા સકાયા કરે અને દૂધી થયા કરે !

☆ રૂપ સુગંધ સહિત હોય, ચામડીની ધોળાશથી રૂપ નથી. શામળામાં જો રૂપ જોતાં આવડ્યું ત્યારે જાણ્યું કે રૂપ જોતાં આવડ્યું. રૂપ તો કેટલી બધી પુણ્યાઈ લાવ્યો હોય ત્યારે મળે !

☆ 'હું શુદ્ધાત્મા છું' બોલીએ છીએ તે અનાદિનો પરિચય અવળો હતો તેથી બોલવું પડે છે. જેથી ભરેલું જળ નિર્જળી જાય. કોઈ 'હું શુદ્ધાત્મા છું' બોલ્યા કરે તો ભગવાન તો કહે છે 'અલ્યા, તે તો તું છું જ એમાં શું બોલે છે ?' શાથી બોલવાનું ? ભરેલું જળ નિર્જળ થાય.

☆ જે વખતે જેણે જે ભોગવ્યું તેની ભૂલ. ઠોકર વાગી તો ય લોક બોલે કે 'મને ઠોકર વાગી'. મુંવા! તું અથડાયો તેથી ઠોકર વાગી. પત્થરની ઠોકર તે નિર્જીવ છે. તેને ચીઢ ચઢાવી ગુસ્સો કરી, પથ્થર કાઢી નંખાવે -પણ ગુસ્સો કરી પોતાના ઉપર જ અગ્નિ નાંખે.

☞ આ જગતમાં સમજયા જેવી વાત એ છે કે ભોગવવાનું કેમ થયું ? માટે 'ભોગવે તેની ભૂલ'.

☆ 'દ્રવ્યભાવ' નો અર્થ ? જે પોતે(ધર્મ) કરે તેનાં બીજ પડે. એટલે ગણધરોએ કહ્યું કે, 'દ્રવ્યભાવ કરો'. પણ, અત્યારે તો દ્રવ્ય જુદું અને ભાવ ય જુદો હોય. મહારાજની સભામાં બેઠો તે દ્રવ્ય બહુ પુણ્યશાળી કહેવાય, પણ બેઠો બેઠો ભાવ જાત જાતના નાખે કે 'આમ નફો કરું' અને 'આ કામ કરું' - ભાવ જુદો છે. પહેલાં 'દ્રવ્યભાવ' સાચો હતો. કોઈને વાગ્યું હોય તો પહેલાં (ના સમયમાં) પાટો બાંધે તે તેમાં એકાકાર થઈ જાય-એટલે દ્રવ્યભાવ પુરાયો પણ આજનો જૈન તો પાટો બાંધે પણ મનમાં વિચારે કે, 'આમાં હું ક્યાં ફસાયો ?'!!

☞ દ્રવ્ય આવું શાથી છે ? તો કે, મહારાજનું પુણ્ય છે એટલે મળે છે પણ લોકો, 'માથે પડેલાને આપવું પડે છે' એ પ્રમાણે મહારાજને ખવડાવે છે. આ દુષમ કાળ છે એવો. કાંઈપણ કોઈને આપો તે દ્રવ્યભાવથી આપો. પણ, દ્રવ્ય - ભાવ જુદો જુદો હોય ત્યાં અવળું બાંધે. દુર્જનો એમ કહે કે, 'હું આને મારી નાખીશ' તે દ્રવ્યભાવ ઊંધો, તે એ પ્રમાણે બીજ નાખે.

☞ દ્રવ્યભાવ સાથેનું વર્તન તે સાચું બીજ નંખાય.

☞ દ્રવ્યભાવની જુદાઈ ફાયદો ક્યાં કરે - જ્યાં 'ફાઈલોનો નિકાલ' કરવાનો હોય ત્યાં આપણને ફાયદો કરે.

**તારીખ: ૨૬ ફેબ્રુઆરી, ૧૯૭૩**

☆ આ જીવનમાં ક્યારે, ક્યાં અને ક્યે વખતે કોણ મળે તે કહી શકાય નહી. કોઈ દિવસ ફૂલ ચઢાવનાર પણ મળે અને કોઈ વખતે બહારવટિયો પણ મળે.

### તારીખ: ૨૪ માર્ચ, ૧૯૭૩

☆ 'ફોરિન' માં રહેવું કે 'હોમ'માં રહેવું તે નક્કી કરવું. 'ફોરિન' એ અસ્થિર છે, 'હોમ' એ સ્થિર છે.

☆ જગતમાં બધું જ અસ્થિર છે એક ફક્ત જ્ઞાન-દર્શન સ્થિર છે.

☆ જેટલું પુરુષાર્થ 'પ્રત્યક્ષ કારણ' છે તેના કરતાય મોટામાં મોટું 'પ્રત્યક્ષ કારણ' 'ટાઈમિંગ' છે.

☆ બગીચામાં જ જો સુખ હોત તો માળી બગીચાની બહાર ના નીકળત ! ઘરમાં બાયડી-છોકરાંથી કંટાળે એટલે જાત્રાએ જવા નીકળે અને સુખ લાગે, એટલે કહે કે 'જાત્રામાં શાંતિ મળી'- અલ્યા ! મુંવા ! જાત્રાથી સુખ નથી આવ્યું એ તો તું ઘરેથી કંટાળ્યો તેથી જાત્રાનું સુખ લાગ્યું. ઘરમાં ટંટો ફિસાદ થાય ત્યારે બગીચામાં જાય ત્યારે કહે કે 'ઠંડક વળી'- અલ્યા, બગીચાથી ઠંડક નથી એ તો તું ઘરથી કંટાળ્યો તેથી ઠંડક વળી !

☆ ભરેલો અહંકાર એ ઝંઝટ કરાવે-ચિંતા કરાવે અને ભરેલી મમતા માર ખવડાવે. ભરેલી મમતા ચિંતા ના કરાવે અને ભરેલો અહંકાર માર ના ખવડાવે. મમતામાં રોગ હોય જ.

☆ પોતાની નિર્બળતા કાઢ્યા વગર બીજાની નિર્બળતા કાઢવા જાય તો તે વધુ નિર્બળ બને.

☆ ધર્મ એટલે ચેતન આત્માને જાણવા માટેનાં જડ સાધન.

### ૨૧/૧૦/૧૯૭૩ રસિકભાઈને ત્યાં.

☆ શ્રદ્ધાએ કરીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું જ છે પણ તલ્લીનતા-પદે કરીને કેવળજ્ઞાન ઉત્પન્ન થવું જોઈએ.

☆ સવારે ઊઠીને પાંચ વખત એટલું જ બોલે કે, 'આ જગતની કોઈ ચીજ મારે જોઈતી (ખપતી) નથી'. રિલેટિવ કોઈ ચીજ મારે જોઈતી નથી. આવું બોલ્યા પછી તમે જે કાંઈ ખાવ, પીવો તો પણ તે નડતું નથી. આવી શર્ત કરી પાંચ જ વખત બોલો પછી જોખમદારી મારી (દાદાની).

વ્યવહાર શું કહે છે કે આવું બોલો. જે રસ્તે કાંટા ખસેડતો ખસેડતો આગળ ચાલ્યો તે જ રસ્તે હું તમને ચલાવું છું. તમને કાંટા વાગવાના નથી. તો હવે આવું વાક્ય ફક્ત પાંચ વખત બોલવામાં શું વાંધો ? આંખો બંધ કરી ચાલશો તો ય કાંટા નહીં વાગ્યે, પણ આ કેડી છે, આ રાજમાર્ગ નથી. રાજમાર્ગ તો ડામરવાળો ફર્સ્ટ ક્લાસ હોય, જ્યાં હોટલો-બોટલો બધું છે, ધોરી માર્ગ છે, જ્યાં બહાર બધુ સુંદર પણ મહીં દુઃખ; જ્યારે આ કેડીમાં કશું જ જોઈએ નહીં. હોટલોય ના હોય અને બીજું કશું ના હોય.

☆ સવારમાં દાદાની છબી સામે લાવી, ચિત્ત દાદામાં રાખી, સવારમાં ફક્ત બોલો કે 'આ જગતના કોઈ જીવમાત્રને મારાથી દુઃખ ન હો'; તો તમને કશું જ નડતું નથી. પછી તમારાથી ભલે હિંસા થાય, તે નડે નહીં.

☆ ભગવાને સત્ય કોને કહ્યું ? તો જે આ ત્રણ ગુણાકારે જે ચીજ હોય તે સત્ય જ છે.

☆ સામાને પ્રિય હોવું જોઈએ, મીત હોવું જોઈએ - પ્રમાણસર, હિતકર હોવું જોઈએ.

☆ હિતકર શબ્દમાં બધું ઘણું આવી જાય છે. પ્રિય તો હોવું જ જોઈએ.

☞ બા ને 'બાપની વહુ' કહીને બોલાવે તો તે પ્રિય વાણી ના હોય- વિવેકી વાણી ના હોય.

☞ 'એ ડોશી , મને પાણી આપજે', તો ડોશી મોઢું બગાડે. પણ 'માજી, મને પાણી આપો, તો દીકરા કરતાંય વહાલથી આપે.

☆ શબ્દનો અનર્થ કરીને ના બોલવું. આ બધાં મારામારી નથી કરતાં, પણ શબ્દના જ બાણથી મારામારી કરે છે.

☆ 'વર' નો અર્થ શ્રેષ્ઠ વસ્તુ, બહુ ઉત્તમ વસ્તુ. આજે તો વર શોધવાને બદલે ધણીને શોધે છે.

☆ લંગર નાખ્યું તે પતંગ હાથમાં આવી, પતંગના મનમાં એમ કે, 'ઠીક, સારા ઘરમાં આવી'.

☆ હિન્દુ શાસ્ત્રમાં ધણી એટલે દેવ, એટલે પૂજ્ય. તો ધણીએ પણ પત્નીને પણ દેવી તરીકે જોવી-માનવી જોઈએ.

☆ જગતમાં વૈરાગ્ય વિચારે કરી કરીને લાવે છે. એવી સૂક્ષ્મ દૃષ્ટિ કરો કે સૂક્ષ્મમાં સૂક્ષ્મ પરમાણુઓ દેખાય. કપડાં પહેર્યાં હોય તોય દેહની આરપાર દેખાય. વૈરાગ્ય તો કેમનો આવે? સૂક્ષ્મમાં દૃષ્ટિ કરીએ તો જ.

દાખલોઃ પાર્ટીમાં-બગીચામાં જાવ અને ઢેબરાં ખાવ ત્યારે સંસારીની દશા અને વૈરાગીને એવો વિચાર આવે કે 'આજે આ ખાઈએ છીએ તે કાલે તે જ થવાનું છે'.

☞ સ્વામિનારાયણવાળા કહે છે, 'ત્યાગ ના ટકે રે વૈરાગ્ય વિના'. ત્યારે મારે (દાદાએ) કહેવું પડ્યું કે, 'વૈરાગ્ય ના ટકે રે , વિચાર વિના; વિચાર ના ટકે રે એકાંત વિના'. લગ્નમાં જઈએ તો વૈરાગ્યના વિચાર ક્યાંથી આવે? સહજાનંદ મહારાજે કહ્યું હતું તે તેમની નિકટના સાધુઓ માટે કે જેમને વૈરાગ્ય રહેતો હતો, પણ આ કાળમાં ક્યાંથી વૈરાગ્ય રહે?

☆ 'સંજ્ઞા-સંજ્ઞી સલામ'. આ કવિનું prescription સમજવું પડશે. એ કહે છે કે, હું 'નવનીત' છું એ મારી સંજ્ઞા, 'હું' પોતે સંજ્ઞી છું; તો તે બધાને સલામ. આ મારી લિફ્ટ તો ઉપડી, હવે. અમે શુદ્ધાત્મા અને આ બધા સંજ્ઞા અને સંજ્ઞી, તમને બધાને છેલ્લી સલામ. તમે અમને ના બોલાવશો, અમે તમને નહીં બોલાવીએ, સલામ ના કરીએ તો પાછા આવે.

આ સહજ કૃપાથી કવિ પાસેથી નીકળ્યું છે. તે ય જ્ઞાનીથી અર્થ ના નીકળી શકે એવું ગૂઢ, આ કૃપાથી કવિમાંથી નીકળ્યું છે, કેટલું બધું છેલ્લી દશાનું 'સંજ્ઞા-સંજ્ઞી'માં લખ્યું છે?

☆ શુકદેવજી તપસ્વી, એમણે પોતાના પિતાશ્રી વ્યાસજીને પૂછ્યું કે 'મારે જ્ઞાન જાણવું છે', ત્યારે વ્યાસજી ય મનમાં પૂછે છે કે, 'આ(પોતે) જ્ઞાનીનું સ્ટેશન અને સ્ટેશનને જ પૂછે છે?' તેમ છતાં કહ્યું કે 'જનકરાજા પાસે જા'.

વર્ષ:૧૯૭૪

**૧૮/૨/૧૯૭૪, રસિકભાઈને ત્યાં.**



☆ જયાં આપણો નિશ્ચય હોય ત્યાં જવાય. મોક્ષે જવાનો નિશ્ચય કર્યો તો ત્યાં જવાય.

☆ બુદ્ધિથી સમજાય છે કે, મન આપણું નથી, દેહ આપણો નથી.

☆ આ તો આ ચોપડાનો હિસાબ કાઢતાં નથી આવડતો તેથી સંસાર મીઠો લાગે છે. જો હિસાબ કાઢતાં આવડે તો કડવો લાગે.

☆ આખું વર્લ્ડ સૂક્ષ્મ અગ્નિથી બળી રહ્યું છે, સ્થૂલ અગ્નિથી નથી બળી રહ્યું. જેથી જગતને ટેકાની જરૂર છે.

☆ બે જાતના જ્ઞાનીઓ; એક પુસ્તકો વાંચે, માળા ફેરવે તે જ્ઞાનીઓ - તે ભણતાં જ્ઞાનીઓ કહેવાય. અને એકને પુસ્તકો વાંચવાની જરૂર ના હોય, માળા ફેરવવી ના પડે તે જ્ઞાની- તેમને ભણવું ના પડે.

☆ પ્રજ્ઞાનો સ્વભાવ મોક્ષે લઈ જવાનો અને અજ્ઞાનો સ્વભાવ સંસારમાં લઈ જવાનો.

☆ પ્રજ્ઞાનો સ્વભાવ એટલે લગ્નમાં ગયા હો, તો ય મોક્ષે લઈ જાય.

☆ બુદ્ધિ દર્શન થવા ના દે, જેવાં જોઈએ તેવાં. બુદ્ધિ દર્શન કરતી વખતે, બે ચાર ફાઈલો લાવે જ.

**૧૯/૨/૧૯૭૪, રસિકભાઈને ત્યાં.**

☆ અહંકાર અક્કડ તો હોય કોઈ-કોઈનો, પણ વળી જાય તો ખાનદાન કહેવાય. બહુ અક્કડ હોય તે સારું નહીં. તે અહંકારી હોય.

☆ દર્શનમાં હોય પણ બુદ્ધિમાં ના હોય તો બીજાને સમજ ના આપી શકે. કેટલાકને અંદર દર્શન વધારે હોય પણ બુદ્ધિમાં ના હોય, તે વાત સમજાવી ના શકે. બુદ્ધિ હોય તો દર્શનમાં આવેલી વાત બીજાને સારી રીતે સમજાવી શકાય.

☆ જગતને રૂપક જોઈએ છે, ચોપડીઓ નથી ખોળતા.

☆ ચિત્તવૃત્તિને ઝબોળ-ઝબોળ કરવાની છે. આવાં સરસ પદ ગાવાનાં મળ્યાં છે તો ચિત્તવૃત્તિ ઝબોળ ઝબોળ કરી શુદ્ધ કરવાની છે.

☆ પદ નંબર ૮૯ (મુક્તિસુખ-૧) સંપૂર્ણ scientifically છે.

☞ "સૂર્ય ઉપર છવાયેલાં વાદળાંઓ ઘટાટોપ;
લાખ-મોહ-આવરણથી વિભાવિક વૃથા ઓપ."

ધોળે દહાડે બાર વાગ્યે અંધારું લાગે તો એ ઘટાટોપ કેટલો ? એવું કહેવા માંગે છે. આ લાખો પ્રકારના મોહનાં આવરણ ઉત્પન્ન થયાં, એટલે ઘટાટોપ થયું છે. વિભાવિક થયું છે.



☞ "બનાવટી મોતીથી જગત અંજાઈ જાય,
સાચું શું કે ખોટું શું ? 'તે' કલ્પાંતે ના સમજાય."

બનાવટી મોતીથી જગત અંજાઈ જાય છે. આજે આ જગતની જે સ્થિતિ થઈ છે તે આ પદમાં કહ્યું છે. સાચું - ખોટું શું છે તે સમજણ જ નથી પડતી, એટલું બધું ઘટાટોપ આવરણ આવ્યું છે.

☞ "મરણ પૂર્વે છેલ્લા સમય નવો જન્મ પરખાય,
મૂઢ-કલ્પાંતી જીવના કલ્પ જન્મો ચિતરાય."

આ બધાં કલ્પાંત કરનાર જીવડાં છે, તે અનેક કાળના જન્મ બાંધે છે.

☞ "કળિકાળ વિકરાળ, કર્મો યે બિહામણાં;
લગન પૂર્વે છૂટે છેડા, જનમ પૂર્વે રિસામણાં."



આ કળિકાળ વિકરાળ છે અને કર્મો બિહામણાં છે. કોઈ દિવસ કર્મ બિહામણું ના હોય. કર્મ કરનાર બિહામણો હોય પણ કર્મ બિહામણું ના હોય. પણ આ કાળ એવો છે કે કર્મો ય તેવાં દેખાય છે.

☞ "કલાલી હેવાનિયત, પૃથ્વી જાય રસાતળ,
બેઉ છેડે બળતી સીંદરી, તન-મનના દાવાનળ."

આખું મનુષ્ય બેઉ છેડે બળી રહ્યું છે.

☞ ''રઘવાયા માનવનું મન, સમજે નહીં સળગે મોત,

કદરદાન 'સત્-કામી', લાખમાં મુશ્કેલ કો'ક.''

માણસ રઘવાયેલો હોય એટલે જાગ્રતિ ના હોય એટલે મોતની ખબર ના હોય.

☞ ''મોઢા કરતાં શૃંગાર, વધી ગયા થોકેથોક;

બુદ્ધિવાળા બબૂચક, વગડામાં જઈ મેલ પોક.''

મોઢા કરતાં શૃંગાર વધી ગયા. હે બુદ્ધિવાળા લોકો, બબૂચક બન્યા. માટે હવે જંગલમાં જઈ પોક મૂક. જો અહીં રડે તો કોક દયાળુ લોક તેને છાનો રાખે, 'અરે ભાઈ, ઠંડા પડો, હવે ના રડો'. એવા દયાળુ લોકો છે. એટલે જંગલમાં જઈ પોક મૂક કે જેથી ઝાડ સાંભળે, કોઈ સાંભળે જ નહીં. એટલે તેને પોતાની બુદ્ધિનું બબૂચકપણું સમજાય.

☞ દુષ્યમ ઝાળ દોઝખની, મિથ્યા-તત્ત્વ બુનિયાદી;

આર્ત-રૌદ્ર વ્યભિચારી-બુદ્ધિ વિષમ શાદી.

દોજખ એટલે નરક, નરકની દૂષમ ઝાળ. જ્યાં તત્ત્વ છે તે ક્યાં ગયું, પણ મિથ્યા ને જ સાચું સમજે. વ્યભિચારી બુદ્ધિની શાદી થઈ છે એટલે જોડે ને જોડે ફર્યા કરે.

☞ ''બુદ્ધિની એક નાની બહેન, લટકાળી લોભામણી;

ચારિત્ર્ય ચુકાવે ભ્રષ્ટ, શંખિણી સોહામણી.''

બુદ્ધિની એક નાની બેન, તે લટકાળાં, લોભામણાં છે.

☆ મુસલમાન લોકો પોતાની માર્કેટમાં જાય તો બધું શાકભાજી લાગે; ઈંડાં, માંસ વિગેરે શાકભાજી જેવું લાગે. અને બ્રાહ્મણ જાય તો નાક કે આંખ બંધ કરી જાય. દૃષ્ટિભેદ થયો છે એટલે પેલાને શાકભાજી લાગે છે.

☆ આંખ બગાડવા જેવું નથી. દર્શન ના બગાડશો, બીજું બગાડશો તો ચાલશે. લોકોએ દૃષ્ટિભેદથી દર્શન બગાડ્યું. ઠેઠ ભાઈ-બેન સુધી દર્શન બગડ્યાં. તેને સમજાવવું જોઈએ કે, 'આ ખેતર આપણું અને આ બીજાનું'. આ તો રૂપાળું ખોખું જોયું કે વિકાર ઉત્પન્ન થયો.

☞ ભગવાને કહ્યું કે, તને પ્રાપ્ત વિષય હો તે ભોગવું તેનો વાંધો નથી. પણ પરાઈ માલિકીનું ના ભોગવીશ કે તેના ઉપર વિકારી દૃષ્ટિ ના રાખીશ. ચેતજે. આ તો પોતાની માલિકીનું ના હોય અને બીજાનું ભોગવવા જાય છે. આ ઘઉં આપણને જેટલા ખાવાના મળ્યા તેને ના ભોગવવા જોઈએ ? પણ પ્રાપ્ત થયેલું હોવા છતાં બીજે વિકારી દૃષ્ટિ કરી ભોગવે છે.

☞ કળિયુગ એટલે દર્શનનો વિકાર, શ્રોત્ર ઇન્દ્રિયનો વિકાર, તનનો વિકાર.

☞ જ્ઞાન એવું હોવું જોઈએ એ આ જગતમાં કોઈ કોઈને સમજણ નથી પાડતું, એમને એમ ગાડું ગબડાવે જાય છે. વિકાર એ જ કર્મનું કારણ છે. આ દૃષ્ટિ આપણે આપીએ છીએ તે જ વિકાર બંધ કરવા માટે. 'હું શુદ્ધાત્મા છું' એ બોલવાથી વિકાર બંધ થાય.

☞ જગતને તો જ્યૉગ્રાફી આપવી જોઈએ અને કહેવું જોઈએ કે 'આ આપણી boundary'. જેને જ્ઞાન આપ્યું ના હોય તેને આ જ્યૉગ્રાફી બતાવવી જોઈએ.

☞ સ્ત્રીને તો શક્તિરૂપે જોઈએ તો બહુ શક્તિ છે. પણ જો અવળી દૃષ્ટિ થાય તો વિકાર થાય, કર્મ બંધાય.

☞ કવિ કહે છે કે, હું રોકટોક કરવા નથી આવ્યો, હું તો સાચું કહેવા આવ્યો છું.

☞ જેમ મારી દુકાન અને આ તારી દુકાન, એવું નક્કી કરે છે તેમ ભોગવવામાં પણ boundary નક્કી કરવી જોઈએ.

☞ વચલાકાળમાં લોકોએ ઓઝલ પડદામાં સ્ત્રીઓને અભણ રાખી કે જેથી વિકાર ઉત્પન્ન ના થાય, પણ ક્યાં સુધી આવું ? આ પંખાને એમ ભાન થાય કે હું પંખો છું, પછી શું વાંધો ?

☆ લોકો આપણને એમ કહે કે, 'તું મૂર્ખ છે, બુદ્ધુ છું'. તો આપણે કહીએ કે 'હા, હું તેવો જ છું'; એટલે ઉકેલ આવી જાય. તે ક્યારે આવું કહી શકે કે, ત્રણે ગુણ સાથે હોય. Tension લઈ શકે તેવો હોવો જોઈએ, Compression લઈ શકે તેવો હોવો જોઈએ અને flexible હોવો જોઈએ. 'ફ્લેક્સિબલ' ગુણ બહુ ઊંચો છે. Compression ગુણ તો આ હિંદુસ્તાનમાં બહુ જણાને છે. આખા જગતનો બોજો આવ્યો હોય તો ય compression લઈ શકે તેવો હોવો જોઈએ. આખા જગતનું ટેન્શન આવે તો પણ તે ટેન્શન લઈ શકે તેવો હોવો જોઈએ. અનંત શક્તિ છે, આત્માની.

☞ આખા ઝગડાનો આધાર compression છે; તે તોડી નાંખે પણ ફ્લેક્સિબલ ગુણથી ઉકલી જાય.

☞ ટેન્શન ઝીલવાં બહુ વસમાં છે.

☞ આ સ્લૅબોમાં ટેન્સીલ સળિયા મૂકે છે તે ટેન્શનમાં રાખે છે. જડ વસ્તુમાં તો આ બે ગુણ છેઃ ભાર વહન અને ટેન્શન - પણ flexible ગુણ નથી.

☞ આ ત્રણે ગુણ આ જ્ઞાન મળ્યું હોય ત્યારે જ ઉત્પન્ન થાય અને ત્યારપછી નીડર થાય.

☞ આ flexible ગુણ અમારી સાથે રહેવાથી, જોવાથી આવે. હમણાં શું નું શું થશે તેવું વાતાવરણ ઉત્પન્ન થાય ત્યારે આ દાદાની flexibility જોવી.

☞ પોતે કલ્પવૃક્ષ છે, પણ જેણે આત્મા પ્રાપ્ત કર્યો હોય તેને. પોતે કલ્પ કરે કે, પોતે અનંતશક્તિવાળો છે એટલે flexibility ગુણ ઉત્પન્ન થાય. અમે તો એક બાજુ હોળી સળગાવીએ ય ખરા અને બીજી બાજુ flexible થઈ જઈએ. અમે તો રૂપિયો ખખડાવી જોઈએ. બોદો હોય તો ખખડાવીએ ય ખરા અને કલદાર હોય તો flexible થઈ જઈએ.

☆ દરેક જીવો આંખ સામું જુએ. આંખમાં ડર દેખ્યો કે, ચઢી બેસે.

## ૨૦ ફેબ્રુઆરી, ૧૯૭૪, રસિકભાઈને ત્યાં, મહાશિવરાત્રિ

☆ પંડિતજીઃ અતિક્રમણની boundary કેટલી ?

☆ દાદાઃ અનલિમિટેડ. હદ જ શાની ? અચેતન મનની boundary મળે તેવી નથી. નિશ્ચેતન મનની બાઉંડ્રી મળે એવી છે.

☆ દરેક જીવમાં આત્મા રહ્યો છે, તે દર્શનને તરસે છે. દર્શન સાથે કૃપા મળે જ, પણ એ કૃપાને બહાર જઈને નાખી દે તો કામ ના લાગે. સત્સંગમાં જાય અને પછી કહે, 'આજે સત્સંગમાં ફાવ્યું નહીં', એટલે કૃપા કામ ના કરે.

☆ સત્સંગના laws, સામાજિક laws , બધા laws જાણવા જોઈએ. અને મોક્ષના laws તો જુદી જ પ્રકારના છે; તેમાં કોઈ માણસને દુઃખ ના આપીએ, બીજા આપે તે જમા કરી લઈએ, કારણ કે પૂર્વનો હિસાબ છે. જમા કરી લઈએ તો છૂટાય.

☆ વાળ કાપી લે, તેનું દુઃખ નથી થતું, નખ કાપી લે તો દુઃખ નથી થતું, પણ દેહના બીજા ભાગને દુઃખ થાય તો વેદના થાય છે, કારણ કે તેને ચેતન માની લીધું. હવે, જ્ઞાનીપુરુષે તેને પણ (દેહને) અચેતન જાણ્યું છે.

☆ આત્મજ્ઞાન જાણ્યા પછી કશું દુઃખ, ચિંતા ના થાય. બહાર બધે પરધર્મ છે, તેમાં કોઈનું કેમ ભલું થાય તે મળે. પણ અહીં સ્વધર્મ છે, સ્વધર્મ એટલે મોક્ષ આપે તે.

☆ પક્ષપાત એટલે ધોરણ કહેવાય. અહીં નિષ્પક્ષપાતી ધર્મ હોય તે અહીં જ્ઞાની જે બોલે તે બધા જ ધર્મનાને માન્ય હોય.

☆ આત્મરંજન તો જ્ઞાનીપુરુષ હોય ત્યાં જ હોય. આત્મરંજનમાં કાળજું ઠરે અને બીજે કાળજું ઊકળ્યા કરે. બહાર બધે મનોરંજન હોય. બે પ્રકારનાં મનોરંજનઃ એક સિનેમામાં જોઈએ તે, હલકા પ્રકારનું; તે અધોગતિમાં લઈ જાય. અને બીજું પરધર્મમાં થાય, તે ઊર્ધ્વગતિમાં લઈ જાય પણ મોક્ષ ના આપે.

☆ જ્ઞાનીપુરુષ બધાં પાપથી મુક્ત કરી આપે, પાપમુક્ત કરે એટલે જ્ઞાન પ્રાપ્ત થાય.

☆ આ તો નિર્લેપ હાઉસ. અહીં બાંધવા કરવાનું કાંઈ નહીં. સ્વયં જ્ઞાની જ જ્યાં ધર્મનો આધાર થાય ત્યાં બીજું રહ્યું જ શું ?

☆ ક્રમિક માર્ગ એટલે ચિંતા ઠેઠ સુધી રહેવાની.

## તારીખ : ૨૪ ફેબ્રુઆરી, ૧૯૭૪ - દાદા દરબારે

☆ હિંદુસ્તાનના લોકો મરણને દિવસે તો મરે જ છે, પણ તે પહેલાંય કેટલીય વાર મરે છે.

☆ તોફાનો વખતે કરફ્યુ જાહેર કરે, તે વખતે સત્સંગ ચાલતો હોય તો મહીંથી વ્યવસ્થિત કહે કે, 'આરતી કરીએ', તો કરીને સત્સંગ બંધ કરવો. પણ, સંકલ્પ-વિકલ્પ ના કરવો.

☆ સાવચેતી રાખવી ના પડે, 'વ્યવસ્થિત' એની મેળે જ મહીંથી કહે. ચીકણી જગ્યામાં જઈએ તો પડી જઈએ તો ખરું, પણ જતાં પહેલાં જ વિચાર કરે કે, 'લપસી પડાશે'. અરે ! જવાનું છે તો તું સાચવીને ચાલને , નહી પડું. પછી પડાય તો સંજોગને લીધે. લપસણી જગ્યાએ 'આ સારી છે', કહી પેસવું. પછી, સાચવીને-સાચવીને ચાલવું, અને પડી જવાય તે સંજોગને લીધે.

☆ રડી રડીને તો આ જગત તો ભોગવે છે. હસીને રૂપીએ એક આની(લગભગ ૬.૫%) ભોગવે. અને રડી રડીને પંદર આની લોકો ભોગવે છે.

☆ કોઈપણ ક્રિયા, સંચાર, માત્ર scientific circumstantial evidence છે. અજ્ઞાન દશાનો ભૂત ભડકાટ છે, તે નીકળતો નથી. જગત તો આવું જ હોય. જગતની અસર તમને થશે કે નહીં તેનું કારણ હોતું નથી.

☆ હિંદુસ્તાનમાં સત્‌નું પૂંછડું પકડી રાખનારાનું ચાલતું હશે ? સંપૂર્ણ અસત્‌ના વાતાવરણમાં સત્‌નું પૂંછડું પકડી રાખે. કારણ કે એની દૃઢ મનોકામના છે તે કામના શક્તિ કામ કરે છે.

☆ ઉફાંત ના કરવી. ઉફાંત race-course સ્વભાવથી થાય છે, તે ના હોવું જોઈએ. Race-course એટલે કોઈ બોલે તે પહેલાં બોલી ઊઠે. તળાવમાં તરતાં આવડતું હોય અને તોફાની સમુદ્રમાં તરવા પડે તે ઉફાંત.

☆ અજ્ઞાન દશામાં સોળે સોળ આની ભોગવવાનું હોય છે. જ્ઞાન દશામાં એક જ આની ભોગવવાનું હોય છે.

☆ આપણું ઊભું કરેલું દુઃખ છે, કોઈએ ઊભું નથી કર્યું. એ તો ગુણાકાર-ભાગાકાર કરતાં નથી આવડતું.

☆ કોઈ વેપારીને પચીસમા વરસમાં હતો ત્યારથી તે સિત્તેર વર્ષ સુધી થાય ત્યાં સુધી ખોટ આવશે કે નાદારી કાઢવી પડશે એવા વિચાર કરે તો !?

☆ જગત બહુ સુંદર છે, તમારું જ છે; જો ભોગવતાં આવડે તો !!

☆ આપણું હાસ્ય એ જ બંદૂક.

☆ બુદ્ધિથી આ સંસારને માપવા જાય તો પોલંપોલ છે. બાકી, ન્યાય exact છે. થઈ રહ્યો છે તે ન્યાય થઈ રહ્યો છે. અને જગત એમ માને છે કે નવું થઈ રહ્યું છે. જ્યાં ન્યાય જ થઈ રહ્યો છે ત્યાં નવું શું થવાનું ?

☞ આ લાંચરિશવતવાળાઓનો જે ન્યાય થઈ રહ્યો છે તે ન્યાય નહીં, બિલકુલ કેવળજ્ઞાનની (વીતરાગ) દૃષ્ટિએ ન્યાય થઈ રહ્યો છે. તે ન્યાય મળ્યા પછી claim જ ક્યાં કરવાનો રહ્યો ?! પછી, પેટનું પાણી હાલવું ના જોઈએ, જે ન્યાય આવ્યો તે ખરો. તેથી લોકો ભગવાન ચલાવે છે એવું બોલેલા. 'વ્યવસ્થિત' અને ન્યાયને ભેગાં ના કરો.

☆ તારી દૃષ્ટિ નથી, વીતરાગી દૃષ્ટિ નથી તેથી તું એમ બોલે છે કે, મારો એકનો એક છોકરો ગોળી મારી, મારી નાંખ્યો.

☆ વીતરાગો કયા જ્ઞાનથી નિર્ભય થઈને ફરતા હતા ? તે જ્ઞાન આપણે કહીએ છીએ. ચંડકોશિયો આ રસ્તે છે એવું મહાવીરને કહ્યું, ત્યારે મહાવીરને 'વ્યવસ્થિત' દેખાયું તે પ્રમાણે ગયા. કારણ કે નિર્ભય થયેલા. (દાદા કરફ્યુ થયા

પછી સત્સંગ કરી, આરતી કરીને ગયા તે ઉદાહરણ તદ્રુપ છે.)

☆ 'વ્યવસ્થિત' એકલું અવલંબન નથી. અવલંબન એટલે ગપ્પું કહેવાય. વ્યવસ્થિત એવી રીતે આપણે કહેવા માંગીએ છીએ કે, આ સાત આવ્યાં, એટલે આઠ આવવાના, નવ આવવાના. આઠ આવ્યાં છે એટલે સાત હતા અને હવે નવ આવવાના. એમ કહેવા માંગીએ છીયે કે, આઠ આવ્યા, કેવી રીતે, કહીએ છીએ કે સાત આવી ગયા માટે આઠ આવ્યાં. હવે નવ આવશે તેથી તે 'વ્યવસ્થિત' કહેવાય.

☞ વ્યવસ્થિતને અવલંબનવાળું કહેવું એ ગુન્હો કહેવાય. અવલંબન એ કોને કહેવાય છે ? એ ઓળંબો કહેવાય. ઓળંબો એ જડ વસ્તુ છે. ઓળંબાના આધારે સીધે સીધું ચાલ્યા જવાય.

☞ વ્યવસ્થિત એ જ્ઞાનસ્વરૂપ છે. એ ક્રિયાસ્વરૂપ નથી.

☞ ન્યાય વીતરાગતાને લાગુ પડે છે. કેવળજ્ઞાન આપણે વીતરાગને કહીએ છીએ. વીતરાગ એટલે લાંચરશિવત વગરનું.

☞ સંચાલનતંત્ર એ બધા એવિડન્સ ભેગા કરે.

☆ જૈન થયા વગર મોક્ષ નથી એ વાત સાચી, પણ જૈન કોને કહેવાય ? પીળી ધાતુ સિવાય સોનું નથી તેના જેવી વાત. જૈન 'નામ' કહેવાય. જૈન કોને કહેવાય કે પ્રત્યક્ષ જિનનું સાંભળે તેને. આ તો 'નામ જૈન'- 'પરંપરા જૈન' - પરંપરા એટલે નામ જૈન.

☆ જીન એટલે આત્મજ્ઞાની. જ્યાં આર્તધ્યાન - રૌદ્રધ્યાન ના હોય ત્યાં.

☆ ''સહેજ પણ જે દુરાગ્રહ કરે તે મહાવીરના માર્ગમાં નથી.''

☆ કેવો વીતરાગનો ધર્મ ? આજે રહ્યો જ નથી. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનાં કારખાનાંઓ જ કર્યાં છે. વીતરાગનો ધર્મ - ભો નહીં, ભડકાટ નહીં.

☆ આ તો જૈન ઘરમાં ગંધાય ઊઠ્યા છે. પહેલાંના શ્રેષ્ઠી હતા તે ૨૫ માઈલ સુધી સુંગંધ ફેલાય.

☆ રૌદ્રધ્યાન - આર્તધ્યાન હોય ત્યાં મહાવીરના માર્ગના પાયામાં નથી.

☆ વીતરાગ ધર્મમાં ખરું ખોટું તો છે જ નહીં. ખરું ખોટું તો મિથ્યાધર્મમાં છે. દુરાગ્રહ એ જ ખરું ખોટું.

☆ બધા સંયોગો ઉત્પન્ન થાય અને ભેગા થાય તે relative ધર્મ. આત્માને જાણવાનો તે વાસ્તવિક ધર્મ.

☆ ક્રિયામાં અહંકાર ના હોય તેને શુભ અહંકાર કહેવાય.

☆ પંચપરમેષ્ઠી દશા કોને કહેવાય કે, સાધક દશામાં હોય તે, બાધક દશામાં હોય તે પંચપરમેષ્ઠી ના કહેવાય.

☆ વીતરાગનો એક સાચો સિક્કો હોય તો ય તેની કિંમત અનંતગણી છે.

☆ કષાય વિદાયગીરી લે અથવા વાળી શકીએ તેવા ઉપશમ થાય તેવા હોવા જોઈએ.

☆ કોઈપણ જાતની ભીખ છે ત્યાં વીતરાગનો ધર્મ નથી.

☆ ગુરુને ખબર ના પડવી જોઈએ કે તેને કેટલા શિષ્યો છે, ત્યારે તે ગુરુ કહેવાય.

☆ જ્યાં આર્ય આચાર, આર્ય વિચાર ચાલ્યા ગયા છે, ત્યાં પછી જૈન ધર્મ ક્યાંથી હોય. આ તો આર્યતા ગઈ અને અનાડીપણું આવ્યું છે. પહેલાં આર્ય થાય પછી જૈન ધર્મ આવે.

☆ આ કાળની વિચિત્રતાથી સત્યનું અસત્ય સમજે.

☆ મહાવીર કોઈ કાળે ત્યાગી હતા નહીં. ત્યાગીને તો લક્ષ્ય રહે કે, મેં આનો ત્યાગ કર્યો.

☆ શુદ્ધ ઉપયોગ એટલે આત્માનો ઉપયોગ હોય તો ત્યાગ કામનો.

☆ મહાવીરનો ધર્મ છેટો નથી પણ વીતરાગનાં શાસ્ત્રોને વાટી વાટીને પી ગયા. સ્વચ્છંદ નામનો રોગ છે, તેથી પ્રિસ્ક્રિપ્શન વગર પી ગયા.

☆ વીતરાગનો ધર્મ કષાયરહિત હોવો જોઈએ.

☆ વીતરાગનો અર્થ શું ? નિષ્પક્ષપાત. આ બધા જૂઠા આગ્રહ લઈને બેઠા છે. એકાંતિક કહેવાય. આ બધા તો દેહની સેવા કરે છે. કોઈએ નાગા બતાવ્યા ભગવાનને, કોઈએ લૂગડાં પહેરાવેલા બતાવ્યા. અનેકાંત એટલે મુસલમાનની સાચી વાત હોય તો આત્મા કબૂલ કરે.

☆ આત્મરંજન- એક ગૂંઠાણું ઊંચું લઈ જાય તે આત્મરંજન.

☆ બીજે બધે ધર્મોમાં મતભેદ હોય અને આ તો મત પડી મતાંધ થઈ ગયા, મતીયા થઈ ગયા. એકુંયનું સાચું નથી. આ બધા ધર્મો સામાન્ય થઈ ગયા છે. એક બાજુ મોતિયા થઈ ગયા છે અને એક બાજુ સિદ્ધાંતની વાત કરવી એ બંને વિરોધાભાસ છે.

☆ સિદ્ધાંત એ પક્ષમાં પડેલાને ના હોય. પક્ષમાં છે એનાથી સિદ્ધાંત ના બોલાય. સિદ્ધાંત એ અવિરોધાભાસ છે.

☆ વ્યવહારચારિત્ર એ દુચારિત્ર કહેવાય. દુચારિત્ર એટલે મોક્ષમાં ના જવાય. બીજું બધું ઈન્દ્રિયસુખ મળે.

☆ અજ્ઞાનીઓનાં જંગલો હોય, જ્ઞાની તો એક જ હોય.

☆ મોક્ષમાર્ગ કોને કહેવો ? આર્તધ્યાન, રૌદ્રધ્યાન ખસી જાય તેને.

☆ ધર્મધ્યાન શું છે તે જ્ઞાની પાસેથી જાણવું જોઈએ.

☆ આત્મા એ અલખ નિરંજન છે. લક્ષમાં આવે તેવો નથી. તું તપ કર કે જપ કર, કે ધ્યાન કર, આત્મા લક્ષમાં નહીં આવે. અમે જ્ઞાન આપીએ એટલે લક્ષમાં આવે.

☆ સર્વજ્ઞ એટલે શું ? જેને કાંઈ જાણવાનું બાકી નથી. 'કાર્ય-સર્વજ્ઞ' કવિએ લખ્યું છે પણ અમે 'કારણ-સર્વજ્ઞ' છીએ. અમે સર્વજ્ઞનાં કારણો સેવીએ છીએ. ચાર ડિગ્રી ઓછું આ કારણને લીધે છે.

☆ ધર્મધ્યાન એકલું સમજે તોય ચિંતા ના થાય. આ તો ધર્મધ્યાનનો છાંટો ય નથી રહ્યો.

☆ આ સાધુઓ આચાર્યો સારા હ્રદયથી મહાવીરની પૂજા કરે છે.

☆ જ્ઞાનીપુરુષની વાણીમાં જો શાસ્ત્રના શબ્દ હોય, તે જ્ઞાનીપુરુષ ના હોય.

☆ ગુરુ કેવા હોવા જોઈએ? ભલે થોડું ઓછું જાણતા હોય, પણ તે સાધક હોવા જોઈએ.

☆ મિથ્યાત્વ એટલે શું ? 'હું હિરાબાઈ મહાસતીજી' એ મિથ્યાત્વ બીજ છે. જ્યાં પોતે નથી, ત્યાં માને કે, 'હું હીરાબાઈ' તે મિથ્યાત્વ. બહારના લોકો એ અજ્ઞાન છે. આ સાધ્વીઓ અને આચાર્યો જે વીતરાગના માર્ગને સાચો સમજે એવી શ્રદ્ધા છે તે મિથ્યાત્વ-મિથ્યાત્વ ગૂંઠાણાંનો.

  ☞ મોહનીયના (મિથ્યાત્વના ત્રણ ભાગ) ફાચરા પડે તો, મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને સમ્યક્ત્વ મોહનીય.

  ☞ સમ્યક્ત્વ મોહનીય : જેને આત્મા એકલો જ જાણવો છે તે સમ્યક્ત્વ મોહનીય. જેને સુરીપદ નથી જોઈતું, આચાર્ય પદ નથી જોઈતું, અને ફક્ત આત્મા જ જાણવો છે તે સમ્યકત્વ મોહનીય. સમ્યકત્વ મોહનીય જાય તો ક્ષાયક સમકિત થાય. શુક્લધ્યાનનો પહેલો પાયો.

☆ જેના ક્રોધ-માન-માયા-લોભ, રાગ-દ્વેષ ગયા તે પુરુષ થયા. તે પુરુષાર્થી કહેવાય.

☆ સત્યનો આગ્રહ કરવો અસત્ય થાય છે. અસત્યનો આગ્રહ એ તો અસત્ય જ થાય છે.

### ૬ એપ્રિલ, ૧૯૭૪ રસિકભાઈને ત્યાં

☆ દરેક ઈન્દ્રિયો પોત પોતાના ધર્મમાં છે. ચિત્ત, ચિત્તના ધર્મમાં છે. મન - મનના ધર્મમાં છે. બુદ્ધિ, બુદ્ધિમાં. એક આત્મા જ્ઞાતા- દ્રષ્ટા છે, તે બધું જાણે છે. સંસારી ચીજોમાં આત્માનો હસ્તક્ષેપ હતો નહીં, છે નહીં અને હશે નહીં.

### ૮ એપ્રિલ, ૧૯૭૪ રસિકભાઈને ત્યાં

☆ બધું પાંચ વસ્તુનું બનેલું છે. તેમાં (પાંચ વસ્તુમાં) આત્માનો ભાવ ઉમેરાયો એટલે સાયન્ટિફિક એવિડન્સ થયું. એટલે જગત ઊભું થયું. પાંચ વસ્તુ એ પૃથ્વી, અગ્નિ, વાયુ, આકાશ અને જળ, એ પાંચ વસ્તુની બધી વસ્તુ બનેલી છે. હીરો અને કોલસામાં પણ આ પાંચ વસ્તુઓ છે. ફરક એટલો કે હીરામાં આકાશ ભાગ બહુ જ ઓછો છે, જ્યારે કોલસામાં આકાશભાગ વધુ છે એટલે જલ્દીથી ભાંગી જાય છે. જ્યારે, હીરામાં અવકાશ છે ખરું, પણ બહુ જ ઓછું, એટલે તૂટતાં વાર લાગે.

☆ સૂંઠ - મરી - તજમાં તેજ તત્ત્વ વધારે છે, એટલે તેને તેજાના કહે છે.

☆ માણસો બગડ્યા છે, તે સંજોગવશાત બન્યાં છે. એટલે આ લોકો સંજોગવશાતના ગુનેગારો છે, તેમને આપણાથી ગુનેગારો કેમ કહેવાય ? સંજોગવશાત્‌વાળા કાળા બજારિયા હોય છે, અને રોજના ગુંડાગીરીથી કમાનારા ય કાળા બજારિયાઓ હોય છે તે ખરા ગુનેગારો છે.

☆ જે કાંઈ કરીશ તેની જોખમદારી પોતાની જ છે. YOU ARE WHOLE AND SOLE RESPONSIBLE.

☆ કવિ એ હકીકત સ્વરૂપે લખે છે, તેણે કોઈના દબાણથી નથી લખ્યું. હકીકત સ્વરૂપે લખ્યું છે, એટલે સામાને વિચાર ઊગે. સ્યાદ્‌વાદ વાણી નીકળે છે. કવિએ નિષ્પક્ષપાતી લખ્યું છે. કોઈની પર દબાણ નથી કર્યું. આ પદ - 'આપણે દાદા ભગવાન વિના બીજું કશું દેખવું નહીં', એ પદ, એ ઘરની ચોખ્ખા ઘી ની મીઠાઈ હોય તેવું લાગે છે; આણંદનાં ભજીયાં જેવું નહીં. આપણું તો બધું ઘરનું. 'આપણું-આપણું' લખી આ પદ બધાને પોતાનું લાગે.



☆ ભગવાને કહ્યું કે, મોક્ષ એટલે વીતરાગતા. ત્યાગે ય નહીં, ગ્રહણે ય નહીં. ત્યાગ કરે છે તે જમા કરાવે છે.

☆ આ world માં માફી તો હોય જ નહીં. માફી તો તારો પસ્તાવો ભાવ થશે, તે માફી. પસ્તાવો ભાવ ના થયો હોય તો તે આખું કોઠું મારે અને વાગે તેવું ફળ મળે અને પસ્તાવો કર્યો હોય તો તે ટૅનિસ બોલ વાગે.

☆ 'જ્ઞાનીની કૃપાથી શું ના મળે ?' તે મોટામાં મોટું વાક્ય છે. જ્ઞાનીપુરુષ એ નિમિત્ત જ એવું છે કે તેમના થકી શું ના મળે ? તેમના નિમિત્તથી બધી જ વસ્તુ મળી જાય. ફક્ત ઈચ્છા ના કરવી.

☆ ઉપસર્ગ - બહારથી જે દુઃખ આવે તે. આ શરીરનું નહીં, ભૂખનું નહીં, તરસનું નહીં, પણ બહારથી આવે. પરિષહ - મહીંથી દુઃખ આવે પણ બહારથી ના આવે, ચિંતા આવે. આખું રક્ષણ કરે દાદા.

☆ સમભાવી પુરુષ આ જગતમાં પેદા થાય ત્યારે દેવીઓ બહુ ખુશ થાય, એટલે રક્ષણ કરે. સમભાવી પુરુષ ઉત્પન્ન થાય તો દેવીઓને ખુશ થઈ અહોભાવ ઉત્પન્ન થાય. દેવીઓ રિલેટિવ રીતે કરેક્ટ છે, જોતાં આવડવું જોઈએ.

☆ કોઈને શ્રદ્ધાની પ્રતિમા ના મળી, લોકો તો જોતાં જ શ્રદ્ધા બેસે તેવી પ્રતિમા ખોળે છે. તમે એવું કાંઈ બોલો કે, શ્રદ્ધા બેસે. લોકો એવું કહે છે કે છ મહિના શ્રદ્ધા રાખો, પણ બેસતી નથી તેનું શું? સાવ ઘેટાં જેવો સ્વભાવ હોય તો શ્રદ્ધા બેસે. પણ તે બુદ્ધિથી નહીં, પણ ભાન નથી એટલે.

☆ લોકોને બુદ્ધિને લીધે શ્રદ્ધા નથી બેસતી. મજૂરો ને તરત જ શ્રદ્ધા બેસે. કારણ કે, તેઓ આંખને જુએ, બુદ્ધિથી ના જુએ.

☆ કર્મથી બધું ઊભું છે. જેટલાં સ્થૂળ કર્મ થાય છે તે બધાં 'નોકર્મ' છે. સ્થૂળકર્મને લોકો કહે છે કે, 'મેં કર્યાં'. આરોપિતભાવે -'હું જ ચીમનભાઈ' કહે, એ આરોપિત ભાવ - જેનાથી લોકોને કર્મ બંધાય છે અને જેનાથી જ્ઞાનીને કર્મ બંધાતાં નથી. આ કર્મ છે નહીં જેવાં. કોઈ કહે કે 'મેં ખાધું' તેવું બોલે કે નોકર્મ વળગે. અને 'ખાનારે ખાધું - મેં નથી ખાધું', તેવું બોલે, તેને નોકર્મ ના વળગે. બીજા શબ્દોમાં 'નોકર્મ' એ ડિસ્ચાર્જ કર્મ છે. 'ભાવકર્મ' એ 'ચાર્જ કર્મ' છે. અને 'દ્રવ્યકર્મ' એ scientifically છે. અમુક માઈલ જાય એટલે આવી અસર થશે. એ અસર એ scientifically circumstantial એવિડન્સ છે. ભાવકર્મ, નોકર્મ એ સમજાય એવું છે. 'થઈ ગયું' એ બતાવે છે કે, there are other causes - પણ, તેને કાંઈ જડતું નથી એટલે બોલે છે કે 'મારાથી થઈ ગયું'. નોકર્મ ને મુખ્ય કર્મ માનવામાં આવે છે, પણ તેં ગ્રહણ કર્યાં તો તારાં, ના કર્યાં તો નહીં. પણ ગ્રહણ કરનાર કોણ, તે જાણવું પડે. તે જાણ્યાં પછી, તેવાં કર્મોના બીજ ના નાખે.

☆ ડ્રામેટિકલ વાણીમાં અહંકાર ના હોય. ડ્રામેટિકલ માણસ ખોટું કર્યું હોય તો હસીને કહે. પણ અહંકારી પોતાની ભૂલ જાણે ખરો પણ કબૂલ ના કરે. એટલે મહીં ખોરાક જમા કરે.

☆ જેટલા વિકલ્પ છે, એટલી ચીજો છે. આ સંસારમાં વિકલ્પો છે તેટલી ચીજો છે.

☆ માગે એને સંત કેમ કહેવાય? આપે એને સંત કહેવાય. માગે એ તો ભિખારો કહેવાય.

## ૯ એપ્રિલ, ૧૯૭૪ રસિકભાઈને ત્યાં.

☆ પહેલાં જ્યાં હોય ત્યાં વાંકો ને વાંકો. અને જ્ઞાન આપ્યા પછી, જ્યાં જાય ત્યાં સીધો ને સીધો.

☆ ભગવાને એવું નથી કહ્યું કે તું ચાલ-ચાલ જ કરજે. વખત આવ્યે તું દોડજે. પણ, એકદમ ઝડપથી ના દોડીશ - દોડું તો નોર્મલિટીથી દોડજે અને ચાલું તોય નોર્મલિટીથી ચાલજે. આ તો કમાવા માટે દોટ મૂકે, તેય પુરપાટ દોડે. નોર્મલ ના દોડે.

☆ ભય જુદી વસ્તુ છે, ભો જુદી વસ્તુ છે, ભડકાટ જુદી વસ્તુ છે. બધા પોત પોતાના ભાવ પ્રકાશ દેખાડે છે.

☆ અહંકાર સૂક્ષ્મ એકલો છે? સ્થૂલ પણ છે. સ્થૂલ એટલે કેવો- ફોટો પડે તેવો અહંકાર પણ છે.

☆ શુદ્ધાત્મા બોલતાં પણ ચિત્ત બહાર ફરે તેનો વાંધો નથી. ફક્ત કયા ખૂણામાં ગયું તે જાણ્યું એટલે તમે શુદ્ધાત્મામાં જ છો. હવે, શુદ્ધાત્મા બોલતી વખતે તમે ભલે બહાર જાવ પણ તેને જાણ્યું કે, કયા ખૂણામાં ગયું એટલે તમે શુદ્ધાત્મામાં જ છો.

☆ જ્ઞાન આપ્યા પછી શું રહ્યું ? શુદ્ધાત્મા અને સંયોગ. સંયોગો પાછા સંયોગો જ હોય તો છૂટવા ના દે, પણ સંયોગો વિયોગી સ્વભાવના છે. તમે સંયોગોમાં સપડાયા છો, તો તમારે હવે છૂટવા માટે શું કરવું ? એ સંયોગો વિયોગી

સ્વભાવના ના હોય તો આપણે એક-એક સંયોગોને વળાવવા પડે. આ તો પોતે જ વિયોગી સ્વભાવના છે એટલે વળાવવા ના જવું પડે. એની મેળે જ, વિયોગી સ્વભાવના હોવાથી છૂટે જ. તારે ત્યાગ નહીં કરવાના, એની મેળે જ જશે. વિયોગી સ્વભાવના હોવાથી દ્વંદ્વ મટી ગયાં. આપણે સંયોગ સંબંધ છે, તેમાં 'હું આનો બાપ થાઉં' - 'દાદો થાઉં', તેમ શું કરવા બોલે છે ? તે સંયોગો નાના છોકરાં જેવા હોય તો વળાવવા જવું પડે. આપણે ફક્ત જોયા કરવું કે આ સંયોગ અમરેલીથી આવ્યો તો તે ત્યાં જતો રહેશે. વડોદરાથી આવ્યો તો ત્યાં જતો રહેશે.

☞ દેહનો સંયોગ સંબંધ છે. મનનો સંયોગ સંબંધ છે. અહંકારનો ય સંયોગ સંબંધ છે.

☆ જેને જ્યાં સુધી શુદ્ધાત્મા નથી મળ્યો ત્યાં સુધી, તેનું લક્ષ કામ-ક્રોધ-લોભ-માન-અહંકારને આધારે રહે છે, તે વસ્તુમાં જ રહે છે. શુદ્ધાત્મા મળે એટલે લક્ષ શુદ્ધાત્મામાં રહે. ક્રોધ-લોભ-મોહ-વિગેરેને આધારે લક્ષ રહે તેને દિગ્મૂઢ કહેવાય, દિશામૂઢ કહેવાય.

☆ આત્મા સંબંધી ચિત્તના ભાવો, બુદ્ધિના ભાવો, મનના ભાવો નિઃશંક થાય ત્યારે બારમું ગૂંઠાણું પ્રાપ્ત થાય. ફક્ત ફેર એટલો કે, મારા ધ્યાનમાં આત્માનું સ્પષ્ટ વેદન છે. તમારા (મહાત્માઓના) ધ્યાનમાં આત્માનું અસ્પષ્ટ વેદન હોય.

☆ નિઃશંક આત્મા પ્રાપ્ત થયો તેને શુક્લધ્યાન કહેવાય, ધર્મધ્યાન ના કહેવાય. ધર્મધ્યાનથી પુણ્યાઈ પ્રાપ્ત થાય.

☆ પ્રાકૃતિક એ ટેવ કહેવાય. Habit કહેવાય એટલે અમુક સમયે જ જમે-ફરે વિગેરે.

☆ નિયમ એટલે ગમે ત્યારે પણ આખા દિવસમાં ચૂક્યો હોય તો નિયમ પ્રમાણે કરી લે, પણ નિયમ ના ચૂકે.

☆ બુદ્ધિથી બળાપો વધતો ગયો એટલે પછી શોધખોળ કરે કે, માર્ગ કાંઈક જુદો હોવો જોઈએ. નિવેડો આવતો નથી એટલે માર્ગ કાંઈક જુદો હોવો જોઈએ. નવ લાખ માઈલ ચાલ્યો તોય તેની ચિંતા ન કરતાં કહ્યું કે, માર્ગ કાંઈક જુદો છે-આ નથી. આવું બુદ્ધિનો બળાપો વધે ત્યારે શોધખોળ કરે. આવી શોધખોળ નરસિંહ મહેતાએ કરી, અખાએ કરી.

☆ તપ અને દાનથી આવતા ભવનાં ભૌતિક સુખ ખોળે છે.

### ૧૨ એપ્રિલ, ૧૯૭૪ રસિકભાઈને ત્યાં.

☆ ક્ષીણમોહ થવાનું છે, પછી ભલે તું સંસારી હોય, ત્યાગી હો, કે તપસ્વી હો. આ તો મૂઓ જ્યાં જાય ત્યાં મોહમાં ને મોહમાં ખરડાય. આડી ગલીમાં પેસે. મૂર્છામાં પેસે. મૂર્છા ક્યારે ઉતરે કે જ્ઞાનીપુરુષનાં દર્શન કરે ત્યારે. યોગ ફક્ત આત્મયોગ કરવાનો છે, તે છેલ્લો યોગ છે. બીજા વચનયોગી (આખો દિવસ જપ કર્યા કરે), મનોયોગી (પાછળ ચક્કરોને બેસાડે), દેહયોગી (આખો દિવસ મજૂરો ઊંચકે છે તે, પાડો પણ દેહયોગી). આમાંથી નીકળવાનું છે. ત્યાગ્યું તેને કહે કે, 'મેં આ ત્યાગ્યું'. અલ્યા ! ત્યારે તને ત્યાગવાનો મોહ વળગ્યો. આત્મા ત્રણે કાળે નિર્લેપ છે.

☆ સવારે જે સામાયિક કરીએ છીએ તે બે કામ કરેઃ આત્મયોગ થાય છે અને બહાર જે વાણી નીકળે છે તે ઓછી થાય છે.

☆ બહાર બધે મોક્ષમાર્ગ શંકાવાળો જ છે. ઘડીભર મનોરંજન થઈ જાય. આ તો આત્મરંજન છે. કોઈ ઉપરી જ નહીં.

☆ 'દેહાધ્યાસે ખૂંચેલા ને સ્થૂળ સૂક્ષ્મ વર્ગણા' જ્યાં મૂઓ પેઠો ત્યાં દેહાધ્યાસ ચોંટાડે છે. ઉપાશ્રયમાં પેઠો તો ત્યાં ય દેહાધ્યાસ-જ્યાં જાય ત્યાં. એટલે આ બધી ગનેગારી વીંટળાય છે. અને કહે છે કે, 'હું કંઈક છું'. વહુને ધક્કો મારીને બહાર ગયો, વહુ પાસે લખાવી લીધું કે સવારે ઉઠીને કહેજે કે, 'મેં રાજીખુશીથી ઘરત્યાગની રજા આપી છે'. પણ મૂઓ વહુ છોડી શિષ્યો પાછળ દોડ્યો તો, મૂઆ, વહુ શું ખોટી હતી !

☆ જ્યાં જાય ત્યાં ગનેગારી. જ્યાં સુધી જ્ઞાની પાસે નથી ગયો, ત્યાં સુધી ગનેગારી છૂટી નથી. તે સ્થૂલ અને સૂક્ષ્મ વળગણા(વર્ગણા) હોય છે. જ્યાં જેનું યોગ કરે ત્યાં તેનું લક્ષ હોય. હવે, લક્ષ તમારું શુદ્ધાત્મા, જ્યાં જાવ ત્યાં દેહાધ્યાસ છૂટે.

☆ આખા સંસારના બધા ધર્મોનાં શાસ્ત્રો ભેગાં કરે ત્યારે ધર્મ પ્રાપ્ત થાય. ૧૦૦% ધર્મ પ્રાપ્ત થાય ત્યારે મર્મ પ્રાપ્ત થાય. ૧૦૦% મર્મ પ્રાપ્ત થાય ત્યારે જ્ઞાનાર્ક પ્રાપ્ત થાય. એવો આ તમને લિફટ માર્ગ જ્ઞાનાર્કવાળો પ્રાપ્ત થયો છે. એટલે આ તો સર્વ સમાધાન કરે તેવો નિઃશંક માર્ગ છે. કોઈ વખત ધર્મમાં સાયન્સ નથી નીકળ્યું. ધર્મમાં તો કરો, કરો ને કરો. જપ કરો- ત્યાગ કરો-તપ કરો.

☆ 'આખા બ્રહ્માંડના રિયલ સ્વરૂપનુ દર્શન કરું છું', તે ભલે ને જ્ઞાન નથી મળ્યું તોય શ્રદ્ધાપૂર્વક બોલે તો સીધા ભગવાન ને જ દર્શન કરે છે.

☆ ભગવાને કહ્યું કે, એક ક્ષણનો નાનામાં નાનો ભાગ શુદ્ધાત્માને અડયો કે તેને ભગવાનની પ્રાપ્તિ થઈ ગઈ. આ તો લક્ષ 'હું વૈષ્ણવ છું' તેમાં, 'હું જૈન છું' તેમાં, 'હું સ્વામિનારાયણ છું' તેમાં અને તેમાં જ રહે.

☆ કોઈ કાળે ય ના આવ્યો હોય તેવો સતયુગ આવી રહ્યો છે. એવો વૈભવ, એવાં સુખ આવી રહેશે. ૨૦૦૫માં તો સતયુગમાં રહ્યા હશે તેવો વૈભવ આવી ગયો હશે.

☆ મનુષ્યને મોઢે જતું હોય, તે જ ધન સાચું. અને મનુષ્યને મોઢે ના જાય, તો જાનવરને મોઢે જાય તે સાચું. બાકી બધું ધન ગટરમાં જાય છે. અને મનુષ્યમાંય પાછા જ્ઞાની મહાત્માઓને મોઢે જાય પછી તે ધનની કિંમત કેવી !!

**૧૩ એપ્રિલ, ૧૯૭૪ રસિકભાઈને ત્યાં.**

☆ 'ટંકોત્કીર્ણ' , આ ભાષાકીય શબ્દ નથી કે કોઈ શાસ્ત્રનો શબ્દ નથી- એ તીર્થંકર ભગવંતોના મોઢેથી નીકળેલો શબ્દ છે.

☆ સંસારમાં વિનાશી ચીજવસ્તુમાં સુખ છે, એમ માનનારા એ મિથ્યાત્વધારી કહેવાય.

☆ સમકિતધારી મહાત્માઓ : આત્મામાં સુખ મળશે તેમ માનનારા એ સમકિતધારી મહાત્માઓ કહેવાય.

☆ મહીં દાદા ભગવાન છે તે પૂરા પ્રગટ થયા છે. જ્યાં સુધી તમારું સ્વરૂપ યથાર્થ પ્રગટ નથી થયું ત્યાં સુધી દાદા ભગવાનનું સ્મરણ કરવું. કારણ કે, તત્ત્વે કરીને બધા જ શુદ્ધાત્મા સરખા જ છે. તમારે અમારું સ્મરણ કરવાથી તમારું સ્વરૂપ પ્રગટ થશે. શુદ્ધાત્મા કહો, દાદા ભગવાન કહો, એ બધું એક જ છે.

☆ જયાં સુધી આત્માનું સ્પષ્ટ વેદન નથી, ત્યાં સુધી જ્ઞાનીપુરુષનું (દાદાનું) નિદિધ્યાસન એ સ્પષ્ટ નિદિધ્યાસન છે.

☆ જેનું ડિસિઝન આવ્યું તેનો ભય કેવો ? જેનું ડિસિઝન નથી આવ્યું, તેનો ભય રહે.

☆ અમારી આબરૂ અમારા લોક માં છે. અમારો લોક કાયમી લોક છે. આ તો અવસ્થામાં રહેનારા લોકો છે. અમારી આબરૂ આ લોકમાં નથી. અમે કોઈ અવસ્થામાં રહેનારા નથી. દેહની અવસ્થાઓ - પ્રકૃતિની અવસ્થામાં રહેનારા જગતના લોક છે. અવસ્થામાં રહેનારા લોકો અસ્વસ્થ રહે. સ્વરૂપમાં રહે તે સ્વસ્થ રહે. જ્ઞાનીપુરુષ તો જ્યારે ઉઠાડો ત્યારે સ્વસ્થ હોય. રાંડ્યા ત્યારે ય સ્વસ્થ, માંડ્યા ત્યારે ય સ્વસ્થ હોય.

☆ આત્મા પરના મોહને સમ્યક્ત્વમોહ કહેવાય. આત્મા સિવાય બીજું કશું જાણવાની ઇચ્છા ના હોય તેને સમ્યકત્વમોહ કહેવાય.

☆ આ દેશમાં ૧૮૦૦ વરસ પહેલાં સતત ૧૨ વરસનો દુકાળ આવેલો.

☆ સતજુગી પાપનો અસ્ત થશે એટલે, સાસુને વહુનો તિરસ્કાર - વહુને સાસુનો તિરસ્કાર - જાત-જાતના બીજા તિરસ્કાર, આ બધાં સતયુગી પાપ. હવે, કળયુગી પુણ્ય જાગી ઊઠે છે- એટલે બસ મળે, પંખા મળે વિગેરે. એટલે, આપણને મોક્ષે જવાનું હોય તોય બસમાં બેસવા દે. નહીં તો, ધર્મમાં તો પંખા-બંખા તો હોતા હશે ? પહેલાં ધર્મ એટલે મોહવાળી વસ્તુને ખસેડ ખસેડ કરે.

☆ જગતના લોકો આ પંખા ભોગવવા, હુક્કા પીવા, સારાં કપડાં પહેરવાં એને મોહથી જુએ. પણ, તે ડિસ્ચાર્જ મોહ છે, ચારિત્ર મોહ છે, ભરેલો મોહ છે. તે હવે, સમભાવે નિકાલ કરવાનો.

☆ ભગવાને કહ્યું કે, ચારિત્રમોહનો લટકેલો મોક્ષે જશે, પણ દર્શનમોહ(ચાર્જ મોહ)નો લટકેલો મોક્ષે નહીં જાય. દર્શન એટલે આરોપિત દર્શન કે, 'હું કૃષ્ણકાંત છું' તેનું જ ભાન. 'રિઅલી કોણ છું' તેનું ભાન નહીં.

☞ ચારિત્ર કર્મો ઘણાં પ્રકારનાં છે. પહેલાં જે સુખને સાચું સુખ માનેલું અને સહી કરીને લાવ્યાં હતાં તે હવે આપણને, જ્ઞાન લીધા પછી આરોપિત સુખ લાગે, એટલે હવે સમભાવે નિકાલ કરીએ.

☆ ઊંચનીચના ભેદ, બુદ્ધિથી અને વ્યવહારથી પડે છે. સતયુગમાં પણ આ ભેદ હતા, પણ સતયુગમાં ઊંચી સમજણવાળા, નીચી સમજણવાળા ઉપર કરુણા કરતા. ત્રેતામાં થોડોક તિરસ્કાર કરવા લાગ્યોં. દ્વાપરમાં તિરસ્કાર પુષ્કળ વધી ગયો, નર્યો તિરસ્કાર જ કરવા લાગ્યાં. કળીયુગમાં તેનાં ફળ ભોગવ્યાં. કળિયુગમાં મૂઆ ત્રીસ વરસની રાંડેલી બાઈ સામી મળી હોય, તો ભયંકર તિરસ્કાર કરી બોલે કે મૂઈ રાંડેલી સામે મળી. વિવાહ કરવા ગયા હોય, ત્યારે બોલે. અલ્યા, તો પછી તેને 'ગંગા સ્વરૂપ' કેમ કહે છે ? ભયંકર ત્રાસ ગુજારેલો; હરિજનો પર - સ્ત્રીઓ પર.

☞ દરેક હરીજનને (ભંગી, ચમાર) આગળ કોડિયું અને પાછળ ઝાડુ બાંધવું પડતું. આ તો આજથી ૮૦ વરસ ઉપરની જ વાત છે. કોડિયું એટલે બાંધવાનું કે તેને થૂંકવું હોય તો કોડિયાંમાં થૂંકવું પડતું કારણ જમીન પર

થૂંકવાથી જમીન અભડાય. અને પાછળ ઝાડુ એટલે બાંધવું પડતું કે તેનાં પગલાં પડે તે ભૂંસાઈ જાય. તમને એમની રહેણી-કરણી ના ગમતી હોય, તેનાં પરમાણુ ના ગમતાં હોય તો તેને ટચ ના કરો. પણ, તે અડી જાય તો તેની તરફ દ્વેષ કેમ કરીને કરાય ? તિરસ્કાર કેમ કરાય ?

☞ આપણા દેશે ભયંકર અત્યાચાર અને ભયંકર દુરાચાર કર્યા છે. સાસુ - વહુનાં દુઃખો તો કૈકેયી હતી ત્યારથી ચાલે છે. હવે , આનું ભોગવવાનું કંઈ અમેરિકાને થોડું હોય ? આ તો ન્યાય અન્યાયમાં માર ખાધો છે.

☆ "આ વ્યવસ્થિત તો મારા અનંતા અવતારોની શોધખોળ છે."

☆ જ્ઞાન લીધા પછી બધો ચારિત્રમોહ હોય તે પ્રત્યાખ્યાન કરવાનો.

☞ પરમાણુ વિશ્રસા, સમભાવે નિકાલ કરીએ, એટલે ચોખ્ખાં થઈ ઊડી જાય.

☞ મિશ્રસા ઉત્પન્ન થાય - ચારિત્રમોહ ઉત્પન્ન થાય (ડિસ્ચાર્જ).

☞ પ્રયોગસા : ભાવ ઉત્પન્ન થાય તે - ચાર્જ.

☞ જગતને વિશ્રસામાંથી ફરી પ્રયોગસામાં આવે. આપણને જ્ઞાન મળ્યા પછી વિશ્રસા પરમાણુ થાય, કંપ્લીટ ચોખ્ખાં થઈ નિકાલ થાય.

☆ ભગવાને આત્માના ઉપયોગ કહ્યાં - શુદ્ધ જ જોવું - શુદ્ધ ઉપયોગ જ કરવા કહ્યો.

☞ કોઈની નિંદા કરવાના વિચારો આવ્યા, તો આ પ્રકૃતિના ભાવ છે અને આપણે શુદ્ધ છીએ, તેવું જાણવું. જગતને પ્રકૃતિની ખબર નથી એટલે 'મેં નિંદા કરી' એવો પસ્તાવો કરે. ભગવાને એવું કહ્યું કે, પસ્તાવો થયો અને પ્રકૃતિ નથી સમજ્યો તેય લાભદાયી છે. પણ, પસ્તાવો નથી કરતો અને એમ જ બોલે કે, 'નિંદા કરી તે જ સારી છે' તે બે ય બાજુથી માર ખાય.

☞ જગતને શુભાશુભ ઉપયોગ હોય. અનર્થ કોઈ જીવની હિંસા કરે તે અશુદ્ધ ઉપયોગ. કોઈ અર્થ માટે મારે - છોકરાંઓ માટે, તે અશુભ ઉપયોગ. (ભાવ ફેર-ક્રિયા એક જ) અશુભ અને અશુદ્ધનો ભાવ ફેર પણ ક્રિયામાં ફરક નહીં. જગત ને ખબર ના પડે કે આ પ્રકૃતિ ભાવ છે.

**૧૪ એપ્રિલ, ૧૯૭૪ રસિકભાઈને ત્યાં.**

☆ આ લોકોએ ડિસ્ચાર્જ મોહને કાઢવા પ્રયત્ન કર્યાં. અટકાયેલું ના ચાલે, એટલે ઉછાળા મારે છે.

☆ દર્શનમોહ જાય તો જ્ઞાનથી જાય, પછી વાંધો નહીં.

☆ એક માણસ ગામડામાં રહેલો હોય તો તેને શાનો મોહ હોય ? પણ જો તે ગામડિયો શહેરમાં આવે ત્યારે જાત-જાતનાં મોહ ઉત્પન્ન થાય- તેવું જ આ સાધુ સંન્યાસીઓનું છે - તેઓને કેટલાય મોહ ઉત્પન્ન થાય. કારણ કે ડિસ્ચાર્જ મોહને આ

લોકો આંતરે છે.

☞ નિર્મોહબજારમાં રહ્યા પછી કેટલાક સાધુઓ નિર્મોહી દેખાય પણ મોહના બજારમાં આવ્યા પછી નિર્મોહી રહે તો કંઈક પ્રાપ્ત કર્યું કહેવાય.

☆ દર્શનમોહ એટલે જે દર્શનમાં હોવું જોઈએ તે ન હોતાં (જોતાં) બીજામાં સુખ જુએ. આરોપિતભાવ રાખે અને તેને જ સાચું સુખ માને. 'હું ચંદુલાલ' એ જ દર્શન મોહ. દર્શન શુદ્ધાત્મામાં હોવું જોઈએ.

☆ વીતરાગમાર્ગને આ વેદાંતીઓએ સર્વજ્ઞ પાસેથી લીધો. પછી તેમાં પક્ષો પાડ્યા.

☆ દરેક મનુષ્ય safe side ખોળે છે, પણ causes શોધવા માગતા નથી.

☆ વ્યૂ પોઈન્ટના જ્ઞાનમાં અને વાસ્તવિકતામાં ઘણો ફેર છે. વાસ્તવિકતામાં (હકીકતમાં) જ્ઞાનીપુરુષોને કોઈ ચીજ જાણવાની બાકી ના હોય.

☆ શ્રદ્ધા ક્યારે બેસે કે પ્રભાવ પડે ત્યારે.

☆ જેમ ડેવલપમેંટ વધતું જાય, તેમ દર્શન ઊંચું આવે. Broader ને broader વસ્તુઓ દેખાય.

☆ કોઈપણ માણસ ગુનેગાર છે જ નહીં, જેને જેવા વ્યૂ પોઇન્ટથી દેખાય તેવું બોલે છે.

☆ કામ-ક્રોધ-લોભ-મોહ એ causal body ના કારણો છે. એ નીકળી જાય તો causal body ઉત્પન્ન ના થાય, ફક્ત Effect body રહે તે નીકળી જશે. એટલે ઉકેલ આવી જાય.

☆ આ જગતના બધા ધર્મો રિલેટિવ છે, રિલેટિવ એટલે માટીને માટીથી કાઢવાના ધર્મ.

☆ સંતપુરુષો એ અસામાન્ય પુરુષો કહેવાય, સામાન્ય પુરુષો કરતાં ઊંચા. પણ જ્ઞાનીપુરુષ એ અલૌકિક પુરુષ કહેવાય.

☆ ગીતામાં કહ્યું કે, ચાર પ્રકારના ભક્તોઃ ૧. આર્ત - જગત જોઈએ તેને, ૨. અર્થાર્થી -નિષ્કામ કર્મ કરવું જોઈએ. ૩. જિજ્ઞાસુઃ જિજ્ઞાસુને નિઃષ્કામ કર્મ કરવાની જરૂર નથી. જિજ્ઞાસુને તો એક જ વૃત્તિ હોય કે, જ્ઞાની જ થવું છે. જિજ્ઞાસુ તો શોધ્યો જડતો નથી.

☞ નિઃષ્કામ ભક્તિ તો આજે કોઈ કરતા જ નથી, આજે તો સકામ કર્મ કરે છે. આખો દિવસ આર્તધ્યાન જ કરે છે. કમાય તો ય દુઃખ અને ચિંતા. અને સુખ આવે તોય દુઃખ અને ચિંતા. ખાલી મનુષ્યનો ફોટો પડે પણ મહીં થી પાશવતાના ગુણો ભારોભાર ભરેલાં છે.

☆ પ્રકૃતિ ઉઠાડે છે, પ્રકૃતિ સુવાડે છે. પ્રકૃતિ જન્મ આપે છે, પ્રકૃતિ મરણ કરાવડાવે છે. પ્રકૃતિ જ બધું કરાવે છે. આ શરીરમાં ફક્ત પ્રકૃતિ અને પુરુષાર્થ છે.

☆ આ દાદાએ પૂર્વે સાંભળવાની ઈન્દ્રિયનો દુરુપયોગ કર્યો તેથી તેવા cause કર્યાં, તેથી આ ઈફેક્ટ રૂપે આવ્યું, તો તેને

ઈફેક્ટ રૂપે સહન કરી લો. તેના ઉપાય ના થાય. તે ઈફેક્ટને ખસેડવું નહીં.

☞ ઉપાય શેને કહે છે કે, આપણી પાસે ૧૦૦ રૂપિયા માંગતો હોય તો તેને સાહેબ- સાહેબ કરીને કહીએ કે પરમ દિવસે આવજે, એને ઉપાય કહે.

☞ ઈફેક્ટ ને ખસેડવી ના જોઈએ, એના કરતાં જે હોય તે ભલે આવો.

☆ પક્ષપાતથી સર્વાંશે આત્યંતિક કલ્યાણ ના થાય. પક્ષપાતથી ફક્ત પક્ષનાનું કલ્યાણ થાય.

☆ વિજ્ઞાન એ નોર્મલિટીમાં હોવું જોઈએ. Above normal science is the poison; below normal science is also the poison.

☆ યોગમાં મનની સ્થિરતા વધે પણ egoism ના જાય. જ્યાં જ્યાં કંઈ કરવાનું થયું, ત્યાં અહંકાર વધતો જાય, સેલ્ફનું realize ના કર્યું તો ગૂઢ માર ખઈ-ખઈ મરી જશે. અને અનંત જન્મો લઈ-લઈ મરી જશે.

☆ જેને ટેમ્પરરીમાં સુખ લાગ્યું તેને વિશેષણ આપ્યું કે મૂઢાત્મા. જેને આત્મામાં સુખ લાગ્યું તે અંતરાત્માનું વિશેષણ અને છેલ્લે પરમાત્મા થાય.

**૧૫ એપ્રિલ, ૧૯૭૪ રસિકભાઈને ત્યાં.**

☆ આત્મા રિઅલી કર્તા છે જ નહીં, છતાં ભ્રાંતિથી કર્તા કહેવાય છે; અને એ જ ભ્રાંતિથી ઈશ્વર વર્લ્ડ નો કર્તા ગણાય છે.

☆ દેહ છે ત્યાં સુધી કર્મ છે. શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું કે કર્મ કરો અને જ્ઞાનેય કરો. કર્મ એટલે ખાવું, પીવું અને જ્ઞાનેય મેળવવું. એટલે જ્ઞાનીને ખોળી ને જ્ઞાન મેળવી કામ કાઢી લેવું.

☆ જ્ઞાનીપુરુષમાં પ્રકાશ(જ્ઞાન) ફુલ સ્ટેજમાં ડૅવલપ થયેલો હોય.

☆ વગર મહેનતે જે પ્રાપ્ત થતું હોય તેનું નામ ભગવાન - બીજી બધી ચીજો મહેનતથી પ્રાપ્ત થાય - આ તો તપની મહેનત કરે, ત્યાગની મહેનત કરે. ભગવાન તો મહેનત વગર મળે અને નિરંતર સાથે જ રહે છે, પણ ઓળખાણ પડવું મુશ્કેલ છે. એક જ્ઞાનીપુરુષનો ભેટો થાય તો જ ભગવાનની ઓળખાણ પડે.

**૧૬ એપ્રિલ, ૧૯૭૪ રસિકભાઈને ત્યાં.**

☆ સાચી વાત ફેલાતાં ઘણો સમય જાય પણ જુઠ્ઠી વાત એક કલાકમાં જ ફેલાઈ જાય.

☆ આ જ્ઞાન નહોતું મળ્યું ત્યાં સુધી તરંગમાં જ રમ્યા કરે. તરંગ કરી કર્મ બાંધે.

☆ જ્યાં નિંદા થઈ ત્યાં લક્ષ્મી ભેગી ના થાય, જ્યાં નિંદા નથી ત્યાં લક્ષ્મી આવે. અને જેની પાસે લક્ષ્મી હોય તેની નિંદા તો ના જ થાય; એટલે જ તમને લક્ષ્મી નથી પ્રાપ્ત નથી.

☆ સ્વરૂપસ્થિતિનાં લક્ષણ કયા હશે ? ઘણાં લક્ષણો હોય, પણ મુખ્ય લક્ષણ વીતરાગતા હોય.

☆ 'મન-વચન-કાયાની તમામ સંગી ક્રિયાથી હું તદ્દન અસંગ છું', એટલે આત્માને અસંગપણું રહે. જગતને આ અસંગનું લક્ષ નથી તેથી મન જ્યાં હોય ત્યાં આત્મા એકાકાર થાય.

☆ સંસારમાં તો મિત્રાચારી હોવી જોઈએ, લગની લગાડે તેને લગન કહેવાય. આજ કાલનાં તો લગ્ન જ ક્યાંથી કહેવાય?

☆ કૃપાળુદેવે કહ્યું કે, 'દેખત ભૂલી ટળે તો સર્વ દુઃખનો ક્ષય થાય.' દેખીને ભૂલે નહીં તો સર્વ દુઃખો ક્ષય થાય. 'હું શુદ્ધાત્મા છું' એ ભૂલાય નહીં તો સર્વ દુઃખોનો નાશ થાય. શાસ્ત્રમાં એમ નથી કહ્યું કે તમે શાદી ના કરશો, પણ તમને જે મળે તેની સાથે શાદી કરી, જે વ્યવહાર યોગ્ય હોય તે કરજો, બીજો વ્યવહાર ના રાખશો. બીજો સંસાર અધોગતિને નોતરે.

☞ દેખીને ભૂલે (પોતાના શુદ્ધાત્માને) તો દુઃખો ઊભાં જ રહે. આ તો મુંઓ, સારું પૅકિંગ જોઈને પોતાને ભૂલે. એટલે, દુઃખ ઊભાં રહે.

☆ કોઈ વસ્તુ એવી નથી કે આત્માને બાધા-પીડા કરી શકે, આત્મા અવ્યાબાધ સ્વરૂપ છે. આત્મા વસ્તુ રૂપે એક જ સ્વરૂપ છે. પદાર્થ સ્વરૂપે એક છે, પણ અનંત પ્રદેશ છે. પોતે બાધા-પીડા રહિત હોવાથી અવ્યાબાધના પ્રદેશ ખૂલે છે. એક પ્રદેશે અનંત પ્રકાશ છે. પણ, આવરાયેલું પડેલું છે તેથી દેખાતું નથી. જેટલો પ્રકાશ ખૂલે તેટલું દેખાય. જ્ઞાન મળે એટલે અનંત પ્રદેશનો પ્રકાશ ખૂલે.

☆ જ્યાં સુધી દેહ છે, ત્યાં સુધી ક્રિયા થયા વગર રહે જ નહીં. મન તેનું કામ કર્યા જ કરે. વાણી, વાણીનું કામ કર્યા જ કરે.

☆ વીતરાગતા એટલે નિષ્પક્ષપાતી - સંપૂર્ણ ન્યાય.

☆ તમામ લેપાયમાન ભાવોથી હું તદ્દન નિર્લેપ જ છું. ભાવો લેપાયમાન છે. મનમાં વિચાર આવે અને તેમાં આત્મા ભળે એટલે લેપાયમાન થાય. જ્ઞાની લેપાયમાન થાય નહીં. અને અજ્ઞાની લેપાયમાન થયા વગર રહે નહીં. આપણે નિર્લેપ છે, એવું જાણીએ એટલે ભાવો સ્પર્શે નહીં.

☆ 'ફાઈલ' શબ્દ ઈટસેલ્ફ જ એની મેળે આપણને જુદા પાડી દે છે. 'ફાઈલ' શબ્દ બોલીએ કે તરત જ નિકાલ થઈ જાય.

☆ તમને અમે હાથમાં રહે એટલાં વાક્યો આપ્યાં છે. કંઈ મોટાં-મોટાં શાસ્ત્રો વાંચવા નથી આપ્યાં. તોય, આપણા મહાત્માઓને જ્ઞાન આપીએ પછી વાક્યો વાપરતા નથી. સત્સંગમાં આવે તેટલો વખત સાંભળે, પાછા બહાર જઈ યાદ ના કરે. કેટલાક તો એવા છે કે નવ-નવ સંવત્સરી સુધી બેસી રહ્યા છે તોય વાક્યો યાદ નથી કરતા!

☆ પ્રયોગમાં લોકો શોખીન થઈ ગયા. આપણે પ્રયોગી છીએ અને આ દેહ એ પ્રયોગશાળા છે. તેમાં પ્રયોગો થઈ રહ્યા છે. પણ લોકો પ્રયોગમાં શોખીન થઈ ગયા છે એટલે દેહમાં ઊંધું થઈ જાય. જ્ઞાનીપુરુષ આમાં (દેહમાં) કયો ભાગ પ્રયોગ છે, અને કોણ પ્રયોગી છે તે જુદા પાડી આપે. ભગવાન મહેનત ના કરે. જે પ્રયોગી થાય તે મહેનત કરે.

☆ God is not creator of this world by fact. God is creator of this world by your view point.

☆ વાસ્તવિકતામાં (હકીકતમાં) મતભેદ ના હોય.

☆ સાયન્ટિફિક કેમ કહેવું પડ્યું ? કે, સંયોગોનો પ્રભાવ આત્મા પર પડે એટલે બિલિફ બદલાઈ જાય છે. સંયોગોનું દબાણ ચેતન પર એટલું બધુ છે કે બિલિફ બદલાઈ જાય છે. એટલે scientifically circumstantial evidence કહીએ છીએ.

☆ બુદ્ધિ indirect પ્રકાશ છે એટલે ભેદ પાડ્યા જ કરે છે.

☆ TOPS એટલે કોઈ ચલાવે અને પોતે ચાલે. પ્રકૃતિ નચાવે અને બોલે કે 'હું નાચ્યો'. ધાર્યા પ્રમાણે થાય તો કહે કે, 'મેં કર્યું'. અને ધાર્યા પ્રમાણે ના થાય, તો બબૂચક થઈ જાય.

**૧૮ એપ્રિલ, ૧૯૭૪ રસિકભાઈને ત્યાં.**

☆ 'પાશ્ચાત ભૂમિકાએ નેપથ્ય નીરખ ભાઈ' - તને જે પાઠ નાટકમાં ભજવવાનો મળ્યો છે, તેને તું બરાબર ('પોતે કોણ છું', તે લક્ષ્યમાં રાખીને) ભજવ. અને જે પાત્ર તને મળ્યું છે, તે તું યથાર્થ ભજવ-વીતરાગતાથી. ભજવતી વખતે તું બીજા પાત્રનો પાઠ ના ભજવીશ કારણ કે તે ભજવવાનું તારે માટે નથી. અર્થાત્ નાટકનાં અન્ય પાત્રોનો પાઠ તું ભજવવા ના જઈશ. તારો જ પાઠ તું યથાર્થ ભજવ.

## વર્ષ:૧૯૭૫

**૫ એપ્રિલ, ૧૯૭૫, માસીને ઘરે**

☆ આત્માની હાજરીથી ઘટકોનો ચાર્જ થયા કરે છે. ઘટકો એ causes છે. Causes ભર્યા કરે પછી effect થાય. ચેતનની હાજરીથી થાય એટલે 'નિશ્ચેતન ચેતન' કહેવાય.

☆ સરકારનો ભાગ હોય તો તો આપવો જ જોઈએ ને ? આપણું જ રૂપક છે. સરકાર એટલે આપણું જ લોહી માંસ આપણે ખાઈએ છીયે.

☆ સગાવહાલાં દુઃખ નથી દેતા, પણ મહી ક્રોધ-માન-માયા-લોભ જ દુઃખ દે છે. આ ચાર ખાંડ-ખાંડ કરે છે.

☆ **પ્રશ્નઃ** આત્મા અરૂપી છે. અને પુદ્ગલ રૂપી છે તો આત્માને રૂપી કેવી રીતે દેખાવાનો ?

**જવાબઃ** આત્મા કશું કરતો જ નથી. આ તો લાગે છે કે તે કરે છે. દાખલોઃ ચંદુલાલ એકલા પડ્યા, જમીને આવ્યા, રાત્રે બાર વાગ્યે, હવે સૂઈ ગયા અને દિવસે ભૂતની વાત વાંચી હોય અને પ્યાલો પડે ઉંદરથી, ત્યારે ભૂતની વાત યાદ આવે કે ભૂત-બૂત હશે તો ! એટલામાં કોઈ આવે કે તરત જ હિંમત આવે અને બોલાવે અને કહે કે, 'આવો, રસોડાનું બારણું ઉઘાડીએ.' મુંઓ ! આપણી પાસે બારણું ઉઘડાવે. જ્ઞાનમાં આંટી પડી એટલે ભડકાટ પેંસે પણ કોઈ ઉકેલી આપે ત્યારે સમજાય.

☆ આખા જગતને જે જ્ઞાન છે તે ભ્રાંતિ જ્ઞાન છે. સચળ આત્માને અચળ કરવા જાય છે. પાડાને વાંકે પખાલીને ડામ દે છે. મુઆ! કીડી કરડશે તો ચલિત થઈશ.

☆ જ્ઞાનીપુરુષ એ નીરઅહંકારી હોય. તેમને ભગવાનની પણ બીક ના હોય.

☆ મિથ્યાદર્શન,માયા દર્શન, નિદાન દર્શન. આ ત્રણ શલ્ય છે. શલ્ય એટલે પરાઈ સમજ. બીજામાં પેસી જવું. પગમાં કાંટો પેસે અને થોડો રહી જાય તે શલ્ય. એ ખૂંચ્યા કરે. ખૂંચવું તેનું નામ શલ્ય. મિથ્યા દર્શન-વિનાશી ચીજોમાં સુખ આવશે તે, શાશ્વતી ચીજોમાં (આત્મામાં) સુખ આવશે તે સમ્યક દર્શન. મિથ્યા દર્શનની ફાચર ખૂંચ્યા કરે છે. મિથ્યા દર્શનની ફાચર થાય તો બીજી બે ફાચર ખૂંચે. નિદાન શલ્ય ખૂંચે. નિદાન શલ્ય નિયાણું શલ્ય. શ્રકૃષ્ણભગવાને નિયાણું શલ્ય બાંધ્યું હતું. એવું નિયાણું કે 'હું એવો તપ-ત્યાગ કરું કે લોક મને પૂજે'.

☆ નિયાણું હોય ત્યાં સુધી મોક્ષ મોડો થાય.

☆ શ્રદ્ધા એનું નામ કહેવાય કે ક્યારેય change ના થાય. આ તો બધી wrong belief છે. એક 'wrong belief' જાય તો બીજી 'wrong belief' ચોંટે. આખું જગત 'wrong belief' માં જ છે. Belief કોનું નામ કહેવાય કે ક્યારેય ફરે નહીં. હું પરમાત્મા છું એ belief ક્યારેય ફરે નહીં. તે સાચી belief કહેવાય. 'right belief' એનું નામ કહેવાય કે કિંચિતમાત્ર અસમાધિ ના થાય.

☆ મૂઢાત્મા એટલે સંસારી સુખને સાચું સુખ માને. ફોરેનવાળા હજુ develop જ નથી થયા. ફોરેનવાળા મનુષ્યપણામાં develop નથી થયા એટલે તેઓ સાહજિક છે. અને આપણે અહી વિકલ્પી છીએ. સગો ગાડી માંગે તો પેટ્રોલની ગણતરી કરે તેવા મૂઢાત્મા છે.

☆ જેટલા લોકો ધર્મમાં નથી પડ્યા તે સાહજિક હોય. વાળો તેમ વળે. અને આ ધર્મમાં પડેલા લોકો અક્કડ હોય- વાળો તોય ના વળે.

☆ જેટલી ભ્રમણા એટલી નિર્બળતા, ભ્રમણારહિત હોય તેને નિર્બળતા ક્યાંથી હોય?

☆ શોધ કરનારો આત્મા જોઈએ.

☆ અત્યારસુધીમાં જે જ્ઞાન જાણ્યાં છે તે સમાધાન કરતાં નથી; માટે તે જ્ઞાન નથી તેમ જાણવું જોઈએ. જ્યારે ભેદબુદ્ધિ પડે ત્યારે સમાધાન થાય-સર્વ સમાધાન કરી આપે તે જ્ઞાન. મન સાથે ય ઝઘડો છે તો સમાધાન ક્યાંથી થાય?

☆ જ્ઞેય જ્ઞાતા સંબંધ મનના તથા વાણીના આચાર માટે છે, ત્યાં સુધી ચાલે; દેહાચારમાં ના ચાલે. આ જ્ઞાન મળ્યા પછી દેહાચાર ઊંચો હોવો હોઈએ; નહીં તો શાસન દેવતાઓ ખસી જાય. દેહાચાર તો અજ્ઞાન અવસ્થામાં ય લોકનિંદ્ય ના હોવું જોઈએ. જ્ઞાન મળ્યા પછીનો દેહાચાર તો ઘણો જ ઊંચો હોવો જોઈએ. બહુ, બહુ સાચવવા જેવું છે. અહીં જ વધુ જાગ્રત રહેવાની જરૂર છે. ભયંકર જોખમવાળો કાળ છે. આ સંસાર જોખમ નથી. દેહાચાર સારો હોય તો દેવલોકોની કૃપા ઠેઠ સુધી રહે. કોઈ પીડા ન રહે - દુઃખ ના આવે, નહીં તો અધોગતિમાં લઈ જાય. અહંકાર કરીને પણ દેહાચાર અશુદ્ધ ના થાય તે સાચવવું. અહંકાર કરવો સારો, તે પછી નીકળશે. બાહ્યાચાર એ ખાસ બ્રહ્મચર્ય માટે સંબંધ

સમજવાનો છે. મોટામાં મોટું જોખમ બાહ્યાચારનું અબ્રહ્મચર્ય છે. દેવલોકો ખુશ થઈ જાય તેવો બાહ્યાચાર હોવો ઘટે. તે ના હોય તેને ભગવાને અનાચાર કહ્યો છે. બ્રહ્મચર્ય સંબંધી દુરાચાર ના થવો જોઈએ.

### ૨૨ ઑગસ્ટ, ૧૯૭૫, સાન્તાક્રુઝ.

☆ આખું જગત માર્ગ ભૂલેલું છે, ભાન ભૂલેલું છે. વાણીની મારામારી છે. આ સભ્ય જગતના લોકો હાથથી મારામારી ના કરે. ફકત વાણીથી મારામારી કરે. મુંઆ, સવારે ચા-પાણી ટેબલ પર કરે, ગળેથી હસે, પણ વાણીથી મુંઓ માર-માર કરે.

☆ વાણી એ રેકૉર્ડ છે. વર્તન એ ભમરડો છે. વાણી રેકૉર્ડ છે એટલે ટેપરેકૉર્ડ છે. Vision છે તે તો ટેલિવિઝન છે.

☆ જગતનો એવો નિયમ છે કે સાચી વસ્તુ ગ્રહણ કરાવવી હોય તો ડાહ્યા માણસોને મૅન્ટલ કરાવવા જોઈએ. મૅન્ટલ એટલે મમતા છોડાવવી જોઈએ. આખું જગત મૅન્ટલમાં conversion થઈ રહ્યું છે. ૧૯૩૮માં લોકો ડાહ્યા હતા. ૧૯૪૨થી મૅન્ટલમાં conversion થવાનું શરૂ થયું છે. બધા જ મૅન્ટલ થઈ ગયા છે.

☆ આ વિજ્ઞાનની શોધખોળ, મારી ઘણા અવતારની શોધખોળ છે. અમે વિષયમાં પડ્યા વગર ઘણા અવતારથી આ વિજ્ઞાનની શોધખોળ કરી છે.

☆ દાદાને ધોલ મારે એટલે દાદાની પરીક્ષા થશે. આ તો મુંઆને વહુની પરીક્ષા કરતાં નથી આવડતી તો દાદાને ક્યાંથી ઓળખી શકે ? મુંઆ, ઝગઝગાટ હીરો સામે પડ્યો છે તોય ઓળખતા ન આવડ્યો ? એટલે તો કહીયે છીયે કે ધોલ માર, તો મહીં ફેણીઓ છે કે નહીં એ ખબર પડે !

☆ Claimant respondent ને છોડે તો ભગવાને ય વચ્ચે આવતા નથી.

### વર્ષ:૧૯૮૨

### તારીખ: ૧ ઑક્ટોબર, ૧૯૮૨.

☆ વિચારથી, ઈચ્છાથી બંધન વગરનો જ્ઞાનીપુરુષ જોઈએ, તો જ છોડાવી શકે.

☆ વહુ સાસરે આવે ત્યારે ઘર જેવું લાગે તો જ રહે. અહીં આપણાં સત્સંગમાં ઘર જેવું લાગે. અહીં કોઈ ભેદભાવ નહીં. મોઢા પર દિવેલ ના હોય. અહીં કોઈ પ્રકારનો કાયદો નહીં, ફક્ત પ્રેમનો જ કાયદો.

☆ જે પ્રેમમાં ઘાટ હોય તે પ્રેમ ના કહેવાય, તે આસક્તિ કહેવાય. ઘાટવાળો પ્રેમ તે આસક્તિ. સ્ત્રી સાથેનો પ્રેમ, મા સાથેનો પ્રેમ એ આસક્તિ, પણ માનો પ્રેમ હજુ કાંઈક સાચો. પ્રેમ તો વધઘટ ના થાય તેનું નામ પ્રેમ.

☆ ક્ષત્રિય સ્વભાવ એટલે જે ને તે સાબુ ઘસ ઘસ ના કરે. એકાદ સાબુ ઘસી જુએ, મેલ જાય તો સારું, નહીં તો જે ને તે સાબુ ઘસ ઘસ ના કરે. કપડું મેલું રાખે પણ જે આવે તે સાબુ ના ઘસ ઘસ કરે; તે તો સાચા પુરુષને જ ખોળે.

☆ અહીંનું બાળક વીતરાગ થવાની શક્તિ ધરાવે છે.

☆ રાગમાં ય વીતરાગ રહે, રાગ એ જ્ઞેય છે અને તમે જાણનાર છો. જશુભાઈ રાગ કરે તો તેમાંય વીતરાગ રહે. ગાળો ચઢાવનાર પર પણ પ્રેમ અને ફુલ ચઢાવનાર પર પણ પ્રેમ. ગાળો ચઢાવનાર પર પ્રેમ ના કરે તો ફુલ ચઢાવનાર પર રાગ કર્યો કહેવાય.

☆ પુદગલની રક્ષા કરે છે તે પોતાપણું. જ્ઞાનીના જ્ઞાનમાં મર્મ હોય અને જ્ઞાનાર્ક વાણીમાં હોય.

☆ જે વાણીથી ( વિપરીત વાણી ) બંધાયા હતા તે જ વાણી છોડાવે - ફક્ત 'વિપરીત' વિશેષણ બદલાયું.

☆ આત્મા નિઃશબ્દ છે, અવર્ણનીય છે, અવ્યક્તત્વ છે. શબ્દો સ્થૂલ છે, આત્મા સૂક્ષ્મતમ છે.

☆ પોતે બંધાયેલો બીજાને શી રીતે છોડાવે ?

☆ ભગવાન તો સર્વને સરખું જ આપે છે. તે તો કહે છે કે, 'હું તો સર્વને પ્રકાશ જ આપું છું. તેમાં તારે ચોરી કરવી હોય તો તે કર અથવા દાન કરવું હોય તો તે કર.'

☆ કર્મ ક્યારે બંધ થાય ? જ્ઞાનીપુરુષ પ્રવૃત્તિમાં નિવૃત્તિ કરી આપે ત્યારે.

☆ 'મારું શું છે' તે નક્કી કર્યા વગર 'આ મારું ન્હોય', 'મારું ન્હોય', ના કરાય-કોઈ આપણા મહાત્માએ બીજા ભાઈને કહ્યું કે મમતા છોડવી જોઈએ-એટલે કે, બોલ્યા કરવું કે 'આ મારું ન્હોય', 'આ મારું ન્હોય', એટલે પેલો મૅન્ટલ થઈ ગયો. પછી મને (દાદાને) ખબર પડી અને પૂછ્યું ત્યારે જાણ્યું. એટલે જ્યાં સુધી 'મારું શું છે' તે નક્કી ના થાય ત્યાં સુધી 'આ મારું ન્હોય', તેમ ના બોલાય.

☆ રાગ કરશો તો Boss બની જશે અને દ્વેષ કરશો તો ય Boss બની જશે, માટે વીતરાગ થાવ.

☆ Boss કોઈ નથી, તમારો Boss ફક્ત તમારી Mistakes and Blunders.

☆ આ જમરા તે કઈ agency છે ? કોણે તેને સત્તા આપી ? કઈ સત્તાથી તે આવે છે ? આ તો નિયમરાજ છે.


☆ આ સિનેમા નિયમથી છૂટે (પૂરું થાય) તો કોઈ વાંધો ઉઠાવે ?

☆ મોટા થયા કે થઈ ગયા ? મોટા થઈ ગયા. ખોટ કરે તો ભગવાને કરી, કમાયો ત્યારે હું કમાયો. સવારે ઊઠો છો તે તમે ઊઠો છો ? ઊઠી જવાય છે. ઊંઘો છો કે ઊંઘી જવાય છે ? ઊંઘી જવાય છે. ઊંઘની, ઉઠવાની એ સત્તા પારકી છે. ભગવાનની સત્તા નથી, કોઈ બીજી જ સત્તા છે.

**તારીખ : ૨ ઑક્ટોબર, ૧૯૮૨, શનિવાર**

શ્રીમદ્ રાજચંદ્ર લિખિત 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' ની ગાથાઓ વિશે

**દાદા ભગવાનનો સત્સંગ**




જો ચેતન કરતું નથી, નથી થતાં તો કર્મ;
તેથી સહજ સ્વભાવ નહિ, તેમજ નહિ જીવધર્મ. (ગાથા-૭૫)

☞ આપણે એમ કહીએ છીએ, ભ્રાંતિથી તું કર્તા છું, ખરેખર તું કર્તા નથી. ચેતન કરતું નથી.

કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ ?
અસંગ છે પરમાર્થથી, પણ નિજભાને તેમ. (૭૬)

☞ આપણું જ્ઞાન અહી જુદું પડે છે. તે અસંગ જ છે. ભ્રાંતિથી સંગી છે. સંગી થયો એટલે લેપાયમાન થયો. 'અસંગ છે પરમાર્થથી', તે સાચું છે.

કર્તા ઈશ્વર કોઈ નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ;
અથવા પ્રેરક તે ગણ્યે, ઈશ્વર દોષપ્રભાવ. (૭૭)

☞ અહીં વિરોધાભાસ છે ? ચેતન એ જ ઈશ્વર છે. ચેતનને જો પ્રેરક ગણવામાં આવે તો તે દોષ ગણાય. પોતાના સ્વભાવનો કર્તા છે, સંસારનો કર્તા નથી. પરપરિણતિનો કર્તા નથી. ઈશ્વરનો શુદ્ધ સ્વભાવ છે અને ચેતન પણ શુદ્ધ સ્વભાવ છે.

ચેતન જો નિજ ભાનમાં, કર્તા આપ સ્વભાવ;
વર્તે નહિ નિજ ભાનમાં, કર્તા કર્મ-પ્રભાવ. (૭૮)

☞ ચેતન જો પોતાના ભાન હોય તો કર્તા પોતાના સ્વભાવનો થાય છે, એટલે જ્ઞાન, દર્શન, ચારિત્રનો. ચાર કષાયના ઉપશમનો પણ તે કર્તા નથી. ભાનમાં નથી એટલે કર્તા છે, ભ્રાંતિથી કર્તા છે.

☞ ભ્રાંતિ એટલે બે વસ્તુ જોડે રાખવાથી, પોતાના ગુણધર્મો રાખીને વિશેષભાવ ઉત્પન્ન થાય છે. 'લોખંડ દરિયા નજીક કાટ ખાય' તે દાખલો. લોખંડ તો કહે કે, 'મારો સ્વભાવ નથી (કાટ ખાવાનો)'. દરિયો કહે કે 'કાટ ખવડાવવાનો મારો સ્વભાવ નથી'. આ તો બે ભેગાં થવાથી વિશેષભાવ ઉત્પન્ન થયો, વ્યતિરેક ગુણ. નિરંતર સાથે રહેનારા તે અન્વય ગુણ. જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી સાપેક્ષથી જ્ઞાન દર્શન ચારિત્રનો કર્તા છે. પછી દેહ ગયા પછી કશાયનો કર્તા નથી.



શંકા - શિષ્ય ઉવાચ

(તે કર્મનું ભોકતાપણું જીવને નહીં હોય? એમ શિષ્ય કહે છે)

જીવ કર્મ કર્તા કહો, પણ ભોક્તા નહિ સોય;
શું સમજે જડ કર્મ કે, ફળ પરિણામી હોય ? (૭૯)

ફળદાતા ઈશ્વર ગણ્યે, ભોક્તાપણું સધાય;
એમ કહ્યે ઈશ્વરતણું, ઈશ્વરપણું જ જાય. (૮૦)

ઈશ્વર સિદ્ધ થયા વિના, જગત નિયમ નહિ હોય;
પછી શુભાશુભ કર્મનાં, ભોગ્યસ્થાન નહિ કોય. (૮૧)

જીવ કર્મનો કર્તા હોય તે શંકા કરે છે.

સમાધાન-સદ્‌ગુરુ ઉવાચ

(જીવને પોતાનાં કરેલાં કર્મનું ભોક્તાપણું છે, એમ સદ્‌ગુરુ સમાધાન કરે છે)

ભાવકર્મ નિજકલ્પના, માટે ચેતનરૂપ;
જીવવીર્યની સ્ફુરણા, ગ્રહણ કરે જડધૂપ. ૮૨

☞ જો ચેતનરૂપ હોય તો તે જાય જ નહીં. તે ભાવકર્મ જોડે જ હોય, ભાવકર્મ એ જ ભ્રાંતિ, પોતાની કલ્પના નથી. એ સ્ફુરણા થાય છે તેથી પરમાણુ ખેંચાય છે.

☞ ચેતનના ગુણો જો કદી, તો તે કાયમ રહેનારા હોય, અન્વય હોય-ભાવ કર્મના ગુણો ન હોય. 'હું સાચું કરું છું' તેય ભાવ કર્મ, 'હું ખોટું કરું છું' તેય ભાવ કર્મ.

ઝેર સુધા સમજે નહીં, જીવ ખાય ફળ થાય;
એમ શુભાશુભ કર્મનું, ભોક્તાપણું જણાય. (૮૩)

એક રાંક ને એક નૃપ, એ આદિ જે ભેદ;
કારણ વિના ન કાર્ય તે, તે જ શુભાશુભ વેદ્ય. (૮૪)

ફળદાતા ઈશ્વરતણી, એમાં નથી જરૂર;
કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દૂર. (૮૫)

તે તે ભોગ્ય વિશેષનાં, સ્થાનક દ્રવ્ય સ્વભાવ;

ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ. (૮૬)

☞ ભોગ્ય વસ્તુનાં સ્થાનકોઃ દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ, નરકગતિ તે. Credit થાય - દેવગતિ. Debit થાય- નર્કગતિ

જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ;

તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ સુજાણ. (૮૯)

વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;

તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ. (૯૦)

☞ કર્મ સફળ છે, કડવાં, મીઠાં, તેમ તે નિવૃત્ત પણ થઈ શકે છે, મોક્ષ થાય છે. શુભાશુભ કર્મોનો છેદ જ્ઞાને કરીને થાય. કર્તા થાય તે જ બંધન છે. જ્ઞાને કરીને નિવેડો લાવવો. જેટલું સમ્યક્ત્વ હોય તેટલો છેદ ઊડે. એમ કરતાં કરતાં આગળ વધે.

શંકા - શિષ્ય ઉવાચ

(મોક્ષનો ઉપાય નથી, એમ શિષ્ય કહે છે)

હોય કદાપિ મોક્ષપદ, નહિ અવિરોધ ઉપાય;

કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય? (૯૨)

સમાધાન-સદ્ગુરુ ઉવાચ

(મોક્ષનો ઉપાય છે, એમ સદ્ગુરુ સમાધાન કરે છે)

કર્મભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ;

અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાનપ્રકાશ. (૯૮)

શંકા દૂર કરે છેઃ મોક્ષ ઉપાય.

☞ ભાવકર્મ એ અજ્ઞાન છે, એ ચેતન નથી. આપણે તેને નિશ્ચેતન-ચેતન કહ્યું. ચેતનમાં જે પાવર ભરેલો છે, પણ એ ખલાસ થઈ જવાનો છે. મોક્ષભાવ એટલે સ્વભાવ. જ્ઞાન-પ્રકાશ થાય એટલે અંધકાર દૂર થાય.



જે જે કારણ બંધનાં, તેહ બંધનો પંથ;
તે કારણ છેદક દશા, મોક્ષપંથ ભવઅંત. (૯૯)
રાગ, દ્વેષ, અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ. (૧૦૦)

☞ છેદક દશા ક્યારે થાય? પોતાને જ્ઞાન થાય - પ્રતીતિ થાય.

☞ રાગ, દ્વેષ અને અજ્ઞાન એ જ બંધ કરાવનારા થાય. જેનાથી રાગ-દ્વેષ જાય તે જ મોક્ષનો પંથ છે.

આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસ રહિત;
જેથી કેવળ પામિયે, મોક્ષપંથ તે રીત. (૧૦૧)

☞ આત્મા સત્ એટલે અવિનાશી સત્ય, ત્રિકાળી સ્વભાવ છે. ત્રિકાળી સત્ય છે. કોઈપણ જાતનો આભાસ કે પ્રત્યાભાસ નથી.

કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ;
તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ. (૧૦૨)

☞ મુખ્ય કર્મ આઠ પ્રકારનાં, તેમાંય મુખ્ય મોહનીય કર્મ છે. તેનાથી આ બધુ ઊભું રહ્યું છે, તે President છે.

કર્મ મોહનીય ભેદ બે દર્શન ચારિત્ર નામ;
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ. (૧૦૩)

☞ મોહનીય કર્મઃ દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય. આ બે ભેદ જાણ્યા સિવાય કોઈ મોક્ષે ગયેલો નહીં અને જશે નહીં. દર્શનમોહનીયને આત્મજ્ઞાન જ હણે અને ચારિત્રમોહનીયને વીતરાગતા હણી શકે.

કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ;
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ ? (૧૦૪)

☞ ક્રોધાદિથી જે કર્મ બંધાય છે તે ઋજુતા - ક્ષમાથી નાશ થાય.

છોડી મત દર્શન તણો, આગ્રહ તેમ વિકલ્પ;
કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ.(૧૦૫)

☞ મત દર્શન છોડી દઈ, એનો આગ્રહ-વિકલ્પ છોડી દઈ અમે જે કહીએ છીએ તેમ આચરે તો મોક્ષે જાય.

જાતિ, વેશનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય;

સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય. (૧૦૭)

☞ ગમે તે જાતિનો , ગમે તે વેશનો હોય, સાધુ હોય કે સંસારી વેશે હોય, તો પણ માર્ગ મળે તો મોક્ષે જઈ શકે છે.

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષઅભિલાષ;

ભવે ખેદ, અંતર દયા, તે કહીએ જિજ્ઞાસ. (૧૦૮)

☞ કષાયની ઉપશાંતતા, અંતર દયા , સ્વદયા આવી- છૂટવાની દયા આવી. ત્યાં (ક્રમિકમાર્ગમાં)જરૂર છે, આપણને (અક્રમના મહાત્માઓને) આ લાગુ પડતું નથી. કૃપાળુદેવને કોઈકે કહ્યું કે સાહેબ, તમને સંસાર પર કંટાળો આવે છે ? તો તેઓએ કહ્યું કે, ઘણા ભવથી કંટાળો આવેલો છે.

વર્તે નિજ સ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;

વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત. (૧૧૧)

અહીં આપણું ( દાદાનું) શરૂ થાય છે.

☞ પોતાના આત્માની પ્રતીતિ, લક્ષ, અનુભવ રહે. વૃત્તિઓ પહેલાં નવરી પડી હતી તે બજારમાં જાય-ઓફિસે જાય; તે હવે પાછી આવે છે. વૃત્તિઓ ચરવા જાય બધે. વૃત્તિઓ ગયેલી પાછી આવે છે, નહીં તો વૃત્તિઓ પાછી ના આવે. વૃત્તિઓ બહાર હોય ત્યાં સુધી વ્રત રહે નહીં. મહાવ્રતેય ના રહે અને અણુવ્રતેય ના રહે. વૃત્તિઓ નિજ સ્વભાવમાં આવે તેને ક્ષાયક સમકિત થાય.

વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ;

ઉદય થાય ચરિત્રનો, વીતરાગપદ વાસ. (૧૧૨)

કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;

કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ. (૧૧૩)

☞ સમકિત થઈ બેસી ના રહે, તે વધતી જ જાય-પુરુષાર્થ ના કરવો પડે. સમકિત વર્ધમાન થાય - ટાળે મિથ્યાભાસ- એટલે લગ્નમાં જાત જાતનાં અત્તર છાંટે, બોલાવે તો પણ પોતાને ગમે નહીં. સામાને દુઃખ ના થાય અને પોતે જ્ઞાનમાં રહી નિવેડો લાવે. પોતાના જ્ઞાનથી નિવેડો લાવે. 'આવો શેઠ, શેઠ કરે'- વાજાં વાગતાં હોય. આવેલું સુખેય ગમે નહીં. એમાં ધ્યાન ના દે. સુખ આવે તેની પર રાગ ના કરે, દુઃખ આવે તો દ્વેષ ના કરે; બંનેને ટાળે. પહેલાં એવું લાગતું હતું કે, હું સત્ય ભરી લાવ્યો હતો. હવે તે મિથ્યા લાગે.

☞ અખંડ 'હું શુદ્ધાત્મા છું' એવું જ્ઞાન વર્તે તે દેહ છતાં નિર્વાણ. ભ્રાંતિ પર પ્રીતિ છે, હું કર્તા છું તેની પર પ્રીતિ છે. આ

કોઈ કહે છે કે હું કહું છું, એ જો વિચાર્યું હોત તો ય આગળ વધત. આ બધાં કર્મો આધારથી ઊભાં છે. આપણે આધાર ખેંચી લઈએ, જેથી ખરી પડે.

પ્રશ્નઃ દાદા અખંડ થવું એ બહુ અઘરું છે.

દાદાઃ જેને ખંડ થયું તેને અખંડ થતાં વાર ના લાગે.

એક જગ્યાએ કોઠીના ઢાળ પર, ચાર રસ્તા પર મોટી ખુરશી નાખી બેસી રહીએ તો બીજી બાજુ બસ આવતી દેખાય ? ના દેખાય- અખંડ ના દેખાય. જે સંયોગો ઊભા કર્યા હતા તે સંયોગો જાય છે. રોગ પેસી જાય તો મોટી મોટી બસો દેખાય. તેથી કહ્યું કે, 'એગો મે સાસઓ અપ્પા.' સંજોગ કરવાના જ બંધ થઈ ગયા. બસ આવે તો, બાંકડા તે-આપણે સામે બાજુ જોવું હોય તે દેખાય ? બસ આવતી હોય તે દેખાય નહીં. બસો આવ-જા કરે ત્યાં સુધી અખંડ ના દેખાય. બસો આવતી જતી બંધ થાય એટલે અખંડ દેખાય. બસો બધી બંધ થઈ જશે. મનથી ભય રાખવા જેવું નથી. તારું જ્ઞાન તો અખંડ જ છે, આ બસનો વાંધો ઉઠાવે છે. બસોના સંયોગ છે. સંયોગો વિયોગી સ્વભાવના છે, તેથી હવે નવા સંયોગો ઊભા ના કરીશ.

કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય;
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય. (૧૧૪)
છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ. (૧૧૫)

☞ કોટિ વર્ષનું સ્વપ્ન પણ...... છૂટે દેહાધ્યાસ તો....કેવું સુંદર વાકય છે ?

☞ દેહમાં આત્મા બુદ્ધિ એટલે કર્મને આધાર આપ્યો. 'હું જશુભાઈ' એટલે કર્મને આધાર આપ્યો. દેહાધ્યાસ છૂટે તો તું કર્મનો કર્તા નથી. આત્મામાં આત્મબુદ્ધિ એટલે જ્ઞાન.

સદ્‌ગુરુના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન;
નિજપદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન. (૧૧૯)

☞ જે અદશ્ય હતું તે દશ્ય થયું. તેવું ભાન આવ્યું. પૂર્વે ક્યારેય ભાન નહોતું, તે ભાન આવ્યું. આ તો બસો આવ જા કરતી હોય તો બસોવાળાને ના કહેવાય આપણાથી. બે માળવાળી, એક માળવાળી ય આવે અને હાથી ય આવે. આપણે જે સંયોગો ઊભા કર્યા હોય તે જશે, હવે ફરી ઊભા કરવાનું બંધ કરીએ. અને પછી એ અખંડ જ રહેશે, એ જ અખંડ.

કર્તા ભોક્તા કર્મનો, વિભાવ વર્તે જયાંય;
વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્તા ત્યાંય. (૧૨૧)



☞ વિભાવ વર્તે એટલે કે 'આ કર્મનો કર્તા હું જ છું તે.'

અથવા નિજપરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ;
કર્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ. (૧૨૨)

☞ પોતાના સ્વભાવનો કર્તા તે નિર્વિકલ્પ સ્વરૂપ.

મોક્ષ કહ્યો નિજશુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ. ૧૨૩

☞ પોતાની શુદ્ધતા એ જ મોક્ષ છે.

આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઓષધ વિચાર ધ્યાન. (૧૨૯)

☞ આ દુનિયામાં જો મોટામાં મોટો રોગ હોય તો તે આત્મભ્રાંતિ .

જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ. (૧૩૦)

☞ કોઈ કહેશે, 'ભવસ્થિતિ પરિપાક થશે ત્યારે મોક્ષ થશે'.... (ઈત્યાદિ સાંભળી પુરુષાર્થ પડતો મૂકવો નહી).

નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નો'ય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય. (૧૩૧)

☞ બહુ સરસ વાક્ય છે. જ્યાં સુધી તપેલી ઉતારી નથી ત્યાં સુધી સાણસી નાખી ન દેવી. નિશ્ચય લક્ષમાં રાખી બધાં કાર્યો કરવાં.

નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;
એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથ રહેલ. (૧૩૨)

☞ વ્યવહાર અને નિશ્ચય નય એ એકાંતે નથી કહેતા અમે (કૃપાળુદેવ). જ્યાં સુધી પોતાનું ભાન નથી ત્યાં સુધી નિશ્ચય ના હોય. આત્મવીર્ય સેવવું પડે.

સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;
સદ્‌ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય. (૧૩૫)

☞ સર્વ જીવ શુદ્ધાત્મા જ છે પણ સમજે તો થાય.

ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત;
પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત. (૧૩૬)

☞ કોઈ કહે 'જ્યારે ઉપાદાન મારું જાગ્રત થશે ત્યારે પ્રાપ્ત થશે' અને (એમ વિચારી) નિમિત્ત છોડી દેશે; તે ખરી રીતે એવું છે કે ઉપાદાનની જરૂર ઓછી છે, નિમિત્તની જ જરૂર છે. આખું હિંદુસ્તાન ઉપાદાનવાળું છે, નિમિત્ત નથી મળતું, તેથી કુપાળુદેવે કહ્યું કે, જ્ઞાની મળવા દુર્લભ, દુર્લભ, દુર્લભ છે. અમારી પાસે (દાદા) બધી જાતના લોક આવે છે તો બધા પામે જ છે. નિમિત્ત મળવું જોઈએ.

મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;
તે કહીએ જ્ઞાનીદશા, બાકી કહીએ ભ્રાંત. (૧૩૯)

☞ બહારની વસ્તુઓને ના અડકે, તેને તે મોહ સમજે. અલ્યા, આજુબાજુનું surplus તું ભોગવે છે તે જ મોહ છે. મોહ ક્ષય થયો હોય તે જ્ઞાની દશા- ૧૨મું ગૂંઠાણું.

વર્ષ:૧૯૮૩

**તારીખ: ૨૨ જાન્યુઆરી, ૧૯૮૩ - બાબુભાઈને ત્યાં.**

☆ કેટલાક લોકો ઈન્દ્રિયો મસ્ત રહે છે. કોઈ કષાયોમાં રહે છે અને આપણો કષાયરહિત આત્મા છે; તે કેવી રીતે ? જે કષાય આત્મામાં હતો તે કષાયરહિત થયો અને તે (કષાય) દેહમાં રહ્યો. તેથી ચિંતા ના થાય અને ત્યારથી જ પરમાત્મા થવાની દશા ઉત્પન્ન થાય-કારણ કે, દેહમાં કષાય થાય છે તે જાણે છે અને તેને (આત્માને) ગમતું નથી, છતાં જુદો રહે છે.

☆ આત્માનો અનુભવ થયો એટલે 'પોતાપણું' છોડ્યું. અનુભવ થયો એટલે ગાદી પરથી ઊઠી પ્રજ્ઞાને સોંપે. અનુભવ ના થયો એટલે ગાદી ઉપર બેઠેલો રહ્યો.

☆ આત્મા (અચળ) સચરને સર્વ પ્રકારે જાણે છે (અને તે કેવળ રૂપે-Absolute), અને અહંકાર સચરને સર્વ પ્રકારે ન જાણે.

☆ દ્રષ્ટા એવું કહે , મેં આ જોયું તે જોયું- તો તે બુદ્ધિનું જોવાનું છે. એ અહંકારથી જુએ છે. તે જ્ઞાતા દ્રષ્ટાપણું નથી. જોવાનું શું છે ? પોતાના કષાયો. જ્ઞેય બોલી રહ્યું છે કે હું જ્ઞાતા દ્રષ્ટા છું તે ભ્રાંતિ.

☆ જીતેન્દ્રિય જીનઃ જ્ઞેયને જ્ઞાતા માનતો હતો તે ખ્યાલ ઊડી ગયો. અને જ્ઞેયને જ્ઞેય અને જ્ઞાતાને જ્ઞાતા જાણે તે 'જીતેન્દ્રિય જીન'. 'જીતમોહ જીન' અને 'જીતેન્દ્રિય જિન'માં ફેર શો, તો ફાઈલોનો સમભાવે નિકાલ કરવાનો એટલે interim govt. માંથી full govt. થાય.

☆ અમારી વાણી આત્માને સ્પર્શ થઈને નીકળે છે અને તે માલિકી વગરની છે અને અનંત ગુણવાળી છે.

☆ અવિનાભાવી છ તત્ત્વો છે. એકબીજા વગર રહી શકે નહીં. બધાં સરખાં છે પણ ગુણધર્મે કરીને જુદાં છે.

☆ કૃપાળુદેવે કહ્યું કે, જ્ઞાની પાસે જઈ બધું પૂછ પૂછ ના કરીશ, ફક્ત જ્ઞાનીનું નિદિધ્યાસન કર. જ્ઞાનીને જો જો કર.

**તારીખ: ૨૪ જાન્યુઆરી, ૧૯૮૩ - બાબુભાઈને ત્યાં.**



☆ જ્ઞાની એનું નામ કહેવાય કે જેને કાંઈ પણ જાણવાનું બાકી ના હોય અને એક સૅન્ટ પણ બુદ્ધિ ના હોય. જ્ઞાની દોઢ વર્ષનું બાળક હોય તેવા નિર્દોષ હોય. ઓલિયા જેવા હોય.

☆ બુદ્ધિ હોય ત્યાં અહંકાર હોય અને અહંકાર હોય ત્યાં નિર્લેપતા ના હોય. ભીડમાં પણ અસંગતા અને નિર્લેપતા હોય.

☆ જ્યાં જાય ત્યાં મનવાળો સંસાર ઊભો કરે.

☆ 'સદ્‌ગુરુ' હોવા જોઈએ, 'ગુરુ' નહીં. જેનો સત્ માંજ મુકામ છે એવા સદ્‌ગુરુ કોઈક વખત હોય, તે બધું જ કરી આપે. શું ના કરે ? બધાં જ પાપો ભસ્મીભૂત કરે. ગુરુ એ મૉનિટર અને તેમને follow કરવા જોઈએ. થોડાક અનુભવી હોય. બાકી સદ્‌ગુરુ એટલે પરમાત્મા કહેવાય.

☆ મોટા માણસો માટે બુદ્ધિ ના વાપરવી- ત્યાં બુદ્ધિ ચરવા ના મૂકવી. બુદ્ધિ તો સામાન્ય માણસો માટે વાપરવી.

☆ અક્રમ વિજ્ઞાન - એટલે safe side વિજ્ઞાન. 'નિરંતર સંયમી'નો - અને તે બૈરાં છોકરાંવાળો હોય તો પણ - તેનો મોક્ષ છે. બીજાં બધાં 'જ્ઞાન' છે, પણ આ તો 'વિજ્ઞાન' છે.

☆ સંપૂર્ણ નિરાસક્ત દશા આપ્યા પછી હું (દાદા) જ્ઞાન આપું છું કે, બધું જ ભોગવજે. તને કશું જ નડશે નહીં, જો તું અમારી આજ્ઞામાં રહીશ તો.

**તારીખ: ૨૫ જાન્યુઆરી, ૧૯૮૩ - બાબુભાઈ વકીલને ત્યાં.**

☆ કબીર સાહેબે કહ્યું 'ભૂખ લાગે તબ કશું નહીં સૂઝે, આગ લાગે યહ પોઠીમેં'. જ્યાં-જ્યાં આત્મા જડ્યો નથી ત્યાં-ત્યાં આ બધાં વાકયોનું શું કામ ? પોઠીમાં આગ લાગે એવું કેમ બોલાય ? છતાંય કબીર સાહેબ ત્યાં બુદ્ધિની ટોચ પર બેઠેલા છે. એક બે અવતારમાં કામ કાઢી લેશે, કોઈ ગુરુ મળે તો.

☆ સામાને કર્તા ઠરાવ્યા સિવાય જ્ઞાનીનું વાક્ય હોય.

☆ અમે જ્ઞાનીની ડિગ્રી તે પણ ગજવામાં જ મૂકીએ; મગજમાં ના મૂકીએ. અને આ લોકો તો પીએચ.ડીની ડિગ્રી તો મગજમાં મૂકીને ફરે છે. અલ્યા, ડિગ્રી તો ખિસ્સામાં મૂકી રાખવી જોઈએ.

☆ તીર્થંકરની વાણી એટલી મધુરી હોય કે દુનિયામાં કોઈ ચીજ મધુરતામાં એની તોલે ના આવે. જ્ઞાનીની વાણી પણ મધુરી હોય-પણ તીર્થંકરની વાણીની વાત જ જુદી.

☆ પહેલેથી જ્ઞાનને 'સમજવાનું' હતું તેના બદલે 'કરવામાં' પેસી ગયા છે.

**તારીખ: ૨૬ જાન્યુઆરી, ૧૯૮૩ - જ્ઞાન આપતી વખતે, બાબુભાઈને ત્યાં.**

☆ 'વ્યવસ્થિત' કર્મનું વિસર્જન કરે છે.

☆ 'થવાનું હશે તે થશે' એવું થયા પહેલાં ના બોલાય, થઈ ગયા પછી બોલાય. જો પહેલું બોલાય તો આંખો બંધ કરીને રસ્તા પર ચાલી જુઓ તો. ના બોલાય તેવું.

☆ બળતો માણસ જ્યાં ને ત્યાં દિવાસળી ચાંપે.

☆ (આપણો દેહ) જે દેહે જ્ઞાનીપુરુષ મળ્યાં તે દેહને દવા (રોગ થયો હોય ત્યારે) પીવડાવીને પણ સારો રાખો.

☆ આ જગત વેરથી ઊભું થયું છે રાગથી નહીં.

☆ જ્ઞાનવિધિથી મૂઢાત્મા દશા છૂટી ગઈ, શુદ્ધાત્મા દશાની પ્રતીતિ બેઠી , નિરંતર તે રહેશે.

☆ અંતરાત્મા દશા થઈ છે, interim government થઈ. શુદ્ધાત્માનું ધ્યાન કરવાનું અને file નો નિકાલ કરવાનો. છેવટે Full Government થઈ જાય અને પૂર્ણાહુતિ થયે 'વ્યવસ્થિત' પણ બંધ થઈ જાય છે.

**તારીખ: ૨૭ જાન્યુઆરી, ૧૯૮૩ - બાબુભાઈ વકીલને ત્યાં.**

☆ જનસેવા કરવાના laws પાળવા એ ખૂબ અઘરા છે, માટે પોતે પોતાના home department માં રહેવું જોઈએ.

☆ 'સનાતન સુખ' એ મોક્ષ. મોક્ષ એટલે પરમાત્મામાં ભળી જવું એ નહીં. પરમાત્મામાં ભળી જવું એટલે પોતાના ગુણધર્મો ખોઈ નાખવા.

☆ મોક્ષ સ્વતંત્ર છે, પોતે પોતાના સ્વરૂપનો ભોગવટો કરવો.

☆ મોક્ષ એટલે નિરંતર સુખ- સ્વાભાવિક સુખ- વગર મહેનતનું સુખ .

☆ રામચંદ્રજી મોક્ષે ગયા છે. જો તેમનું સુખ ફક્ત એક સેકંડનું, પૃથ્વી પર પડે તો આખી પૃથ્વીને આખું વર્ષ સુખ મળે.

☆ પ્રશ્નઃ તમે મને આજે ભેગાં થયા તે મારો પુરુષાર્થ કે ભાગ્ય ?

દાદાઃ તમે મને અત્યારે મળ્યાં તે આગળના ભવનો પુરુષાર્થ અને આજે ભેટો થયો તે ભાગ્ય.

પ્રશ્નઃ હવે આ ભાગ્ય રહેશે તે કેવી રીતે કહી શકાય?

દાદાઃ આવવાનો નિશ્ચય કરવો તે.

☆ આ દુનિયામાં કોઈ એવો unsolved problem નથી કે જે અહીં solve ના થઈ શક્યો હોય.

☆ આ જગતમાં જે કાંઈ જોઈએ છીએ, સાંભળીએ છીએ, થાય છે તે બધું જ 'it happens'.

☆ બે પ્રકારના પુરુષાર્થઃ એક પ્રકૃતિ- પુરુષ જુદાં પડે ત્યારે પુરુષાર્થ શરૂ થાય.

બીજો ભ્રાંત પુરુષાર્થઃ મન જ્યાં જાય અને આપણો ધ્યેય ચુકાવડાવે ત્યારે ત્યાં મન વાળવા માટે પુરુષાર્થ કરવો.

☆ મનનું civilization ક્યા ખોરાક પર છે? ૧૦૦% uncivilized, એ કે જે માણસને મારી ખોરાક તરીકે ખાય છે. જે બકરાં-કૂકડાંનું માંસ ખાય છે તે, જે માણસને ખાય છે તેના કરતાં ઓછો uncivilised. તેનાથી ઓછો uncivilized જે ઈંડાં ખાય, તેથી આગળ Civilized એ કંદમૂળ ખાય - અને એથીય વધુ civilized થાય તે કંદમૂળ પણ ના ખાય.

☆ વેજિટેરિયન ખાતો હોય ત્યાં જ વાત સમજાય. બાકી જાડો ખોરાક (માંસાહાર) ખાતો હોય તેને સમજણ ના પડે.

☆ શાકાહારી હોય તે ગરમ લોહીવાળા બહુ હોય. એક કબૂતર અને હિંદુસ્તાનના vegetarian એ બંને ગરમ લોહીવાળા હોય -એટલે વધુ યોનિ-વિષય ભોગવવાવાળા છે.

☆ Law શું છે કે જીવ જીવના આધારે જ જીવે છે. પણ જે જીવ તમારાથી ત્રાસ પામે (નાસી જાય) તે જીવ ના ખાશો. પણ જે જીવ તમારાથી ત્રાસ પામી નાસી ના જાય તેને ખાજો, જેવાં કે ઘઉં, ચોખા, કઠોળ વિગેરે.

**તારીખઃ ૨૮ જાન્યુઆરી, ૧૯૮૩, શુક્રવાર - બાબુભાઈ વકીલને ત્યાં.**

☆ આ જગતમાં મનુષ્ય જન્મ 'Safe side' માટે જ છે. 'Safe side' હશે તો જ મોક્ષમાં જશે.

☆ આપણે કાર કરેક્ટ સાઇડથી લઈ જઈએ અને સામેથી કોઈ રોંગ સાઈડે ગાડી લઈને આવે તો આપણે તેની સાથે અથડામણમાં આવ્યાં વગર ગાડી વાળી કાઢી લેવી જોઈએ. At any way અથડામણ ટાળો-ન્યાય અન્યાય જોશો નહીં. રોંગ સાઇડથી કોઈ આવે નહીં, તો આપણી શક્તિ ખીલેય નહીં. ઊલટું આપણે તેનો ઉપકાર માનવો.

☆ જેટલી અમે 'સેફ સાઈડ' જોઈ તેટલી બધી જ તમને બતાવી.

☆ અથડામણ ટાળો, નહીં તો ઍડજસ્ટ everywhere .

☆ મન સ્થિર થઈ જાય તો તડબૂચો જ થઈ જાય. ભગવાને કહ્યું કે નિર્વિચાર દશામાં ક્યાં બેઠો? છે હજુ સમુદ્રમાં અને મન બંધ કરી બેસે છે.

☆ મનને શાંત કરશો નહીં, મનને તો સળી કરજો અને થકવી નાંખજો.

☆ 'હું ધોળકિયા છું' એ મન માને છે; 'હું શુદ્ધાત્મા છું' એ મન શિવ સ્વરૂપ છે. જ્ઞાન જ એને શિવ સ્વરૂપ બનાવે છે.

☞ પ્રશ્નઃ ઉપનિષદ એમ કહે છે કે મન શિવ સ્વરૂપ બનવું જોઈએ. (શિવ સંકલ્પ ઉપનિષદ)

☞ દાદાઃ જીવ સ્વરૂપ એ અજ્ઞાનથી થાય છે અને શિવ સ્વરૂપ એ જ્ઞાનથી થાય છે. શિવ સ્વરૂપ મન એટલે શુદ્ધાત્મ સ્વરૂપ.

☆ મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર એ બધું અંતઃકરણ છે. વિચરે છે ત્યારે મન છે. નિર્ણય કરે ત્યારે બુદ્ધિ સ્વરૂપ છે, ભટકતું રહે ત્યારે ચિત્ત સ્વરૂપ છે, કૃતત્વમાં રહે ત્યારે અહંકાર છે. જે વખતે જે પાર્ટ ભજવે તે વખતે તે તે સ્વરૂપ છે. (મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર વગેરે)

☆ શાસ્ત્રો ઉલેચવાં એ વાસી થયેલો ખીચડો છે. તાજું મળતું હોય તો વાસી ખીચડો ના ખાશો.

☆ 'હું કાંઈ જ જાણતો નથી' એવું અમે કહેવા માંગીએ છીએ તે એટલા માટે કે જે કાંઈ તેં અત્યાર સુધી જાણ્યું, તે બધું જ વાસી છે; તે ખાલી કરી આ અમૃત ભરી જા.

☆ 'અમલ' એટલે પોતાની સત્તા બહાર બોલવું. 'અમલ' કોને કહેવાય છે કે આ 'કાશીબેન' હતાં તે અંગ્રેજી બોલે છે, તો આ કાશીબેન અંગ્રેજી તો જાણતાં નથી તો આ ક્યાંથી બોલે છે, તો કાશીબેનને કોઈનું 'વળગણ' છે. તો આ 'વળગણ' નું અમલ છે તેને (કાશીબેનને) કોઈ મારે તો વાગે અમલવાળાને પણ સોળાં પડે કાશીબેનને. 'વળગણ' રૂપાળાં જોઈને પેસી ગયું તે કાઢવું તો પડશેને? કારણ કે, તેનો અમલ રહે છે.

☆ જ્ઞાન આપતી વખતે જ્ઞાની અહંકાર લઈ લે છે. તે વખતે જીવતો અહંકાર ખલાસ થઈ ગયો. હવે, ફક્ત ડિસ્ચાર્જ અહંકાર રહ્યો.

☆ ફાઈલોનો નિકાલ, સમભાવે નિકાલ કરવાનો તેમાં જે 'રહી ગઈ' તેનો તમને ખ્યાલ રહે છે તે શું બતાવે છે કે, 'તમે' મૂળ જગ્યાએ છો.

☆ પાંચ આજ્ઞાઓ પાળવાની છે તેમાં ઝોકું આવી જાય અને ના પળાય તો એવું કહેવું કે, 'હે દાદા, આજ્ઞા ના પળાઈ તેનું હું પ્રતિક્રમણ કરું છું'. એટલે પ્રતિક્રમણ કર્યું તેનું હું (દાદા) સંભાળી લઈશ, એટલે ૧૦૦% આજ્ઞા પાળી તેવું ગણાય. ઝોકું આવ્યા બદલ એક-બે ભવ થશે.

☆ મન ચીતરવા બેસે તો કેટલી રેલ્વે લાઈન નાંખી દે? પણ એ તો on the site રેલ્વે નાંખવી હોય ત્યારે ખબર પડે.

☆ મનથી પરણ્યા તો કેટલાં છોકરાં થાય?

☆ મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એ બધું ફક્ત અંતઃકરણ છે.

☆ અહંકાર, બુદ્ધિ એ મિકેનિકલ ચેતન છે. અને મન એ તો complete ફિઝિકલ છે. મનની પ્રકૃતિને જુએ તે ભગવાન છે, પણ કોઈએ જોયું?

☆ અમે તમને જ્ઞાન આપ્યું એટલે મનને તમે જ્ઞેય સ્વરૂપે જોયું.

☆ મનના ઉપર જો ચાલ્યા તો માર ખાશો.

☆ મન તો તમારું જે માલ લાવ્યા (અનંત ભવનો) તેનું સરવૈયું છે.

☆ મન જો પોતે વિચરે તો વિચાર થાય.

☆ મનને એવું ના થવું જોઈએ કે, 'ભાઈ આપણા કાબૂમાં છે'.

☆ જ્ઞાન તમને મળે છે ત્યારે તમને શુદ્ધાત્મા આપીએ એટલે પ્રજ્ઞા આપીએ. અહીં આત્મા એટલે પ્રજ્ઞા.

☆ જ્ઞાન મળે છે ત્યારે અહંકારની line of demarcation થઈ જાય છે અને 'અહો' થાય છે. અને ત્યારે તેને (અહંકાર) એવું લાગે છે, 'આમાં મારો scope કેટલો'? અને એની boundary ખબર પડે છે ત્યારે સત્તા શુદ્ધાત્માને સોંપે છે.

☆ નિષદના સમજ્યા ત્યારે ઉપનિષદ આવ્યાં. અમે ઉપનિષદવાળાને એવું કહીયે છીએ કે નિષદ સમજાવો પછી ઉપનિષદની વાત કહો.

**તારીખઃ ૨૯ જાન્યુઆરી, ૧૯૮૩, બાબુભાઈ વકીલને ત્યાં.**

☆ પ્રજ્ઞા એ આત્માનો જ ભાગ છે. આત્મા ફક્ત કેવળજ્ઞાન જ જાણે છે.



☆ હંમેશા વેર બાંધવામાં ફાયદો નથી.

☆ મન છે ત્યાં આશ્વાસનની જરૂર છે.

☆ જેને હજી વીતરાગતા ઉત્પન્ન નથી થઈ તેને ઉદાસીનતા કહેવાય. તે વીતરાગતાનો જ ભાગ છે. જે વીતરાગ થઈ ગયા તેને ઉદાસીનતા નથી રહેતી. આ જેટલા દુનિયાના ભાવ છે, તેનાથી ઉદાસીનતા. દરેક ભાવમાં ભાવેય નહીં અને અભાવેય નહીં. ઈચ્છાય નથી અને અનિચ્છાય નથી. ક્રમિકમાં ઉદાસીનતા બોલાય કારણ કે વીતરાગતા જ્યાં સુધી ઉત્પન્ન નથી થઈ ત્યાં સુધી ઉદાસીનતા રહેવી હોઈએ.

☆ મુક્ત રહીને પાંસરો રહે ને ? આ તો જેલમાં જઈને પાંસરો રહે. એક ભાઈને ૩૫ વરસે લકવો થઈ ગયો અને પાછો બહુ આસક્તિવાળો હતો એટલે મેં પૂછ્યું કે, 'હવે થોડી ઘણી આસક્તિ ઓછી તો થઈ હશે ને ?' ત્યારે કહે કે, 'અરે, આખી ય ગઈ, હવે શું રહ્યું ?' એટલે તો અમે અક્રમ જ્ઞાન આપ્યું અને કહ્યું કે (યોનિ વિષય વિશે) 'બંનેને તાવ ચઢે તો ભોગવજો નહીં તો નહીં'. એ ભોગવવા જેવી ચીજ

નથી. એટલે કહ્યું કે, 'જેલમાં જઈને પાંસરો થઈશ એના કરતાં મુક્ત રહીને પાંસરો થા ને !'

☆ આપણે જે કાંઈ જપ તપ કર્યું અને એના બદલામાં એક જ વસ્તુ માગી લેવી એનું નામ નિયાણું.

☆ અભિગ્રહ એટલે યોજના (planning) કરી નક્કી કરે. જ્ઞાન કેટલું ચોક્કસ થયું તે અભિગ્રહથી ખબર પડે.

**તારીખઃ ૩૦ જાન્યુઆરી, ૧૯૮૩, બાબુભાઈ વકીલને ત્યાં.**

☆ જેને પોતાની ભૂલ દેખાઈ તે ભગવાન થાય. પારકી ભૂલો તો બધાયને દેખાય પણ પોતાની ભૂલો દેખાવી જોઈએ.

☆ જગત જ્યાં revenge લેવા ફરે છે ત્યાં આપણા મહાત્માઓને કરુણા આવે છે.

☆ પ્રશ્નઃ જીવાત્મા અને પરમાત્માના ભેદ?

દાદાઃ જ્યાં સુધી ભૌતિક સુખમાં રાચે છે અને જ્યાં સુધી દેહાધ્યાસમાં રહે છે ત્યાં સુધી જીવાત્મા. કોઈ જ્ઞાની પાસેથી જ્ઞાન મળે તો દેહાધ્યાસ ઊઠી જાય ત્યારે અંતરાત્મા થાય, કાર્યકારી થાય. પરમાત્મા-પૂર્ણ દશાએ રહે.

☆ પ્રતીતિ ઊઠે નહીં તેનું નામ પ્રતીતિ. પ્રતીતિ બેસે જ નહીં અને બેસે તો ઊઠે નહીં. આત્મજ્ઞાન હોય ત્યાં પ્રતીતિ હોય. બીજે બધે શ્રદ્ધા હોય. શ્રદ્ધા, વિશ્વાસ અને પ્રતીતિમાં બહુ ફેર છે. સહેજ પણ સંદેહ થયો ત્યાં પ્રતીતિ ના રહે.

☆ મનુષ્ય દેહે પાશવતા કરી તે પશુમાં જશે. ભલે ને ભગવાનને ગાળ આપી પણ ગુણ માનવતાના હોય તો મનુષ્યગતિ મળે. અપકાર ઉપર ઉપકાર કરે તેવું પાંચ-સાત વખત કરે, વધુ વખત કરે એ 'સુપરહ્યુમન' સ્વભાવ બતાવે તો દેવગતિ બાંધે. અને અત્યંત નીચલી કક્ષાનાં કર્મો કરે જેમ કે સામુહિક માનવ સંહાર તો તે નરકગતિ બાંધે.

☆ આખું જગત પોતાના અભિપ્રાયથી ચાલે છે અને આપણા મહાત્માઓ પારકાના અભિપ્રાયથી ચાલે છે.

☆ મોક્ષે જતાં બીજા કરતાં એનામાં વિચિત્રતા દેખાય-નવીનતા દેખાય તો ખાડામાં ગરક્યો.

☆ આખા જગતને ભવિષ્યની ચિંતા હોય. ફક્ત આપણાં મહાત્માઓને એવું લક્ષ છે કે ભવિષ્ય વ્યવસ્થિતને તાબે છે એટલે ચિંતામુક્ત છે અને નિરંતર મોક્ષમા જ રહે છે.

☆ વર્લ્ડમાં બધે ક્રમ હતું, અક્રમ નહોતું.

☆ બુદ્ધિને ચારો મળે ત્યાં સુધી ચર્ચા કરે. ચારો ના મળે તો ખલાસ થઈ જાય.

**તારીખઃ ૩૧ જાન્યુઆરી, ૧૯૮૩, બાબુભાઈ વકીલને ત્યાં.**

☆ જે-જે ઇન્દ્રિયોથી પોતાને ય દુઃખ થાય અને બીજાને ય દુઃખ થાય તેવું વર્તન હોય તો તે ઇન્દ્રિયોનો દુરુપયોગ કહેવાય.

☆ મનવાળો માણસ એક આસને ત્રણ કલાકથી વધુ બેસી શકે નહીં એવું શાસ્ત્રકારો કહે છે. અને આપણાં મહાત્માઓ મારી સાથે જેટલો વખત બેસાડો તેટલો વખત બેસી શકે.

☆ પ્રશ્નઃ આપે કહ્યું કે કર્મ પ્રમાણે મનુષ્ય પશુમાં જાય છે તો પશુ પાશવતાનાં કર્મ કરી કઈ ગતિમાં જાય?

દાદાઃ પશુઓ પાશવતા કરે તો મનુષ્ય બને, દેવું ચૂકવાઈ જાય એટલે મનુષ્ય બને. કારણ કે એણે પાશવતાનાં સુખ દુઃખ જે પડે છે તે ભોગવી લીધાં એટલે પાછો મનુષ્યમાં આવે. તેને કર્મ બંધન નથી, કરેલાં કર્મબંધન પાશવતા ભોગવી છૂટી જાય છે. જ્યારે મનુષ્યો પાશવતાનાં કર્મ કરી પશુમાં જાય છે.

☆ પ્રશ્નઃ ભૂતકાળ જાણ્યો, વર્તમાન કાળમાં છીએ, ભવિષ્યકાળ જાણતા નથી. તો ભવિષ્યકાળ એ ભાગ્યના આધારે કે કર્માનુસાર હોય છે?

ભવિષ્ય ભાગ્યાનુસાર-કર્માનુસાર છે. ભાગ્યને આધારે કર્મ કરે છે અને કર્માનુસાર (ભવિષ્ય હોય છે). ભાગ્ય-પ્રારબ્ધ આત્મજ્ઞાની સિવાય શી રીતે સમજાય?

☆ માન અને ક્રોધ પરમાણુ એ પુરુષોમાં જાય છે. અને કપટ અને લોભ(મોહ) પરમાણુ એ સ્ત્રીઓમાં જાય છે. આ બંને (સ્ત્રી-પુરુષ) કપડાં છે એક જાતનાં, આત્મા તેવો નથી.

☆ લોકોને લોકસંજ્ઞારૂપી ધર્મ છે; ધર્મ એવો નથી, તે લોકધર્મ છે. સાચો ધર્મ વિજ્ઞાનના પાયા પર રહેલો છે, તે જ્ઞાની પાસે હોય.

☆ 'જે કાળે બનવાનું છે તે બનશે' તેવું બોલે તે જ્ઞાન જ સાચું નથી. આ (જે બનવાનું છે તે) ક્યારે બોલાય કે, ક્રિયા થઈ ગયા પછી બોલાય. પહેલાં બોલે તો તેને કહીએ કે તો પછી આંખો બંધ કરી રસ્તા પર ચાલને?

☆ તેં સારું કર્યું તેનો પડછાયો પડ્યો હતો. ત્યારે તું ચોરી કરતો હતો છતાં તને લોકો સારો કહેતા હતા. પણ હવે છ સાત વર્ષ ચોરી કરી ત્યારે, તેનો પડછાયો પડ્યો અને હવે તેં છોડી દીધી છતાં લોકો તને ચોર કહે છે તે, લોકો પડછાયાને લીધે કહે છે. એ પડછાયો ઓછો થઈ જશે ત્યારે લોકો તને ચોર નહીં કહે. (દાખલોઃ સૂર્યનારાયણ ઊગે અને એક ઝાડનો પડછાયો કેટલો લાંબો પડે? ઘણો જ લાંબો પડે, પણ તે ક્યારે ઓછો થઈ જાય? સૂર્યનારાયણ માથા ઉપર આવશે ત્યારે. પણ ધીરે ધીરે ઓછો થતો જાય છે.

☆ "Ego with Rich Material is માન".

☆ અભિમાન : 'આ દેરાસર અમે બાંધ્યું'. 'આ અમારું મકાન', 'આ જમીનો અમારી'.. વિગેરે.

☞ આ બધાં શાસ્ત્રો કે પુસ્તકો એ કાગળ પરનાં લાઈટ છે. ડૉ. રાધાકૃષ્ણને એક પુસ્તક લખ્યું 'Philosophy of Upnishad', તેની preface રવિન્દ્રનાથ ટાગોરે લખી, તેના છેલ્લાં પેરેગ્રાફમાં લખ્યું છે કે, 'આ બધું અજવાળું છે પણ મને દેખાતું નથી. તો કાંઈક એવું અજવાળું આપો કે મને દેખાય'.

☞ દાદાઃ રવિન્દ્રનાથ ટાગોરની વાત તદ્દન સાચી છે. કાંઈ જ ના દેખાય તેવા દીવા શા કામના? સાહેબ, આ તો દીવો નથી, પેટ્રોમેક્ષ છે. પણ મને નથી દેખાતું તેનું શું? આ તો કાગળ પરના દીવા જેવુ છે.

**તારીખ: ૯ ફેબ્રુઆરી, ૧૯૮૩- બાબુભાઈ વકીલને ત્યાં.**

☆ લોકો 'હૃદયમાં જીવ છે' તેમ કહે છે તે ખોટું છે. હૃદયમાં તો સ્થૂળ મન છે, ત્યાં પ્રગટ થાય છે બધું. જીવ તો શરીરમાં જ્યાં ટાંકણી મારે અને અસર થાય ત્યાં બધે જ જીવ છે. આખો આત્મા જ શરીર પ્રમાણ છે.

☆ જે આત્મા નિર્વાણ થવાનો હોય અને જેને આવરણ નથી તે સર્વવ્યાપી થાય. ઇલેક્ટ્રિક લાઇટ કે બીજો પ્રકાશ જેમ વ્યાપે તેમ પાતળું થતું જાય. પણ આત્મા આવરણથી છૂટો થયો ત્યારે પ્રકાશ જેમ ફેલાય (આખા બ્રહ્માંડમાં ) તેમ સરખો જ હોય, પાતળો ના પડે.

☆ આ જગત લોકાલોક છે. લોકમાં બધી વસ્તુઓ છે, છ સનાતન વસ્તુઓ છે. અલોકમાં આકાશ એકલું હોવાથી અને બીજું કોઈ તત્ત્વ ન હોવાથી આત્મા ત્યાં પ્રસરતો નથી. ફક્ત લોકમાં જેટલો જ્ઞાતા-દ્રષ્ટા થયો તેટલા ભાજન પ્રમાણે પ્રકાશે. આત્માના અનંત પ્રદેશ હોય છે.

☆ આત્મા પોતે જ જ્ઞાન છે, પણ તમે જે જાણ્યું તે અજ્ઞાન છે, જ્ઞાન નથી.

☆ Causes કરે છે ત્યારે પુરુષાર્થ છે અને કર્મ ભોગવે છે ત્યારે પ્રારબ્ધ કહેવાય છે. પ્રારબ્ધ, નસીબ બધું એક જ છે. લોકો શબ્દ જુદા જુદા વાપરે.

☆ પૌદ્‌ગલિક સુખોમાં નિરંતર રાચવું તેનું નામ ચિત્ત અશુદ્ધિ. અનંત અવતારથી કર્મબંધનને હિસાબે જન્મે છે, પરણે છે અને દુઃખ ભોગવે છે, અને છેવટે થાકીને સુખ શોધે છે. એમ કરતાં કરતાં ચિત્ત શુદ્ધિ કરે છે.

☆ લોભીઆનો લોભ કોઈ તોડી શકે નહીં, એ તો ખોટ આવે ત્યારે જ લોભ તૂટે. લોભીઓ માણસ નિરંતર તેના લોભમાં જાગ્રત હોય. દરેકમાં લોભ હોય, કોઈ જગ્યાએ noble ના હોય. Noble ક્યાં હોય ? તો લોટરીની ટિકિટમાં ઈનામ લાગશે, ત્યાં noble હોય- એટલે ત્યાં ખર્ચે. લોભિયાને જે ચીજ ખરીદે ત્યાં બધે લોભ હોય.

**તારીખ: ૧૧ ફેબ્રુઆરી, ૧૯૮૩- બાબુભાઈ વકીલને ત્યાં.**

☆ જ્યાં બુદ્ધિ હોય ત્યાં અહંકાર હોય જ અને અહંકાર હોય ત્યાં બુદ્ધિ હોય જ. બુદ્ધિ અને અહંકાર એ અવિનાભાવી છે.

☆ અહીં જે જ્ઞાન આપીએ છીએ તે ક્ષાયક પ્રતીતિ છે. અથવા કોઈને સહેજ ખસી જાય તો ક્ષયોપશમ પ્રતીતિ રહે, પણ ઉપશમ પ્રતીતિ ના હોય. અને શુદ્ધાત્માની પ્રતીતિ જેને છે તેને ક્રોધ, માન, માયા, લોભ રહે જ નહીં. પોતે સંપૂર્ણ દશામાં છે અને બહાર પરિસ્થિતિને આધીન છે.

☆ અહીં આચાર જોવાતા નથી. બે પ્રકારના આચાર: શુભ અને અશુભ. બન્નેની ભગવાન આગળ કિંમત નથી.

☆ મોક્ષ એટલે સાંસારિક દુઃખ ના અડે, તે મોક્ષ. અને જેને મોક્ષ વર્તતો હોય તે દુનિયાના અજાયબ પુરુષો હોય. તે માર ખાનારો પણ હોય. માર ખાઈને મોક્ષે જાય.

☆ શોખ એટલે પ્રાપ્ત આવ્યું તે ભોગવવું. શોખ કરજો, શોખીન ના થઈ જશો.

☆ ભગવાને કહ્યું કે સતયુગમાં આત્મદર્શન ના થાય. દ્વાપરમાં અને ત્રેતામાં થોડુંક થાય અને કળિયુગમાં જ થાય. કારણ કે દુઃખો સતયુગમાં નહોતાં. પણ કલિયુગ એવો કાળ છે કે દુઃખને કારણે વિચારશીલ પ્રજા થઈ છે એટલે જેવા કેળવો તેવા થાય. કળિયુગમાં એટલાં બધાં દુઃખો છે કે લોકો વિચારશીલ થયા.

☆ જાણવાનું ફળ વિનય હોય, ઉદ્ધતાઈ ન હોય. ઉદ્ધતાઈ એ overwise નું ફળ છે.



☆ 'કર્તા છૂટે તો મીટે કર્મ, એ છે મહાભજનનો મર્મ.' અખાએ 'બધાં શાસ્ત્રો' ના બોલ્યો પણ 'એ છે મહાભજનનો મર્મ', એવું બોલ્યો. મહાભજન એટલે બધાં શાસ્ત્રો.

☆ હું જ કરું છું એવું બોલ્યો તે 'તરણું' - 'તરણા ઓથે ડુંગર દીસે' - તે તરણું ખસેડી લો તો.

### તારીખઃ ૧૮ ફેબ્રુઆરી, ૧૯૮૩- બાબુભાઈ વકીલને ત્યાં.

☆ મન જ બધું કરે છે, અને તે complete ફિઝિકલ છે, ફક્ત ઑપરેશનના થઈ શકે.

☆ સામી વ્યક્તિમાં ફેરફાર દેખાય તે આપણો જ દોષ. આપણને જોતાં નહીં આવડવાથી આવું થાય છે, હકીકતમાં એવું નથી.

☆ જે દેખાય છે ખરાબ, તે તમારી ખરાબીને લીધે છે. અને સારો દેખાય છે તે પણ કહેવાની તમારી foolishness છે. આપણી જ દષ્ટિનો દોષ છે. ભગવાને નિર્દોષ બનીને બધું જ નિર્દોષ જોયું. ગટરો બિચારી સારું કામ કરી રહી છે. ફક્ત તમારે તેનું ઢાંકણું ના ખોલવું. ગટરો ના હોય તો શું થાય ? પહેલી ગટરોની જરૂર છે. ગટરો શું છે ? ચોર, લૂંટારા, વિગેરે. એ ના હોય તો શું થાય ? ફક્ત તેમાં ઢાંકણું ઉઘાડી હાથ ના નાખશો. આ જગતમાં જેટલી જરૂરિયાત હોય તેટલું બધું જ છે. આ તો ગટર ઉઘાડ-ઉઘાડ કરી મહીં ફરવા જાય છે. અલ્યા મૂંઆ, બગીચામાં ફરવા જા ને.

☆ 'જેમ છે તેમ' જાણશો ત્યારે ઉકેલ આવશે.

☆ ધર્મ ક્યારે જાણ્યો કે પ્રકૃતિ અને પુરુષ જુદાં પાડી આપે- આ તો બધા પ્રાકૃત ધર્મો છે.

☆ ખરો ધર્મ કોને કહેવાય કે અધર્મને હાંક-હાંક કરે તેનું નામ ધર્મ; મંદિરોમાં જવાથી ધર્મ નથી થતો.

☆ પાપાનુબંધી પુણ્ય-એ આખો દિવસ પાપ જ બાંધ્યાં કરે. આ ભવમાં પુણ્ય ભોગવે છે અને આવતા ભવનાં પાપ બાંધે છે, આ લોકોને અક્કલ વધારે હોય.

☆ પુણ્યાનુબંધી પુણ્ય-કમાણી સહજ સમજે અને આખો સમય ધર્મમાં જ રહે. સત્સંગમાં જ રહે. જેને દાદા ભેગા થાય- જે દાદા કરોડો અવતારે ભેગા ના થાય તે દાદા ભેગાં થાય - જે દાદા અમને પણ ભેગા થયા છે. અક્કલ ઓછી હોય પણ સમજણ વધારે હોય.

☆ Common Sense એ બધાંય તાળાં ઉઘાડી આપે. Everywhere applicable. આ તો જે પોતાને સમજણવાળા ગણે છે તે સારાં તાળાં પણ ઉઘાડતી વખતે બગાડી નાખે. Common Sense વાળો તો Everywhere adjustable હોય.

☆ પ્રશ્નઃ સ્વાર્થ કોને કહેવો અને પરમાર્થ કોને કહેવો ?

દાદાઃ દારૂડિયાનો સ્વાર્થ ગટરમાં સૂતાં-સૂતાં 'સયાજીરાવ મહારાજ છું' તેમાં છે પણ ઊતરી જાય ત્યારે ના હોય. જગતના લોકોનો સ્વાર્થ એ 'દારૂડિયાનો સ્વાર્થ' છે.

☆ છંછેડ્યા વગર શું ખબર પડે કે કોણ છે તમારાં ?

☆ તારી ઘોર અજ્ઞાનતા એ જ તારી માયા-પોતે પોતાને જ ના જાણે, તે જ માયા; બીજી કોઈ માયા નથી.

☆ આત્મા પ્રાપ્ત થયા પછીનો અર્થ 'પરમાર્થ' છે. તે બીજી કોઈ જગ્યાએ લાગુ પડતું નથી. આ જગતમાં જે 'પરમાર્થ' શબ્દ વાપર્યો છે, તે ખરી રીતે 'પરાર્થ' છે, એટલે પારકાંના સારુ જ જીવવું.

☆ જેને કોઈપણ પ્રકારનો ઘાટ ના હોય તે જ્ઞાની કહેવાય.

☆ શા સારુ વગર કામના સ્વાર્થ કરો છો ? બકરા પર ઘાટ-મરઘી પર ઘાટ- માણસ પર પણ ઘાટ.

☆ Failure અને success એ પુણ્યના આધારે હોય.

☆ સ્વાર્થ કોને કહેવાય છે ? વ્યવહારમાં હોવા છતાં normality થી ઓછો હોય તે નિઃસ્વાર્થી કહેવાય-જેટલો કમઅક્કલ એટલો વધુ પડતો સ્વાર્થી. સ્વાર્થ હંમેશા કમઅક્કલને હોય. સ્વાર્થ એ foolishness ની નિશાની છે. સહેજ વધુ પડતો સ્વાર્થ હોય ત્યાં છેતરાવું સારું.

☆ ભગવાન કહે છે કે આખું જગત ઉઘાડી આંખે ઊંઘે છે, જેને પોતાનું હિતાહિતનું ભાન જ નથી. બૈરી છોકરાંમાં જ બધું હિત જોયું. આવી રીતે અનંત અવતારથી રખડ્યો. જ્યારે લકવો થાય ત્યારે કોઈ પોતાનું ન થાય ત્યારે રડી ઊઠે.

☆ જેણે મરતાં સુધી યોગ સાચવ્યો અને પૂર્ણતા પ્રાપ્ત ના થઈ તે યોગભ્રષ્ટ કહેવાય.

☆ "જો મરણ આ જીંદગીની છેલ્લી દશા, તો પરાર્થમાં જીવવામાં આ જીવનના મોહ શા !"

☆ મરણ અત્યારે આવે અને ચમકે નહીં તે જ્ઞાની. અરે, ભય લાગ્યાં પછી થોડાક સમય પછી કે બે-પાંચ કલાક પછી પણ આત્મામાં પેસી જાય તો તે જ્ઞાની.

☆ જ્ઞાન મળ્યા પછી મહાત્માઓનું જીવન ખેંચ વગરનું હોય-અને ખેંચ હોય તો કાઢી નાંખવી. એ ભૂલ છે. અને ખેંચને પણ જુએ તો છૂટ્યા. ખેંચ એટલે પોતાનું ખરું કરવા પ્રયત્ન ના કરે. ખેંચ જ્યાં હોય ત્યાં સત્ય કોઈ પ્રકારનું નથી.

☆ માણસ અજાગ્રત હોય તો દલીલ કરે- જાગ્રત માણસ કંઈ દલીલ કરતો હશે ? દલીલ એ અહંકારી ગુણ છે. વ્યવહારમાં દલીલ કરવી પણ જ્ઞાનમાં નહીં.

**તારીખ: ૨૦ માર્ચ, ૧૯૮૩- બાબુભાઈ વકીલને ત્યાં.**

☆ પ્રજ્ઞા એટલે જ્ઞાનપણાનો દરવાજો-આ home અને આ foreign. તે foreign માં જાય એટલે ચેતવે કે 'foreign માં હેંડ્યા'.

☆ ઉદાસીન: અત્યારનો અર્થ એવો છે કે કંઈક-કંઈક અભાવ રહે સંસારની તરફ. ખરો 'ઉદાસીન ભાવ' જુદો છે. એકની ઉપર અભાવ તો બીજું પ્રાપ્ત ના થાય. એકબાજુ સંસારમાં અભાવ હોય તો મોક્ષ પ્રાપ્ત ના થાય. સંસાર તરફ કિંચિત્ અભાવ નહીં પણ સદ્‌ભાવ અને મોક્ષ તરફ પણ સદભાવ, એ ઉદાસીન. ઉદાસીનતાનો ક્રમ આવી રીતે સેવે કે સંસાર પ્રત્યે અભાવ કરે તો ભક્તિ ઉપર ભાવ આવે; તેમાં ભલીવાર ના આવે. અભાવની ટોચ પર જાય તો વૈરાગ્ય આવે અને ઉદાસીનતાની ટોચ પર જાય તો વીતરાગ થાય.

☆ ભગવાને 'ભાવ હિંસા'ને હિંસા કહી છે. તારી ગાંઠ છે હિંસાની એટલે હિંસા છે. ઉપર ફણગા ફૂટ્યાં છે તે હિંસા નથી. હિંસા તારા આત્માની કરી રહ્યો છે, ત્યારે બહાર જીવડાંને બચાવવા ગયાં.

☆ ભાવ એ બીજ છે. બીજ તમારે રોપી પાણી છાંટવાનું. બધો વડ એ બીજમાં જ છે. બધું બીજમાં અપ્રગટ રૂપે રહેલું છે. બીજની આજુબાજુ પોષણ હોય જ.

☆ ક્રોધ એટલે પોતાના આત્માની મોટામાં મોટી હિંસા કરી અને બીજાની પણ હિંસા કરી.

☆ જેને મોહ ક્ષય થઈ ગયો હોય તેને સંપૂર્ણ નિર્મોહી ના કહેવાય. જેણે અહંકાર કરીને મોહ દૂર કર્યો છે તે નિર્મોહી કહેવાય. અહંકાર કરીને માન દૂર કરે તે નિર્માની કહેવાય, કારણ કે તેને અહંકાર અથવા નિર્માનનો અહંકાર રહે છે.

☆ 'તમે' (આત્મા) અનાસક્ત જ છો, જે કોઈ આસક્તિ છે તે 'જશુભાઈ'ની. 'જશુભાઈ' વકીલાત કરે કે વ્યવહારનું કાંઈપણ કાર્ય કરે તે બધું આસક્તિનું, પણ તમે તો (આત્મા) અનાસક્ત છો. આત્મા તો અનાસક્ત જ છે. માલિકી સિવાયના માલિક છો; માલિક છો એ વાત ૧૦૦% છે.

**તારીખ: ૨૧ માર્ચ, ૧૯૮૩- રસિકભાઈને ત્યાં, સવારે**

☆ ખરા 'બ્રહ્મચર્યા' હતા (તીર્થંકરો) તે કહેવા રહ્યા નથી. (બ્રહ્મચર્ય વિશે) કૃપાળુદેવે આ વિષય પર સ્ટ્રોંગ લખ્યું છે. એટલે અમુક સ્ટ્રોંગ માણસો જ accept કરે. બધા accept ના કરે.

- ☞ "આ દુનિયામાં કોઈ ચીજની નિંદા કરવા જેવી હોય તો તે અબ્રહ્મચર્યની."
- ☞ કોઈપણ બુદ્ધિશાળી બુદ્ધિથી બ્રહ્મચર્ય accept કરવા જાય તો બુદ્ધિ accept ના કરવા દે.
- ☞ એક જ પુત્રદાન આપ્યું હોય તો તેનો પ્રેમ ટકી શકે, up down થયા વગરનો. પહેલાંના ઋષિ મુનિઓ પહેલાં ફકત એક પુત્રદાન કર્યા પછી વિષયો નહોતા ભોગવતા.
- ☞ વિષયોમાં પડેલો માણસ pure પાશવતાનો ફોટો. જો ફોટો પાડી લીધા પછી તેને બતાવે તો તેને જોવો ના ગમે. હોય મોટો ઈન્ડિયાનો પ્રૅસિડેંટ, પણ વિષયોના ભોગ વખતે ફોટો પાડે તો પશુ જેવો દેખાય.
- ☞ મહાવીર પણ વિષયોથી ડરતા હતા.
- ☞ કંઈ હિંદુસ્તાનની આર્ય પ્રજા? આજે તો નૂર ના મળે. વાણી ય ના નીકળે. વાણી એ તો ચારિત્રબળ છે.
- ☞ વિષયો પ્રત્યે સૂગ કરવાની જરૂર નથી, પણ જાણવાની જરૂર છે કે આ અમૃત છે કે ઝેર.
- ☞ બીજા બધામાં મનુષ્ય જાનવર નથી થઈ જતો; દારૂ પીવે તો પણ જાનવર નથી થઈ જતો પણ વિષય ભોગવતી વખતે જ જાનવર થઈ જાય છે.
- ☞ આખી દુનિયાની જો ગંધ કોઈ જગ્યાએ હોય તો તે વિષયમાં જ છે.
- ☞ જ્ઞાનબળ વગર પ્રેક્ટિસ કરવાથી વિષય ના જાય. ગમે એટલી ક્રિયાઓ કર કર કરે તો પણ ના જાય. આ આપણું શીલ દર્શક પુસ્તક જ કામ કરે અને મદદ કરે. એમાં કોઈ શીખવાડવા જાય (દલાલ) તો તે મદદ ના કરે.

☆ ઓઘ સંજ્ઞા=અજ્ઞાનતા

☆ ઠેલણગાડી ચાલવા પૂરતી જ છે, પણ ચાલતાં આવડે ત્યારે ઠેલણગાડીની જરૂર નથી.

**તારીખ: ૨૨ માર્ચ, ૧૯૮૩- બાબુભાઈ વકીલ ને ત્યાં.**

☆ 'નિયતિ' એટલે બંધ આંખે ગાડી ચલાવવી અને 'વ્યવસ્થિત' એટલે ઉઘાડી આંખે ગાડી ચલાવવી. 'વ્યવસ્થિત' (scientific circumstantial evidence) શું કહે છે કે તું ઉઘાડી આંખે ગાડી ચલાવે અને પછી જો અકસ્માત થાય તો તે 'વ્યવસ્થિત' છે, એમાં તું કોઈને દોષ ના આપીશ.

☆ નૈયત એટલે શું? ભાવિ ભાવ. ભવિષ્યમાં જે આવવાનું તેનો ભાવ કર્યો.

☆ ક્રિયા કામ લાગશે? તો કે' ના - મહીં તારી જે દાનત છે તે કામ લાગે છે.

☆ અક્રમ વિજ્ઞાન એટલે કે આનો આરાધક એટલે complete safe side .

☆ બધાં પુસ્તકો, બધા ધર્મોનાં શાસ્ત્રો વાંચે ત્યારે ધર્મ પ્રાપ્ત થાય- એવો ૧૦૦% વાંચે ત્યારે મર્મ પ્રાપ્ત થાય અને એવાં ૧૦૦% વાંચે ત્યારે જ્ઞાન અર્ક પ્રાપ્ત થાય.

☆ બધાં જ્ઞાનને બુદ્ધિ હરાવી ગયેલી અને અક્રમ વિજ્ઞાન બુદ્ધિને ગાંઠતું નથી. ઘણી બધી છલુડીઓ એક મોટી તપેલીમાં સમાય પણ એક છલુડીમાં તપેલી ના સમાય.

☆ અજાગ્રતને ગુસ્સો ના હોય. જેટલો જાગ્રત વધારે, તેટલો ગુસ્સો વધારે.

☆ લક્ષ્મીનો માલિક ગરજુ હોય- એટલે ગરજે ગધેડાને બાપ કહે.

☆ બહુ અવતાર સુધી દેહાધ્યાસના રંગમાં હતા. હવે આત્માનો રંગ લાગ્યો.

☆ જ્ઞાન ના હોય અને હૃદયની શુદ્ધિવાળા સંતો હોય, અહંકાર ઓછો હોય તેવા સંતોની વાણી વચનસિદ્ધ હોય - અમારી વાણી વચનસિદ્ધ ના હોય, અમારી વાણીમાં વચનબળ હોય.

☆ કપટ એટલે જાણી જોઈને પડદો ઊભો કરવો અને પછી ગૂંચાવું. પછી ભગવાન ક્યાંથી દેખાય?

☆ આ દુનિયામાં પુણ્ય મિત્ર સમાન કામ કરશે અને પાપ તો ઘરમાં પણ દુઃખ દેશે. પાપ ઘરમાં-ગાદીમાં ચિંતા કરાવડાવે અને પુણ્ય ગમે તે જગ્યાએ મિત્ર સમાન કામ કરશે.

☆ સુખ જોઈતું હોય તો જીવ માત્રને સુખ આપો અને દુઃખ જોઈતું હોય તો દુઃખ આપજો. આ બે શબ્દોમાં આખા જગતનાં શાસ્ત્રો છે.

☆ વાસુદેવ ભક્તોને આધારે છે અને પ્રતિવાસુદેવ એ વિદ્યાને આધારે છે. બંને સરખા છે. બંને ત્રણ ખંડના અધિપતિ છે. પ્રતિવાસુદેવ એ સાયંટિસ્ટો હતા. વાસુદેવ એ સંત હોય. વાસુદેવ એ નારાયણ કહેવાય અને પ્રતિવાસુદેવ એ પ્રતિનારાયણ કહેવાય.

**તારીખઃ ૨૪ માર્ચ, ૧૯૮૩- રસિકભાઈ ને ત્યાં, સવારે**

☆ ચરણવિધિઃ જ્ઞાનીપુરુષના ચરણમાં જ મુક્તિ છે. બીજી કોઈ જગ્યાએ છૂટવાપણું નથી. જ્ઞાનીપુરુષ એનું નામ કહેવાય કે એક સૅન્ટ બુદ્ધિ ના હોય. ચરણવિધિ કોઈ જગ્યાએ ના હોય; ફક્ત જ્ઞાની પુરુષ જ કરાવી શકે.

☆ બુદ્ધિ ખૂટે - જ્ઞાન ના ખૂટે.

☆ બુદ્ધિ પોતે વિનાશી છે અને બધે વિનાશી જુવે છે. આત્મા eternal છે અને તત્ત્વો eternal છે, પણ તત્વોની અવસ્થા વિનાશી છે.

☆ કોઈ ચલાવનાર છે એ બુદ્ધિથી કહે છે, જ્ઞાનથી નહી.






☆ આ બધા જ જીવો ભમરડા છે. પ્રકૃતિ નચાવ્યા નાચે છે. એમાં તેનો પુરુષાર્થ ખરો પણ પ્રાકૃતિક પુરુષાર્થ છે. વિચાર કર્યો એ પ્રાકૃતિક પુરુષાર્થ અને દૃષ્ટિ કરી એ પ્રારબ્ધ.

☆ કબીરસાહેબ કહેતા કે 'મેરી વાણી ખાંડેકી ધારા, જો સમજે તો ઉતરે પારા'. 'ખાંડાની ધાર' જેવી વાણી વીતરાગોને માન્ય નથી. તમે હજુ અમારા દેશમાં આવ્યા નથી. આવી વાણી ના ચાલે. આ તો લોકોને સમજાવવા કહેલી.

☆ નરસિંહ મહેતાને બુદ્ધિ અને સમજ બંને વધેલી. કબીર સાહેબ અને અખાને બુદ્ધિ ખૂબ વધેલી.

☆ જેનું 'કારણ' કષ્ટમય તેનું 'કાર્ય' કષ્ટવાળું.

☆ તીર્થંકરો સર્વ સામાન્ય ધર્મ કહે. દરેકની પ્રકૃતિને માફક આવે તેવો ધર્મ કહે. એમાંથી જેને જે માફક આવે તે ગ્રહણ કરે.

☆ નફો જુઓને, ખોટને શું કરવા જો જો કરો છો? એક જણ મને કહે કે આ મારો હાથ તૂટી ગયો. રોદણાં રડતો હતો. ત્યારે મેં કહ્યું કે હજુ તારી પાસે આટલી બધી મિલકત પડી છે અને તું શું કામ હાથ ભાંગી ગયો તેનાં રોદણાં રડે છું ? લાવ, આ તારી બે આંખો લાખ રૂપિયાની મને આપ, તો કહે 'ના અપાય'. Positive attitude રાખ, negative નહીં.

☆ જે કાંઈ બને છે તે it is but natural બની ગયું, તે તારા હાથમાં સત્તા નથી.

## તારીખ: ૧ એપ્રિલ, ૧૯૮૩

☆ **દાદાની ઓળખ (સભામાં)**

☞ નીરુબેન : પૂ. દાદા ભગવાન એ આપ જુવો છો તે નથી. તે તો દેહધારી 'એ.એમ. પટેલ' છે અને ભાદરણના પાટીદાર છે, ધંધો કરે છે તથા ગૃહસ્થ છે. 'દાદા ભગવાન' તો અંદર પ્રગટ થયા છે તે ચૌદ લોકના નાથ છે. તે આપણા બધામાં જ છે, પણ દાદામાં તે પૂર્ણપણે પ્રગટ થયેલા છે અને આપણા બધામાં વત્તે અંશે પ્રગટ થયા છે અને પૂર્ણતાને પામશે. તેઓ થકી આ કાળમાં આશ્ચર્ય એવું અક્રમ જ્ઞાન પ્રગટ થયું છે. અક્રમ જ્ઞાન એટલે કશું જ કરવાનું નહીં.

☞ જસુભાઈ : પૂ. દાદા છે અને જ્ઞાની છે. વીસ વીસ વર્ષથી જાણવા છતાં હું પૂ. દાદાના જ્ઞાનથી અપિરિચિત રહ્યો, અને જ્યારે હું દાદા પાસે ગયો ત્યારે મારી સાત માળની ઈમારત ખરી પડી અને હું શૂન્ય થઈ ગયો. મારા કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રનાં મને પ્રત્યક્ષ દર્શન થયાં. મને મારો કૃપાળુદેવ મળી ગયો. હું પૂ. દાદા પાસે આવ્યા પછી મારૂં જૈન પુદ્ગલ ખરી ગયું. હવે મને મસ્જિદમાં જવામાં કે મંદિરમાં જવામાં કે કોઈ પણ ધર્મસ્થાનમાં જવામાં બાધ નથી. મને તો બધે જ દાદા દેખાય છે.

☞ પ્રો. ધોળકિયા સાહેબ : પૂ. દાદા ભગવાને મને એક શબ્દ આપ્યો; ''scientific circumstantial evidence''. એ એટલો સચોટ શબ્દ છે કે મારા મનમાં ગુંજન કર્યા જ કરે છે. પૂ. દાદા આવા જાહેર પ્રસંગોમાં જતા નથી પણ આજે અહીં આયોજકોએ તેઓને આમંત્રણ આપ્યું અને અત્રે પધાર્યા છે તે ''scientific circumstantial evidence'' ને આધારે. પૂ. દાદાનું અક્રમ જ્ઞાન જે તેઓ થકી પ્રગટ થયું છે તે એક અદ્‌ભુત છે કે જેમાં કોઈ જ ક્રિયા કરવાની નથી, કોઈ જ યોગ કરવાનો નથી. તેમાં ફક્ત જે કાંઈ થાય છે તેના આપણે જાણકાર છીએ, ફક્ત જ્ઞાતા દ્રષ્ટા છીએ; અને તે સહજ ક્રિયાથી - કોઈ પ્રયત્નથી નહીં. આ જ્ઞાન પૂ. દાદાનું, પોતાના સ્વરૂપને ઓળખાવે છે.

**તારીખ: ૧ એપ્રિલ, ૧૯૮૩ રસિકભાઈને ત્યાં.**

☆ અગિયારમા માઈલમાં હતો ત્યારે સારા સંસ્કારમાં હતો, એટલે નક્કી કરેલું કે 'લાંચ ના લેવી'. આજે પચીસમા માઈલમાં લાંચ લેવાની ઇચ્છા થતી નથી કારણ કે ૧૧મા માઈલનું મન બંધાયેલું છે. પણ આજનું જ્ઞાન કહે છે કે (બૈરીના કહેવાથી) 'લાંચ લેવી જોઈએ'. પણ આમનો 'નહીં લેવાનો સંસ્કારનો' બંધ પાડેલો, તે આ વખતે કોઈ વેપારી પાંચ હજાર આપી ગયો તો કહે કે, 'ટેબલ ના ખાનામાં મૂક'. પેલો મૂકી ગયો પણ પછી રહેવાય નહીં, એટલે પેલાને બોલાવી કહે કે, 'પાછા લઈ જા'. ના લેવાય તેનાથી, કારણ કે પૂર્વના સંસ્કારનો બંધ પડેલો છે.

☆ અમારું મન ક્ષણવાર ઊભું ના રહે. ઊભું રહે તો tension અને compression રહ્યા જ કરે. એટલે અમારું હાસ્ય મુક્ત છે. અમારું મન નિર્ગ્રંથ હોય.

☆ મન અભિપ્રાયોથી બંધાયેલું છે. Don`t give opinion on any matters.

☆ અમે કોઈ પુસ્તકનું વિવરણ ના કરીએ. અમે અમારું પોતાનું પુસ્તક આપીએ. પુસ્તકનું વિવરણ કરવું (ગીતાનું વિવરણ કરવું) એટલે decoration કરવું. લોકોએ શાસ્ત્રનાં પુસ્તકોના અર્થ કર્યા એટલે ડેકોરેશન કર્યું છે.

☆ આ જગતમાં કંટાળે તો પોસાય નહીં, જેનાથી કંટાળે તેનાથી અણગમતું થાય.

☆ આરાધનાવાળો સારો, તે મોક્ષે જાય. વિરાધનાવાળો ય મોક્ષે જાય પણ અપરાધી મોક્ષે ના જાય.

☆ સાધુ આચાર્યો એ કહ્યું કે (સંસારીઓને) તમારો ક્યારે મોક્ષ થશે? તમારું શું થશે? વિષયોમાં પડ્યા છો, વિષયો વિષ છે. સ્ત્રી વિષયમાં પડ્યા છો. એટલે લોકોના મનમાં પોતે અપરાધી છે તેવું ઠસી ગયું. હવે, આ અપરાધ કોણ કાઢી આપે? એટલે અમે કહ્યું કે ''વિષયો વિષ નથી પણ વિષયોમાં નીડરપણું એ વિષ છે. માટે વિષયો થી ડરો.'' આ બોલીને અમે જવાબદારી લીધી.

☆ અમારું brain પરિણામને પકડનારું તેથી સ્કૂલમાં ના આવડ્યું પણ અહીં કામ લાગ્યું.

☆ અમારી પાસે મમતા વગરનો અહંકાર. અહંકારની જ મમતા છે મહીં. બીજી કોઈ વસ્તુની મમતા ના હોય.

☆ અમારા touch માં આવ્યાથી બે પ્રકારનાં પરિવર્તન થયાં, એક બહારવટિયા થયા અને બીજા ભક્તો થયા. બહારવટિયા શાથી થયા કે ૫૦૦૦/- લઈ ગયા, તે દુરુપયોગ કરીને લઈ ગયા તે બહારવટિયા થયા.

☆ મોક્ષમાર્ગ સાવ સહેલો છે, પણ લોકોએ ડેકોરેશન કરી બગાડી નાખ્યો છે.

☆ મફત કરનારો ઘમંડી થાય.

**તારીખ: ૩૦ મે, ૧૯૮૩ બાબુભાઈ વકીલને ત્યાં**

☆ કોઈ પણ સ્થિતિમાં સુખ ના ખસે તેનું નામ મનનું હરણ. જે મનનું હરણ કરે તે ભગવાન.

☆ સંસાર હોવા છતાં સંસાર અડે નહીં અને મુક્ત કરે તેને ધર્મ કહેવાય.

☆ ગુફામાં અસંગતા નથી. એ તો જેને સંગ અડે નહીં તેને સંસારમાં રહેવા છતાં, તે જ અસંગ રહી શકે.

☆ છેલ્લે મોહ નીકળી જાય છે. મોહથી જ સંસાર ઊભો છે અને મોહ છૂટે તો મોક્ષ છે. મનને મોહ હોતો જ નથી. મોહ કોને હોય? જીવતી વસ્તુને હોય - જીવાત્માને હોય- મન તો ફિઝિકલ છે.

☆ મન ને જુવે જાણે તે નિર્વિચાર દશા. મનમાં વિચરે ત્યારે વિચાર આવે. મન નિરંતર ઍક્ઝોસ્ટ થયા કરે છે. મન એ જ્ઞેય છે. 'ધોળકિયા સાહેબ'માં જે બધી વસ્તુ છે તે બધી જ્ઞેય છે.

☆ જે આત્મા પ્રકૃતિમાં રહે છે તે આદ્ય શક્તિ.

**વર્ષ:૧૯૮૫**

**તારીખ: ૨૦ એપ્રિલ, ૧૯૮૫**

☆ આ તો લોભની ગાંઠ તોડવા માટે કહ્યું છે કે 'જો તું આપીશ તો ચિંતામુક્ત થઈશ'.

☆ તમને કેટલા બધા ભય કાઢવા તો 'વ્યવસ્થિત' આપ્યું. 'વ્યવસ્થિત'ને 'જેમ છે તેમ' જાણવું જેથી બધા જ ભય જાય. 'વ્યવસ્થિત'ને જાણ્યું એટલે કેવળજ્ઞાન થાય.

☆ જ્ઞાનથી તરફડાટ ઊડી ગયા, બાકી જગત તો ચકલાં તરફડે તેમ તરફડે છે, નર્યો તરફડાટ છે.

☆ જ્ઞાનીએ તોડેલી ખોટ ક્યારેય ફૂટે નહીં અને પેલી ખોટ ફરી ફૂટી નીકળે.

☆ પચાસ હજારની ખોટ જાય એટલે લોભ તૂટી જાય. પછી કહેશે કે 'હવે જે કાંઈ છે તે સાચવીને જ બેસી રહો, હવે લોભ નથી કરવો'.

**તારીખ: ૨૫ એપ્રિલ, ૧૯૮૫**

☆ પરમ વિનય એટલે મન - વચન- કાયાથી એકાકાર હોય. અમે જે બોલીએ, વર્તીએ તેવું જ તેનું વર્તન હોય, જરાય જુદું ના પડે, ભેદ ના હોય. પોતાપણું છોડવું નથી અને એકાકાર શી રીતે થાય?

☆ 'પોતે ડખલ કરે છે' તેવું જાણે તોય કલ્યાણ થઈ જાય, પણ તેવું ય તેને ખબર પડતી નથી.

☆ વાંધા, વચકા અને અજ્ઞાન માન્યતાઓથી જગત ઊભું રહ્યું છે.

☆ જયાં કર્મ છે ત્યાં ચેતન જ નથી.

☆ અધર્મ પામવું એ તો credit છે, અધર્મ ના પામવું તે discredit. આજના લોકો તો અધર્મેય નથી પામતા, પહેલાં તો અધર્મેય પામતા. અધર્મ એટલે લોકોનો કહ્યા પ્રમાણે સારો-ખોટો બેભાનપણે માનવું તે.

☆ ધર્મ એટલે લોકોના કહ્યા પ્રમાણે ચાલવું, પણ સમજીને.

☆ વિયોગ તો બહુ હિતકારી.

☆ જ્ઞાનીમાં દોષ જુએ તો આપઘાત જેવું લાગે, જ્ઞાની તો નિર્દોષ જ છે.

☆ જ્ઞાનીપુરુષ એ જ તમારો આત્મા છે, તે તમારાથી દૂર હોય જ નહિ. એમના કહ્યા પ્રમાણે તમારે ચાલવાનું છે.

☆ વાંધો તો ના જ હોવો જોઈએ, ખરાબમાં ખરાબ વાત બોલતો હોય તોય આપણને શું વાંધો?

☆ વાંધા વચકા આપણે શબ્દો મૂક્યા - ધર્મમાં.

☆ જગતના બધા ધર્મો આચારસંહિતા પર છે, તે આપણે ઉડાડી દીધું એટલે આપણું અક્રમ વિજ્ઞાન છે.

☆ અમારી દેશના છે, એટલે speech without owner; માલિકીપણું નહી. અને ઉપદેશ એટલે પોતાના દોષ કાઢતો હોય અને બીજાના દોષ કાઢવા કહે. ઉપદેશ એ અહંકાર સહિત હોય, દેશના એટલે સરી પડે.

☆ સમ્યક આચારનું સ્થાન ખરું? એ જે આચાર હોય, તો તેને તેટલો ફાયદો અને ના હોય તો તેનો એટલો ફાયદો નથી. મોક્ષને માટે આચાર નડતો ય નથી અને ફાયદો ય નથી.

 ☞ મોક્ષે જવું હોય તો આચારની જરૂર નથી. સંસાર જોઈતો હોય, ભૌતિક સુખ જોઈતું હોય તો આચાર જોઈશે.

 ☞ આજના આચાર પણ દુઃખ લાવે છે. આજનો સમ્યક આચાર પણ દુઃખ લાવે છે કારણ કે મન- વચન - કાયા નો એકાત્મભાવ નથી. મન-વચન-કાયાની એકાત્મતા હોય તો અંદર પહોંચે.

 ☞ ગમે તેવો સમ્યક આચાર હોય તો પણ આવતો ભવ દેવાળિયો હોય. મન- વચન- કાયાની એકતા નથી એટલે બીજ ઊંધું પડ્યું.

☆ Healthy mind એટલે મમતા નહીં. આપ્તપુત્રો બધા મમતા વગરના છે. મમતાવાળા તો આખો દહાડો ભીખારા ને ભીખારા જ . જગતના લોકો મમતા વગરનાને 'કચરો માલ પાક્યો' એમ કહે. એમને તો મમતાવાળા જ જોઈએ.

## વર્ષઃ ૧૯૮૬

### ૩ ઑક્ટોબર, ૧૯૮૬ દાદા પરમ સત્સંગ -બાબુભાઈ વકીલ ને ત્યાં

☆ નિર્માની થવું અને સંગદોષ જીતવો એટલે શું?

- ☞ આખું જગત સંગદોષથી જ ઉભું છે.
- ☞ 'મન-વચન-કાયાની તમામ સંગી ક્રિયાઓથી હું તદ્દન અસંગ જ છું.'
- ☞ મન વચન કાયાથી તદ્દન જુદો આત્મા છે, તેવું જ્ઞાન નહીં હોવાથી જગત ઊભું છે, અમે તેવો આત્મા જોયો છે અને રહીએ છીએ.
- ☞ સ્થૂળ સંગ દોષઃ દાખલો 'આણે, આની ભાઈબંધી કરી તેથી દારૂડિયો થયો'; જગત આને જ સંગ દોષ કહે છે.
- ☞ પુદ્ગલ સંગ એ જ સંગદોષ. 'હું રમેશભાઈ છું' કહ્યું કે બધા જ સંગદોષ લાગે. પણ હું શુદ્ધાત્મા છું તેનું ભાન થયું એટલે અસંગ થયો. 'હું રમેશભાઈ છું'- 'હું આચાર્ય છું' એ જ.
- ☞ નાટકમાં સંગ દોષ લાગે નહીં, બધી ક્રિયા લાગતી હોવા છતાં સંગદોષ બેસતો નથી. નાટકની બહાર બધો જ સંગદોષ છે.
- ☞ નિર્માનીપણું એક જાતનું માન છે.
- ☞ નિર્મોહીપણું પણ એક જાતનો મોહ છે.
- ☞ અપમાનને સહન કરવું એ જ નિર્માનીપણું.

☆ નિષ્ઠા sincerity ની ઉપર જાય છે. નિષ્ઠા, sincerity અને morality ને ભેગી કરો ત્યારે થાય.

☆ અધ્યાત્મ નિષ્ઠા પછી બ્રહ્મનિષ્ઠા થાય.

☆ આ અક્રમ વિજ્ઞાન એવું છે કે કામના રહિત બનાવે.

☆ સ્વભાવમાં રમમાણ એ જ આત્મરમણતા. આ ફોરેન વાળાઓએ પ્લેનો બનાવ્યાં તે સ્વભાવમાં રહીને જ કર્યાં છે. સ્વભાવની બહાર નીકળ્યો તો બગડ્યું.

☆ આત્માને સન્મુખ કરનારી વસ્તુઓ તે જ અધ્યાત્મ કહેવાય. આ તો બધા જ આધ્યાત્મનું બોલે છે, પણ બોલાય નહીં.

☆ પારદર્શક થવાની જરૂર છે. સ્મરણ એટલે યાદ કરવું પડે. પારદર્શક હોય તે યાદ આવે. કાં તો ભારે હોય તે યાદ આવે.

જ્ઞાન સંપૂર્ણ શ્રદ્ધા વાળી વ્યક્તિનું હોવું જોઈએ. દાખલો- ઈન્કમ ટૅક્ષ ઑફિસર યાદ આવે અથવા પારદર્શક યાદ આવે.

☞ જ્ઞાન સંપૂર્ણ શ્રદ્ધાવાળી વ્યક્તિનું હોવું જોઈએ. દાખલોઃ મા -છોકરો. ચાર મામા -એક મામો ઑરમાયો છે એવું માએ કહ્યું કે તે જ પ્રમાણે તે જ્ઞાન કામ કરતું થઈ જાય. મા એ શ્રદ્ધાથી કહ્યું એટલે છોકરાને તે દૃઢ થઈ ગયું.

☆ શક્તિઓ હણાવવાનું કારણ -બીજાના જ દોષ કાઢ્યા તેથી, બીજાના દોષ કાઢ્યા તેથી બધી શક્તિઓ હણાઈ જાય.


☆ શક્તિપાત એ સ્થૂળ વસ્તુ છે, ભ્રાંતિજન્ય શક્તિને શક્તિપાત કહેવાય છે.

☞ કોઈ સંતપુરુષે કોઈ પ્રકારની શક્તિ પ્રાપ્ત કરી હોય તે તેટલા પૂરતી શક્તિપાત કરે.

☞ આ બધા ય ભ્રાંતિવાળા છે એટલે તે ભ્રાંતિ શક્તિપાત કહેવાય. દાખલોઃ વહેળો કુદતાં ડરે તો ગુરુ કહે કે 'કૂદી પડ', એટલે તે કૂદી જાય- તે શક્તિપાત કહેવાય. ગુરુ નિમિત્ત છે.

૪

# મહાત્મા શ્રી રસિકભાઈની અનુભવ નોંધ



# મહાત્મા શ્રી રસિકભાઈની અનુભવ નોંધ

## ૧. વાદ-વિવાદ-સમાધાન

આપણા વિચારો - મંતવ્યો એક જ દિવસમાં આવે અને વાદ-વિવાદ થાય અને શમી જાય તેવું નથી. પરંતુ એક ચોક્કસ પ્રકારના વિચારોની ગ્રંથિ મનમાં બંધાય અને તે, સંજોગો અનુકૂળ આવતાં, અન્ય વ્યક્તિઓ સાથે તે વિચારો વાણીમાં પરિણામ પામે-અભિપ્રાયમાં પરિણામ પામે, ત્યારે વાદ-વિવાદ થાય. અને પછી સાચાપણા કરવામાં આગ્રહી થઈ જવાય. અન્ય કોઈ વ્યક્તિને પણ આ વાદ-વિવાદ અનુકૂળ આવે તો તેને, અનુમોદના પણ થઈ જાય. કારણ કે આવા પ્રકારના વિચાર અને વાણીમાં નિરાગ્રહીપણું ન હોવાથી, નિષ્પક્ષપાતીપણું હોવું સંભવી ન શકે.

અને જ્યારે વાદ-વિવાદ થાય ત્યાં સત્યાસત્યનો આગ્રહ રહે અને કોઈ કાંઈ ખુલાસા કરે તે મનને પેલી પડેલી ગ્રંથિના અંતરાયને કારણે કબૂલ કરવું અશક્ય બને. કારણ કે ખુલાસા કરનારની અમુક કારણોસર મર્યાદા હોય છે પણ ખુલાસા માગવાવાળાને મર્યાદા નથી. એક પ્રશ્ન ઊભો થયો તેની ચર્ચા ચાલી તો તેના અનુસંધાનમાં બીજો પ્રશ્ન, પછી ત્રીજો અને ઘણી વખત વાદ-વિવાદના પ્રવાહમાં એટલા બધા ખેંચાઈ જઈએ છીએ કે જે પ્રશ્નો અગાઉથી નક્કી નહોતા કર્યા તેવા પણ પૂછાય. પછી ખુલાસા આપનારની મર્યાદા બંધાઈ જાય.

સમાધાન ક્યારે થાય ? કે જ્યારે પુદ્ગલ પક્ષી ના બને અને જે મન-વચન-કાયા દાદાને સમર્પણ કર્યાં છે તેનાથી છૂટા પડીને વિચાર કરીએ કે આવા વિચાર, વાદ-વિવાદ, સાચાપણું ઠેરવવું, આગ્રહી થઈ જવું તે મારા આત્મઅનુભવમાં ઉપયોગી છે ?

## ૨. પાંચ આજ્ઞા




પૂજ્ય દાદાની પાંચ આજ્ઞા ઉપયોગપૂર્વક અમલમાં મૂકાય તેની જાગૃતિ હોવી ઘટે. કારણ કે આ ભવમાં પૂજ્ય દાદાનું જ્ઞાન પ્રાપ્ત થયા પછી જો બાકીનું જીવન અજાગૃતિમાં જાય તો ક્યારેય બીજા ભવમાં આપણો પત્તો ખાય તેમ નથી. બધું જ વ્યર્થ થાય.

પૂજ્ય દાદા ખૂબ ચોકસાઈથી, જ્ઞાન આપ્યા પછી પૂછતા કે પાંચ આજ્ઞાનો અમલ કર્યો કે નહીં ? અને વારંવાર પાંચ આજ્ઞા જ જાગૃતિપૂર્વક પાળવાનો ખૂબ જ ભાર મૂકતા- તેમણે તો તેનું મૂલ્ય નીચેના તેઓશ્રીના આપ્તસૂત્રમાં કર્યું છે. મહાત્માઓએ તેનું લક્ષ રાખવા જેવું છે.

"જગતના તમામ ધર્મોનાં તમામ પુસ્તકો વાંચીને

જે ધારણ કરે તેને ધર્મ ધારણ કર્યો કહેવાય-તેવો ધારણ કરેલો ધર્મ ૧૦૦ ટકા મજબૂત થાય ત્યારે મર્મ નીકળવાનો શરૂ થાય. તેવો મર્મ ૧૦૦ ટકા મજબૂત થાય ત્યારે જ્ઞાનાર્ક નીકળવાનો શરૂ થાય. તે જ્ઞાનાર્ક અમે તમને સીધો પાઈ દીધો છે.''




કેટલી બધી કરુણા ! કશું જ વાંચવાનું રાખ્યું નહીં, પૂ. દાદાએ ! ફક્ત પાંચ આજ્ઞા જ પાળવાની કહી.

આ પાંચ આજ્ઞાનો પૂ. કનુદાદાજીએ પણ ખૂબ ભાર મૂક્યો છે. અને કહ્યું છે કે ફક્ત આ ભવ આ પાંચ આજ્ઞા પાળવામાં જ કાઢી નાખજો. તેઓ વારંવાર સત્સંગમાં આજ્ઞાનો જ ઉલ્લેખ કરે છે, જેથી મહાત્માઓમાં તેનું વધુને વધુ લક્ષ બેસે. અને લક્ષ બેઠું તો અનુભવ જરૂરથી થશે.








### ૩. દાદાના મહાત્માઓ

દાદાના એકે એક મહાત્માના આશીર્વાદના રસિકભાઈ અભિલાષી છે.

☞ જે-જે મહાત્માઓ સાથે સ્વાધ્યાય-સત્સંગ કર્યો છે તે અમને નિરંતર જાગૃતિ અર્પે.

☞ દાદાની દૃષ્ટિ એ જ મહાત્માઓની દૃષ્ટિ રહો અને મહાત્માઓની દૃષ્ટિ એ જ રસિકભાઈની દૃષ્ટિ રહો.

☞ દાદાની વૃત્તિ તે જ મહાત્માઓની વૃત્તિ રહો. અને મહાત્માઓની વૃત્તિ તેજ રસિકભાઈની વૃત્તિ રહો.

☞ દાદાનો સ્વભાવ તે જ મહાત્માઓનો સ્વભાવ રહો અને મહાત્માઓનો સ્વભાવ તે જ રસિકભાઈનો સ્વભાવ રહો.

☞ દાદાનું જ્ઞાન, દર્શન, ચારિત્ર અને સુખ તે જ મહાત્માઓનું જ્ઞાન, દર્શન, ચારિત્ર ને સુખ રહો - અને મહાત્માઓનું જ્ઞાન, દર્શન, ચારિત્ર અને સુખ તે જ રસિકભાઈનું જ્ઞાન, દર્શન, ચારિત્ર ને સુખ રહો.

☞ સર્વે સંતપુરુષોનું યોગબળ, સર્વે સત્‌પુરુષોનું યોગબળ અને પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષોનું યોગબળ આખા વિશ્વનું કલ્યાણ કરો, કલ્યાણ કરો, કલ્યાણ કરો.

☞ પ્રત્યક્ષ દાદા ભગવાનનું યોગબળ દાદાના સર્વે જ્ઞાની મહાત્માઓનું તથા જગતના જીવમાત્રનું કલ્યાણ કરો, કલ્યાણ કરો, કલ્યાણ કરો.

### ૪. અક્રમ માર્ગ

પ્રશ્ન એ છે કે આપણું કામ તો આપણને દાદા મળ્યા એટલે થઈ ગયું. તો શું બીજા જેઓએ દાદાને જોયા પણ નથી તેઓ શું આપણા જેવું જ્ઞાન ના પામી શકે ? તેઓને દાદાની ઓળખાણ કરાવનાર કોઈ નિમિત્ત તો જોઈએ ને ? નિમિત્ત વગર તો કશું થાય નહીં.

વીતરાગોનું આત્મજ્ઞાન અને દાદા ભગવાનનું આત્મઅનુભવ વિજ્ઞાન મૂળ જ્ઞાનીઓ ગયા એટલે અટકી ના જાય - તે જ્ઞાનનું સ્વરૂપ સમજાવવામાં, તે જ્ઞાનનું પ્રદાન કરવામાં નિમિત્ત તો જોઈશે જ.

આપણે કહી શકીએ 'કનુદાદાએ પણ દાદા પાસેથી જ્ઞાન લીધું છે અને આપણે પણ તે જ જ્ઞાન લીધું છે તો શા માટે ફરક ગણવો ? આપણે પણ કોઈને માથે હાથ મૂકી જ્ઞાન આપી શકીએ !?'

મહાત્માઓ, બહ- બહુ ફરક છે. આપણને તો એક નાનું સરખું આંતરિક તપ આવે તો તેમાં ભડકો કરી સળગી ઊઠીએ છીએ. અને આ દશા થોડો વખત ચાલુ રહી અને કોઈ દાદાનો સત્સંગ સાંભળવા તમારી પાસે આવે ને તમે તેના માથા પર હાથ મૂકો તો તે વખતે આંતરિક તપમાંથી સળગી ઊઠેલા કષાયનો વરસાદ તેના માથા પર વરસશે. કોઈનાય માથા પર હાથ મૂકતી વખતે આત્માનો ઉપયોગ અને દાદાનું નિદિધ્યાસન નિરંતર હોવું ઘટે. અને કનુદાદા સતત આંતરિક તપની એરણ પર ટીપાઈ ટીપાઈને શુદ્ધ થયા છે. મેં એમનાં તપ જોયાં છે. દાદા તો નિરંતર તેમના આ તપનું અવલોકન કરતા અને તપવા દેતા. દાદાની અસીમ કૃપાથી તપને જેમ છે તેમ જોઈ, તેનું વિશ્લેષણ કરી, દોષ શોધી કાઢી- જ્ઞાનનો અનુભવ કરી લેતા.

### ૫. પૂજ્ય કનુભાઈ સાહેબ

ઘણાં વર્ષો પૂર્વે (આશરે ૧૯૬૯) દાદાએ પૂજ્ય કનુભાઈ માટે જે કહ્યું છે તે જ્યારે-જ્યારે સત્સંગ લખતો તે વખતે લખાયું છે તેનો ઉલ્લેખ કરું તો તેઓ દાદાને મન કેવી વ્યક્તિ છે તેનો ખ્યાલ આવશે.

દાદા : "કનુભાઈ નિર્મોહી છે. મારો આત્મા કબૂલ કરે છે કે તે સાચો છે. મારા વિના એ જીવી શકે તેમ નથી. ઉત્તમ સેવા તો મારી કનુ જ કરે છે. બહુ ઊંચો આત્મા છે. બહુ ઊંચું દર્શન છે. બહુ ત્યાગી છે. તેને જરા મોહી થવાની જરૂર છે. ત્યાગવીર પુરુષ છે. મારાં અને એનાં લટીઆં ગૂંથાયાં છે. તેનું મારા તરફનું લક્ષ જ બદલાતું નથી."

(લટીઆં ગૂંથાયાં એટલે વાળની લટોને ગૂંથીએ તે)

દાદાને તેમનામાં આ બધા ગુણોનાં દર્શન થયાં છે જેથી તો આવી સ્વાભાવિક વાણી નીકળી છે.

### ૬. દાદાને પ્રશ્ન કરનારાઓ

કેટલાક તો એવા પ્રશ્નો પૂછે કે જાણે દાદાની પરીક્ષા લેતા હોય-પરંતુ દાદા તો પ્રેમનો અવતાર. જરાકે ય પ્રશ્ન પૂછનાર તરફ તિરસ્કાર નહીં, અભાવ નહીં, તરછોડ નહીં. દાદા જાણે કે આ કાળમાં આવું જ હોય. મારી પાસે આવ્યો છે ને અને પગે લાગીને વિધિ કરી છે ને તો આજે નહીં તો કાલે પણ વાતને સમજશે. વિધિ કરનારને વિધિ શું છે તેની પણ ખબર નહીં અને દાદા ભગવાન કેમ બધા કહે છે તેય આશ્ચર્ય લાગે કારણ કે આ તો કોટ, ટોપી પહેરે છે, સંસારી છે. આમને જ્ઞાની કેમ કહેવાય?

### ૭. અહંકાર

ઘણાં વર્ષો પૂર્વે દાદાએ રસિકભાઈને ખૂબ જ કડક વાણીમાં ઠપકો આપ્યો હતો. મારું મન, વચન, કાયાનું Sensitive પણું જાગ્રત થયું. મારો અહંકાર ઘવાયેલો લાગ્યો. 'હું સાચો જ છું' એવું દાદાને સમજાવવા ખૂબ આગ્રહી થયો. Sensitive થયો હતો એટલે ઠપકો સાંભળી રડ્યો. ત્રણ દિવસ સુધી હું દાદા પાસે મામાની પોળે ના ગયો. દાદાએ મળી જવાનું કહેણ મોકલ્યું ત્યારે ગયો. ત્યારે દાદાએ આંખોમાં આંખ પરોવી કહ્યું કે "હજુ રિસાયેલા છો ? હજુ sensitive પણું નથી ગયું. આ જ અહંકાર છે. મન, વચન, કાયાથી sensitive થયા તે જ પ્રત્યક્ષ અહંકાર." અને જે કરુણાસભર જે વાક્ય દાદાએ કાઢ્યું તે હજુ સુધી હૃદયમાં કંડારાયેલું છે.

"અમે તમારું સત્યાસત્ય જોવા નથી આવ્યા-અમે તમારો અહંકાર કાઢવા આવ્યા છીએ."

મને કહે, "પાકા ચીભડા જેવા છો-ઊંચકવા જતાં જ ફાટી જશો અને ઓરડો સાફ મારે કરવો પડશે."

અને સાચે જ મન, વચન, કાયાના Sensitiveપણાથી ફાટી ગયેલા રસિકભાઈનો બગડેલો અંતઃકરણનો ઓરડો દાદાના એક જ વાક્યથી સાફ થઈ ગયો. ફરી આજ દિન સુધી આવો પ્રસંગ મારા જીવનમાં બનવા પામ્યો નથી. આ જ દાદાની કૃપા અને કરુણા.

### ૮. વિરાધનાઃ

### તા. ૦૨-૦૯-૧૯૬૫

રસિકભાઈને આજે કોઈ વ્યવહારના પ્રસંગની બાબતમાં પૂજ્ય દાદા સાથે મતભેદ પડ્યો. મન અતિશય ઉદ્વેગ બન્યું ત્યારે પૂજ્ય દાદા પાસે ઘણો કચરો નીકળ્યો. દાદાએ ઓપરેશન કરી કચરો કાઢ્યો. અને નીચે પ્રમાણે ગ્રહણ કર્યું.

"દરેક જીવમાત્રને નિર્દોષ જોવા, રાગ દ્વેષ હોય પણ જો તે નિર્દોષપણે જોઈએ તો આત્માને તેટલી શુદ્ધતા પ્રાપ્ત થશે. કોઈપણ જીવની વિરાધના ના કરવી. અને તેમાંય સમકિતી જીવની-જ્ઞાનીની તો વિરાધના ના જ કરવી નહીં તો નરકની પ્રાપ્તિ થશે અને અનંતભવનું કારણ બનશે. સમકિતીના દોષ ના જોવા અને દૃષ્ટિ નિર્દોષ રાખવી, જેથી આત્મઘાત

ના થાય.''

## ૯. મહાત્માઓની ઉદાર સખાવતો


જગતકલ્યાણના દાદાના મૂળભૂત આશયથી ચાલનારાં સંઘનાં બધાં જ ટ્રસ્ટો તથા જય સચ્ચિદાનંદ સંઘમાં દાદાના એકેએક મહાત્માનો અમૂલ્ય ફાળો છે. દરેકે દરેક મહાત્માની દાદા પ્રત્યેની અનન્ય ભક્તિ, સમર્પણ, અહોભાવ અને ઋણસ્વીકાર બધાં ટ્રસ્ટો તથા તેના સંચાલન માટે થયું છે. લાખો રૂપિયાનાં દાન આપ્યાં છે. મહાત્માઓએ અદમ્ય ઉત્સાહ બતાવી મોટી રકમનાં દાન આપ્યાં છે. ખાસ કરીને અમેરિકાથી ઘણું દાન સંઘમાં અપાયું છે. સુરત મંદિરનો વિરાટ પ્રોજેક્ટ તથા કેલનપુર દાદા સમાધિ અને ત્રિમંદિર તો અમેરિકાના મહાત્માઓની ઉદાર સખાવતોને કારણે જ આકાર પામ્યાં છે.





## ૧૦. સ્વ. સકળ સંઘપતિ મહાત્મા શ્રી ખેતશીભાઈ

દાદા ભગવાન વીતરાગ ટ્રસ્ટ સ્વ. સકળ સંઘપતિ મહાત્મા શ્રી ખેતશીભાઈએ દાદાના આશીર્વાદ અને કૃપાથી સ્થાપ્યું હતું. પૂ. ખેતશીભાઈએ દાદા પ્રત્યેની ભક્તિભાવના તથા દાદાની વાણી હજારો-લાખો મુમુક્ષુઓને પહોંચે તે આશયથી પોતાની કમાણીની સર્વસ્વ મૂડી આ કામમાં જ વાપરી છે. તથા તે જમાનામાં ઈન્ડિયામાં ઑડિયો કેસેટો માર્કેટમાં છૂટથી નહોતી મળતી ત્યારે હજારો કેસેટો ખરીદી આપી છે. દરેક મહાત્માનો તેમને સાથ સહકાર હતો. દાદાની વાણીનાં પુસ્તકો, ચરણવિધિનાં પુસ્તકો, આપ્તવાણીનાં પુસ્તકો જ્યાં-જ્યાં કોઈને મોકલવાનાં હોય તે વિના વિલંબે તરત જ પોસ્ટથી મોકલી આપે. દાદા પ્રત્યેનો સંપૂર્ણ સમર્પણ ભાવ અદ્‌ભુત હતો. ખૂબ નિઃસ્વાર્થ સેવા એમણે જય સચ્ચિદાનંદ સંઘને આપી છે. નમસ્કાર છે આવી વિરલ વ્યક્તિને કે જેની સેવાથી જય સચ્ચિદાનંદ સંઘ શોભી ઊઠ્યો-દીપી ઊઠ્યો. તેમ છતાં તેઓને લાગે કે



મહાત્માઓની સેવા કરવામાં તેમની કચાશ છે અને કોઈનેય દુઃખ થાય તો દાદાને કહે પણ ખરા કે ''દાદા, મારું સકળ સંઘપતિ તરીકેનું રાજીનામું લઈ લો''. ત્યારે દાદા પ્રેમથી કહે કે ''બીજા સંઘપતિ શોધી લાવો તો હું રાજીનામું સ્વીકારું''. કેટલું સૂચક છે આ દાદાનું વાક્ય. દેહવિલય થતાં સુધી દાદાએ આપેલા સકળ સંઘપતિનું પદ આદર્શપણે શોભાવ્યું.

## ૧૧. જય સચ્ચિદાનંદ સંઘ, અમેરિકાના સંઘપતિ વસંતભાઈ પટેલ

અમેરિકાના મહાત્માઓ જો દાદાને પામ્યા હોય તો મહાત્મા સંઘપતિ વસંતભાઈ થકી. દાદાએ તેમની નિષ્ઠા, ભક્તિ અને આયોજન શક્તિ જોઈ તેમને અમેરિકાના સંઘપતિ તરીકેનું કામ સોંપ્યું. અહીં દાનમાં આવેલી રકમ ભારતમાં મંદિર માટે અને જુદા-જુદા ટ્રસ્ટોને પહોંચાડવાની તથા તેના હિસાબનું કામ દાદાએ તેમને સોંપેલું, જે તેઓ ખૂબ જ પ્રમાણિકતાથી તેમની ફરજ બજાવે છે. બધા જ પ્રોજેક્ટ્સ ભારતમાં- લગભગ પૂરા થયા છે. તે તેમણે તથા સુરત મંદિરના ટ્રસ્ટીઓ-મહાત્માશ્રી દેવચંદભાઈ, રમેશભાઈ, નાનુભાઈ, ચીમનભાઈ શાહ તથા અન્ય ટ્રસ્ટીઓ અને મહાત્માઓના સહકારથી લગભગ પૂર્ણ કર્યું છે. કેલનપુરનું મંદિર પણ પૂર્ણ થવા આવ્યું છે. અમેરિકન કૉલોનીના બંગલાઓનું કામ પણ અતિ સુંદર રીતે થયું છે. આ બધાં કાર્યો પૂરાં કરવામાં વસંતભાઈએ કેટલીય ભારત યાત્રાઓ કરી છે. કેટલોય પોતાનો કિંમતી સમય ફાળવ્યો છે અને સ્વયં પોતે કેટલોય ખર્ચ કર્યો છે. કેટલાંય દાન આપ્યાં છે. એમનો આ બધું કરવાનો આશય શું? દાદાની આજ્ઞા. દાદાએ એમને અને તરૂબેનને જે આપ્યું છે તેની કિંમત તેમને શરૂઆતથી જ, દાદાને મળ્યા ત્યારથી જ સમજાઈ છે. અને તેના પ્રતિ ઉપકાર રૂપે જે કાંઈ તેઓ દાદા માટે કે સંઘના કાર્ય માટે કરે તેની કોઈ જ કિંમત ના આંકી શકાય એવું તેઓ માને છે.

પ્રકૃતિજન્ય કડકાઈને કારણે કેટલીક વ્યક્તિઓને તેઓની વાત ગળે ના ઉતરે પરંતુ સંઘનાં કાર્યોમાં, કોઈપણ મુખ્ય પ્રસંગ ઉજવવામાં તેમનો અનેરો ઉત્સાહ, તેમનો ત્યાગ અને દાદા પ્રત્યેની અપૂર્વ ભક્તિ ઉદાહરણીય છે.





જન્મ દિવસ
નવેમ્બર ૨૫, ૧૯૩૧



સમાધિ મરણ
ઑક્ટોબર ૧૪, ૨૦૧૯

જ્ઞાન પ્રાપ્તિ વર્ષ: ૧૯૬૨

## મહાત્મા શ્રી રસિકભાઈ કે. પટેલ

# અંતિમપળો,
# શ્રદ્ધાંજલિ અને પ્રતિક્રમણ

**(You Tube Video on Shraddhanjali to Mahatma Shri Rasikbhai :**
https://www.youtube.com/watch?v=BnuFUEAchkc&feature=youtu.be)

# ઑક્ટોબર ૧૧, ૨૦૧૯ પૂ. કનુદાદાજી ફોન પર

જય સચ્ચિદાનંદ, રસિકભાઈને.

ખાસ કરીને, આજે-અત્યારે અમારા દ્રવ્યગુણ અવસ્થાના શુદ્ધ વીતરાગ સ્વભાવથી અંતરાત્મદશાએ કરીને રસિકભાઈ માટે ખૂબ આશીર્વાદ મોકલીએ છીએ કે રસિકભાઈના અંતરના પ્રગટ પ્રત્યક્ષ શુદ્ધાત્મા ભગવાન, પ્રાજ્ઞપુરુષ દાદા ભગવાન, જે દ્રવ્યગુણ અવસ્થાથી વીતરાગ અવસ્થાએ છે તે દાદા ભગવાન અને તમારું અંતરાત્મદશાએ કરીને તેમની સાથેનું હોવાપણું અવિરતપણે છે તે અમે જાણીએ છીએ, અને આજે છે, અને તે જ પ્રમાણે રહેશે. અને રસિકભાઈ જ્યાં સુધી આયુકર્મ હશે ત્યાં સુધી અને પછી પણ સારી રીતે સીમંધરસ્વામી પરમાત્મા પાસે દાદા ભગવાનના સાન્નિધ્યમાં પહોંચી જશે એ અમારા ખૂબ આશીર્વાદ છે. અને અત્યારે અંતરાત્મા દશાએ કરીને રસિકભાઈ તમારી આ સમાધિદશા છે તે તમારી સમાધિદશા સતત અવિરતસ્વરૂપે રહેવાની. અને દાદાના સાન્નિધ્યે આગળના પરમ કલ્યાણ માર્ગે પ્રયાણ કરે તે પ્રમાણે આપનું પ્રયાણ રહ્યા કરે, થશે જ. એ જ અમે સારી રીતે જાણીએ છીએ અને આપને અમારા ખૂબ આશીર્વાદ છે. અને આપના ઘરના સર્વેને રંજનબેનથી માંડીને હર્ષિત, ક્રિષ્ના, મનીત, રોહન અને આયનને અમારા ખૂબ આશીર્વાદ છે. ધીરજ રાખજો, દુઃખ તો થશે જ, થાય જ, કુદરતી છે, પણ એમના અંતિમ સમયે ખૂબ સારી રીતે પ્રાર્થના કરજો અને અમે અમારી રીતે ત્યાં જરૂર હાજર હોઈશું, હું અને મનહરબા.

જય સચ્ચિદાનંદ !



૬

# મહાત્માશ્રી રસિકભાઈના અંતિમ સંસ્કાર સમયે પ.પૂ. કનુદાદાશ્રી એ આપેલ શ્રદ્ધાંજલિ

## Oct 16, 2019: Flat Rock, near Detroit, Michigan, USA





આપ સૌ અમારા ભાઈ, રસિકભાઈના અંતિમ સંસ્કાર નિમિતે અત્રે પધાર્યા છો તેના માટે આપ સૌનો ખૂબ આભાર અને આપ સૌની શ્રદ્ધાંજલિ આપણાથી પરમાત્માને પહોંચે તે માટે આપણે પ્રાર્થના કરીએ.

રસિકભાઈ અને રંજનબેન અને તેમના પરિવારને દાદા ભગવાનની આ કળિકાળમાં સર્વજ્ઞપુરુષ દાદા ભગવાનની સેવા કરવાનો અદ્‌ભુત અવસર મળેલો. છેલ્લાં ઘણાં વર્ષો, અને તેમાં દાદા ભગવાનના ચાર હાથ તેમના ઉપર હતા. એમના મન-વચન-કાયાની અર્પણતાથી એમનાથી અને પરિવારથી બહુ સુંદર સેવાઓ થઈ, અને જે અમારા વડોદરાના ઘરમાં જ્યાં દાદા ભગવાનના છેલ્લા અંતિમ શ્વાસ ગયા ત્યાં એમને એટલી સુંદર ભાવના કે જ્યારે એમને કહેવામાં આવ્યું કે આપ બીજી સારી કોઈ જગ્યાએ જાવ ત્યારે રસિકભાઈનો એક જ ભાવ કે દાદા ભગવાન આપ અહીંયા જ રહો. દાદા ભગવાન તથા હીરાબાની ખૂબ-ખૂબ સેવા કરી છે. એમની સાથે અમારા લઘુબંધુ નરેન્દ્રભાઈ અને તેમનાં ધર્મપત્ની, પૂર્ણિમાબેન, એ ચારે જણાએ સેવા કરી હતી. અને એમણે એક જ ભાવ કર્યો કે આ ઘર અને જે રૂમમાં દાદા ભગવાન હતા તે ૨૪ કલાક માટે બધાનાં દર્શન માટે ખુલ્લું રાખ્યું, અને આજે પણ બધા ત્યાં સારી રીતે લાભ લઈ રહ્યા છે.

જ્યાં દાદાની સ્થાપના હતી ત્યાં, યોગાનુયોગ આપને કહીશ કે મારા પિતાજી, કાંતિભાઈના અંતિમ શ્વાસ પણ જાન્યુઆરી ૫ તારીખે ગયેલા અને જે સ્થાને મારા પિતાજી હતા તે નીચેની રૂમમાં, અને તે જ પાટ ઉપર દાદા ભગવાનના અંતિમ શ્વાસ ગયા, તે ઉપર હતા. આટલો જ ફર્ક પડ્યો. અદ્‌ભુત સ્થિતિ હતી બંનેની અને બાળપણથી એમનું મિત્ર જીવન બહુ સુંદર ગયેલું. બંનેની શ્રીમદ્‌ની ભક્તિ અને ખાસ કરીને કન્સ્ટ્રકશનના ધંધામાં આવ્યા. જે અમારા જેટીના

કન્સ્ટ્રકશનના ધંધામાં મોન્સૂન સમયમાં શ્રીમદ્ રાજચંદ્રની ભક્તિમાં અગાસ બંને જણ જતા. અમે સાથે સેવામાં ઘણી વાર હતા અને બે-ત્રણ ભાઈઓ ત્યાં રહેતા. બે-ત્રણ મહિના બહુ સુંદર ભક્તિ થતી. અને મેં તો એમનું આખું જીવન જોયું છે, દાદાનું અને અમારા રસિકભાઈ બંનેનું. નાનપણથી એમની સાથે રહેવાનો સારો એવો અવસર મળ્યો હતો. બધા સંસ્કારો અને જે એમનું દિવ્યજીવન આગળના ઘણા અવતારોથી ચાલ્યું આવેલું તે આ કાળમાં મેં જોયું.

એકવાર સંતપુરુષો સુરતમાં દાદા ભગવાનને મળ્યા હતા અને એમની સાથે બધા હતા. તે સમયે ત્યાં બધા ૧૦૦ - ૨૦૦ જણ હતા ત્યારે એમણે ખુલ્લે-ખુલ્લું કહ્યું કે ‘‘હું ઘણા સંતોને મળ્યો છું, ઘણા મહંતોને મળ્યો છું પણ અહંકાર અને મમતારહિત જો કોઈ પુરુષ જોયા હોય તો આ.’’ અને દાદા ભગવાનના બહુ સુંદર વચનો નીકળ્યાં હતાં કે ‘‘ધન્ય છે તમને, કે અમને ઓળખી શક્યા છો કે મમતા વગરના અમે છીએ.’’

મમતા વગરના-આ બહુ મોટી વાત છે આપણે સારી રીતે સમજવા જઈએ, આપણા દરેકને માટે, કે અહંકાર હંમેશા મમતા સાથેનો જ હોય છે. અને દાદા ભગવાન કહે છે કે અમને જ્ઞાન થયું ૧૯૫૮ની સાલમાં, સુરત સ્ટેશને, ૫૦ વર્ષની ઉંમરે, ત્યારે જ્ઞાન થતાં પહેલાં અમે પણ અહંકારી હતા, અને જ્ઞાન થયું ત્યારપછી અહંકાર ઝીરો (Zero) થયો. અને બધી જ રીતનું એમનું દેહનું મારાપણું સંપૂર્ણ ખલાસ થયું અને ત્યારપછી જ જે અદ્‌ભુત સ્થાન પર રહ્યા હતા ત્યારે અમારા પિતાજીને એક વાત કરી હતી કે કાંતિભાઈ આત્મ દર્શન થયું છે. બસ એટલું જ.

અમારા પિતાજીનો ભક્તિભાવ પુષ્કળ હતો-શ્રીમદ્‌નો, એટલે એમનો બહુ આદર રાખતા. એટલે અમારા પિતાજીને કારણે, શ્રીમદ્‌ની ભક્તિ એમની, એટલે અમને અને રસિકભાઈને ખૂબ-ખૂબ લાભ મળેલો અને ત્યારપછી ૧૯૬૨માં જ્યારે એમના જ કુટુંબના ચંદ્રકાન્તભાઈ સાહેબ હતા, ભાદરણના એમના કુટુંબના જ હતા, એમનાથી આ દરવાજા ખુલ્લા થયા. એમના અદ્‌ભુત સર્વજ્ઞતાના, શ્રીમદ્‌ના જ્ઞાન પ્રકાશના, એમના અદ્‌ભુત પુરુષ પ્રકાશના. ત્યારપછી જે ૫-૬ જણને એમની સેવાનો અને જ્ઞાનદીક્ષાનો જે અવસર થયો હતો તેમાં આ રસિકભાઈ હતા. એ લગભગ ૧૯૬૨ ની સાલ. અને આજે અમારા હૃદયમાં તેમનું, રસિકભાઈનું, સ્થાન અનેરું છે. ત્યારપછી ૮-૧૦ મહિનામાં જ અમારા સાન્તાક્રુઝના મકાનમાં આ કનુભાઈ માટે તે નિમિત્ત બની ગયા, જ્ઞાન દીક્ષામાં.

યોગાનુયોગ તે વખતે તે દાદા ભગવાન સાથે જ હતા. મારા પિતાજી પણ હતા. તે અદ્‌ભુત નિમિત્ત બની ગયેલા. ૧૯૬૩ Februaryમાં કનુભાઈને એમના નિમિત્તે જ આ (દાદાની) અદ્‌ભુત જ્ઞાન દીક્ષા પ્રાપ્ત થઈ. અને દૃષ્ટિ કેવા સંજોગોમાં પ્રાપ્ત થઈ કે જે અવળી દૃષ્ટિ હતી તે સવળી થઈ. ત્યારપછી રસિકભાઈની પણ અદ્‌ભુત દશા હતી.

અહીં દક્ષાબેન (ડૉક્ટર કપિલનાં પત્ની) અને તેમના ચિરંજીવી પણ આવ્યા છે. એ એમના કુટુંબી જ થાય. અમારા બહુ પરિચય છે બધાંના.

અમારા રસિકભાઈને અમે ખૂબ હૃદયથી શ્રદ્ધાંજલિ આપીએ છીએ. મન, વચન, કાયાની એકતાએ કરીને અર્પણ કરીએ છીએ. અને ઘણા જોડે એમના સત્સંગ થયા છે અને એ બહુ રમૂજથી અને સરળતાથી સત્સંગ કરી શકતા હતા.

આત્મા અને અનાત્માના ભિન્નપણાની બહુ સુંદર રીતે સમજ આપી શકતા હતા. એમના માટે તો મારી પાસે કોઈ શબ્દ નથી. મારા હ્રદયથી ખૂબ એમને શ્રદ્ધાંજલિ કરું છું. અને દાદા ભગવાન અને નિષ્પક્ષપાતી શાસન દેવદેવીઓને બધાને પ્રાર્થના કરું છું કે એમને દાદા ભગવાનના અનુસંધાનમાં સમાધિ થાય.

અમે LAમાં હતા ત્યારે સુરેશભાઈએ અમને કહ્યું ત્યારે અમે જોયું કે અદ્‌ભુત સમાધિમાં એમના અંતિમ શ્વાસ ગયા. યોગીઓ, ઋષિઓ, તપસ્વીઓ સમાધિ મરણ માટે બાધા રાખે છે, અને એના માટે ખૂબ ખૂબ સાધના કરે છે. ગુફાઓમાં, હિમાલયમાં, ગિરનારમાં બધે જ્યાં જ્યાં હોય ત્યાં સમાધિમાં જ. તે અદ્‌ભુત અમે જોયું સમાધિમરણ. સમાધિમરણ, જે મુક્તિ પામેલા છે તેના માટે મોટો અવસર છે અને જેમને સુંદર સારી રીતે રહ્યા કરતી હતી તેના માટે, આજે અમે આટલું કહીને રસિકભાઈને માટે પ્રાર્થના કરીએ છીએ, સીમંધરસ્વામીને, કે ત્યાં એમને દષ્ટિફળ, સેવાફળ મળે અને દાદાના સાન્નિધ્યમાં એમની સેવાનો ખૂબ લાભ મળે અને આત્યંતિક મુક્તિ માટે પ્રયાણ કરે. મારા હ્રદયથી ખૂબ આશીર્વાદ છે.

જય સચ્ચિદાનંદ !!



૭

# મહાત્માવર્ય શ્રી રસિકભાઈને એમનાં ધર્મપત્ની રંજનબેનની સ્મરણાંજલિ



લગભગ ઘણા ખરા મહાત્માઓ તો રસિકભાઈને ઓળખે છે અને તેમને બધાને તેમનો સારો પરિચય હતો. પહેલાં તો અમારા પરિચય વિશે થોડું જણાવી દઉં. ૧૯૬૦માં હું મારા માતા-પિતા સાથે આફ્રિકાથી આવી હતી; લગ્ન માટે જ આવેલાં. ત્યારે બોમ્બેમાં મારા પિતાને કોઈએ બતાવ્યું ત્યારે ૨૦ વર્ષની ઉંમર હતી. તે જમાનામાં મા-બાપ નક્કી કરે એ પ્રમાણે વિવાહ થતા. અમે એકબીજાને મળ્યાં ત્યારે મારા સસરા, બાપુજી અને દાદા ભગવાન (જેમને અમે ત્યારે અંબાલાલકાકા કહેતા હતા), તેમણે પ્રસ્તાવ મૂક્યો કે આફ્રિકા પાછા જવાનું હોય તો અમારે નથી કરવું. એટલે મારા પિતાએ કહ્યું કે વાંધો નહીં, અહીં રહેશે.

મારા પિતાને ઘણા બધા સગાસંબંધીઓએ કહેલું કે બહુ નસીબદાર છે, બહુ સારું ખાનદાન ઘર મળ્યું છે. પણ રંજનબેનને તો તે વખતે ખ્યાલ પણ નહોતો કે સંસ્કારી ખાનદાન કુટુંબ કોને કહેવાય. જે ૬૦ વર્ષના લગ્નજીવન પછી સમજાયું કે કેટલી ભગ્યશાળી છું કે આ પરિવારમાં મારું જીવન ગયું.

રસિકભાઈ નામ પ્રમાણે શોખીન બહુ હતા. વાંચવાનો શોખ અને વાંચેલું યાદ પણ બધુ રહેતું. છોકરાંઓની દરેક બુક, પેપર, મૅગઝિન બધું જ વાંચતા. સ્પોર્ટ્સનો પણ એટલો જ શોખ હતો, અને પૌત્રોને પણ એમાં પ્રોત્સાહન આપતા. કપડાનો શોખ અને ખાવા ખવડાવવાનો બહુ જ આગ્રહ રાખતા. સાથે ઉમદા સ્વભાવ પણ એવો કે નોકરના છોકરાંને પણ કાયમ કહે કે ''ભણજે હું ફી આપીશ.'' અને તેમ કરતા પણ ખરા.

રસિકભાઈએ કોઈ દિવસ પતિપણું કર્યું નહોતું. મારી સાથે તો ઠીક પણ મારા પિયરમાં, મોસાળમાં કે મારી તરફના કોઈપણ સાથે અહંકારી વર્તણૂંક ક્યારેય નહીં. બધા સાથે બહુ પ્રેમથી રહ્યા અને બધાને એમની સાથે વધારે ગમતું. તેવી જ રીતે એમના બધા સગાઓ, ફ્રેંડ્સ અને મહાત્માઓ સાથે ખૂબ જ આદર ભાવથી રહ્યા.

અમારાં લગ્ન પછી રસિકભાઈને બે વર્ષ પછી જ દાદા ભગવાને જ્ઞાન આપેલું, અને રંજનબેનને પાંચ વર્ષ પછી. એટલે પહેલેથી જ દાદાને સમર્પિત થઈ ગયેલાં. રસિકભાઈ તો એક પગલું દાદાને પૂછ્યા વગર નહોતા ભરતા. શરૂઆતમાં રંજનબેનને અજુગતું લાગતું. જ્ઞાન આપ્યું ત્યારે તો કંઈ જ સમજ પડેલી નહીં. ખાલી દાદાને પગે લાગીને 'હું શુદ્ધાત્મા છું' એટલું જ બોલીને વિધિ કરતાં.

સ્કૂલમાંથી સીધા સંસારમાં પડ્યાં એટલે સાંજે બહાર ચાલવા જઈએ ત્યારે સમજાવે તો રંજનબેનને એમ થાય કે 'આ કેવું જીવન કે ઘરમાં હોય તો ય એ જ વાત અને બહાર જઈએ તો પણ એની એ જ વાત !' ત્યારે ક્યાં સમજ હતી કે 'તમે કહો જ્ઞાન તેમાં કક્કો એ હું જાણું નહીં, આ છે પ્રત્યક્ષ મોક્ષ બીજું કશું જાણું નહીં' અને 'માંગ્યા એવા વરસે મેહ, દાદા શરણે

મોક્ષ જ લઉં.'

રસિકભાઈ એવી વ્યક્તિ હતા કે કયારેય કોઈના દોષ જોતા જ નહીં. દાદા ભગવાન હાજર હતા ત્યારે પતિ-પત્નીના સામસામી પ્રતિક્રમણ કરાવતા. ત્યારે જ્ઞાન લીધેલું પણ રંજનબેનને બહુ ઊંડી સમજ નહોતી પડતી.

મહાત્માઓનો તો બહુ ઉપકાર છે અમારી ઉપર. પૂ. દાદા ભગવાનના દેહવિલય પછી અમે ૧૯૯૦માં પહેલીવાર અમેરિકા આવ્યાં. અમારો દીકરો, હર્ષિત ભણીને, લગ્ન કરીને સેટલ થયો ત્યાં સુધી અમે ઘર વસાવ્યું નહોતું અને મહાત્માઓએ અમને ઘરની આવશ્યકતા જ જણાવા નથી દીધી. કાયમ જાણે અમે જ ઘરના માલિક હોય તે રીતે રહ્યા છીએ. એમનો આભાર વ્યક્ત કરવા જેટલી મારામાં ત્રેવડ નથી.

આ બધાનો યશ રસિકભાઈને ફાળે જાય છે. કારણ કે એમને બધા માટે એકસરખો ભાવ હતો. આ બધા માટે હું મારા સસરા કાંતિભાઈ, તથા સાસુ ચંચળબાનો ખૂબ જ ઉપકાર માનું છું. જેમણે આવા પુત્રોને જન્મ આપ્યો હોય તે કેટલા સંસ્કારી અને ઉમદા સ્વભાવના હોય. અને મારી તો ખાસ દાદા ભગવાન અને કનુદાદાજીને પ્રાર્થના છે કે કાંતિભાઈ આપાભાઈનું નામ દીપાવે એવા આપણા ઘરના એક-એક વ્યક્તિને આશીર્વાદ આપે.

મને દાદા ભગવાનનું જ્ઞાન યથાર્થ સમજવામાં મહાત્મા રસિકભાઈનો અગત્યનો ફાળો છે. હું તો તેમની ઋણી છું. તેમને મારી હૃદયથી પ્રાર્થના છે કે મારાથી તેમની સાથે જે અજુગતું વર્તન થયું હતું તેની મને જ્યાં હોય ત્યાંથી માફી બક્ષે. વધારે તો કાંઈ લખવા માટે શબ્દ જ નથી. છેવટે એમના મૃત્યુ પહેલાં મેં પણ એમને પ્રાર્થના કરી કે મને એવા આશીર્વાદ આપો કે તમે જે રીતે તમારું જીવન બધાની સાથે જીવ્યા તે જ પ્રમાણે હું પણ મારું બાકીનું જીવન જીવી જઉં. તે માટે બધા મહાત્માઓને, મારા કુટુંબીજનોને, સગાસંબંધીઓને વિનંતી કરું છું કે બધા મને તેમનો સહકાર આપે.

પૂ. કનુદાદાજીના દેહવિલયના પંદર દિવસ પહેલાં જ મેં પૂ. મનહરબાને પૂછેલું કે આપણે બધા કયાં ઋણાનુબંધના હિસાબે ભેગાં થયાં છીએ ? કયા પુણ્યથી આવા પવિત્ર ઘરમાં મળ્યાં છીએ ? તો હવે આવતા ભવનું શું ? ત્યારે પૂ. મનહરબાએ જવાબ આપ્યો કે "દાદા ભગવાન તથા કનુદાદાજીએ મોક્ષે પહોંચાડવાની જવાબદારી લીધી છે એટલે આ ટોળામાં જ હોઈશું."

પૂ. દાદા ભગવાન, પૂ. બાપુજી, પૂ. ચંચળબા, પૂ. કનુદાદાજી, મહાત્મા રસિકભાઈ, પૂ. હીરાબા, મારાં પૂ. માતા-પિતા અને સાથે મનહરબા, મારો દીકરો હર્ષિત, બધા મારાં સગાંઓ, કાંતિભાઈ આપાભાઈના કુટુંબીજનોને આ રંજનબેનની એટલી પ્રાર્થના અને અરજી છે કે મારા ઉપર આપ સર્વેની કૃપા આશિષ નિરંતર વરસો, સીમંધરસ્વામી પ્રભુના ચરણ સુધી પહોંચતા સુધી.

એ જ.

લઘુતમ ભાવે રંજનબેનના નમસ્કાર ! નમસ્કાર ! નમસ્કાર !
જય સચ્ચિદાનંદ !!
તા.૩, ઑગસ્ટ, ૨૦૨૦. Ann Arbor(Michigan-USA)

# મહાત્માશ્રી રસિકભાઈ પ્રત્યે પ્રતિક્રમણ

ૐ

॥ નમો વીતરાગાય ॥

ૐ શ્રી સીમંધરસ્વામી વર્તમાન તીર્થંકર પરમાત્મને નમો નમઃ !

ૐ શ્રી દાદા ભગવાન વીતરાગ પરમાત્મને નમો નમઃ !

ૐ શ્રી કનુદાદાજી પ્રગટ પ્રત્યક્ષ જ્ઞાની પરમાત્મને નમો નમઃ !

પ્રત્યક્ષ દાદા ભગવાનની સાક્ષીએ પરમ પૂજ્ય પરમ ભગવદીય; શુદ્ધાત્મા ભગવાન ઉપાસક; દાદા ભગવાન દીક્ષિત, આજ્ઞાધારી, આજ્ઞાધીન અને આજ્ઞાંકિત મહાત્માવર્ય શ્રી રસિકદાદાના હે શુદ્ધાત્મા ભગવાન !

અમે, પરમ પૂજ્ય રસિકદાદાના સંતાનો અને સ્નેહી પરિવારજનો; સંગીઓ અને મિત્રજનો; દાદા ભગવાનના કૃપાપાત્ર અને પ્રગટ પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષ પરમ પૂજ્ય શ્રી કનુદાદાજીના કૃપાપાત્ર એવા સર્વે જય સચ્ચિદાનંદ સંઘના મહાત્માઓ-નિશ્ચય નિર્ણયથી; અમારાં મન-વચન-કાયા થકી થયેલા, અમારા આચાર અને વિચાર થકી ઉદ્ભવેલા, પરમ પૂજ્ય રસિકદાદા દેહધારીના, નામધારીના મન-વચન-કાયા પરત્વે બનેલાં, તેમજ થયેલાં; એવા અમારા સર્વ દોષો ઈત્યાદિની જાણ થયા ઉપરાંત અમારા ભ્રાંત સ્વચ્છંદ થકી અમારી જાતનું રક્ષણ કર્યા, કરાવ્યા, અને કર્તા પ્રત્યે અનુમોદ્યાના ચરમસીમ દોષોને જાહેર કરીએ છીએ. એ સર્વ દોષોના આલોચના, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન કરીએ છીએ... પરમ પૂજ્ય રસિકદાદાના હે શુદ્ધાત્મા ભગવાન ! અમને ક્ષમા કરો, ક્ષમા કરો, ક્ષમા કરો; અને ફરીથી આવા દોષો ઈત્યાદિ ક્યારેય પણ ન થાય તેવી આપ અમને પરમ શક્તિ આપો, શક્તિ આપો, શક્તિ આપો.

જય સચ્ચિદાનંદ !

"દાદા ભગવાનના અસીમ જય જયકાર હો !"


પ્રણવ અમીન

ઑક્ટોબર ૧૪, ૨૦૧૯

૧૬:૦૦ કલાકે - આસો વદ ૧, વિ. સં. ૨૦૭૫



# મહાત્મા શ્રી રસિકભાઈના પત્રો


દાદા ભગવાનના અસીમ જય જયકાર હો

Date: ૧૮-૩ ૧૯૮૭

ૐ

**દાદા ભગવાનના અસીમ જય જયકાર હો**

રસિકભાઈ કે. પટેલ,
7-Amherst way,
Princecton í™unction,
Ní™-08550-USA
(609)-275-5853
તા: ૨૧.૪.૧૯૯૫

મહાત્મા પૂ. શ્રી જશુભાઈ,

રસિકભાઈના શુદ્ધાત્મભાવથી જય સચ્ચિદાનંદ.

અહીં આવેલા આપ્તપુત્ર દ્વારા જાણ્યું કે આપના પગે ઑપરેશન કરાવ્યું છે અને પગનો થોડોક ભાગ કાપવો પડ્યો છે; જાણી અહીં સર્વે મહાત્માઓને ખૂબ જ દુઃખ થયું છે.

આવી પડેલું આ ઉદયકર્મ આપ પ. પૂ. દાદા ભગવાન થકી પામેલા જ્ઞાનમાં રહીને જ તથા પૂ. દાદાના નિદિધ્યાસનમાં રહીને જ સમતાપૂર્વક વેદો છો તેમાં જરાય શંકા નથી.

પ. પૂ. કૃપાળુદેવના પુસ્તકોનો અત્યંત ભક્તિપૂર્વક હૃદયપૂર્વક સ્વાધ્યાય કરતાં પરોક્ષરૂપે પૂ. કૃપાળુદેવનો અનુભવ કરતાં અને ભક્તિ કરતાં-કરતાં, સ્વાધ્યાયના ફળરૂપે પ. પૂ. દાદા ભગવાનનો ભેટો થતાં જ પૂ. દાદા ભગવાન થકી આપે શુદ્ધાત્મ અનુભવ જ્ઞાન પ્રાપ્ત કરી નિરંતર તેમાં જ લીન થઈ, રમણતા કરી નિજાનંદ પ્રાપ્ત કર્યો. પૂ. દાદા થકી આત્મ અનુભવ જ્ઞાન પ્રાપ્ત કરીને, પૂ. દાદા ભગવાન પ્રત્યેનો "અહોભાવ" પ્રગટ કરતાં જે જ્ઞાન ભક્તિના પદો રચ્યાં છે તે જ્ઞાન લીધા પહેલાં તથા જ્ઞાન લીધા પછીની આપની અંતરદશાનું સચોટ કથન છે.

અતિ-અતિ દુર્લભ એવા આત્મજ્ઞાની પૂ. દાદા ભગવાનની પ્રાપ્તિ પછી, જે આત્માનુભવજ્ઞાન પ્રાપ્ત થયું તે પરમ ઉપકારનો પ્રતિઉપકાર વાળવા સર્વથા આપણે અસમર્થ છીએ. પૂ. દાદા ભગવાનની પ્રત્યક્ષ ચરણવિધિ પછી હૃદયના ઊંડાણમાંથી આત્માને સ્પર્શીને પૂ. દાદા ભગવાન પ્રત્યેનો 'અહોભાવ' પૂ. કૃપાળુદેવની પંક્તિઓ દ્વારા આપના મુખેથી પ્રગટ થાય છે- તેમાંની છેલ્લી પંક્તિઃ

"દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત,
આ જ્ઞાનીના ચરણમાં હો વંદન અગણિત,
આ દાદાના ચરણમાં હો વંદન અગણિત" !!

।।દાદા ભગવાનના અસીમ જય જયકાર હો....

દાદા ભગવાનના અસીમ જય જયકાર હો।।

"દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત........." આ પંક્તિથી આપ પૂ. દાદાના જ્ઞાનમાં નિરંતર રહી, ઉપયોગમાં રહી, પૂ. દાદાના નિદિધ્યાસનમાં રહી, દેહાતીત દશાનો અનુભવ કરવાનો પુરુષાર્થ કરી રહ્યા છો. તે અનુભવ દશા આપના અત્યારના સંજોગોમાં પૂ. દાદાનો અને પૂ. દાદાના જ્ઞાનનો નિરંતર અનુભવ કરવામાં અત્યંત ઉપકારી બની રહેશે.

રસિકભાઈ ૧૯૭૮નો પોતાનો અનુભવ લખે છે- પોતાનો અહંકાર વ્યક્ત કરવા નહીં, પરંતુ પૂ. દાદાનું અનુભવજ્ઞાન કેટલું બધું ક્રિયાકારી છે તે દર્શાવવા લખાય છે.

૧૯૭૮માં રસિકભાઈ શ્વાસની તકલીફથી મરણપથારીએ વેદનામાં પીડાતા હતા. ત્યાં જ દાદા હાજર થયા અને કહ્યું કે, "શા માટે પીડાવ છો ? આત્માનું અનંતસુખ છે. તેમાં ઉપયોગ રાખો." અને તે પછી રસિકભાઈની આખી રાત ફક્ત દાદાના જ્ઞાનમાં, પૂ. દાદાના નિદિધ્યાસનમાં, શ્રી સીમંધરસ્વામીના નિદિધ્યાસનમાં, પૂ. દાદાના મહાત્માઓને નમસ્કાર કરવામાં વીતી, ચિત્તને મન, વચન, કાયાથી વિમુખ કરી-શુદ્ધાત્મામાં પરોવી. શ્વાસનું દુ:ખ ક્યાં ગયું તે જ ખબર ના પડી ! મન, વચન, કાયાનો ઉપયોગ સર્વ પ્રકારના દુ:ખનું કારણ છે અને આત્માનો ઉપયોગ સર્વાંશે સુખનું કારણ બને છે, તેનો અનુભવ થયો.



'દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત' ની દશામાં રહેવાનો આપનો પ્રખર પુરુષાર્થ છે, તેને અમારા નમસ્કાર છે. અમને પણ આપના જેવો જ્ઞાનમાં નિરંતર રહેવાનો પુરુષાર્થ પ્રાપ્ત થાઓ, એ જ ભાવના.

સર્વે શાસન દેવ-દેવીઓને અમારી અત્યંત ભક્તિપૂર્વક પ્રાર્થના કે તેઓ આપનું રક્ષણ કરે અને આપને નીરોગી દીર્ઘાયુ બક્ષે જેથી આપના પૂ. દાદા ભગવાનના સત્સંગથી અનેક મુમુક્ષુઓનું કલ્યાણ થાય તથા સર્વે મુમુક્ષુઓ પૂ. દાદાનું આત્મ અનુભવનું જ્ઞાન પામે.

દા. રસિકભાઈ તથા સર્વે ન્યુજર્સી અને ન્યૂયોર્કના મહાત્માઓના અત્યંત ભક્તિપૂર્વક જય સચ્ચિદાનંદ.

તારીખ : ૨૩-૫-૮૪

વડોદરા.

શ્રી સુરેશભાઈ, સૌભાગ્યવતી ઈલાબેન, ચિરંજીવી મોનિકા, ચિરંજીવી અનિતા.

વિશેષ ઘણા વખતથી પત્ર લખવો હતો. પણ લખી શક્યો નથી. કુશળ હોઈ સર્વેની કુશળતા ઈચ્છીએ છીએ. ચિરંજીવી અનિતા, ચિરંજીવી મોનિકા કુશળ હશે તથા નિયમિત અભ્યાસ કરતી હશે. તેઓને અમારાં વહાલ.

પત્ર લખવાનું ખાસ પ્રયોજન તો એ છે કે પૂજ્ય દાદા હાલ અમેરિકા સત્સંગ આપવા તથા જીવનનાં અનેક રહસ્યોનો કેવી રીતે વ્યવહારમાં રહીને ઉકેલ આવી શકે તેની સમજ આપવા પ્રવાસ કરી રહ્યા છે, તે તો તમને હવે ખબર હશે જ. તેઓશ્રી તારીખ ૧૬ થી ૧૯ જૂન ૧૯૮૪ના રોજ ડૉ. કપિલભાઈ, રામચંદ્ર પટેલ તથા ડી. વાઘેલાને ત્યાં ડેટ્રોઈટ આવશે. મેં તેઓશ્રીને (તથા રંજને પણ ખાસ આગ્રહપૂર્વક) વિનંતી કરી છે અને તમારો પત્ર પણ વંચાવ્યો છે, કે તમારો ખાસ આગ્રહ છે કે પૂજ્ય દાદા એક દિવસ તમારે ત્યાં રહે અને એક દિવસ સત્સંગનો લાભ આપે. ત્યાં ડૉક્ટર કપિલભાઈને મળી આ બાબતનો ખુલાસો કરાવી લેશો. પૂજ્ય દાદાએ જણાવ્યું હતું કે “અમે ઘરે જઈશું”. તો જરૂરથી આ સમયે જ્ઞાન લેવાનું ચૂકશો નહીં. આવી તક ફરી-ફરી આવવી મુશ્કેલ છે. ગયા વખતે તમારે બહાર જવાનું થયું હતું એટલે જ્ઞાન ના લઈ શક્યાં પણ આ વખતે જે થવાનું હોય તે થાય પણ તક ના ચૂકશો એવી અમારી ખાસ વિનંતી છે.

જ્ઞાનવિધિ એ શું છે? તેની થોડીક સમજ હું અત્રે આપું છું.

આ જગતમાં મોક્ષ મળવો સહેલો છે પણ મોક્ષદાતા પુરુષની પ્રાપ્તિ દુર્લભ છે. મોક્ષ એટલે સર્વ દુઃખમાંથી મુક્તિ. સર્વ ચિંતાઓથી મુક્ત થવું. મોક્ષદાતા પુરુષ એટલે પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષ જેને આ સંસારની કોઈપણ ચીજ જાણવાની બાકી નથી. સર્વ શાસ્ત્રોનો નિચોડ(સાર) તેમનાં વાણી, વર્તન અને વિનયમાં છે. જેને કોઈ શાસ્ત્ર આરાધવાનું રહેતું નથી. તેમના જીવનની હરેક ક્ષણ એક શાસ્ત્ર જ છે. તેવા જ્ઞાનીપુરુષ પૂજ્ય દાદા આજે સામે ચાલીને તમારે ઘરે પધારે છે. તેમનામાંથી જેટલું લૂંટાય એટલું લૂંટજો. તે ખાલી થવાના નથી. લૂંટવાનો લાભ આપણને જ મળવાનો છે.

પૂજ્ય દાદા જ્ઞાન આપતી વખતે મન, વચન, કાયાની અર્પણતા કરાવે છે અને એક કલાકની જ્ઞાનવિધિમાં એ જે બોલાવે છે તે અક્ષરે અક્ષર વિકલ્પ કર્યા વગર, બુદ્ધિ ચલાવ્યા વગર આપણે બોલવાનું રહે છે. આ આખી એક કલાકની જ્ઞાનવિધિ એક વિજ્ઞાન છે અને તે વિજ્ઞાનપ્રયોગથી આત્મા( soul) અને અનાત્મા (Mind, Body and Speech) જુદા થાય છે. ગુણધર્મે કરીને છૂટાં પડે છે. દરેક તત્ત્વ, ચેતન કે અચેતન ગુણધર્મ સહીત જ હોય છે. તેના પોતાના સ્વાભાવિક ગુણધર્મો હોવાને કારણે તે છૂટાં પડી શકે છે. અજ્ઞાને કરીને જે એકાકાર થઈ ગયા હતા (આત્મા અને અનાત્મા) એટલે જે કાંઈ સાંસારિક કે બીજી કોઈ ક્રિયા થાય છે તેમાં પોતે અહંકાર કરે છે અને બોલે પણ છે કે “આ મેં કર્યું” - “મેં આવું કર્યું તો આનું પરિણામ આમ આવ્યું.” કયા સંજોગોના આધારે સર્વ ક્રિયાઓ થાય છે તે નહીં જાણવાથી ફક્ત અજ્ઞાને કરીને અહંકારથી આમ બોલે છે. આ જ ભ્રાંતિ છે. અને અજ્ઞાનમાં ભ્રાંતિરસને લીધે જ જીવનની હરેક ક્રિયામાં પોતે જ કર્તા છે તેવું

માની બેસે છે. નૈમિત્તિક રીતે બોલી શકાય પણ આ તો સાચે જ બોલે છે અને તે પ્રમાણે વર્તે પણ છે. પણ જ્યારે તેને ખબર પડે છે કે પોતાનું ધારેલું જ્યારે નથી થતું ત્યારે બોલે કે ભગવાન મારા પર રાજી નથી. અથવા મારા સ્ટાર્સ (ગ્રહો) favorable નથી વિગેરે. તે વખતે પોતે કર્તા છે તેમ કેમ નથી માનતો ? આવી લાચાર દશામાં-પોતાની સત્તા ક્યાં છે તે ખબર ન હોવાથી, આખું જગત માર ખાય છે. આ ભૂલભૂલામણીમાંથી નીકળવાનો રસ્તો ખોળે છે. કોઈ શાસ્ત્રો વાંચીને, કોઈ ભક્તિ કરીને, કોઈ કથા સાંભળીને વિગેરે ઉપાયોથી નીકળવા પ્રયત્નો કરે છે, પણ થોડીક શાંતિ મળે તેટલું જ. આ પ્રયત્નોથી પોતે કોણ છે તે જાણી શકાતું નથી. છૂટી શકાતું નથી એ તો જે છૂટ્યા છે, જે તરી ગયા છે એવા પુરુષનું શરણું લઈએ.

પ્રત્યક્ષ જ્ઞાનીનો ભેટો થાય તો જ ઉકેલ આવે અને આપણને મુક્તિ મળે. પછી આ સંસારમાં રહેવા છતાં કાંઈ જ તેને સ્પર્શતું નથી. કારણ કે જ્ઞાનીપુરુષ તેને કર્તાપદની ભ્રાંતિમાંથી છોડાવે છે.

જ્યાં પોતે નથી ત્યાં આરોપ કરવો એ જ મોટું અજ્ઞાન. ઈલાબેન એ રિલેટિવ છે-પરમૅનેન્ટ નથી, ત્યાં જ કહેવું કે "હું જ ઈલાબેન", એ જ મોટું અજ્ઞાન-અને તેમાંથી જ બધી જાળ જંજાળ ઊભી થાય. "આ મારું અને આ મેં કર્યું" - અજ્ઞાને કરીને તમારામાં રહેલી બે વસ્તુ ચેતન(soul) અને અચેતન(Body, Mind વિગેરે) તમને એક ભાસે છે અને તેમાંથી થઈ રહેલી હરેક ક્રિયાના તમે માલિક બનો છો. અને આ અજ્ઞાન પ્રક્રિયામાંથી જાત-જાતના અનુભવો થાય છે જેવા કે Tension, Conflict, Fear, Anger, Greediness, Passion વિગેરે. ટૂંકમાં, સર્વ દુઃખનું ઉદ્‌ભવસ્થાન-Starting Point અજ્ઞાન છે. પોતે કોણ છે તે નહીં જાણવાથી સર્વ દુઃખો ઊભા થાય છે.

પ્રત્યક્ષ જ્ઞાની પાસેથી જ્ઞાન લેવાથી અજ્ઞાનનો નાશ થાય છે. અજ્ઞાન એટલે To not to know or realise ourself. સૅલ્ફ એટલે Soul-ચેતન, આત્મા. અનાત્મા એટલે સેલ્ફ વગર સર્વ વસ્તુ બૉડી, માઈન્ડ, સ્પીચ, આ બધુ અનાત્મા- અચેતન. આ બંનેના સંસર્ગ(only contact)થી જ વિભાવિક દશા ઉત્પન્ન થાય છે જે ભ્રાંતિ સર્જે છે. જો આત્મા અને અનાત્મા really એક જ થઈ ગયાં હોત જેવું કે compound સ્વરૂપે, તો ક્યારેય છૂટાં ના પડી શકત, પણ તેવું નથી તે બંને ફક્ત સંસર્ગથી જ એક જુદી જ દશાનું જીવન જીવે છે અને દુઃખી થાય છે.

આ ભ્રાંતિરસથી ચોંટેલાં આત્મા અને અનાત્મા જ્ઞાનીપુરુષ પૂજ્ય દાદા જ્ઞાનવિધિથી છૂટાં પાડી આપે છે. એટલે કે જ્યાં અત્યાર સુધી અજ્ઞાન હતું ('હું' અને 'મારું') ત્યાં પ્રજ્ઞા (એટલે રીયલ વિઝન) નાખી આપે છે. એટલે Line of demarcation કરી આપે છે કે આ relative(અનાત્મા) અને આ real(આત્મા). આ ઈલાબેન એટલે અનાત્મા વિભાગ-ઈલાબેનના નામની સર્વ માયા તથા તેમાંથી ઉત્પન્ન થતાં સર્વે કર્મો તે relative. અને real એટલે ઈલાબેનમાં રહેલો શુદ્ધ આત્મા-ચેતન જે ક્યારેય નાશ નથી પામતો. જે અમર, અવિનાશી છે તે. આ બંને સ્વતંત્ર તત્ત્વો છે અને બંનેના સ્વતંત્ર ગુણધર્મો છે. જ્ઞાન મળ્યા પછી ચેતનના ગુણધર્મો જાણવાથી ફક્ત તેમાં જ રહેવાય છે. અને સંસારમાં રહેતાં, હરેક કાર્યો કરતાં અને તેનાં પરિણામો ભોગવતાં જાગૃતિ રહે છે. ચેતનની પ્રતીતિ, અનુભૂતિથી હરેક ક્રિયામાં અલિપ્ત રહેવાય છે, જાણી શકાય છે, છતાં તેમાં એકાકાર થવાતું નથી. કારણ real visionથી બધી જ ક્રિયાઓના તમે(આત્મા) ફક્ત જ્ઞાતા છો,

જાણકાર છો.

જ્ઞાન લીધા પછીની હરેક ક્રિયામાં જો આપણો ઉપયોગ આત્મામાં રાખીએ એટલે કે પૂજ્ય દાદા જ્ઞાન આપ્યા પછી જે પાંચ આજ્ઞાઓ આપે છે તે લક્ષમાં રાખીએ તો સંસારની કોઈ ચીજ આપણને સ્પર્શતી નથી. અજ્ઞાન હતું ત્યારે જે ક્રિયાઓ અહંકારથી થતી હતી-એટલે બંધન હતું, તે જ ક્રિયાઓ જ્ઞાન લીધા પછી-આત્મા અને અનાત્માના ભેદ જાણ્યા પછી અહંકાર રહિત થાય છે એટલે બંધન નથી. જ્ઞાન લીધા પછીની બધી જ સાંસારિક ક્રિયાઓ પૂજ્ય દાદાની પાંચ આજ્ઞામાં રહેવાથી dramatic રીતે ભજવાય છે. જેમ dramaમાં કામ કરી રહેલો એક actor પોતે રાજાનું પાત્ર ભજવે પણ અંદરખાનેથી જાણે કે તે પોતે રાજા નથી. આ તો ફક્ત રાજાનો ભાગ ભજવે છે. તેવી રીતે જ્ઞાન લીધા પછી આત્માની જાગૃતિ વધવાથી-તેમાં જ ઉપયોગ રાખવાથી, પૂજ્ય દાદાની પાંચ આજ્ઞાનું આરાધન કરવાથી સંસારની સર્વે ક્રિયાઓ dramatic લાગે છે. આત્મા તેનો જાણકાર (જ્ઞાતા-દૃષ્ટા) અને જોનાર છે.

જ્ઞાન લીધા પછીનું જીવન એક જુદું જ હશે. તેમાં આનંદ હશે, ઉપાધિ વગરનું, આધિ-વ્યાધિ વગરનું જીવન હશે. અનંત સુખ (permanent happiness)હશે. જીવનની વાસ્તવિકતા સમજાશે-જીવનની ઉપયોગીતા સમજાશે.

આ જગત કેવી રીતે ચાલે છે ? કોણ છે આ જગતનો ચલાવનાર ? ભગવાન કોણ છે ? આ બધી જ વસ્તુના ફોડ પૂજ્ય દાદા જ્ઞાન આપતી વખતે કરી આપે છે. તમે પોતે જ ભગવાન છો. પણ પોતે કોણ છે તે નહીં સમજવાથી ફસાયો છે. આપણી અંદર બેઠેલા ભગવાન(soul)નું સ્વરૂપ આવરણવાળું છે. આવરણવાળું એટલે કે એક લાઈટનો બલ્બ હોય તે પ્રકાશ આપે છે પણ તેને એક પર એક એવાં ઢાંકણાંથી પૂરી દઈએ તો પ્રકાશ આપતો બંધ થશે. એટલે કે તેનો પ્રકાશ ઢાંકણાને લીધે આવરાઈ ગયો, એટલે દેખાતું નથી, અંધારું થઈ જાય છે; તેથી કરીને પ્રકાશ નથી એમ ના કહેવાય. કોઈ ઢાંકણ એક પછી એક ઊઠાવી લે તો બધે જ પ્રકાશ ફેલાય. અને બધી જ વસ્તુ જેમ છે તેમ દેખાય. તેવી રીતે આપણી અંદર રહેલા ભગવાન (soul) પર આવરણ છે-અજ્ઞાનથી-અને તેમાંથી ઉત્પન્ન થયેલાં કર્મો અને તેની અસરથી આપણા આત્માનું-આપણામાં રહેલા ભગવાનનું, જેવું છે તેવું સ્વરૂપ સમજાયું નથી. તેમાં રહેલો પ્રકાશ કર્મોના આવરણને લીધે (આપણા પોતાના deedsને લીધે) ફેલાતો નથી એટલે ઠોકરો ખાવી પડે છે. એક વખત જો અજવાળું થઈ જાય તો ઠોકર ના ખાવી પડે. કોઈની સાથે conflict ના થાય-વાદવિવાદ ના થાય, અજંપો-કઢાપો ના થાય, ચિંતા ઉપાધિ ના થાય, દુઃખો ઊભા ના થાય, ક્રોધ ના થાય, મોહ ઉત્પન્ન ના થાય. ટૂંકમાં જ્યાં અજવાળું થયું કે અંધારું દૂર થઈ જાય-જગત જેમ છે તેમ સમજાય. કોઈ દોષિત ના દેખાય. આત્માનો પ્રકાશ જો એક વખત આવરણ (barriers)માંથી નીકળે તો જગતમાં કોઈ દોષવાળો દેખાય જ નહીં, બધાં જ નિર્દોષ દેખાય અને સર્વ દુઃખની મુક્તિનો ઉપાય ફક્ત જગતને નિર્દોષ જોવામાં જ છે. અને પૂજ્ય દાદા થકી તે દૃષ્ટિ (નિર્દોષ દૃષ્ટિ) પ્રાપ્ત થાય છે.

લખવાનો તો કાંઈ પાર નથી. પણ આશા છે કે ટૂંકમાં જે કાંઈ સમજાવ્યું છે તેનાથી ખ્યાલ આવી જશે કે દાદા શું આપવા માંગે છે?

આશા છે કે આ વખતે તમે બંને તથા તમારા મિત્રમંડળ કે સગાંઓને આ જ્ઞાનનો લાભ અપાવશો; અને તમે પોતે પણ લેશો જ.

પૂજ્ય દાદાને ઘણાં બધાં ઠેકાણે જવાનું હોવાથી અને ઘણાંને સત્સંગ આપવાનો હોવાથી ફક્ત ત્રણ દિવસ detroit રહેશે. તો ત્રણેય દિવસ પૂરો લાભ લેશો, સમય ના ગુમાવશો.

જ્ઞાન લીધા પછીના પાંચ આજ્ઞાના બધા જ ખુલાસા પૂછી લેશો. કારણ કે જેટલો લાભ તેમની પ્રત્યક્ષ હાજરીથી મળશે તે મારા લખવાથી કે ખુલાસા કરવાથી નહીં મળે. ભાષામાં અમુક શબ્દો આવે જેનાથી તમે અપરિચિત હો તે સ્વાભાવિક છે. તો જે કાંઈ શબ્દોના અર્થ ના સમજાતા હોય તે તેઓશ્રીની પાસેથી દાખલા સાથે સમજી લેશો. તો ઘણો ફાયદો થશે.

પછી પત્રથી સત્સંગ વધુ થશે.

એ જ, અત્રે સર્વે કુશળ છે. ચિ. હર્ષિતની પરીક્ષા પૂરી થઈ અને પાસ થઈ ગયો છે. હવે std. VIII માં આવ્યો છે. અત્યારે રજાઓ છે. જુલાઈની પહેલી તારીખે સ્કૂલ ખુલશે. તમને બધાંને ખાસ યાદ કરે છે. રંજને સર્વેને યાદ આપી છે.

પૂજ્ય કાંતિભાઈ ત્યાં ફરવા આવવા વિચાર કરે છે એવું તેઓનો આજનો પત્ર આવ્યો તેમાં જણાવે છે.

એ જ કામકાજ લખશો. તમે પૂજ્ય દાદા પાસેથી જ્ઞાન લો અને તે જ્ઞાન પરિણામ પામી તમે આદર્શ જીવન જીવી, સર્વ દુ:ખોમાંથી મુક્તિનો અનુભવ કરી, પોતાના જ સ્વરૂપમાં (આત્મામાં) રહી પરમાનંદને પામો એ જ શુદ્ધાત્મભાવથી અમારી ભાવના.

પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષનું યોગબળ સારા જગતને સુખ અને શાંતિ આપે એ જ ભાવના સાથે રસિકભાઈના શુદ્ધાત્મભાવે અત્યંત ભક્તિથી નમસ્કાર.



તા. ૧૮-૩-૧૯૮૭

**દાદા ભગવાનના અસીમ જય જયકાર હો !**

શ્રી સુરેશભાઈ તથા સૌ. ઈલા, ચિ. અનીતા, ચિ. મોનીકા.

લી. રસિકલાલના જય સચ્ચિદાનંદ

વિ. તમારો પત્ર વાંચી આનંદ થયો. પૂ. બા, બાપુજી ત્યાં આવશે એટલે મળીને આનંદ થશે.

ત્યાં સર્વેની તબિયત સારી હશે. ચિ. અનીતા, ચિ. મોનીકાને વહાલ. ચિ. અનીતા છ Gradeમાં પાસ થઈ તે બદલ congratulations. બન્ને ખૂબ ભણે અને આગળ વધે એ જ ભાવના તથા આશીર્વાદ. પૂ. કાકાજી તથા પૂ. મોટીબેનને અમદાવાદ ગયો ત્યારે મળ્યો હતો; તબિયત સારી છે. અને અમેરિકા આવવાની તૈયારી કરે છે. તેમના એક મિત્ર આંખના ડૉક્ટર મુંબઈ-બોરીવલીમાં છે, ડૉ. યોગેશ શાહ-તેમનું સરનામું આપ્યું છે. અમે મુંબઈ જઈશું ત્યારે જઈશું.

પૂ. દાદાનો સત્સંગ ત્યાં નિયમિત કરો છો એ જાણી આનંદ થયો. કૅસેટો જે અહીંથી ટેપ કરીને લઈ ગયા છો, તે બરાબર થઈ હશે. તમે પ્રત્યક્ષ સત્સંગ કર્યો છે એટલે આ કૅસેટો સાંભળવામાં વધુ આનંદ આવશે.

બીજા સંતો, આચાર્યો, ધાર્મિક પ્રવચનકારો તથા ઉપદેશકોમાં અને પૂ. દાદામાં ઘણો ફરક છે. સંતો, આચાર્યો, ઉપદેશકો, પોતાની વાણીમાં, જે થઈ ગયું છે - ઘટનાઓ બની ગઈ છે તેમાંથી સમાજના વર્ગને નૈતિકતામાં લાવવા માટે રામાયણ - મહાભારત જેવા ગ્રંથોમાંથી દૃષ્ટાંતો ટાંકી લોકોને તે પ્રમાણે આચરવાનો ઉપદેશ કરે તે બહુજન સમાજ માટે આ ઘણું જ ઉપયોગી છે. અને આવા મહાત્માઓનાં પ્રવચનો ના સાંભળે તો લોકો આડે માર્ગે ચાલે. એટલે સમાજ નૈતિક મૂલ્યોનું આચરણ કરે તે અર્થે આ માર્ગ છે, અને તેમાં પણ સાચા માર્ગે લઈ જનારા સાચા સંતો હોવા જોઈએ.

જયારે પૂ. દાદા જે સત્સંગ કરે છે તે બિલકુલ મૌલિક છે. તે ઉપદેશ નથી આપતા. ફક્ત દેશના કરે છે. તેમનું જ્ઞાન નવું નથી, પણ દેશના આપવાની - સત્સંગ કરવાની પોતાની આગવી શૈલી છે, જે મૌલિક છે. શાસ્ત્રમાં શોધવા જતાં ના મળે. શાસ્ત્રમાંના શબ્દનો શાસ્ત્રની રીતે અર્થ કરવા જઈએ તો વધુ ગૂંચવાડો ઊભો થાય. એક તો ગૂંચવાડામાં હતો અને તેમાં શાસ્ત્રનો અર્થ કરી વધુ ગૂંચાયો ! પૂ. દાદા પોતાની ભાષામાં - સીધી સાદી ભાષામાં જે સાંભળનારને, આત્માનો સ્પર્શ કરાવે તેવી વાણીમાં પાયાની સમજ આપે જે ખૂબ જ વેધક હોય; શબ્દનો અર્થ ના કરે - પરમાર્થ કરે- શબ્દનાં કેટલાંય પડળ (Layers) હોય જે એક પછી એક ઉકેલી મૂળમાં લઈ જાય. જે સમજવા માટે આપણામાં અનંત શક્તિ પડેલી છે પણ આવરણવાળી હોવાથી સમજવામાં મુશ્કેલી પડે છે. તેને દાદા તોડી આપે છે.

પૂ. દાદાનું સ્વરૂપજ્ઞાન લીધા પછી-પાંચ આજ્ઞા પાળવાથી અનંત શક્તિઓ ખીલી ઊઠે છે. દાદાની ફક્ત પાંચ આજ્ઞાનું નિષ્ઠાપૂર્વક પાલન કરવાથી પૂ. દાદાની વાણી સમજવામાં અંતરનાં કમાડો ખૂલી જાય છે. જ્યારે તેઓના પરમ સત્સંગમાં જે કોઈ ના સમજાતા પ્રશ્નો પૂછીએ તો તેના ખુલાસા થઈ જાય છે. એમ કહો કે પૂ. દાદાની મૌલિકતા તમારામાં

પ્રવેશે છે અને ભલે તમે સમજાવી શકવામાં સફળ ના રહો પણ તમે સંપૂર્ણપણે સમજો છો અને મૌલિક્તા અનુભવો છો.

સાધુ, સંતો, આચાર્યો બધાને જે ઉપદેશ આપે છે, તેમાં કરવાપણું હોય છે. તેઓ કહે કે આમ કરો - તેમ કરો - સત્ય બોલો, નૈતિકતા રાખો - ચોરી ના કરો - અધર્મ ના આચરો વિગેરે - ઉપદેશ આપે. એ ખોટું નથી પણ કયા આધારે કોઈપણ વ્યક્તિ તે કાર્ય કરી રહી છે તેના મૂળમાં જતા નથી; તેઓ વૃક્ષનાં ડાળ કાપવાની વાત કરે છે. ડાળ કાપશો તો ફરી ઉગશે જ, પણ મૂળમાં ઘા કરવાની વાત ના કરે. જે પરિણામરૂપે ફળ આપવા સન્મુખ થયું છે તેને કેવી રીતે ખસેડી શકાય ? એવું કાંઈ કરવું જોઈએ જેથી આવાં પરિણામ ના ઉત્પન્ન થાય. આ તો બધા effect ને (એટલે પરિણામને) ધક્કો મારવા કહે છે. તેને હડસેલવા પ્રયત્ન કરવાનો કહે છે. પણ તે effect કયા causeમાંથી (બીજમાંથી) થઈ તે જાણતા નથી. અને એ Cause બંધ કરવા શું કરવું તે જાણતા નથી, કારણ કે કર્તાભાવમાં રહે છે. સંસારનો દરેક જીવ પોતે નાખેલા બીજનું (Cause) પરિણામ (effect) ભોગવે છે. - અને આ જ કારણે જે પ્રકૃતિ પોતે સાથે લાવે છે, તેના આધારે બીજાને દોષિત જુએ છે. આ દૃષ્ટિદોષ કોણ કાઢી આપે ?

જ્યારે પૂ. દાદા સ્વરૂપનું જ્ઞાન આપે છે ત્યારે જ Causes અને effect શું છે(કારણ-કાર્ય) તે સમજાય અને દૃષ્ટિદોષ નીકળે. દિવ્યચક્ષુ મળે - જ્ઞાતા-દૃષ્ટાપણું મળે ત્યારે સામાના દોષ ના દેખાય. એટલે તો દાદા કહે છે કે ‘‘આખું જગત ઉદયાધીન વર્તે છે (એટલે નાખેલાં Causeની effect ભોગવે છે) એટલે તો આખું જગત અમને નિર્દોષ દેખાય છે.’’ અને જ્યારે જગત નિર્દોષ દેખાય ત્યારે ભગવાન થવાય. ત્યારે અંતરાત્મા પ્રગટ થઈ પરમાત્મા થાય.

એટલે પૂ. દાદાની મૌલિકતા તેઓએ આપેલા જ્ઞાનમાં તથા તેઓશ્રીની પાંચ આજ્ઞામાં વર્તવા-પાલન કરવામાં અનુભવાશે - શાસ્ત્રોમાંથી નહીં.

જગતના મનુષ્યો, શું ના કરવું અને શું કરવું તે સમજે છે. આ બાબતમાં તેઓને ઉપદેશકો તથા સંતોના ઉપદેશની જરૂર નથી. પણ ઉપાય શું છે તેની ખબર નથી. સંતોને પણ ખબર નથી. એ તો ફક્ત પ્રત્યક્ષ અનુભવી જ્ઞાનીપુરુષ જ બતાવી શકે કે જેણે અનુભવની એરણ પર હથોડા મારી ચકાસી જોયું છે, કલદારનું જેણે તારણ કાઢ્યું છે.

આવા જ્ઞાનીપુરુષનો ભેટો આપણને આ કાળમાં થયો તે આપણી મહા પુણ્યાઈ છે. આપણે તેઓએ આપેલા જ્ઞાનનો ઉપયોગ આપણા જીવનમાં-રોજીંદા વહેવારમાં કરીએ અને જ્ઞાતાદૃષ્ટા રહી-સ્વાનુભવમાં જ જીવન વીતાવીએ તે જ ભાવના સાથે.

રસિકલાલના શુદ્ધાત્મભાવથી નમસ્કાર, જય સચ્ચિદાનંદ.

---------------------------------------------------

ચિ. બેન ઈલા, શ્રી સુરેશભાઈ.

જય સચ્ચિદાનંદ.

તમારો પત્ર મળ્યો, વાંચી આનંદ થયો. ચિ. અનીતા, મોનીકા મઝામાં હશે. હવે તો બા-બાપુજીની આવવાની રાહ જોતાં હશો. ગયા વર્ષે તો આ ટાઈમે બધાં અહીં હતાં. અત્યારે કોઈ નથી. બા નહીં, પૂ. દાદા પણ મુંબઈ અહીંથી ગયા પછી અમદાવાદ એકદમ તબિયત બગડી. ત્યાંથી સીધા મુંબઈ ગયા અને હવે અમેરિકા આવતા સુધી ત્યાં જ રહેવાના છે. આ વખતે તો લંડન એક દિવસ ઊતરીને આવવાના છે.

હવે સુરેશભાઈએ જોયા એના કરતાં બહુ ફેર છે. અત્યારે તો સાંજે એક જ કલાક સત્સંગ રાખે છે. સવારે અને બપોરે તો બધાં આવે એને દર્શન કરીને જવાનું જ કહે છે. વિધિ પણ નથી કરાવતા. બહારગામના હોય એને જ કરવાની. રોજના હોય એને તો પગે લાગીને જ જવાનું. સુરેશભાઈને આ વખતે સારો લાભ મળ્યો. મને એમ હતું કે આટલી બધી ધમાલમાં સુરેશભાઈને નહીં મળે. પણ અમૂલ્ય લાભ મળ્યો. નહીંવત્ ચીજો કરતાં આ તો પરમ સુખ પ્રાપ્ત થયું, તેથી અમને પણ ઘણો જ આનંદ થયો. તમારે લીધે બીજા મહાત્માઓને પણ સારો લાભ મળ્યો. આપ્તપુત્રો યાદ કરે છે કે આવો સત્સંગ તો અમે ક્યારેય સાંભળ્યો નહોતો.

અત્યારે તો દાદા પાસે કોઈને બેસવા પણ નથી દેતા. અમે ગયા અઠવાડિયે બે દિવસ મળવા ગયા હતાં. બહુ વાતો કરી, ઘેર જવા જ ના દીધાં. ડૉક્ટરને બતાવવા (આંખ) જવાનું હતું તે પણ ના પાડી કે ફરી આવો ત્યારે જજો. હર્ષિલની પરીક્ષા ગઈકાલે જ શરૂ થઈ, ૪થી એપ્રિલે પૂરી થશે. પાંચમીએ મુંબઈ જઈશું દાદાએ કહ્યું છે કે 'બીજે જ દિવસે આવી જજો અને અમારી સાથે ૧૦ દિવસ રહેજો.' એમની અનહદ કરુણા અને ભાવને લીધે આ ભવ તરી ગયા, નહીં તો આ ક્રોધ, માન, માયા, લોભના વમળમાં ક્યાંય ફંગોળાઈ ગયાં હોત. પૈસાની બાબતમાં તમે લખો છો એના કરતાં તમે અહીંથી જે કમાણી કરી ગયા તેનો અમને બંનેને ઘણો જ આનંદ છે. વસ્તુની શું કિંમત, અને એ તો તને ખબર છે કે હું કેટલી આપી શકું તેમ છું, પણ આ ભવોભવનું સુખ પ્રાપ્ત થયું તે જ્ઞાન સંપૂર્ણપણે પ્રકાશમાન થાય અને આપણા કુટુંબની દરેક વ્યક્તિ પામે તેવી ભાવના કરીએ. બીજું તો શું કરી શકીએ ? બા, બાપુજી, ભાઈ, ભાભીઓ બધાં પામે અને દંભી દુનિયામાંથી ઉગરી જાય એ જ, પ્રાર્થના. મારા ઘરમાં જ છે એટલે મને એમ થાય કે બધાની જેમ આપણે દૂર-દૂર જવાનું નથી, ઘેર બેઠાં ગંગા છે, તો બધાં લાભ ઊઠાવે.

દાદાની ત્યાં આવવાની તારીખ ૧૯, એપ્રિલ નક્કી થઈ ગઈ છે. ડેટ્રોઈટનો પ્રોગ્રામ મને હજુ ખબર નથી પણ દર વખતની જેમ જૂનની આખરમાં જ આવશે. એ તો અક્રમ મૅગેઝિનમાં આવશે. દાદા મને પૂછતા હતા 'ઈલાને કશું કહેવું છે ?' દાદાના આશીર્વાદ સિવાય બીજું શું માંગવાનું હોય ? મને તો દાદા અહીંથી જાય તે જ સહન થતું નથી. પણ જગતકલ્યાણ અને હવે તો સુરતના મંદિરની જવાબદારી, એના સિવાય દાદાને બીજામાં રસ જ ના હોય.

મુંબઈ હતાં ત્યારે લાગ્યું કે 'દાદા નિરંતર અમારા ઘરમાં હતા ત્યારે કિંમત ના સમજાઈ, હવે તો દાદા અનેકના થઈ

ગયા.' બધાંને એમ જ લાગે કે દાદા અમારા જ છે. બા હતા ત્યાં સુધી, 'દાદા અહીં રહેશે' એ આધાર પણ ગયો. દાદા ત્યાં આવે ત્યારે પૂરેપૂરો લાભ લેજો. રજાઓ ભેગી કરી રાખશો. સામે ચાલીને દાદા આવે છે. નોધારાના આધાર સમા દાદાને કશાની તૃષ્ણા નથી, પૈસા લે છે તે પણ મંદિર માટે. એમના માટે તો એક પૈસો વાપરતા નથી. ત્રણ શર્ટ, ત્રણ ધોતિયાં અને કોટ ટોપી સિવાય એમની બેગમાં કશું જ મળે નહીં. ઘણાંને થતું હશે કે દાદા પૈસા ઉઘરાવે છે પણ એ સમજવું જોઈએ કે એ મંદિરથી લાખો લોકોનો ઉદ્ધાર થશે.

ઈલા, દાદાનું ખાવાનું તો એકસરખું હોતું નથી. વારે ઘડીએ બદલાય છે. મઠીયાં, ગાંઠીયા ખાય છે. નાસ્તામાં રાત્રે પણ માંગે. મઠીયામાં ખાંડ અને મરચું વધારે. એમના જેટલાં વધારે તીખાં કરજે. બીજે ક્યાંય ખાતા નથી, કદાચ તારાં ભાવે એટલે લખું છું. ગાંઠીયામાં મરી વધારે, એ તો જો કે કદાચ તને ના ફાવે તો મઠીયાં અને ચેવડો કરી રાખજે. આ તો મને એમ થાય કે દાદા ખાય એટલે લખું છું. બસ તો ત્યાં મીનાબેન બધાંને યાદ આપજે. કાકાજી પણ મે મહિનામાં આવવાના છે એટલે બધાં ભેગા થશે. અનીલાબેન, રાજેન્દ્રભાઈ બધાને યાદ. હર્ષિત પછી કાગળ લખશે. મૃદુલાને ફોન કરજે. મારી યાદ આપજે. એનો કાગળ પોસ્ટ કરી દેજે.

રંજનના જય સચ્ચિદાનંદ.

ॐ

Bhaiji Daroga Pole,
Behind Jubilee Garden,
Baroda - 390001
Phone: 557079
Date: 2-6-1987

**દાદા ભગવાનના અસીમ જય જયકાર હો !**

આત્માર્થી શ્રી સુરેશભાઈ, સૌ. ઈલા.

લી. રસિકભાઈના શુદ્ધાત્મભાવથી નમસ્કાર.

પ. પૂ. દાદા ભગવાન ત્યાં મહાત્માઓને સત્સંગ આપવા પધાર્યા છે. Detroit પણ તમારે ત્યાં આવશે. ત્યાં પધારે તે પહેલાં તમે જ્ઞાન બાબતમાં અહીં સત્સંગ કર્યો અને જે કાંઈ સમજ્યા છો તેમાં તથા વાંચન કર્યા પછી કાંઈ સમજણ ના પડી હોય તો તેની નોંધ કરી પ. પૂ. દાદા ત્યાં પધારે ત્યારે સમજી લેશો. પ્રત્યક્ષની હાજરીમાં ખુલાસા કરી લેવા, જેથી કોઈ પ્રકારનો સંદેહ ના રહે. ખાસ તો પાંચ આજ્ઞા પાળવા વિશે અને તેને સમજવા વિશે વધુ લક્ષ આપવાની જરૂર છે. કારણ કે જ્ઞાન લીધા પછી અહંકાર નીકળી ગયો છે. શુદ્ધાત્માની પ્રતીતિ બેઠી છે. એટલે-

નિશ્ચયને (Real ને- શુદ્ધાત્માને) લક્ષમાં રાખી વ્યવહાર શુદ્ધ કરવામાં શું પુરુષાર્થ કરવો? કેવી રીતે કરવો ? - તે હવે કરવું અને વિચારવું તથા ઉપયોગમાં મૂકવું ઘટે. કારણ કે જ્ઞાન તો લીધું, સમજાયું પણ ખરું-પણ આટલેથી પતી નથી જતું.

જ્ઞાન મળ્યું - શુદ્ધાત્મા પદને પામ્યા એટલે કાંઈ વ્યવહારનો ત્યાગ નથી કર્યો. કરવાનો ય નથી. ત્યાગ કરવાની વસ્તુ તો હવે ત્યાગ થઈ ગઈ છે. અહંકાર અને મમતા -બંનેનો ત્યાગ થયો છે. વ્યવહાર ઊભો છે. તો હવે આ વ્યવહાર આદર્શ હોવો જોઈએ, શુદ્ધ હોવો જોઈએ. દાદાએ કહ્યું છે કે, ‘‘આદર્શ વ્યવહારના - શુદ્ધ વ્યવહારના Basement પર નિશ્ચય ઊભો છે.’’

વ્યવહાર તો effect છે- દાદાના જ્ઞાનથી. અને પાંચ આજ્ઞાઓ જાગ્રતિપૂર્વક-ઉપયોગપૂર્વક પાળવાથી આદર્શ વ્યવહારને પમાય છે, શુદ્ધ વ્યવહારની પ્રાપ્તિ થાય છે; અને ત્યાં જ સાચો પુરુષાર્થ છે. Effect ને ભોગવતી વખતે -કર્મોને ખપાવતી વખતે નવાં causes - કર્મો નહીં બંધાય, સંસાર રોગ ઘટાડવા માટે - જન્મ મરણના ફેરા ટાળવા માટે આ જ ફક્ત એક ઉપાય છે. શાસ્ત્રો વાંચવાથી તો રોગ વધે. શાસ્ત્રો આપણી મતિથી વાંચીએ અને જેવું સમજ્યા તેવું આચરણમાં મૂકીએ. જોઈએ તેવો લાભ ના મળે અને શંકાઓ રહી જાય તે જુદી.

પરંતુ પ્રત્યક્ષ જ્ઞાની પાસેથી જ્ઞાન સમજી લીધું તે ૧૦૦ % સમજી - અમલમાં મૂકી શકાય. અને તરત જ ફળ આપે. પરમ સુખ અને શાંતિને પમાડે.

દાદાએ જ્ઞાન આપ્યું - Real અને Relative જુદાં પાડી આપ્યાં. Really શુદ્ધાત્મા, Relatively - (વ્યવહારથી) ઈલાબેનઃ Line of Demarcation નાખી આપી. પ્રજ્ઞાશક્તિ આપી. આ પ્રજ્ઞાશક્તિ ઈલાબેનને ચેતવે. જો જાગૃતિ રાખીએ - પાંચ આજ્ઞાનું પાલન કરીએ તો આ પ્રજ્ઞાશક્તિ શુદ્ધાત્માને ઈલાબેનના (પ્રકૃતિના) ક્ષેત્રમાં ના પેસવા દે અને પ્રકૃતિને શુદ્ધાત્મામાં પેસવા ના દે. એટલે આ પ્રજ્ઞાશક્તિ નિરંતર તમને ચેતવે - જાગૃતિમાં રાખે.

Real માં - શુદ્ધાત્મામાં ઉપયોગ રાખી Relativeની (ઈલાબેનની) હરેક ક્રિયાઓ જોયા કરવી. જે જે ઈલાબેન ક્રિયાઓ કરે, તેને નીરખ્યા કરવી. પહેલાં Relativeમાં 'હું'-પણાનો આરોપિત ભાવ હતો, જેથી કર્તાપણું જ હતું. ના ગમતું થતું હોય તો દુઃખ થતું, ગમતું થતું હોય તો તે કર્યાનો અહંકારથી આનંદ લેતાં. પણ હવે કર્તાપણામાંથી મુક્ત થયા. વ્યવસ્થિત શક્તિને લીધે બધુ થયા જ કરે છે. અહંકારે કરીને કર્તાપદમાં હતા. હવે નીરઅહંકારે કરીને કર્તાપદમાંથી મુક્ત થયા.

જગત વ્યવસ્થિત શક્તિને આધારે ચાલે છે. ચલાવે છે કોઈ બીજી જ વસ્તુ છતાં અહંકારે કરીને (egoism કરીને) કહે કે " મેં જ આમ કર્યું જેથી આમ થયું." અને જ્યારે ધાર્યું ના થયું તો દોષ કોને આપે ? નરસિંહ મહેતાએ પણ કહ્યું છે કે,

"હું કરું હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જ્યાં શ્વાન તાણે;

સૃષ્ટિ મંડાણ છે સર્વ એણી પેરે, જોગી જોગેશ્વરા કો'ક જાણે."

(શકટ = ગાડું , શ્વાન = કૂતરો)

ગાડા નીચે કૂતરું જતું હોય તો તેને એમ જ લાગે કે આખા ગાડાનો ભાર તેની પર છે. અજ્ઞાનતા છે ને !

આ જગત કઈ ધરી પર ચાલી રહ્યું છે? શી રીતે ચાલે છે ? તે કોઈક યોગી પુરુષ - પ્રત્યક્ષ જ્ઞાની પુરુષ જ જાણે છે. નમસ્કાર છે એ દાદાને કે આ કર્તાપણાની ભ્રાંતિમાંથી છોડાવ્યા.

વ્યવહાર આદર્શ કરવાનો - વ્યવહાર શુદ્ધ કરવાનો દાદાએ બતાવેલો ઉત્તમમાં ઉત્તમ માર્ગ તે પાંચ આજ્ઞામાંની ચોથી આજ્ઞા. આદર્શ વ્યવહાર એટલે મન, વચન, કાયાએ કરીને કોઈ જીવ માત્રને આપણા થકી કિંચિતમાત્ર દુઃખ ન હો ! આ ચોથી આજ્ઞામાં પહેલી ત્રણેય આજ્ઞાનો સમાવેશ થઈ જાય છે. એટલે તમે જે કાંઈ કરો છો તે બિલકુલ જાગ્રતિપૂર્વક અહંકારરહિત કરો છો.

સમભાવે ફાઈલોનો નિકાલ ક્યારે થઈ શકે ? દાદાનું જ્ઞાન પ્રાપ્ત થયું હોય તો જ થઈ શકે.

ઋણાનુંબંધને હિસાબે જેની સાથે આપણો જે કોઈ સંબંધ હોય તે બધી જ વ્યક્તિઓ, જીવો એ આપણી file. ઑફિસમાં ફાઈલ આવી પડી હોય તો તેને Pending નથી રાખતા. તેને ખોલી - યોગ્ય નિર્ણય લઈ - આપણને નુકશાન ન

જાય અને ફાયદો થાય તેવું decision લઈ, સહી કરી નિકાલ કરો છો.

દાદાશ્રીએ આપણા ઋણાનુબંધવાળી સર્વ વ્યક્તિઓને file કહી છે. તો આ ફાઈલો સાથે કેવી રીતે વર્તવું ?

આપણો ઉપયોગ શુદ્ધાત્મામાં રાખીને - સામી વ્યક્તિમાં તેના શુદ્ધાત્માને નમસ્કાર કરીને - દાદાને નમસ્કાર કરીને- તે વ્યક્તિને આપણાથી- મન, વચન, કાયાથી કિંચિતમાત્ર દુઃખ ન થાય તેવી રીતે સમતાભાવે વર્તન કરવાનો દૃઢ નિશ્ચય કરીને તે પ્રમાણે વર્તવું- નિકાલ કરવો. વ્યવસ્થિતમાં પરિણામ જે હો તે ભલે હો.

આ પ્રમાણે સમભાવે નિકાલ કરવાથી જે પરિણામ આવે તેમાં બંધન નથી. તેમાં બીજ નથી પડતાં, નવાં causes નથી ઊભાં થતાં જે વ્યવહાર આદર્શ કરે છે, શુદ્ધ કરે છે. સંસાર ભ્રમણ ટાળવામાં, જન્મ-મરણના ફેરામાંથી મુક્ત થવામાં - ભવરોગમાંથી સનાતન મુક્તિ મેળવવાનો જો કોઈ ઉપાય હોય તો તે આ જ છે. અહીં જ સાચો પુરુષાર્થ છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને આધીન સમભાવે file નો નિકાલ કરવામાં વર્તનામાં ફેર હોઈ શકે, પણ લક્ષ બદલાતું નથી. તમને લગ્નમાં કોઈ ફાઈલ આવી પડે કે ઑફિસમાં કે પછી ઘરમાં, પતિ કે પત્ની સાથે, સગાં સંબંધીઓ સાથે કે પછી મિત્ર સાથે, વર્તન દરેક જગ્યાએ સંજોગોને આધીન હોય - પણ દરેક જગ્યાએ લક્ષ તથા આપણો ઉપયોગ ફક્ત સમભાવે નિકાલ કરવા માટે જ હોય. આમાં ફક્ત effect ભોગવાઈ જાય છે, નવાં causes નથી નંખાતાં.

પૂ. દાદા પાંચ આજ્ઞા પાળવામાં વિશેષ ભાર મૂકે છે. અને પાંચ આજ્ઞામાં રહો છો કે નહીં તે દરેક મહાત્માને જ્ઞાન આપ્યા પછી વારંવાર પૂછે છે. કારણ કે પાંચ આજ્ઞાના પાલનમાં પ્રત્યક્ષ મોક્ષનું સુખ વર્તે છે. અનંતકાળથી સંસારચક્રને વધારનાર કારણ-કાર્યની કડીને તોડવામાં જો કોઈ ઉપકારી હોય તો તે પૂ. દાદા પાસેથી જ્ઞાન લીધા પછી જાગ્રતિપૂર્વક પાંચ આજ્ઞાનું પાલન છે. તેથી વિપરીત જે કાંઈ કરે, જપ-તપ-ત્યાગ-યોગ-સાધના સર્વે બંધનનું કારણ છે કારણ કે સર્વ ક્રિયા અહંકાર સહિતની હોય અને અહંકાર પોતે પોતાની મેળે ના કાઢી શકે. એ તો પ્રત્યક્ષ જ્ઞાનીની હાજરી જોઈએ. જેઓ ભેદવિજ્ઞાની હોય, પોતે તર્યા હોય અને બીજાઓને તારી શકવાનું સામર્થ્ય ધરાવતા હોય.

આ કાળને વિશે આવા પ્રગટ જ્ઞાની પૂ. દાદા ભગવાન મને - તમને તથા અનેક પુણ્યશાળી મહાત્માઓને ભેગા થયા તે અકલ્પનીય હકીકત છે. તેને તમે તમારી પુણ્યાઈ કહો કે પૂ. દાદા પ્રત્યેનું ઋણાનુબંધ કહો, પણ આ જ કારણને લીધે તમે, હું તથા સર્વે મહાત્માઓ કારણ-વીતરાગી થયા છીએ. સંપૂર્ણ કેવળજ્ઞાનની દશાને ચોક્કસપણે પામીશું - કારણ દાદા નિરંતર સાથે છે. જેની દૃષ્ટિમાં કેવળ કરુણા જ વરસે છે, જેની વાણીમાં પોતાપણું નથી એટલે પ્રત્યક્ષ સરસ્વતી છે. જેનું વર્તન અત્યંત મીઠાશભર્યું-પ્રેમાળ છે, જેનું હરેક નિવાસસ્થાન તીર્થક્ષેત્ર બને છે. એવા પરમ વીતરાગી પરમાત્મા દાદા ભગવાનને કોટિ કોટિ નમસ્કાર હો ! તમને બંનેને દાદાનું જ્ઞાન પરિણામ પામો. એ જ શુદ્ધાત્મભાવથી ભાવના.

લી. રસિકભાઈના જય સચ્ચિદાનંદ

ૐ

તારીખઃ ૩૦ ઓગસ્ટ, ૧૯૯૦
R. K. Patel
3415, w 6th st.,
Pine bluff, AR-71601

**દાદા ભગવાનના અસીમ જય જયકાર હો !**

આત્માર્થી શ્રી સુરેશભાઈ તથા સૌ. ઈલાબેન,

લિ. રસિકભાઈના જય સચ્ચિદાનંદ.

વિ. રંજનબેનના આંખનું ઓપરેશન હાલ પૂરતું મુલતવી રાખ્યું છે. તેમને થોડુંક-થોડુંક vision આવતું જતું હોવાથી અહીંના આંખના ડૉક્ટરને ફરી મળ્યા એટલે તે ડૉક્ટરે Memphisના ડૉક્ટર ચાર્લ્સને ફોન પર વાત કરી. અહીંના ડૉક્ટરે તો કહ્યું કે Retinaની તકલીફ નથી, ફક્ત અંદર particles float થાય છે તેથી vision આવરાય છે. અને ઑપરેશન એકાદ મહિના પછી કરાવશો તો પણ ચાલશે. Memphis ના ડૉક્ટરે પણ કહ્યું કે તે Pine Bluffમાં એકાદ મહિનામાં આવશે. ત્યારે ફરી check કરશે, એટલે હાલ ઑપરેશનનું મુલતવી રાખ્યું છે. પૂ. બાપુજીનો તથા શ્રી અરુણભાઈનો ફોન લંડનથી આવેલો. બધું જણાવી દીધું છે અને ચિંતા ન કરવાનું કહ્યું છે. ઑપરેશન કરવા લંડન બોલાવે છે પણ મેં તેવી જરૂરત જણાતી નથી તેવું કહ્યું. ઑપરેશન કરવું હશે તો અહીં જ કરાવીશું તેવું કહ્યું છે.

મારા કાકાની દીકરી સૌ. રાધિકાબેન તથા તેમના Husband અરવિંદભાઈ આજે અહીં આવે છે. અમે બંને તેઓની સાથે New Jersey જઈશું અને ત્યાં job માટે પ્રયત્ન કરીશું. રાધિકાબેનનો ફોન નંબર ૨૦૧-૪૩૩-૦૭૬૮ છે. તેમનું એડ્રેસ હું તમને પત્ર લખી ફરીથી જણાવીશ, મને ખબર નથી.

અમે New Jersey ગયા પછી ત્યાં job નું ઠેકાણું પડશે તો પછી ત્યાં જ apartment લઈ રહીશું.

આવી બધી પરિસ્થિતિમાં પૂજ્ય દાદાનું જ્ઞાન ખૂબ સહાય કરે છે, આનંદમાં રાખે છે આંખોની તકલીફ છે જેથી રંજનબેનને રડવું વારંવાર આવી જાય છે પણ જ્ઞાનમાં નિરંતર રહે છે. આખી રાત દાદાના જાપ કરે છે. દાદાને યાદ કરે છે. અને ભક્તિ ખૂબ હોવાથી સ્વરૂપનો અનુભવ રહે છે. ઉદયકર્મને ભોગવ્યા સિવાય કોઈ જીવનો છૂટકો નથી. અજ્ઞાને કરીને પણ વેદવાનું છે અને જ્ઞાને કરીને પણ વેદી શકાય છે. આપણને તો પૂજ્ય દાદાએ જ્ઞાન આપ્યું છે, જેથી કયા causeનું ફળ ભોગવવાનું છે તે ખ્યાલમાં આવી જાય. અને પૂજ્ય દાદાની પાંચ આજ્ઞાનું પાલન કરી, પૂજ્ય દાદાના જ્ઞાનની જાગૃતિ રાખી, ઉપયોગ શુદ્ધાત્મામાં રાખી, સમતાપૂર્વક કર્મનું વેદન કરવાનું છે. અને તેમાં આપ સર્વેનો સથવારો છે. સર્વે સગાં-સ્નેહીઓનો સાથ છે, મદદ છે. પૂજ્ય દાદાએ કહ્યું છે કે ''પ્રાપ્ત સંયોગોનો સુમેળ સાધી સમતાપૂર્વક નિકાલ કરો'' જે-જે

સંજોગ આપણને ભેગા થયા તે આપણા જ છે. ના ગમતા સંજોગોને ધક્કો મારીને કાઢી ના શકાય કે ગમતા સંજોગોને પ્રયત્ને કરી કાયમ રાખી ના શકાય. હરેક સંજોગ વિયોગી સ્વભાવનો છે.

હવે બાકીનું જીવન પૂજ્ય દાદાના જ્ઞાનને આધારે પાંચ આજ્ઞાનું સંપૂર્ણ નિશ્ચયપૂર્વક-જાગૃતિપૂર્વક પાલન કરી, ઉદયાધીન કર્મોને સમતાપૂર્વક ખપાવી, અજ્ઞાન દશામાં થઈ ગયેલાં કર્મોનો પશ્ચાતાપ કરી, સામાયિકમાં બેસી, પ્રતિક્રમણ કરી, આત્માના નિરંતર ઉપયોગમાં વીતે તે જ ભાવના છે.

અમેરિકા આવવાનું નજીકમાં આવતું હતું ત્યારે પૂ. દાદાએ મને કહેલું કે "સહીઓ કરી આપી હશે, ત્યાં-ત્યાં જવું પડશે. છૂટકો નથી." કોઈકવાર દેશમાં પાછા જવાનો વિચાર આવે છે. બધું રસિકભાઈ જોયા કરે છે. કોઈ વિકલ્પ ઊભો થતો નથી. વ્યવહારના થોડાક બોજા લાગ્યા કરે છે, પણ સાથે એવું દેખાય છે કે નજીકના ભવિષ્યમાં તેમાંથી મુક્ત થઈ જવાશે. રસિકભાઈની ભાવના તો જલદીથી મુક્ત થવાની છે, પણ પાછા નવા સંજોગો ઊભા થાય છે, જેથી મુક્ત થવામાં થોડોક વધુ સમય જોઈશે. કાંઈક સારું થવાનું હશે. આપણી પાસે તો મોટામાં મોટી મૂડી પૂ. દાદાનું જ્ઞાન છે. તે જ્ઞાનની મૂડીને ખર્ચવાથી આનંદમાં વૃદ્ધિ થાય અને જેમ-જેમ ખર્ચતા જઈએ તેમ-તેમ જ્ઞાનની મૂડીમાં વધારો જ થયા કરે. જગતનાં બંધનોથી છૂટાય, બંધનોમાં રહેતાં છૂટાપણું વર્તાય-મુક્તતા અનુભવાય. આવા પૂ. દાદાના જ્ઞાનને પામીને આપણે ધન્યતા અનુભવીએ છીએ. પૂ. દાદાને અને તેમણે આપેલા જ્ઞાનને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર ! પૂ. દાદા થકી જેને આત્મઅનુભવ જ્ઞાન પ્રાપ્ત થયું છે તે સર્વે જ્ઞાની મહાત્માઓને અત્યંત ભક્તિથી નમસ્કાર.

પૂ. દાદાના સર્વે જ્ઞાની મહાત્માઓનો આનંદ અમને પ્રાપ્ત થાઓ. તેઓનો પુરુષાર્થ અમને પ્રાપ્ત થાઓ. સર્વે મહાત્માઓનાં દર્શન અમને પ્રાતઃકાળે નિરંતર હો ! તેઓની જાગ્રતિને નમસ્કાર ! પૂ. દાદા પ્રત્યેની તેઓની ભક્તિને નમસ્કાર !

તમારી પૂ. દાદા પ્રત્યેની ભક્તિને નમસ્કાર ! પૂ. દાદાનું જ્ઞાન હૃદયમાં રાખીને, પાંચ આજ્ઞાનું જાગ્રતિપૂર્વક પાલન કરી, ખૂબ-ખૂબ શુદ્ધાત્માના આનંદમાં રહો, ઉપયોગમાં રહો, એ જ અમારા અંતઃકરણની ભાવના. રોજની વિધિમાં તમને બંનેને, ત્યાંના મહાત્માઓ શ્રી દલુભાઈ, મીનાબેન, પલ્લવીબેન, રામદાસભાઈ, ડૉ. કપિલભાઈ, દક્ષાબેનના દર્શન કરીએ છીએ. આપ સર્વેનામાં પૂ. દાદાના (માળા પહેરેલા) દર્શન કરીએ છીએ. ખૂબ આનંદ વર્તાય છે.

ચિ. હર્ષિત, ચિ. અનીતા, ચિ. મોનિકાને વહાલ તથા આશીર્વાદ. તેઓ સુંદર રીતે અભ્યાસ કરી સારામાં સારા ગ્રેડથી પાસ થાય તે જ ભાવના. અહીં શ્રી મહેન્દ્રભાઈ, સૌ. રેખા આપને યાદ કરે છે અને સર્વેને જય સચ્ચિદાનંદ પાઠવ્યા છે. તેઓએ અમારી અહીં રહ્યા ત્યાં સુધી ખૂબ કાળજી રાખી છે. અમને ધંધામાં રાગે પાડવામાં સારી એવી મહેનત તેમણે કરી છે. કેટલીય Motel જોઈ પણ ક્યાંય ગોઠવાયું નહીં, 'વ્યવસ્થિત' !

એ જ, કામકાજ લખશો.

લિ. રસિકભાઈના શુદ્ધાત્મભાવથી નમસ્કાર તથા જય સચ્ચિદાનંદ.

૧૦

# દાદા ભગવાને
# મહાત્મા સુરેશભાઈ તથા ઈલાબેન અને
# અન્ય મુમુક્ષુઓને જ્ઞાન આપ્યા બાદ
# સમજાવેલ પાંચ આજ્ઞાઓ

(જૂન-૧૯૮૪)



# દાદા ભગવાને મહાત્મા સુરેશભાઈ તથા ઈલાબેન અને અન્ય મુમુક્ષુઓને જ્ઞાન આપ્યા બાદ સમજાવેલ પાંચ આજ્ઞાઓ (જૂન-૧૯૮૪)

પૂજ્ય દાદા ભગવાન સાથે શ્રી સુરેશભાઈ એન. પટેલ

જૂન, ૧૯૮૪, Detroit, Michigan, USA



જ્ઞાનવિધિ પછી તરત પૂ. દાદાજી પાંચ આજ્ઞા સમજાવે છે.

**દાદાશ્રી :** તમે કોણ છો ? કોઈ પૂછે તો શું કહેશો ?

**સુરેશભાઈ :** આત્મા છું.

**દાદાશ્રી :** આપણે આત્મા થયા પણ એના મનમાં એમ થાય કે આ શું નવું બોલે છે ? આ લોકો જાણતા નથી કે આપણે શું થયા ? 'આ' બધા જાણે છે કે તમે 'શુદ્ધાત્મા' થયા પણ બીજા બધા જાણતા નથી માટે આપણે એવી ભાષા બોલીએ કે એમને દુઃખ ના થાય. એ મૂંઝાય કે આ 'શુદ્ધાત્મા' શું કહેતા હશે ! એટલે બહાર 'ભ્રાંતિ' ની ભાષા ચાલે છે અને 'આ' ભગવાનની શુદ્ધ ભાષા. અહીં 'ભ્રાંતિ' ના હોય, આ 'રિયલ' ભાષા. બહાર 'રિલેટિવ' ભાષા અને આ 'રિયલ' ભાષા. 'રિલેટિવ' ભાષામાં આ 'મારા સસરા છે', 'આ મારા મામા છે', ને 'આ મારા ફુવા છે'; કાયમના ના હોય બધા !!! 'રિલેટિવ' are temporary adjustment, 'ભ્રાંતિ ભાષા'. આપણે ત્યાં ગયા પણ 'ભ્રાંતિની ભાષા' તો ભૂલી નથી ગયા ને ? એટલે તારે કહેવાનું કે 'હું સુરેશભાઈ છું', 'બાઈનો ધણી છું', 'છોકરાનો ફાધર છું'. એવી ભાષામાં બોલવું, પણ રિયલી સ્પીકિંગ આપણે 'શુદ્ધાત્મા' છીએ. બાય 'રિલેટિવ' વ્યૂપૉઇન્ટથી You are Sureshbhai (તમે સુરેશભાઈ છો). The world is the puzzle itself. વિજ્ઞાનથી આ પઝલ ઉદ્‌ભવેલું છે. ભગવાન પોતે 'શુદ્ધાત્મા' અને આ બધી વસ્તુઓ રૂપી છે.

આ બે ના ભેગા થવાથી જ આ બધું ઊભું થયું છે જગત, કોઈ ક્રિયા વગર. એટલી બધી આ તત્ત્વોમાં શક્તિઓ છે. આ અણુમાં પણ એટલી બધી શક્તિ છે. જબરજસ્ત શક્તિઓ છે એટલે 'ધ વર્લ્ડ ઈઝ ધ પઝલ ઈટસેલ્ફ'. There are two view points to solve this puzzle. આ પઝલ સોલ્વ કરવા માટે બે વ્યૂપૉઈન્ટ છે.

જો પઝલ solve ના થયું તો આખું જગત, આખા જગતના સાધુ-સંતો પણ, આ puzzleમાં dissolve થઈ જાય. શું થયું છે જગતમાં ?

**સુરેશભાઈ :** dissolve થઈ ગયું છે.

**દાદાશ્રી :** જો પઝલ solve કરે તો જ, બાકી બધા એમાં dissolve થઈ ગયા છે. એટલે હવે આપણે આ પઝલ સોલ્વ કર્યું, શું કર્યું ? There are two viewpoints to solve this puzzle. (૧) 'રિલેટિવ વ્યૂ પૉઈન્ટ' એન્ડ (૨) 'રિયલ વ્યૂ પૉઈન્ટ '. બાય 'રિયલ' વ્યૂ પૉઈન્ટ યુ આર શુદ્ધાત્મા, બાય 'રિલેટિવ' વ્યુ પૉઈન્ટ યુ આર સુરેશ. બાય 'રિલેટિવ' વ્યૂ પૉઈન્ટ યુ આર Husband of your wife, ફાધર ઓફ યોર સન, સન ઓફ યોર ફાધર. એ બધું 'રિલેટિવ' વ્યૂ પૉઈન્ટથી, સમજ પડી ને ? બાય 'રિયલ' વ્યૂ પૉઈન્ટથી 'યુ આર શુદ્ધાત્મા'. 'રિયલ' એ સનાતન વસ્તુ છે ને રિલેટિવ એ વિનાશી વસ્તુ છે, હિસાબ પૂરતું જ છે. જેટલો હિસાબ હશે ને કર્મનો એટલો, બાકી પૂરું થશે એટલે ઊડી જશે અને રિયલ રહેશે.

હું પાંચ વાક્યો આજ્ઞા તરીકે આપવા માંગું છું. બે આજ્ઞા આપી : 'રિલેટિવ વ્યૂ પૉઈન્ટ' એન્ડ 'રિયલ વ્યૂ પૉઈન્ટ'.

હવે ગાય ને 'રિલેટિવ વ્યૂ પૉઈન્ટ' માં શું કહે છે ?

**સુરેશભાઈ :** ગાય.

દાદાશ્રીઃ અને 'રિયલ વ્યૂ પૉઈન્ટ' માં શું છે ?

**સુરેશભાઈ :** શુદ્ધાત્મા.

**દાદાશ્રી :** લોકોને આનું ભાન જ નથી ને ! આ તો જ્ઞાનીએ જાતે જોયેલું છે. અમને આખું વર્લ્ડ દેખાય. એટલે ગાય રિયલ વ્યૂ પૉઈન્ટથી 'શુદ્ધાત્મા' છે અને રિલેટિવ વ્યૂ પૉઈન્ટથી ગાય છે. પણ આપણા લોકો શું કહે છે 'હું ખરેખર ચંદુભાઈ છું' ને ગાય 'ખરેખર ગાય છે'. બધાને ખ્યાલ નથી આવતો એટલે આવું બોલે છે. અને એટલે સંસારમાં બધાં દુઃખો છે. પોતે શું છે અને શું સમજીને ચાલે છે ! ચીટીગ કરે છે જગતમાં ! પોતે શું છે તે જાણતો નથી અને જે નથી તેનું નામ લઈને કામ વટાવી ખાય છે.

હવે બકરીને 'રિલેટિવ' વ્યૂ પૉઈન્ટમાં શું કહે છે ?

**સુરેશભાઈ :** બકરી.

**દાદાશ્રી :** અને 'રિયલ' વ્યૂ પૉઈન્ટમાં ?

**સુરેશભાઈ :** શુદ્ધાત્મા.

**દાદાશ્રી :** હવે ગુલાબનો છોડ એ 'રિલેટિવ' વ્યૂ પૉઈન્ટમાં ગુલાબ છે અને રિયલ વ્યૂ પૉઈન્ટથી શુદ્ધાત્મા.

એટલે હવે તમને આ બે દષ્ટિ આપી : (૧) 'રિલેટિવ' વ્યૂ પૉઈન્ટથી ચામડાની આંખથી દેખાશે અને (૨) 'રિયલ' વ્યૂ પૉઈન્ટથી અંદરની આંખથી દેખાશે. સમજ પડી ને ? આ બે આંખોથી જોવાનો અભ્યાસ પહેલાં કરવો પડશે, પછી સહજ થઈ જશે. થોડું હૅન્ડલ મારવું પડશે, મારશો ને ? પછી કાગળ લખવાનો રસિકભાઈ ઉપર, રંજનબેન ઉપર કે બધું રાગે પડી

ગયું છે. રસિકભાઈને સંતોષ થાય.

આ બે વાક્યો આપ્યાં, આજ્ઞા આપી. એટલે પાંચ આજ્ઞા આપું છું અને જો પાંચ આજ્ઞા અમારી પાળે અને જો એક ચિંતા થાય તો મારી ઉપર બે લાખ ડૉલરનો દાવો કરવાનો અધિકાર છે ! જો આ પાંચ આજ્ઞા પાળશો અને એક ચિંતા થાય તો. સંપૂર્ણ ના પાળી શકાય તો તેનો વાંધો નથી. ૨૫ ટકા બાદ કરીશું. કેટલી બધી છૂટ આપું છું. શા માટે છૂટ આપું છું ? ઍનકરેજ કરું છું. આવું વિજ્ઞાન, 'ન ભૂતો ન ભવિષ્યતિ', એવું આ વિજ્ઞાન છે. એટલે 'રિલેટિવ' અને 'રિયલ' બે વાક્ય યાદ રહેશે ને ?

આપણે લખવાનો રિવાજ નથી. મારી વાણી વચનબળવાળી હોય. કેવી હોય ? વચનબળવાળી. એટલે મહીં છપાઈ જાય. કારણ કે હાર્ટમાંથી ડાયરેક્ટ આવે છે. આ બુદ્ધિની વાણી નથી. હાર્ટમાંથી આવે છે. એટલે મહીં છપાઈ જાય, વચનબળવાળી હોય, નહીં તો ચોપડી વાંચે તો પણ યાદ ના રહે.

આ બે આજ્ઞામાં કંઈ અઘરું છે ? હવે, સવારે નીકળીને ઑફિસે જવું હોય, એન્જિનિયર છો ને સીવીલ..

**સુરેશભાઈ :** મિકેનિકલ એન્જિનિયર.

**દાદાશ્રી :** તો રસ્તામાં જે કોઈ આપણા જોવામાં આવે ગાય, ભેંસ, માણસો કે બૉસ; બૉસની અંદર પણ શુદ્ધાત્મા જોવાના અને ઘરે બાબો હોય, બેબી હોય એ બધામાં શુદ્ધાત્મા જોવાના છે. અને હવે સવારની પહોરમાં ઊઠીને તમારે બંનેએ સામસામી દર્શન કરવાનાં. વાંધો છે ? આબરૂ જશે તો લાવી આપીશ બીજી. શુદ્ધાત્મા છે ભગવાન, અભ્યાસમાં રાખવાનું. છોકરાંઓ આપણા ઘરનાં સંસ્કારી થાય.

મારી પાસે છોકરા આવ્યા હતા, તે પરણવાની ના પાડતા હતા. એ પાંચ-સાત જણ આવ્યા હતા અને જ્ઞાન આપ્યું અને કહ્યું કે પરણીને ઉકેલ લાવોને હવે ! તો કહે, અમે જોઈએ છીએ મા-બાપનું સુખ(!), જોઈને કંટાળી ગયા છીએ. મા-બાપનો આવો ઉપદેશ મળ્યો, તમને ના પરણવાનો ? આવો ઉપદેશ આપ્યો ? એનું કારણ તો આપણી જ ભૂલ ને, ભૂલ કોની ? પણ સંસ્કાર છે હાઈ ક્લાસ. અને લડવું જ હોય તો રવિવારનો દિવસ નક્કી કરવો; છોકરાઓ ના જાણે તેમ !

હવે આ બે વાક્યોમાં કોઈ વાંધો આવે એવું નથી ને ? ફર્સ્ટ 'રિલેટિવ વ્યૂ પૉઇન્ટ' સેકન્ડ 'રિયલ વ્યૂ પૉઇન્ટ'. એ જોવાનો અભ્યાસ કાલથી શરૂ કરજો, હવે આજથી જ, જ્યારથી આપ્યું ત્યારથી શરૂ કરવાનું.

અત્યાર સુધી ગાયને 'ગાય' જોઈ, સ્ત્રીને 'સ્ત્રી' જોઈ, તેથી તો મહીં બધી દૃષ્ટિ બગડે છે. આત્મા જુઓ, જેમ છે તેમ જુઓ.

એક પટેલ વિવાહ કરવા જતા હતા તે પોટલી લઈને પાછા આવ્યા એટલે મેં પૂછ્યું "કેમ પાછા આવ્યા ?" તો કહે "ગધેડું મળ્યું, અપશુકન થયા". હવે ગધેડામાં ભગવાન બેઠેલા છે એ શુદ્ધાત્માએ એમના શુદ્ધાત્માને ખબર આપી કે 'એને એક અવતાર ગધેડાનો આપજે, એણે તિરસ્કાર કર્યો છે'. એટલે આ રીતે બધું ચાલે છે. હવે આ નહીં જાણવાથી બધું તોફાન ચાલ્યા કરે છે. હવે જાણીએ તો પછી આ ભૂલ ના થાય ને ?

હવે ત્રીજું વાક્ય આપું છું. અત્યાર સુધી તમને મનમાં એમ લાગતું હતું કે 'હું કમાઈને લાવું છું, એટલે ગાડું ચાલે છે' અને 'હું આ બધું કરું છું'. એટલે બધા એમ જ કહે છે ને કે 'આ મેં કર્યું', 'આ મેં કર્યું'. કશું કરતા હશે એ લોકો કે ખાલી બોલે છે એટલું જ?

મેં મુંબઈમાં એક જણને પૂછ્યું કે ''સંડાસ જવાની શક્તિ આપનામાં ખરી?'' તો કહે ''શું બોલ્યા? શું બોલ્યા? એવી તો શક્તિ હોય જ ને!'' તો મેં કહ્યું ''કોઈ દિવસ અટકશે તો ખબર પડશે, ફાકી લેવી પડશે''. વર્લ્ડમાં કોઈ માણસ એવો જન્મ્યો નથી કે જેને સંડાસ જવાની પોતાની સ્વતંત્ર શક્તિ હોય! પછી કહે 'હું આમ ચમત્કાર કરું છું!' ચમત્કાર એટલે જે વિજ્ઞાન આપણે ના જાણ્યું હોય તે વિજ્ઞાન આપણી પાસે છતું થયું એટલે આપણને ચમત્કાર લાગે, સાચું લાગે.

હવે આપણે એક કાગળની કઢાઈ બનાવી તેમાં તેલ રેડી સ્ટવ ઉપર મૂકી સળગાવીએ તો શું થાય?

**સુરેશભાઈ :** કાગળ બળી જાય.

**દાદાશ્રી :** આ જ જ્ઞાન બધાને હોય, સ્વાભાવિક રીતે. નાનું છોકરું પણ કહી દે કે કાગળ બળી જાય. અલ્યા આ જ્ઞાન બધાને હોય? બધા જાણી ગયા? હું એમાં ભજીયાં તળી આપું!! વિજ્ઞાન છે આ તો, એમાં કંઈ મારો મંત્ર-તંત્ર નથી, વિજ્ઞાન છે. એટલે આ બધું વિજ્ઞાન નહીં જાણવાથી બધા કળા કરે છે. કોઈ દેવ સાધ્યો હોય, ને કોઈ જાપાનમાંથી ઘડિયાળ લાવીને આપણને અહીં આપે! હવે ચમત્કારનું શું કામ છે? આપણે ત્યાં મુંબઈમાં મોટા-મોટા બળવાખોર ચમત્કારમાં ક્યારેય નહીં માનવાવાળા માણસો કહે 'દાદા, તમે તો ચમત્કાર કરો છો'. અમે કહીએ કે ''તમે આવું બોલો છો?'' !! હજારો ચમત્કાર આપણે ત્યાં બને છે.

તો આ શું છે? તો કહે કે 'આ મારું યશનામકર્મ છે'. યશનામ એટલે આનો મને યશ મળે અને તમે કામ કરો તો પણ અપજશ મળે. બધા દેવલોક અમારી ઉપર ખુશ હોય. એક પણ નાખુશ ના હોય. આખું વર્લ્ડ ખુશ છે. કારણ કે દુશ્મનને પણ હું રાજી રાખું છું. દુશ્મન હોતો જ નથી. એ મને એમ કહે કે 'તમારા સામો થઈશ', તો હું કહું કે 'આવ ને ભાઈ, તું કેટલો સામો થાય? તે શક્તિ તું જાણતો નથી. પણ હું જાણું છું'.

એટલે હવે ત્રીજું વાક્ય આપું છું કે 'કરે છે કોણ આ બધું?' કરનાર તો કોઈ હોવો જોઈએ ને? ભગવાન પણ કરતા નથી ભગવાન કરે તો ભગવાનને બંધન થાય. કરવું એ જ ભ્રાંતિ છે. નરસિંહ મહેતાનું વાંચ્યું હતું ને, કે 'હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે; સૃષ્ટિ મંડાણ છે સર્વે એણી પેરે, જોગી જોગેશ્વરા કોક જાણે'. એટલે 'હું કરું' એ ભ્રાંતિ છે, ને ભ્રાંતિથી જગત ચાલ્યા કરે છે. એટલે દુઃખી છે ને! કોઈ દિવસ દુઃખમાંથી નવરો જ ના થયો. દિવાળીના દિવસે સાચવે તો સાતે દિવસ સારા જાય છે. કોઈને દુઃખ આપવાની ઇચ્છા નથી એની. દિવાળીના દિવસે શું નક્કી કરે? છોકરાઓને કહે, જજો કાકાને ત્યાં, ભલે બોલતા નથી, પણ ત્યાં જજો અને જે-જે કરજો. જો હવે દિવાળીને દિવસે સારું જ્ઞાન છોકરાઓને આપીએ છીએ અને આપણે આપનારા-છોકરા લેનારા, આ બધું સારા જ્ઞાનનો ઉપયોગ થયો. દિવાળીના દિવસે મીઠાઈ ખાવાની. બધું કેવું સરસ-સરસ મળે છે! હવે આટલું જ પાંચ-છ દિવસમાં પુરવાર થાય તો ૩૬૫ દિવસમાં

કેટલું થાય ? બને કે નહીં ?

માણસ જબરજસ્ત શક્તિ લઈને આવ્યો છે. હિન્દુસ્તાનનો એક માણસ મારા જ્ઞાનમાં આવે તો એની આંગળી ઉપર આખું બ્રહ્માંડ નચાવવાની શક્તિ ઉત્પન્ન થાય એવી છે. હિન્દુસ્તાનનો હોવો જોઈએ, આર્યપુત્ર હોવો જોઈએ. અનાર્યપણું ના ચાલે. આ તો ખાવા-પીવાના વિવેક જ નહીં ને ?

કોણ કરે છે એવું લાગે છે ? ભગવાન કરતા નથી, તમે કરતા નથી; તો કોણ કરે છે ? એક શક્તિ એવી છે જે કૉમ્પ્યુટર જેવી શક્તિ છે. આ બધાં કર્મફળ ત્યાંથી ઉત્પન્ન થાય છે. કર્મ તમારું આ બાજુથી કૉમ્પ્યુટરમાં મૂકવાનું, તમારા કર્મની કાપલી અને આ બાજુ ફળ આપવા માટે તૈયાર થાય. મોટું જબરજસ્ત કૉમ્પ્યુટર, કોઈએ બનાવેલું નથી, એ નેચરલ શક્તિ છે, એક જાતની. એને હું 'વ્યવસ્થિતશક્તિ' કહું છું. સૂર્ય, ચંદ્ર, તારા અનાદિકાળથી વ્યવસ્થિત જ રાખે છે અને લોકો એને ઊંધું કરવા જાય છે ! લોકો અપસૅટ કરે છે અને એ સૅટ કરે છે, વ્યવસ્થિત જ રાખે છે નિરંતર. એને ઈંગ્લીશમાં હું 'સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ' કહું છું. હવે તમે 'વ્યવસ્થિત કરાવે છે' એવું કહેજો. ખરી રીતે શું છે ? આપણે ભ્રાંતિવાળા માણસને શું કહીએ કે 'આ તમે ચલાવો છો એવું લાગે છે ?' વિચાર કરો. તો કહેશે કે, 'ના.' તો શું છે ? કે 'ઈટ હેપન્સ'. 'ઈટ હેપન્સ' એવો અનુભવ થયેલો ?

**સુરેશભાઈ :** રોજ થાય છે.

**દાદાશ્રી :** એ જ. કર્તાપણું થોડું રહેને ! 'કમ્પલીટ્લી, ઈટ હેપન્સ જ છે આ બધું'. તમારે જોયા જ કરવાનું છે, કે શું બની રહ્યું છે. એટલે, આ 'વ્યવસ્થિતશક્તિ' તમારું ચલાવી લેશે અને તમારે 'સુરેશ'ના જ્ઞાતા-દ્રષ્ટા રહેવાનું. 'સુરેશ'નું મન શું કરી રહ્યું છે ? 'સુરેશ'ની બુદ્ધિ શું કરી રહી છે ? એ બધું જોયા કરવાનું. 'સુરેશ' નું મન આડા અવળા વિચાર કરે અને ખરાબ વિચાર કરે તો પણ આપણે લેવાદેવા નથી. જોનારને કાંઈ સારું-ખોટું હોય ખરું ? આપણે હોળી જોઈએ તો આંખ દઝાય ? અને બરફ જોઈએ તો એકદમ ઠરી જાય ? કશું ના થાય. જોનારને કશું અસર થતી નથી. તમારે તો 'સુરેશભાઈ શું કરે છે' તેના જ્ઞાતા-દ્દષ્ટા રહેવાનું.

હવે તમે જ્ઞાતા-દ્દષ્ટા, પરમાનંદી, ને આ 'સુરેશભાઈ' એ હવે કરશે અને કઈ રીતે કરશે ? તો કે, 'વ્યવસ્થિતશક્તિ' પ્રદાન કરશે અને તેને આધારે 'સુરેશભાઈ' ચાલશે અને 'તમારે' જોયા કરવાનું. 'તમારે' કંઈ ડખો કરવાનો નહીં. ડખો કરતા હતા, અહંકાર કરતા હતા, એ ખાલી બગાડતા હતા. ડખો કરવાની જરૂર નહીં. જમવાનું સારું આવ્યું હોય એનો નિકાલ કરવાનો હોય. મોંઘામાંની કેરી લાવ્યા છે, મૂઆ નીરાંતે ખા ને !!

હવે 'વ્યવસ્થિતશક્તિ' શું છે ? એ સમજાવું. આ પ્યાલો હોય હાથમાં, આમ લઈને હું જતો હોઉં ને હાથમાંથી સરકી ગયો જરા, ને મેં પ્રયત્ન કર્યો છતાં પણ પડી ગયો અને તૂટી ગયો, તો કોણે તોડ્યો ? લોકો શું કહે છે કે 'તમે જ તોડ્યો. તમે એકલા જ હતા ને ?'

**દાદાશ્રી :** નોકરથી પ્યાલા ના પડી જાય ? અને મહેમાન ચા પીતા હોય ત્યારે આ 'સુરેશભાઈ શેઠ' શું કર્યા કરતો

હોય ? 'આ બધા મહેમાનો જાય ને એટલે હાથ-પગ ભાંગી નાખું.' તું નોકર હોય અને તારા પર શેઠ આવું કરે તો તને સારું લાગે ? પોતે એની જગ્યા પર હોય તો ? અને, એક બાજુ શેઠાણી ઘૂરકિયાં કરતી હોય કે 'પેલાનાં મારી-મારીને છોડાં કાઢવાં જોઈએ.' અલ્યા મૂઆ, નથી એણે ભાંગ્યું. મૂઆ આવડા નાના-નાના છોકરા હોય ને સુરેશભાઈ, તેને હું કહું, 'લે, આ પ્યાલો રકાબી બહાર નાંખી આવ.' તો આમ, આમ (ખભા ચઢાવી 'ના, ના') કરે ! કોઈ ના નાંખે. કોઈ ભાંગે પણ નહીં. હું કહું ને 'બૂટ બહાર નાખી આવ'. તો 'ના, ના' કહે. ગભરાય છોકરાઓ બિચારા, ના નાંખે. આ તો આપણા મનમાં એક અજંપો છે, અજ્ઞાનતા છે. ચોંટી પડે જેને તેને, નિમિત્તને બચકાં ભરે એવા ! કેવા ? નિમિત્તને બચકાં ભરાય ખરાં ? નિમિત્તને બચકાં ભરે, દાખલો સમજાય ? સુરેશ, શી રીતે ? સમજાય છે ? કોઈ દાખલો યાદ ?

**સુરેશભાઈ :** કોઈના ઉપર ખીજાવાનું.

**દાદાશ્રી :** કર્મના ઉદય આપણા, તે કર્મનો ઉદય આપણે ભોગવી લેવાનું, એના બદલે 'તને-મને' કરી ચોંટી પડીએ છીએ. સમજ પડીને ? એ.. પણ ખરો દાખલો આપી દઉં નાનો. નિમિત્તને બચકાં ભરવા માટે. 'એક શેઠ બેઠા હતા. મારા ફાધરે એક ચિટ્ઠી આપીને મોકલેલો, કે જા વાણિયા શેઠને આ ચિટ્ઠી આપી આવ. એટલે હું ૧૨-૧૩ વર્ષનો, એટલે હું આપી આવ્યો અને મારે રમવા જવું હતું. શેઠને આપી પણ શેઠ જવાબ આપે નહીં. બે મિનિટ થઈ, એટલે મારું મન અકળાયું. શું કરે મન ? તે શેઠ શું કરે ? કુરકુરિયું પાળ્યું હતુ ને મોટું, તેને પંપાળ-પંપાળ કરે અને મારી વાત ઉપર 'હા, હું તને આપું છું જવાબ', કહે છે. જરા વાર થઈ તો પણ પંપાળ-પંપાળ જ કર્યા કરે. એટલે પછી મને રીસ ચઢી તે કુરકુરિયાનું મોઢું અહીં આગળ હતું શેઠના પગ આગળ. અને આમ, આમ પંપાળ-પંપાળ કર્યા કરે. મને થયું કે 'મૂઓ મને ક્યાં સુધી બેસાડી રાખશે ? વાણિયો ઊઠવાનો નથી.' તે..મેં પૂંછડી એવી દબાવી કે, એણે શેઠને બચકું ભરી લીધું ! કારણ કે કૂતરાને ખબર નથી કે પૂંછડી કોણે દબાવી ? નિમિત્તને બચકું ભરે. એ રીતે મનુષ્ય બચકાં ભરી ખાય છે. દોષ કોનો હોય ! અને બૉસે કાઢી મેલ્યા હોય અને એ ઘરે આવી બૈરી પર અકળાય ! 'હં.... તારે લીધે !' આપણાથી બચકાં ભરાય ? 'અમેરિકન ઈંડિયન' કહેવાઓ તમે તો. 'ઈંડિયન-ઈંડિયન' નહીં. 'અમેરિકન ઈંડિયન' કહેવાઓ. બોલાય નહીં આવું તેવું. એટલે આ સમજવા જેવું છે.

**પ્રશ્નકર્તા :** 'વ્યવસ્થિતશક્તિ' કરે છે બધું.

**દાદાશ્રી :** આ 'વ્યવસ્થિતશક્તિ' પ્યાલો કેમ તોડે છે ? કારણ કે આપણા લોકો એવા છે કે એક ડઝન કપ-રકાબી લાવેને, તો એને સાત પેઢી સુધી ચલાવે એવા છે માણસ ! પ્યાલા સાચવી મૂકે ને, તો પ્યાલાના કારખાનાવાળાનું ના ચાલે. વ્યવસ્થિતને બધા જીવમાત્રનું ચલાવાનું હોય. એ વ્યવસ્થિતે ઍડ્જસ્ટમેન્ટ જોવાનું કે નહીં જોવાનું ? વેપારીઓનું ના ચાલે. વ્યવસ્થિતનો સ્વભાવ શું છે ? એ સપ્લાય પણ કરે છે. આપણે કશી ફીકર જ ના રાખવી. સપ્લાય એ કરશે અને નાશ પણ એ જ કરશે. આ ધોતી(જોટો) જ ના લાવે ને બીજો ઈન્ડિયામાં ! અહીં (ફૉરેનમાં) તો કાયદેસર બાર મહીને કાઢી નાખે. આપણે ત્યાં તો છે ને, આ કાગળીયાં, એ ય આપણે ધોઈને લઈએ (ફરી વાપરીએ) એવા છે ! ઈંડિયન પઝલ કહેવાય આ. કોઈ solve ના કરી શકે, આ પઝલ. સમજ પડીને ?

**પ્રશ્નકર્તા :** 'વ્યવસ્થિતશક્તિ' એ બધાનું ચલાવી લેવાનું છે ?

**દાદાશ્રી :** આ 'વ્યવસ્થિતશક્તિ' બધું તોડ-ફોડ કરે છે. હા, એણે ચલાવી લેવાનું. એટલે 'વ્યવસ્થિતશક્તિ' આ બધું તોડ-ફોડ, તોડ-ફોડ કરે છે. આ એક દાખલો 'વ્યવસ્થિતશક્તિ' નો, સમજણ પડીને ? કે 'વ્યવસ્થિતશક્તિ' કઈ રીતે કાર્ય કરે છે ?

હવે બીજો દાખલો આપું છું. બૅંકનો દાખલો આપું છું. બૅંકમાંથી ૨૦૦૦ રૂપિયા ઉપાડ્યા હોય અને બીજા ૨૦૦ (રૂપિયા) બીજા ખિસ્સામાં પડ્યા હોય. બેઉ જુદા-જુદા ખિસ્સામાં મૂક્યા હોય અને પછી ચાલતા હોય અને બૉર્ડ વાંચીએ 'Beware of Thieves'. એટલે કહેવું 'સુરેશભાઈ, ખિસ્સા દાબી રાખજો'. સુરેશભાઈ દાબી રાખે. પણ પેલી જમાત કંઈ કાચી નથી હોતી. એ પણ મરચાં તૈયાર રાખે, નાખે અને હાથ છૂટી ગયો અને ખિસ્સા કાપીને લઈ ગયો. તો 'વ્યવસ્થિત' કહીને શાંત થઈ જવાનું. વ્યવસ્થિતે કાપ્યું, એ નથી કાપી ગયો. આપણો પહેલાંનો હિસાબ ચૂકતે કર્યો. તે વખતે બધા બૂમો પાડે 'એ સુરેશભાઈ, એ સુરેશભાઈ, પેલો લઈ ગયો. એ શું લઈ ગયો ? તમારા ગજવામાંથી ?' આપણે કહેવું, 'અરે ભાઈ ! ગજવું કપાયું ખરું પણ આ ગજવામાં ૨૦૦૦ હતા ને બીજામાં ૨૦૦ જ હતા !' એટલે એ બોલતા જ બંધ થઈ જાય, વગર કહ્યે ! આપી દે કોઈ ? અને ઉપરથી કહે, 'સાચવવું જોઈએ ને. આ લત્તો ખરાબ છે. મૂરખ જેવા છે.' પાછા બધા ઉશ્કેરે છે. જગતમાં બધું આવું દુરુપયોગ કરે. પોતે દુઃખીયા ને, એટલે બીજાને દુઃખ જ આપે. સુખીયો માણસ હોય તો જ બીજાને સુખ આપે. નહીં તો દુઃખીયો માણસ દુઃખ આપ્યા વગર રહે નહીં, એવો કાયદો જ છે. આપણાં લોકો તો એને ઘેર જઈને કહે કે 'તમારો સુરેશભાઈ આમ કહેતો હતો' !

એટલે ગજવું કપાય એટલે 'વ્યવસ્થિત' કહેવાનું અને આગળ જવાનું. આમાં ગુનેગાર કોણ ? તો જગતના લોકો શું કહે છે કે ગજવું કાપી જનાર ગુનેગાર. અને કુદરત શું કહે છે કે 'આ બધાનો નહીં અને તમારો નંબર ક્યાંથી લાગ્યો ?' માટે આજે આપણે પકડાયા ! પેલો તો જ્યારે પકડાશે ત્યારે તે ગુનેગાર થશે. અત્યારે તો ગુનેગાર નહીં. અત્યારે તો એ જલેબી ખાતો હશે. પછી આપણે ઘેર ચાલવા માંડ્યા એટલે વચ્ચે પોલીસ ગેટ આવે. પોલીસને કહેવાનું, વ્યવહાર દેખાડવાનો, કે 'આ ગજવું કપાયું છે' તો case જરા નોંધી લેજો, ૨૦૦૦ ગયા છે તો નોંધાવી દેવાનો case. અને પછી ઘરે ગયા એટલે સાડા આઠ વાગ્યા રાતના. ત્યાં આપણું મન તો ખરું જ ને ? જ્ઞાન મળ્યું પણ મન કંઈ ડાહ્યું થયું છે ? મન પાછું કૂદાકૂદ કરવા માંડ્યું 'તમે તો વ્યવસ્થિત કહો છો પણ પેલાને ૧૨૦૦ આપવાના તેનું શું ? એ કહો ને !' આપણે 'વ્યવસ્થિત' કહ્યું એટલે સમાધાન થયું. ત્યારે એ મૂઉં બૂમા-બૂમ કરે, જાણે એ આપી દેવાનું ના હોય ? જંપીને બેસવા ના દે. મન કહે છે 'પેલાને ૧૨૦૦ આપવાના છે તેનું શું ?' એટલે આપણે જાણીએ કે આ મન આખી રાત ઊંઘવા નહીં દે અને અજંપો કરે આખી રાત, ઊંઘતી આંખે ઉજાગરો. એટલે આપણે ઘરે આવીને કહી દેવાનું કે 'દૂધ નાખીને શીરો સારો બનાવો અને ભજીયાં છે, રાયતું છે, હરેક ચીજો બનાવો જરા.' એટલે બૈરાંય જાણે કે આજ કંઈ સારું કમાયા લાગે છે ! પછી સુરેશભાઈને ખૂબ જમાડવા. તે દિવસે તો બેઠાં-બેઠાં જ ઊંઘ આવી જાય ! અને પછી સવારમાં પોલીસવાળા આવ્યા હોય, ઊઠીએ ત્યારે. પોલીસવાળાને કહે, શું ? તો કહે 'આ માણસ પકડાઈ ગયો તમારો. આખી રાત રમી રમ્યો ને દારૂ પી-પી ને પૈસા ખલાસ

કર્યા.' તો કહે છે 'કંઈ બચ્યું છે ?' 'લો આ સાડી આઠસોને સાડી પચ્ચીસ બચ્યા છે.' પછી આપણે લઈ લેવાના અને ૮૦૦ રૂપિયા આપણે ગજવામાં મૂકવાના અને સાડી પચીસમાથી ૧૫ રૂપિયા પોલીસવાળાને આપવાના, ચા પાણીના. સાડા દસ રૂપિયા પેલાને. એ શું ખાય ? આખી રાત રમી-રમીને આવ્યો હોય. એટલે 'ખાતર પાછળ દિવેલ' સમજીને કહેવાનું 'તું લઈ જા'! કુદરતનો નિયમ છે, એણે ચોરી કરવાનું લાઇસન્સ લીધું ને એટલે ચોરી કરવાની. હેલ્પ કુદરત કર્યા જ કરવાની. ચોરી કોણ કરે ? ભગવાન જાતે આવે ? કોનો ચોરી કરવાનો ધંધો ? તો કહે અમારે. કુદરત કહે 'જવાબદારી તમારી, અમારે હેલ્પ કરવાની એને બધી'. આઠસો લેવાના અને ૨૦૦૦ બૅંક ખાતે જમા કરવાના અને ૧૨૦૦ રૂપિયા ઉધાર કરી દેવાના. હવે ૮૦૦ રૂપિયા તિજોરીમાં મૂકી દેવાના. પછી વ્યવસ્થિત ખાતે પૈસા આવે ત્યારે જમા કરી દેવાના. થઈ ગઈ ત્રીજી આજ્ઞા. સમજાઈ ? આ તમારું ચલાવશે વ્યવસ્થિત. આ ત્રણમાં કંઈ અઘરું છે ?

હવે ચોથી આજ્ઞા આપું છું. આ બધા જોડે શું સંબંધ, ઋણાનુંબંધ કેટલો છે ? ગયા અવતારના ઋણાનુંબંધ સંબંધો બધા કેટલા છે ?

**સુરેશભાઈ :** ઘણા જોડે હોય.

**દાદાશ્રી :** હા. એટલે ૧૦ જણા - ૨૫ જણા જોડે ? કોઈ કહે 'સુરેશભાઈ કેમ છો ?' એ ઋણાનુબંધ કહેવાય. આંખે આંખ ભેગી કરીને હસે એનું નામ ઋણાનુંબંધ. એટલે પૂર્વનું ઋણ બંધાયેલું જેની સાથે બાકી હોય, આપણે બીજા જોડે લેવા દેવા નથી. એટલે આટલા જ પૂરતું પાંચ-પચીસ હજાર પૂરતું જ આપણે આ સંસારમાં ભટકવું પડે છે. એમનો ચોપડો ચોખ્ખો થઈ જાય તો આપણે છૂટા. ચોપડો ચોખ્ખો કરવા માટે આ આપી દઉં. અને આ ઋણાનુબંધવાળાને નામ શું પાડવાનું ? ફર્સ્ટ ઋણાનુબંધ, તમે 'શુદ્ધાત્મા' થયા તો પહેલામાં પહેલું ઋણાનુંબંધ આ છે 'સુરેશભાઈ', સમજ પડીને ? એટલે આ 'ફાઈલ નંબર-૧' અને આ (વાઈફ) 'ફાઈલ નંબર-૨'. તારી(વાઈફની) ફાઈલ નંબર-૨ આ (હસબંડ). પછી છોકરાં ૩-૪-૫-૬ બધી ફાઈલોનાં નામ સમજી લેવાનાં. હું કહું કે 'પાંચમા નંબરની ફાઈલ', એટલે ઈલા સમજી જાય કે કોણ આવ્યું. '૨૫ નંબરની ફાઈલ' એટલે સમજી જાય કે રસિકભાઈ આવ્યા. રસિકભાઈ 'ફાઈલ' કહેવાય. 'ફાઈલોનો સમભાવે નિકાલ કરવો' એટલી અમારી આજ્ઞા છે. કોઈ 'ફાઈલ' આવે- આપણને માન આપતી આવે તેય ફાઈલ અને અપમાન કરતી હોય અને ઘસારો થાય એવું બોલતી હોય તેય ફાઈલ. બધા જોડે સમભાવે ફાઈલનો નિકાલ કરવો. જેમ આપણને ઑફિસમાં કહ્યું હોય કે સુરેશભાઈ, આ ફાઈલોનો નિકાલ કરવાનો છે, કોઈની ચા પીશો નહીં અને કોઈની ઉપર ગુસ્સે થશો નહીં. આ ફાઈલોનો નિકાલ કરી નાંખો. જેવું થાય એવું, ફાઈલોનો નિકાલ કરી નાખો. સમભાવે નિકાલ કરવો છે. કોઈ ફેરી રંજન બહેન બોલતા હોય આપણને, ના ગમે એવું બોલતાં હોય તો આપણે નક્કી કરવું કે 'સમભાવે નિકાલ કરવું છે', કારણ કે ના ગમતું બોલાય છે તે આપણા પ્રારબ્ધના આધારે બોલાય છે. આ બધું સાયન્સ છે. પૂછશો તો કહીશ પછી. આ તો અત્યારે હું તમને જ્ઞાન આપું. આ વિજ્ઞાન તો બહુ લાંબુ છે, જેટલું પૂછો એટલું ઓછું. સમભાવે નિકાલ જ કરવો, બીજું કંઈ છે નહીં. સમભાવે નિકાલ કરવો છે. કાકા જોડે ના ફાવતું હોય, રોજ ગાળ બોલે છે, તો આપણે એ જેવું બોલે એવી આપણે ગાળ બોલીએ એવું નહીં. એ ગાળ બોલે તો આપણે સીધું બોલવું, 'આવો, આવો કાકા'. એટલે આપણા મનમાં 'સમભાવે

નિકાલ કરવો છે' એની અસર રહે. એટલે એ આવે એટલે નક્કી કરવું કે 'દાદાની આજ્ઞા પાળવી છે.' એની ઈફેક્ટ પડશે. એનામાં એટલું બધું ઈફેક્ટિવ છે, 'આ' જગતને ખબર નથી. એનો લોકોને માર પડે છે, એની ઈફેક્ટ પડે છે સામાની. એટલે સમભાવે નિકાલ કરવાનું ચોથી આજ્ઞા. આ 'ફાઈલનો સમભાવે નિકાલ કરવો' એ ચોથી આજ્ઞા. એનો દાખલો આપું છું. સમભાવે શી રીતે નિકાલ કરવો ? તે હવે આપણે ઑફિસમાં જવું છે. એટલે ઈલાને કહ્યું કે 'તું જમવાનું મૂકી દે, મારે અગિયાર વાગ્યે જવું છે'. તો ઈલા કહે 'પાંચ મિનિટમાં આવો'. એટલે આપણે પાંચ મિનિટ પછી જઈએ. ઈલાબેન પેલી કઢી ઉતારતાં હોય ને તે સાણસી છૂટી ગઈ એટલે તપેલી overturn થઈ ગઈ, તો કે કયું જ્ઞાન હાજર થાય આપણું ? જ્ઞાન આપ્યું તે ?

**સુરેશભાઈ-ઈલાબેન :** સમભાવે-વ્યવસ્થિત.

**દાદાશ્રી :** વ્યવસ્થિતે તો ઊંધી કરી કઢી. આ ઊંધી કરનાર 'વ્યવસ્થિત'. આ ફાઈલ જોડે સમભાવે નિકાલ કરવો. એટલે વ્યવસ્થિતે ઊંધી કરી એટલે આપણે શું કહેવું પહેલાં કે 'દઝાયાં નથી ને ?' અને આ જ્ઞાન ના મળ્યું હોય તો કેવું બોલે આપણાં લોક ? કેવું કેવું બોલે નહીં ? મૂળિયાં હઉ બાળી મેલે. તેથી આ જગત ઊભું થયું છે ! પોતાની અણસમજણથી, અજ્ઞાનતાથી જ બંધાયા કરે. આ જ્ઞાન હું જે આપું છું ને તે બંધનથી દબાય જ નહીં. છૂટ્યા જ કરે રોજે-રોજ અને કર્મમાં અકર્મ થશે. કર્મ કરો છો એ અકર્મ કરો છો, જેમ કૃષ્ણ ભગવાન કહે છે તેમ. એટલે કર્મ બંધાય નહીં, સમજાય ને ? અત્યાર સુધી કર્મ ચાર્જ થતાં હતાં અને ડિસ્ચાર્જ થતાં હતાં. કોઝિઝ અને ઈફેક્ટ. હવે ચાર્જ થવાનું બંધ થયું એટલે ડિસ્ચાર્જ એકલો રહ્યો. સમજ પડીને ? વ્યવસ્થિત સમજી ગયા એટલે સમભાવે નિકાલ કરવા એને કહેવું કે 'ભાખરી અને જરા અથાણું મૂકો, હું જાઉં છું.' એટલે એને એમ થાય કે બહુ સારું કર્યું. સમભાવે નિકાલ. આ એક દાખલો થઈ ગયો ને ?

હવે બીજો દાખલો આપું છું. એક રૂમમાં બેઠા હોઈએ અને શુદ્ધાત્માનું ધ્યાન કરીએ છીએ ત્યારે બહાર 'આમ, આમ' થયું (કોઈએ બારણું ખખડાવ્યું) એટલે આપણે શું સમજી જવાનું ? આપણે જ્ઞાનમાં અંદર શું સમજવાનું અંદર બેઠા-બેઠા ?

**સુરેશભાઈ-ઈલાબેન :** કોઈ આવ્યું.

**દાદાશ્રી :** જ્ઞાન નહોતું તો પણ એવું જ બોલતા હતા ને કે 'કોઈ આવ્યું'. હવે વિજ્ઞાન શીખ્યા પછી આવું બોલાય કે ?

**સુરેશભાઈ :** શુદ્ધાત્મા.

**દાદાશ્રી :** ના, એવું ના કહેવાય કે શુદ્ધાત્મા. 'કોઈ ફાઈલ આવી' એમ કહેવાનું. આપણી ભાષામાં બરાબર છે. આપણી આ પોતાની ભાષા છે ને એટલે કોઈ જાણે નહીં, આપણે 'ફાઈલ આવી' કહીએ મનમાં, એટલે પેલો સમજે નહીં. એટલે અંદર બેઠા-બેઠા સમજી જવાનું કે 'ફાઈલ કોઈ આવી'. હવે કયા નંબરની એ શું ખબર પડે ? નંબર જોવા બારણું ઉઘાડવું જ પડે. નહીં તો બૂમા-બૂમ વધારે કરે મૂઆ. એટલે આપણે ધ્યાન છોડી અને ફાઈલનો નિકાલ પહેલો કરવો પડે. એટલે બહાર આવી 'અલ્યા, સુલેમાન તું ?' એની જોડે આપણી દુકાન હતી. તો કહે 'હું ત્રણ કોથળા ખાંડના લાવ્યો હતો તે

મહેતાજી પૈસા નથી આપતા.' ફાઈલનો સમભાવે નિકાલ કરવાનો એટલે મહેતાજીને બોલાવીને કહેવાનું 'કેમ નથી આપતા ?' તો કહે 'એક કોથળાએ ૮૦ રૂપિયા ભાવ વધારે કર્યો છે'; એટલે ૨૪૦ રૂપિયાનો ઝઘડો. એટલે આપણે એને બેસાડીને કહેવાનું કે 'આપણે કાયમના ઘરાક. આવું બધું ના હોય'. તો પેલો કહે 'ભાવ વધી ગયા છે સાહેબ'. પણ એને સમજાવી ૧૦૦ એ ના માને તો એને ૧૨૦ આપીને ઊંચું મૂકી દેવાનું અને પછી જાય એટલે પછી કહેવું 'સુલેમાન, કુછ દુઃખ નહીં હુવા ના ?' એ કહે 'નહીં સાહબ, નહીં હુવા.' એટલે નિકાલ થઈ ગયો. પછી તમે ૧૦૦ માં કરો કે ૨૫ માં કરો. ૫ લાખનું દેવું થઈ ગયું હોય અને ૨ લાખ માંગતા હોય અને ૫૦ હજારમાં પતી જતું હોય તો એને દાઢીમાં હાથ ઘાલીને એને પતાવી દો. શું કહ્યું ? આપણે છેતરવા નથી પણ જે છે એ આપીને ઊંચું મૂકાય. આપણાં લોકો શું કહે 'મારે દૂધે ધોઈને આપવાના'. મેર ચક્કર, ભગવાનનો કાયદો એવો કંઈ નથી. એના મનનું સમાધાન કરી આપવું. એ કહે કે 'ના, બસ થઈ ગયું. બસ થઈ ગયું.' આ મનનું વેર ના બાંધે એટલું જોવું. એ અહીંથી ગયો સુલેમાન તે ત્રીજે ઘરે ત્રણ કોથળા આપેલા તે કહે 'મારા પૈસા આપો'. તો સાહેબ શું કહે છે કે 'એક પાઈ નહીં આપું વધારે'. તો પેલો સલીયો મુસલમાન છે એનું મગજ ચઢી ગયું. 'એક પાઈ છોડું નહીં' કહે છે. પેલા કહે 'અલ્યા, મને ઓળખતો નથી ?' તો કહે 'આપ તો કોંગ્રેસના બહુ મોટા માણસ છો, તો પૈસા તો મારે છોડાય નહીં ને ?' મિયાંભાઈ તો ગાંઠ્યા નહીં, એટલે એમણે પૈસા ફેંક્યા બીવડાવવા માટે અને કહે 'લે ઊઠાવ.' એટલે પેલાએ લઈ લીધા અને ગજવામાં મૂકીને હાલવા માંડ્યો. તો કહે 'એય સલિયા ઊભો રહે.' તો કે સાહબ 'ક્યા હુકમ હૈ ?' તો કહે 'હું તને જોઈ લઈશ' તો એ કહે 'હા, સાહબ, મૈં ભી દેખ લૂંગા' કહે છે. અલ્યા, પૂરા પૈસા આપ્યા ને વેર ઊભું રાખ્યું ? આ જગત વેરથી ઊભું રહ્યું છે. આ કળિયુગમાં વેરથી ઊભું રહ્યું છે અને સતયુગમાં પ્રેમથી ઊભું રહ્યું હતું. અત્યારે તો પ્રેમની વાત ના થાય. પણ વેર ના થાય તો ઉત્તમ. એટલે વેર ના થાય એટલું જોઈ લેવું. આપણે ત્યાં કોઈ આવ્યો હોય ને તે મૂઓ વાંકો હોય ને તે, આપણો ગુનો ના હોય તો પણ નિવેડો લાવવો. જરા ચા બા પીવડાવી સમજાવી પટાવી ટેન્શન ઓછું કરવાનું અને પછી નિકાલ કરવાનો. એમાં કપટ કર્યું ના કહેવાય. એના મનને ખુશ કરી દેવાનું. એનું મન માની ગયું એટલે બસ થઈ ગયું. કેટલે સુધી આવ્યું ? કેટલી આજ્ઞા થઈ ?

**સુરેશભાઈ :** ચાર.

**દાદાશ્રી :** આ ચારમાં કશું અઘરું નથી ને ? તને લાગે છે અઘરું ?

**સુરેશભાઈ :** ના.

**દાદાશ્રી :** હવે પાંચમી આજ્ઞા કહું છું. 'સુરેશભાઈ'ના નામથી બૅંકનું ખાતું હશેને કે 'શુદ્ધાત્મા'ના નામનું ? હા, એ તો આપણે જાણતા ન હતા એટલે તે થયું. મકાન સુરેશભાઈના નામે કે શુદ્ધાત્માના ? અને છોકરાંઓ ? 'વ્યવસ્થિત'ને તાબે ગયું આપણું. આપણે છે તે હવે શુદ્ધાત્માનો ચોપડો બાંધવાનો. આ તો બધું વ્યવસ્થિત, આ બધો વ્યવહાર છે ને તે રિલેટીવ, વ્યવસ્થિતના તાબે ગયું. 'વ્યવસ્થિત' ચલાવી લેશે એનું. પણ હવે આપણા 'શુદ્ધાત્માના ચોપડે' ખોટ ના જાય તે જોવાનું. પાંચમી આજ્ઞા 'શુદ્ધાત્માનો ચોપડો', એક જ શબ્દ છે શુદ્ધાત્માનો ચોપડો બાંધો સાહેબ, શુદ્ધાત્માનો ચોપડો. મારે શું કરવાનું ? એમાં, તારે જેટલી આજ્ઞા પળાશે એની મેળે જમા થઈ જશે ચોપડામાં. બીજું છે તે દાદા ન્યૂજર્સીમાં હોય, ત્યાં જઈને પણ

દર્શન કરવાં. રજાઓ આપણે સિલ્લકમાં બચાવી હોય તે એટલા માટે બચાવવાની, દાદા માટે. શું ? આવા જ્ઞાનને પાણી છાંટવું તો જોઈએ ને ? કૉલેજમાં કેટલી બધી કાળજી રાખતા હતા ? તો આમાં થોડી ઘણી તો રાખવી જોઈએ ને ? પાણી છાંટો એટલે ઑલરાઈટ થઈ જાય. એટલે શું થયું ? કેટલે સુધી આવ્યું ?

**નીરુબહેન :** 'શુદ્ધાત્માના ચોપડે'. આપ્તવાણી વાંચે..

**દાદાશ્રી :** 'શુદ્ધાત્માના ચોપડે' શું શું જમા થશે ? તો, જેટલી આજ્ઞા પાળશો એટલી. પછી દાદાને જેટલો વખત દર્શન કરવા આવશો, આશીર્વાદ લેવા આવશો એ. અને તમને શક્તિ ઉત્પન્ન થાય એના માટે, રાતની બાબતમાં તમને સમજાવું છું. રાત્રે તમે સૂઈ જાવ, ગમે તે નવ, દસ, અગિયાર વાગ્યે. ત્યારે આંખો મીંચીને નિદિધ્યાસન થવું જોઈએ. નિદિધ્યાસન એટલે શું ? એમની શક્તિ આપણને પ્રાપ્ત થાય ડાયરેક્ટ. આપણે કમાણી કરવા ના જવું પડે. એટલે આંખો મીંચીને દાદા દેખાય અને 'હું શુદ્ધાત્મા છું', 'હું શુદ્ધાત્મા છું' બોલ્યા કરવાનું. રાત્રે ય જાગતાં જ ઊંઘી જવાનું. જાગતાં જ ગોઠવણી કરીને ઊંઘી જવાનું. 'એવી ગોઠવણી થાય મારે', એવું કરીને ઊંઘી જવાનું. એ જમા થશે ચોપડામાં. પછી પુસ્તકો વાંચીએ આપણાં તો એ જમા થશે. પછી પેલું માસિક મૅગેઝિન (અક્રમ વિજ્ઞાન )આવે છે એ ?

**ઈલાબેન :** ના, નથી આવતું.

**દાદાશ્રી :** એ માસિક મૅગેઝિન ચાલુ કરજો. પુસ્તકો ફ્રી હોય છે, ખાલી માસિક લવાજમના જે લેતા હોય ને તે માસિક બાંધી દેવાનું. માસિક મૅગેઝિનથી શું થાય ? તમને ફ્રેશ વાણી દાદાજીની મળે. અને તમને બહુ આનંદ આવશે એમાં. સમજ પડીને ? પછી એ બધું શુદ્ધાત્માને ચોપડે જશે. આ પાંચ આજ્ઞા પૂરી થઈ ગઈ. હવે આમાં કશું અઘરું લાગતું નથી ને ? હવે આ આજ્ઞા પાળજો.

હવે કરવાનું શું શું રહ્યું ? 'હું સુરેશભાઈ છું' એ પહેલાં જ્યાં સુધી જ્ઞાન ન હતું ત્યાં સુધી આપણે શું માનતા હતા ? 'હું સુરેશ છું' બીજું છે જ નહીં. 'હું સુરેશ જ છું' એ 'ઈગોઈઝમ' હતું. શું હતું ? હવે સુરેશભાઈ ખરા, પણ વ્યવહારથી એટલે ડ્રામેટીક રીતે, actually નહીં, ડ્રામામાં. ખરી રીતે આ વ્યવહાર ચલાવવા પૂરતું જ સુરેશભાઈ. ખરી રીતે નહીં, ખરી રીતે 'શુદ્ધાત્મા'. એટલે અહંકાર અહીંથી ઊઠી ગયો અને 'હું શુદ્ધાત્મા છું' તે બેસી ગયું. અને મમતા પણ બેસી ગઈ. અહંકાર અને મમતા બેઉ ગયાં. એની જગ્યાએ જે વેક્યૂમ થઈ એના બદલે શુદ્ધાત્માનું ગ્રહણ થઈ ગયું. અહંકાર અને મમતાનો ત્યાગ થઈ ગયો. એના બદલે પોતાનું સ્વરૂપ 'શુદ્ધાત્મા'નું ગ્રહણ થઈ ગયું. ગ્રહણ ત્યાગનો કડાકૂટો મટ્યો. હવે ગ્રહણ પણ કરવાનું નહીં અને ત્યાગે ય કરવાનો નહીં. 'સમભાવે નિકાલ' કરવાનો. થાળી આવી, રસોઈ ફર્સ્ટ ક્લાસ આવી, એકાદ બે વસ્તુ ખારી આવે એને એક બાજુ મૂકી નિકાલ કરવાનું. એને મૂકી દેવાનું એક બાજુ પર, બીજી બધી ખાવી. જાણે આપણે બનાવી જ નથી. એ ઓછું કહે છે કે ખારું પણ ખાઈ જજો ? આપણે છોડીએ કકળાટ કરીને તો પછી આપણી આજ્ઞા પાળી ના કહેવાય. સમભાવે નિકાલ કરવાનો. ભોજનની થાળીને કૃષ્ણ ભગવાને શું કહ્યું ? ભોજનની થાળી જે પ્રાપ્ત છે એને ભોગવો. અપ્રાપ્તની ચિંતા ના કરો, કહે છે. શું ખોટું કહે છે કૃષ્ણ ભગવાન ? 'જે પ્રાપ્ત છે તેને ભોગવો અને અપ્રાપ્તની

ચિંતા ના કરો.' હવે થાળી છે તે પ્રાપ્ત છે એને ભોગવતો નથી ને જરા ટાઈમ થઈ ગયો હોય ઑફિસનો એટલે એ મૂઓ ત્યાં હોય અને આ અહીં ખાતો હોય એટલે ધોકડું અહીં ખાય પણ ચિત્ત ત્યાં હોય. એટલે હું તમને સમજાવું કે ગમે તે થાય પણ ચિત્તની absenceમાં જમશો નહીં. શું કહ્યું ? કારણ કે હાર્ટ ઉપર અસર થાય છે. ચિત્તની absenceમાં જમવું એ બહુ હાર્ટ ઉપર અસર થાય છે. માટે ગમે તેવું થાય તમે 'વ્યવસ્થિત' પર છોડી દો ને ! એ તો સાહેબને કહેવાનું કે 'એક જ હાથ વપરાય, બે હાથે ખવાય ?' એની મેળે ઓછું ખાઈએ. પણ આવું ના કરીએ. ચિત્ત ત્યાં ભટકવા ગયું હોય અને ધોકડું એમ ચાવ્યા કરે. તે હેલ્પ શું કરે તમને ? સાહેબ કહે 'વહેલો આવી ગયો ?' મૅડનેસ, રઘવાટ.. સમજ પડીને ? એટલે નિરાંતે જમજો, કોઈ દિવસ મોડું થાય, મોડું થવાની ઈચ્છા ય ના કરવી કોઈ દિવસ અને થઈ જાય તો નિરાંતે જમજો. આવું રઘવાટ ના કરો. નહીં તો ય તમારો ટાઈમ વહેલો લખવાના છે ? એ લોકો રઘવાટિયા. એટલે આ અહંકાર ને મમતા ગયાં અને પોતાના શુદ્ધાત્માનું સ્વરૂપ પ્રગટ થયું. હવે 'સમભાવે નિકાલ' આપણે કરવાનો બધો.

આજે તમને બહાર ભૌતિક જે હતું, વિમુખ હતું, બહિર્મુખી હતા, 'બહિર્મુખ આત્મા' હતો એટલે ભૌતિકમાં, બહારના જ સુખમાં, ને અંતર્મુખી થયો નથી. તે આજે, બહિર્મુખ છૂટી ગયું અને અંતર્મુખ થયું. શેમાં સુખ છે ? 'આત્મામાં સુખ છે', એવી ખાતરી થઈ ગઈ કે સ્વરૂપમાં સુખ છે. અને બહારનાં તે 'કલ્પિત સુખ' છે; આપણે માનીએ તો સુખ છે, ના માનીએ તો દુઃખ છે. જલેબી કોઈને ના ભાવતી હોય અને આપણે કહીએ કે 'ના, ખાવી જ પડશે.' ભાવતી ના હોય તો એને જબરજસ્તી કરવાનો શો અર્થ છે ? તમને સમજ પડીને ?

એટલે આજે આપણે અંતરાત્મા થયા અને 'હું શુદ્ધાત્મા છું' એવી પ્રતીતિ બેસી ગઈ, એ પ્રતીતિ કાયમની બેસી ગઈ, નિરંતર ચોવીસે કલાક. જો તમે ઑફિસમાં બેસીને કામ કરતા હોય તો ફાઈલ કહેવાય. તો તે વખતે તમારા લક્ષમાં રહ્યા કરે 'હું શુદ્ધાત્મા છું' અથવા પ્રતીતિમાં રહે. પછી એ કામ પૂરું થઈ જાય એટલે એ લક્ષમાં આવી જાય. 'શુદ્ધાત્મા' રહ્યા કરે નિરંતર ૨૪ કલાક.

હવે નિષ્પક્ષપાતી થયા. મુસલમાનમાં શુદ્ધાત્મા દેખાય કે ના દેખાય ? જો ગાય-ભેંસમાં દેખાય તો ? તો આપણે આત્મધર્મી થયા. એટલે આપણે પક્ષપાતમાં નહીં આપણે હિન્દુ છીએ કે જૈન છીએ કે વૈષ્ણવ છીએ. એવું પક્ષપાતમાં નહીં પરંતુ આત્મધર્મી એટલે નિષ્પક્ષપાતી. સમજ પડીને ?

'દેહાધ્યાસ ધર્મ' ઊડી ગયો અને 'આત્મ ધર્મ' શરૂ થયો. દેહાધ્યાસથી કર્મ બંધાય. 'દેહાધ્યાસ ધર્મ' એટલે શું ? કે 'હું સુરેશ છું' અને આ દેહ છે એ 'હું સુરેશ જ છું', એનું નામ દેહાધ્યાસ. એ 'દેહાત્મબુદ્ધિ' થઈ ગઈ, આ દેહને આત્મા માનવું એ બુદ્ધિ. 'આ' હું જ છું. હવે 'આત્મા'ને 'આત્મા' માન્યો અને દેહને દેહ માન્યો. સમજ પડીને ? જુદું પડ્યું. 'લાઈન ઑફ ડિમાર્કેશન' નાખી કે આ 'આત્મા વિભાગ' અને આ 'દેહ વિભાગ'. 'લાઈન ઑફ ડિમાર્કેશન' વચ્ચે પડી. એટલે બે જુદું જ થઈ ગયું આજે. આ જ્ઞાન મળ્યા પછી, ભગવાને શું કહ્યું કે 'જ્ઞાનીની પાસે જ પડી રહેજો' એવું કહ્યું હતું. જ્ઞાની પાસે પડી રહેજો, આ જ્ઞાન મળ્યા પછી. પણ આ કાળ તો complex કાળ છે. એ જમાનો ગયો બધો, દુકાનમાં રહી-રહીને, છોકરા મોટા કર્યા એટલે વાઈફને કહ્યું, 'તો હું જાઉં' ? એ કહે 'અમને પણ બોલાવી લેજો હોં'. એ હવે રહ્યું જ નથી. અત્યારે

તો આપણાથી હવે રહેવાય એવું નથી દાદાની જોડે, તો અત્યારે તમને એક substitute આપું, તમને રહેવાનું કહ્યું ને જોડે? એનો substitute આપું. રાત્રે સૂઈ જાવ ત્યારે આંખમાં દાદા દેખાય અને 'હું શુદ્ધાત્મા', 'શુદ્ધાત્મા' બોલતા-બોલતા સૂઈ જવું. તે આખી રાત એનું પાણી પડ્યા કરશે. ઊંઘ ઘસઘસાટ આવ્યા કરશે. આ એક નવો substitute છે. તે આખી રાતનું ફળ મળશે. આ તમે ગોઠવીને સૂઈ જશો એટલે ઊંઘ બે-પાંચ મિનિટમાં આવે તોયે વાંધો નહીં. કારણ કે જાગતા ઊંઘી ગયા ને? આપણે ગોઠવીને સૂઈ ગયા. આપણે ઊંઘ્યા નથી, એની મેળે ઊંઘ આવી ગઈ. એટલે આપણે જે સ્થિતિમાં છીએ તે સ્થિતિમાં જ છીએ, એટલે એની મેળે આખી રાત પાણી પડ્યા કરશે. અને ઉજાગરો ના થાય અને બહુ સરસ કામ થશે. માટે આટલું રાત્રે ગોઠવી દેજો. હવે પાછી બુદ્ધિ ભાંજગડ કરશે. બુદ્ધિ ડખો કરવા જાય ને પાછી? એને પાછો રસ્તો દેખાડવો, અને દાદાને તમે ગોઠવો ને તો બુદ્ધિ ઊભી ના રહે. અને પૂરું exact ના દેખાય તો વાંધો નથી. ખાલી ગોઠવણી કરી બિંબ દેખાય તો બહુ થઈ ગયું. આપણે નથી કરતાં? આંખો મીંચે તો શાંતિ થાય છે. એટલે એ ગોઠવણી કરી અને એ બુદ્ધિને શું કહેવાનું કે કાલે બપોરે તું જમવા આવજે. આજની રાત મને રજા આપ. એટલે બુદ્ધિ જશે.

બુદ્ધિ શું કરે છે? એક માણસને શ્રીખંડ બનાવો હતો તે દૂધ મેળવવા દહીં લાવ્યો અને ભૈયાને બોલાવ્યો. ભૈયાએ દૂધને ગરમ કરી, ઠંડુ પડવા દઈ અને દહીં નાખી હલાવીને આપ્યું અને કહ્યું, 'તું સવારે જોજે દહીંનાં ચોસલાં સરસ થશે.' ત્યારે પેલો અક્કલવાળો કહેશે પણ 'મારે જોવું તો પડશે ને? એમને એમ કાંઈ થાય?' ભૈયો કહે 'ના, ના તું ઘસઘસાટ ઊંઘી જજે, સવારે સરસ જામી જશે.' પેલો અક્કલવાળો રાત્રે ૧ વાગ્યે ઊઠ્યો કે 'થોડું ઘણું તો થયું જ હશે ને?' તો આંગળી ઘાલીને ડખો કરી નાખ્યો દહીંનો! એટલે બુદ્ધિને કહી દેવાનું કે 'દાદાનું મને ધ્યાન કરવા દે. તું કાલે બપોરે આવજે.' એક દહાડો ફરી થઈને આ રીતે ધ્યાન કરજો, એની મેળે ઊંઘ આવી જશે. બે મિનિટમાં આવે ને તો ચૂંટી બુંટી ખણીને જાગવાનું નહીં. એક માણસ મને કહે છે કે, 'મને તરત ઊંઘ આવવા માંડી એટલે ચૂંટી ખણી ને જાગ્યો'. ના, એવું ના કરીશ. સહજ રીતે ગોઠવણી કરવાની, પછી ઊંઘી જવાનું. બધા જાત-જાતની અક્કલવાળા. એની જાતને બહુ અક્ક્લવાળો માનતો હોય. જાગતાં જ ઊંઘી જવાનું. હવે એક જ વસ્તુ રહી. કાલે સવારમાં જે થાય તે, તમે ઑફિસે જતાં પહેલાં મને વહેલા મળી જજો અને સાંજે ફરી સત્સંગમાં આવજો. પણ સવારમાં એકાદ વખત મને કહીને જજો. પાંચ મિનિટ લાગશે. હું આશીર્વાદ આપીશ અને ભૂલચૂક થઈ હોય તો કાલે ને કાલે સુધારી આપું તો રેગ્યુલર થઈ જાય. કોઈ શબ્દ ઓછો બોલાયો હોય ને તેને લીધે અડચણ થવાનો સંભવ થશે. સમજ પડીને? એટલે એને કાલે ને કાલે એ કરી આપું. ક્યારે? સવારે વહેલા અવાશે?

**સુરેશભાઈ :** અવાશે.

**દાદાશ્રી :** જે કર્મ બંધાયું એ કર્મ પાછું ભોગવવું પડે, આપણે જ્ઞાતા-દ્રષ્ટા બનવાનું, કર્તા 'વ્યવસ્થિત'. એટલે ઈલાને ઘર બરાબર ચાલ્યા કરશે, શું? કંઈ ઠીક લાગે છે અંદર? પાંચ આજ્ઞા પાળ્યા કરજો.

ક્રોધ બધું નાશ થઈ ગયું. ક્રોધ થયો હોય 'ઈલાને' મહીં, આત્મા શું કરે? અને આ બાજુ થાય છે એ પ્રારબ્ધકર્મ છે. પ્રારબ્ધ અત્યારે ભેગું થાય એટલે નવાં કર્મો બંધાય મહીં. પણ શું થાય છે? 'એમ ના થવું જોઈએ, એમ ના થવું જોઈએ'. એટલે ક્રોધ કોનું નામ કહેવાય? કે એની પાછળ હિંસકભાવ હોય; ક્રોધ-માન-માયા-લોભ જે છે, તે વૈજ્ઞાનિક રીતે ખરેખર

આમ છે. જે બધું થઈ ગયું એટલે માણસ ગુસ્સે થઈ ગયો. સંજોગ બને તો વિચાર કરજો. ક્રોધ-માન-માયા-લોભ એ હિંસકભાવ હોય તો કહેવાય અને હિંસક ભાવ ના હોય તો એ ડિસ્ચાર્જ ભાવ. તાંતો ન હોય ખરેખર તો ક્રોધ-માન-માયા-લોભ છે જ નહીં. એ ભગવાન સ્વીકાર કરશે. પણ તમે મારી સાથે રહી શકો નહીં, એટલે સમજી શકો નહીં ને ? બધુ જ ગયું છે, કશું જ રહ્યું નથી. આ ફાઈલોનો સમભાવે નિકાલ કરવો એ જ મુખ્ય વસ્તુ છે. ફાઈલો કૂદાકૂદ કરતી હોય, હેરાન કરતી હોય, એમ કરતી હોય તેનો નિકાલ કરવાનો.

**સુરેશભાઈ :** આ કઈ ચોપડીમાં છે ?

**નીરુબહેન :** પહેલી અને બીજી આપ્તવાણીમાં છે.

**દાદાશ્રી :** આત્મા ભળે એટલે વિકલ્પ કરે. આ તો નિર્વિકલ્પી જ્ઞાન થાય છે. નિર્વિકલ્પી ! સંકલ્પ-વિકલ્પ બધા બંધ થઈ ગયા. સંકલ્પ-વિકલ્પ બધા બંધ થઈ ગયા તે શી રીતે પુરાવો ? તો કહે છે મનના સ્વામી રહ્યા નથી આપણે. મનના જ્ઞાતા-દૃષ્ટા રહ્યા છીએ અને ‘મનમાં જ્યારે આત્મા ભળે’ ત્યારે ‘વિકલ્પ’ કહેવાય. મનમાં વિચાર આવ્યો કે આ ‘હું કરું છું’, એવું ભાન થયું એ વિકલ્પ કહેવાય. ‘હું’ અને ‘મારું’ ગયું એટલે સંકલ્પ-વિકલ્પ ગયા. એટલે ‘નિર્વિકલ્પી’ થયા.

સમાધિ એટલે આપણાં હિંદુસ્તાનના લોકો કહે છે ‘આંખ મિંચાઈ ગઈ ને ભાન જતું રહ્યું એટલે બાપજી સમાધિમાં આવ્યા’. આ wild સમાધિ કહેવાય. સમાધિ હંમેશા જાગૃત સ્થિતિમાં હોય. આપણી આ તો સંપૂર્ણ જાગૃત સ્થિતિમાં, તમને ઑફિસમાં બેઠાં-બેઠાં પણ સમાધિ રહ્યા કરે. આ કંઈ આંખો મીચીને સમાધિ નથી. સમાધિનું ભાન નથી, એટલે લોકોને એમ કે સમાધિ એટલે અજાગૃત સ્થિતિ. આ જે ભાન જતું રહે છે એ તો એક પ્રકારની ઊંઘ છે. અંદર ખોવાઈ જાય છે ચિત્તમાં. ચિત્તમાં અંદર ખોવાઈ જાય છે એટલે બધું બહારનું વિસારે પડી જાય છે ને અંદર ખોવાઈ જાય એટલે અંદર આનંદ થાય. જેમ પ્રેમમગ્ન અંદર ખોવાઈ જાય છે ને એમ ખોવાઈ ગયેલા કહેવાય. શું ? આ તો આખા વર્લ્ડનું જ્ઞાન છે તે બે કલાકમાં આપવાનું ને એટલે વિગતવાર તમારે સમજી લેવા માટે મારી પાસે આવવું જોઈએ. વિગતવાર એની detail સમજ્યા ? આ fundamental થયું બધું, એનું detail માં સમજવાની જરૂર.

ભેગા થવાનો કોઈ યોગ હોય એક વખત, તો કયા દિવસે આપણે ભેગા થઈએ, કઈ તારીખે ? લોસ એન્જેલસ તો બહુ છેટું પડી જાય.

**સુરેશભાઈ :** ૧૦મીએ ક્યાં છો ? ન્યૂજર્સીમાં ક્યારે છે ?

**નીરુબહેન :** ૬ થી ૧૦મી સુધી ઑકરીજમાં છે અને સાતમી થી દસમી ઓગસ્ટ દરમ્યાન ન્યૂજર્સીમાં. આ લોકોને પણ આવવાનું કહું છું. બહુ ખાસ તમે બધા સાથે આવજો.

**ઈલાબહેન :** એ કાગળ મને આપજોને.

**દાદાશ્રી :** ઑકરીજ તો બહુ છેટું પડેને અને એમાં એક પસંદ કરવાનું.

**નીરુબહેન :** Toronto કેટલું દૂર પડે ? Toronto અવાય દાદાજી એમનાથી.

**ઈલાબહેન :** હા.



**દાદા ભગવાન : ગુરુ પૂર્ણિમા-૧૯૮૭-** Oak Ridge, Tennessee, USA



શ્રી દાદા ભગવાનની આખરી તસ્વીરઃ મહાત્મા લાલાભાઈ અને લક્ષ્મીબેનના નિવાસ સ્થાને
અખંડ સ્વરુપ કિર્તન ભક્તિ પૂર્ણાહુતિ પ્રસંગે, વડોદરા (તા. ૨૭ ડિસેમ્બર,૧૯૮૭: રવિવાર)





HOLISTIC SCIENCE RESEARCH CENTER

Vitrag Vignan Charitable Research Foundation

(Trust Reg. No. E/6760/Surat, 3 March 2009)
Near MahavidehTeerth Dham, N. H. 8, Nansad Road, Kamrej Char Rasta,
Ta. Kamrej, Dist. Surat - 394 185. Tel. : +91 2621-250750
e-mail : hsrcsurat@gmail.com | www.holisticscience.org, www.vvcrf.org
Pan No. AABTV1268N, 80(G) No : AABTV1268N/625/15-16/T-718/80G(5)/Dated : 15-02-2016
Govt. of India NITI DARPAN NGO Registration No. GJ/2017/0155433